Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ્રપાલી

○

ધૂમકેતુ

६४ग
५१

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ધૂમકેતુ'ની
યુગદર્શન ગ્રંથમાળા

રાજમુગટ [ત્રીજી આવૃત્તિ]	મલ્લિકા
ત્રણ રૂપિયા	ત્રણ રૂપિયા
અજિતા [ત્રીજી આવૃત્તિ]	પરાજય
સાડાચાર રૂપિયા	સાડાચાર રૂપિયા

વાચિનીદેવી અજિત ભીમદેવ ચૌલાદેવી

રાજસંન્યાસી	કર્ણાવતી
રાજકન્યા	જયસિંહ સિદ્ધરાજ [બર્બરકજિષ્ણુ]

જયસિંહ સિદ્ધરાજ-જયસિંહ સિદ્ધરાજ
[ત્રિભુવનગંડ] [અવન્તીનાથ]

ગુર્જરેશ્વર	રાજર્ષિ કુમારપાલ
નાયિકાદેવી	રાય કરણ ઘેલો

[દરેકના સાડાચાર]

તણખા	તણખા
મંડળ પહેલું	મંડળ બીજું
સાડાત્રણ રૂપિયા	ત્રણ રૂપિયા
તણખા	તણખા
મંડળ ત્રીજું	મંડળ ચોથું
ત્રણ રૂપિયા	ચાર રૂપિયા
પ્રદીપ	ત્રિભેટો
ત્રણ રૂપિયા	ત્રણ રૂપિયા
પરિશેષ	સુવર્ણરેખા
ત્રણ રૂપિયા	ત્રણ રૂપિયા
વનછાયા	અનામિકા
ત્રણ રૂપિયા	ત્રણ રૂપિયા
વાતાયન	હેમચંદ્રાચાર્ય
અઢી રૂપિયા	અઢી રૂપિયા

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તો :: અમદાવાદ

5/1 ✓3६४

निशानियां लगाना
से अधिक देर तक
। अधिक देर तक
नी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या 6485/49

पञ्जिका संख्या 20264

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण ११८४-११८५

[illegible]
पुस्तक सं०.........
पंजिका सं०.........
तिथि.........
[illegible]

CHE[illegible] 1973
Initial ....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુપ્તયુગ નવલગ્રંથાવલિ

પુષ્પ ૧લું

○

આમ્રપાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ચૌલુક્ય નવલકથાવલિ'નો આખો 'સેટ'* એનો અનુક્રમ

૧ વાચિનીદેવી
૨ અજિત ભીમદેવ
૩ ચૌલાદેવી
૪ રાજસંન્યાસી
૫ કર્ણાવતી
૬ રાજકન્યા
૭ જયસિંહ સિદ્ધરાજ—બર્બરકજિષ્ણુ
૮ સિદ્ધરાજ જયસિંહ—
૯ અવંતીનાથ—જયસિંહ સિદ્ધરાજ
૧૦ કુમારપાલ
૧૧ ગુર્જરેશ્વર
૧૨ નાયિકાદેવી
૧૩ રાયકરણ'ઘેલો

—આખો સેટ રૂપિયા સાડી અઠાવન—

નવાં પ્રકાશનો

૧ વૈશાલી
૨ ગીતાંજલિ
૩ જિબ્રાનની જીવનવાણી
૪ જીવનપંથ [આપકથા]
૫ જીવનરંગ [આપકથા, ભાગ બીજો]
૬ તેજની મૂર્તિઓ [ઐતિહાસિક નવલિકાઓ]
૭ વનકુંજ [નવલિકાસંગ્રહ]
૮ જ્ઞાનકથાઓ. ૧, ૨, ૩, ૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુપ્તયુગ નવલકથાવલિ [૧]

આ મ્ર પા લી

[ભગવાન બુદ્ધના સમયની ઐતિહાસિક નવલકથા]

ધૂમકેતુ

સાડા ચાર
રૂપિયા

સોલ એજન્ટ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તા : અમદાવાદ.
૧૯૫૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
ગૌરીશંકર ગોવરધનરામ જોશી,
ખાનપુર .... અમદાવાદ.

[સર્વ હક્ક લેખકને સ્વાધીન]

માર્ચ, ૧૯૫૪

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ,
શારદા મુદ્રણાલય,
પાનકોર નાકા, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

*

'ગુપ્તયુગ' એ ભારતવર્ષના ઇતિહાસનો સુવર્ણયુગ છે. શિલ્પ, સંગીત, કલા, રાજનીતિ, વ્યવસ્થા, ધર્મ, શક્તિ, સમાજરચના — કોઈ પણ વિષયમાં, એની ભવ્યતાને પહોંચે તેવું જીવન ભારતવર્ષે ત્યાર પછી કોઈ દિવસ જાણ્યું નથી, એમ કહીએ તો ચાલે. દેશના અનુભવ ઉપરથી દેશની મહત્તા મપાતી હોય તો આવા વિરલ અનુભવો કોઈ દેશે ભાગ્યે જ લીધા હશે.

એ યુગના ઇતિહાસમાં અનેક નવલકથાઓનો ભંડાર છે. તેમાં આ **આમ્રપાલી** દ્વારા પ્રવેશ થાય છે. **આમ્રપાલી,** મનમાં તો ક્યારની બેઠી હતી. બીજી નવલકથાઓ આ 'સીરીઝ'માં હવે પછી આવશે.

ખાનપુર, અમદાવાદ
મહાશિવરાત્રિ : સંવત ૨૦૧૦

ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

પ્રવેશ

૧ ફૂલમાં અગ્નિ ૧૪

૨ મગધનો રાજકુમાર ૨૩

૩ રાજગૃહના વર્તમાન ૨૯

૪ શોભિતે શું કહ્યું ? ૪૨

૫ ગુરુ અને શિષ્ય ૫૦

૬ મહા અમાત્યે કહેલી વાત ૬૨

૭ સુનીધે શું કહ્યું ? ૭૦

૮ વૈશાલીને પંથે ૭૬

૯ વર્ષકારે જોયેલું વૈશાલીનું દૃશ્ય ૮૬

૧૦ વૈશાલી સંથાગાર ૧૦૦

૧૧ મહાનમનનો ઉત્તર ૧૦૬

૧૨ વીરોનો નિર્ણય ૧૧૨

૧૩ આમ્રપાલી ૧૨૦

૧૪ ધનુર્ધર મહાલી ૧૩૪

૧૫ રૂપકીર્તિનો ભય ૧૪૩

૧૬ અંધ ધનુર્ધર ૧૪૯

૧૭ નગર શોભિનીનું ગૌરવ ૧૫૭

૧૮ અલૌકિક વૈશાલી ૧૬૭

૧૯ વર્ષકારનો પત્તો લાગે છે ૧૭૭

૨૦ રાજા બિંબિસારનું દિવાસ્વપ્ન ૧૯૧

૨૧ સૌન્દર્યની અભીપ્સા ૧૯૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨ પૃથ્વીના દેવતાઓ ૨૦૩
૨૩ એ ખેલાડી ૨૦૯
૨૪ એ મુત્સદ્દીઓની વચ્ચે ૨૨૩
૨૫ છેવટે રાજા તે રાજા ૨૨૯
૨૬ ગોપાલની યુક્તિ ૨૩૫
૨૭ પિતા અને પુત્ર ૨૪૧
૨૮ વૈદેહી રાણી કોશલાદેવી ૨૪૮
૨૯ ગોપાલ અને રાજા ૨૫૭
૩૦ વૈશાલી નગરીમાં ૨૬૫
૩૧ પુષ્પ વિહાર ૨૬૯
૩૨ પ્રેમસાગરનો કિનારો ૨૭૫
૩૩ નગરીને જગાડનારા ૨૭૯
૩૪ સિંહનાયક આવ્યો ૨૮૫
૩૫ લિચ્છવી હોય ત્યાં વૈશાલી ૨૮૯
૩૬ ગોપાલનો પ્રત્યુત્તર ૨૯૩
૩૭ વિદાય વેળાએ ૨૯૯
૩૮ રસ્તે જતાં ! ૩૦૫
૩૯ થોડાં વર્ષ પછી ૩૧૩
૪૦ વૈશાલી ! વૈશાલી ! ૩૨૩



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલગ હમ સબસે રહતે હૈં; મિસાલે તાર તંબૂરા;
જરા છેડેસે મિલતે હૈં; મિલા લે જિસકા જી ચાહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ્રપાલી

[ભગવાન બુદ્ધના સમયની
ઐતિહાસિક નવલકથા]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ

પાટલીપુત્ર હજી જ્યારે સ્થપાયું પણ ન હતું, હજી અશોક રાજાનું નામનિશાન જ્યારે ઇતિહાસમાં સંભળાયું પણ ન હતું, મહાન ચક્રવર્તી રાજા વીર વિક્રમનું સ્વપ્ન ભારતવર્ષે જાણ્યું ન હતું, તે સમયની, ઈસ્વીસન પૂર્વે પાંચમી–છઠ્ઠી સદીની, આ ઇતિહાસકથા છે.

રાજા વીર વિક્રમના જન્મ પહેલાંનો ચારસોથી પાંચસો વર્ષનો ગાળો, એ આ કથાનો સમય કહી શકાય.

એ વખતે વિક્રમ સંવત હજી જન્મ્યો ન હતો. એટલા માટે સાલની ગણતરી, 'વિક્રમ સંવત પૂર્વે' 'ઈસ્વીસનની પહેલાં' એવી રીતે થાય છે.

તે વખતે ભારતવર્ષમાં બે પ્રકારની રાજવ્યવસ્થા ચાલી રહી હતી. એક પ્રકારમાં, રાજા મુખ્ય હતો. તે રાજ ચલાવતો. તે ન્યાય આપતો. દંડ કરતો. સૈન્યો દોરતો. એને મદદ કરનાર પ્રધાન મંડળ રહેતું. તેના પર સામાજિક ને ધાર્મિક સંસ્થાઓનો કાબૂ રહેતો. નગર પરિષદ્, ગ્રામ પરિષદ ને વ્યાપારીઓની શ્રેણીના શ્રેષ્ઠીઓનો તેના પર અંકુશ રહેતો. એ ધર્મમર્યાદામાં રહેવાવાળો હોય, તો પ્રજાની ઇચ્છાવિરુદ્ધ કાંઈ ન કરવાનો સંકલ્પ રાખતો. છતાં આ પ્રકારમાં કેન્દ્રસ્થાને તો રાજા જ હતો. એ રાજસત્તાને ધારનારો હતો.

રાજવ્યવસ્થાનો બીજો પ્રકાર પણ એ વખતે અસ્તિત્વમાં હતો. એ પ્રકાર પ્રમાણે રાજતંત્રનું સંચાલન એક પરિષદ્ કે સભા કે ગણતંત્ર દ્વારા થતું. ગણ એટલે સંઘ. આ ગણરાજમાં રાજની બધી જ સત્તા સભા પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતી. સભામાં સભ્યો બેસતા. અને બધાં કામકાજ લોકસભામાં રજુ થઈને બહુમતે કે સર્વાનુમતે થતાં. લોકસભાની એવી જગ્યા માટે 'સંથાગાર' શબ્દ પ્રચલિત હતો.

આજની બહુમતવાદી લોકશાસનની રીત પ્રમાણે જ એની વ્યવસ્થા ચાલતી હોય તેમ લાગે છે. એનો અર્થ એમ નહિ, કે અક્ષરશ: આજની રીત પ્રમાણે જ કાર્ય થતું. પણ પ્રજાજનોની સભા દ્વારા લોક-શાસન ચાલતું, એ નિર્વિવાદ છે. લોકશાસન આપણે ત્યાં યૂરોપથી આવ્યું છે, એ વિચારનો જે ઇતિહાસભ્રમ થઈ ગયો છે તે કાઢી નાખવા માટે આ ગણતંત્રની વાત યાદ રાખવી જરૂરી છે.

જે સમયની આ ઇતિહાસકથા છે, તે સમયે ભારતવર્ષમાં મુખ્ય સોળ રાજ્યો હતાં. તેમાં કેટલાકમાં રાજતંત્ર ચાલતું હતું, તો કેટલાકમાં ગણતંત્ર ચાલતું હતું. આ સોળ મહાજનપદો, ગંગા જમના સિંધુથી માંડીને, છેક *અંગ દેશ સુધી, અને હિમાલયથી માંડીને વિંધ્યપર્વત સુધીમાં ફેલાયેલાં હતાં. નર્મદાના દક્ષિણ પ્રદેશની વાત આમાં આવતી નથી.

આ સોળ મહાજનપદોમાં જે મુખ્ય હતાં તેમનાં નામ તે વખતે જુદી રીતે બોલતાં. અંગ, વિદેહ, કોશલ, કાશી, મગધ, વૈશાલી, મલ્લ, વત્સ, અવંતી, શાક્ય, કમ્બોજ, ગંધાર, ચેદી, એવાં એવાં નામે એ પ્રસિદ્ધ હતાં. આજની ભૂગોળ પ્રમાણે, એમની નિશ્ચિત તો નહિ, પણ ટીક ટીક માહિતી મેળવવા સારુ એમને આ પ્રમાણે મૂકી શકાય. અંગ એટલે બંગાળાનો થોડો નીચલો, ઉત્તર તરફનો, ભાગલપુર પાસેનો ભાગ. વિદેહ એટલે મિથિલા—અને એની આસપાસ—બિહારનો ઉપલો ભાગ. કોશલ, અયોધ્યા નજીક. કાશી એટલે તો વારાણસી. વારણા અને અસી એ નદી ઉપરથી વારાણસી થયું. હાલનું બનારસ. એ દેવનગર ગણાતું. એની લિપિ દેવનાગરી. બધી શ્રેષ્ઠ વસ્તુઓ તે વખતે કાશીના નામે ચડતી,

* હાલનું બંગાળા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી એની પ્રતિષ્ઠા હતી. કાશીચંદન એટલે શ્રેષ્ઠ ચંદન. કાશીવસ્ત્ર એટલે શ્રેષ્ઠ વસ્ત્ર. કાશીનું મરણ તે પણ શ્રેષ્ઠ !

મગધ એટલે હાલ બિહાર કહીએ છીએ તે. પટણા ગયા પાસેનો પ્રદેશ. એની રાજધાની પાટલીપુત્ર પાછળથી થઈ. તે વખતે રાજધાની રાજગૃહમાં હતી. વૈશાલી તેની ઉત્તરમાં. વત્સ દેશ, ગંગા જમુના વચ્ચે પ્રયાગ મથુરાં પાસે. અવંતી એ તો માલવા, ઉજ્જૈન. શાક્યદેશ નેપાલની ભારતસરહદ ઉપરના તરાઈ પ્રદેશના વધારે ઉત્તર ભાગમાં. નેપાલમાં કહીએ તો ચાલે. શાક્યદેશની રાજધાની કપિલવસ્તુ. ગૌતમબુદ્ધ ત્યાંના રાજકુમાર. મલ્લ, એ ગંડકી નદી પાસે. ચેદી, બુંદેલખંડ. ગાંધાર, પેશાવર નજીક. *કમ્બોજ એથી આગળ કાશ્મીર પાસે.

આ યાદી તો તદ્દન જ ઉપરટપકેના ખ્યાલ માટે છે. પણ આ સોળ મહાજનપદોમાં તે વખતનું ભારતવર્ષ હતું, એમ કહીએ તો ચાલે.

આ સોળ મહાજનપદોમાં અરસપરસ સ્પર્ધા હતી. નાની મોટી તે જમાના પ્રમાણેની લડાઈઓ પણ ચાલતી. અને એમાંનો દરેક પોતાના પાડોશી કરતાં આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

પણ એમની સ્પર્ધાનાં મુખ્ય નિયામક બળો, તે રાજતંત્ર ને ગણતંત્રની વ્યવસ્થાને લીધે, એક કે બીજી તરફ ઢળતાં જતાં હતાં. મુખ્ય ગણતંત્રોમાં વૈશાલી, વિદેહ, મલ્લ અને કપિલવસ્તુના શાક્યો હતા. મુખ્ય રાજતંત્રમાં મગધ, કોશલ, વત્સ અને અવંતી એ હતાં. આમાંથી વૈશાલીના લિચ્છવી જાતિના લોકો ઘણા બળવાન મનાતા. એમણે વિદેહ સાથે મળીને વજ્જિસંઘ ઊભો કર્યો હતો. તેમાં મલ્લ પણ ભળ્યા

---

* યાસ્ક પ્રમાણે કમ્બોજ તે કમ્બલભોજ ઉપરથી છે. કમ્બલ-કામળાનું સ્થાન ઠંડા દેશમાં મુખ્ય હોય જ. કમ્બોજરાજે યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ભેટ મોકલેલી, તેમાં મુખ્ય સોનેરી તાણાવાણાના કમ્બલ હતા. કમ્બોજની રાજધાની દ્વારકા નામે પણ ગણાતી હતી. કમ્બોજના અશ્વ ભારતભરમાં વખણાતા. મહાભારત જુદ્ધમાં એમના વિષે ઉલ્લેખ છે. એ અવાજથી ભડકતા નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. એ પ્રમાણે આ વજ્જિ સંઘ ગણતંત્રમાં બળવાન હતો. દરેક વિભાગના નવ નવ કાર્યકરો એની સમિતિમાં બેસતા હતા, ને એમનો સંઘ નમૂનેદાર થઈ ગયો હતો.

રાજતંત્રોમાં પ્રધાન સ્થાન લેવા માટે મગધ મથી રહ્યું હતું. તેણે અંગદેશને પોતાનામાં ભેળવી લીધો હતો, અને એની રાજધાની ચંપા નગરીમાં મગધનો એક રાજપ્રતિનિધિ રહેતો હતો. મગધના રાજા બિંબિસારનો પુત્ર યુવરાજ અજાતશત્રુ ત્યાં ચંપા નગરીમાં રાજપ્રતિનિધિ તરીકે હતો.

પણ મગધને વધુ બળવાન બનતું અટકાવવા માટે કોશલ, વત્સ, અને અવંતી આડે ઊભાં હતાં.

એટલે મગધને જો બળવાન બનવું હોય તો એણે પોતાની સામેથી પહેલાં આ વૈશાલીના ગણતંત્રને છિન્નભિન્ન કરવું રહ્યું, કોશલ, અવંતી અને વત્સને હરાવવાં રહ્યાં. અથવા તો કોઈ રીતે એ લડીને નબળાં થઈ જાય તેવું કરવું રહ્યું.

એ વખતે મગધમાં રાજા બિંબિસાર રાજ કરતો હતો. તે *નાગ-વંશનો હતો. મગધની રાજધાની રાજગૃહ હતી. અને તે વખતની સાત મુખ્ય નગરીઓ, વૈશાલી, કોશલદેશની શ્રાવસ્તી, સાકેત, વત્સ દેશની કોસાંબી, અંગની ચમ્પા, કાશી અને રાજગૃહ, તેમાં રાજગૃહનું અનોખું સ્થાન હતું. મગધને મહાન સામ્રાજ્ય બનાવવાની બિંબિસારની મહત્ત્વાકાંક્ષા હતી. પણ કોશલ, વૈશાલી, અવંતી, વત્સ એ બધાં એક રીતે મગધની સામે હતાં. એટલે ગણતંત્રો તેમ જ રાજતંત્રો એની સામે એક હતાં. અંગદેશ ઉપર એણે ચડાઈ કરી, ત્યારે વત્સરાજ ઉદયન તરત અંગરાજને મદદ કરવા દોડયો હતો. અને એક વખત તો એને રાજગાદી પાછી આપવી પડી હતી.

* બિંબિસારને અશ્વઘોષ હર્યંકકુલનો ગણે છે. તેને શિશુનાગવંશનો ગણવામાં કાંઈક ભૂલ થાય છે. શિશુનાગવંશ પછી આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે મગધનો માર્ગ મુશ્કેલ હતો. એ જરાક જ સળવળે કે બધા તૈયાર થઈ જતા. બિંબિસારે ચારે તરફ સંબંધો બાંધીને શાંતિ જાળવી હતી. કોશલ, વૈશાલી, મદ્ર બધે તેણે વિવાહ સંબંધો બાંધ્યા હતા. અને તે સાથે જ, કેટલીક કુદરતી અનુકૂળતાઓ પણ એને હતી. એની રાજધાની રાજગૃહ ડુંગરમાળાઓની વચ્ચે એવી રીતે ગોઠવાયલી હતી કે એના ઉપર બહારનો કોઈ પણ દુશ્મન એકદમ આવી શકે જ નહિ. સપ્તશૃંગી ગિરિમાળાઓથી રક્ષિત અને શિલ્પી મહાગોવિંદે રચેલી આ ગિરિદુર્ગ જેવી અભેદ્ય રાજધાનીમાં જવા આવવાના માત્ર બે જ રસ્તા હતા. એ અભેદ્ય જ મનાતી થઈ હતી.

બીજું, મગધની હાથીસેના અત્યંત બળવાન હતી. એનો યુવરાજ, અજાતશત્રુ મહા પરાક્રમી અને સાહસિક હતો. પણ એ બધાથી ચડે તેવી એક બીજી જ વાત હતી. મગધનો મહા વિચક્ષણ બ્રાહ્મણ રાજમંત્રી વર્ષકાર, એ એક અદ્‌ભુત પુરુષ હતો.

છેક ગાંધારથી અંગદેશ સુધી, અને હિમાચળથી અવંતી સુધી, એક મહાન સામ્રાજ્ય ઊભું કરવાનું એને સ્વપ્ન હતું. મહાભારતના યુદ્ધ પછી અને રાજા જનમેજયે ગાંધાર નગરી તક્ષશિલામાં, વૈશંપાયન પાસે એ ભારત જુદ્ધની કથા સાંભળી ત્યાર પછી, આ પહેલો જ રાજ-નીતિજ્ઞ હતો કે જે, સામ્રાજ્ય સ્થાપવાનું સ્વપ્ન રાખતો હતો. એ જાણતો હતો કે એનું આ સ્વપ્ન તો જ પાર પડે, જો મહાબળવાન લિચ્છવી ગણતંત્ર છિન્નભિન્ન થાય. જો કોશલ અવંતી અને વત્સ નબળાં પડે.

એટલે એ પોતાનું સ્વપ્ન પોતાની પાસે રાખી રહ્યો હતો. એની પાસે એના જેવા વિચાર ધરાવનારા બે બીજા રાજનીતિજ્ઞો હતા. એક હતો પંડિત તક્ષકદેવ. બીજો હતો સેનાધિપતિ સુનીધ.

પંડિત તક્ષકદેવ મહાભારતના જમાનાને પાછો લાવવાનું મહા સ્વપ્ન જોઈ રહ્યો હતો. એને મગધમાં રાજસૂય યજ્ઞ પ્રગટાવવો હતો. ચક્રવર્તી રાજાનો અશ્વમેધ લાવવો હતો. ઐન્દ્રાભિષેક યજ્ઞ સજીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવો હતો. મગધને સંસ્કૃતિ કેન્દ્ર બનાવવું હતું. મગધના બ્રાહ્મણો માટેનું *બ્રહ્મબંધુ એ લાંછન ટાળવું હતું.

પણ . . . પણ . . . આંહીં તો ભારતના જમાનાની સંસ્કૃતિ હવે છેલ્લા શ્વાસ લેતી હતી. શાક્યોના દેશમાંથી શાક્ય રાજકુમાર ગૌતમ શ્રમણ બનીને, ભગવાન બુદ્ધને નામે, એક અદ્ભુત જ હવા પ્રગટાવી રહ્યો હતો. સેંકડો રાજપુરુષો, નાગરિકો, શ્રેષ્ઠીઓ એને નામે સર્વ ન્યોછાવર કરીને ભિખ્ખુઓ થઈ રહ્યા હતા. એણે એક જુદું જ વાતાવરણ ઊભું કરી દીધું હતું, બીજા પણ ઘણા પંથના શ્રમણો હતા. એ સૌ સંસારત્યાગના હિમાયતી હતા. પણ ગૌતમના નામે કોઈ અનેરું જ આકર્ષણ જમાવ્યું હતું.

મગધના રાજગૃહમાં, કોશલદેશની નગરી શ્રાવસ્તીમાં, ચંપાનગરીમાં, મિથિલામાં, જનકપુરમાં, કોસાંબીમાં, કપિલવસ્તુમાં ગૌતમનાં પર્યટનો થતાં રહેતાં. એ જ્યાં પગ મૂકે ત્યાં એના નામે સોના રૂપા હીરા માણેક મોતી, એનો તો લોકો વરસાદ વરસાવતા. એને નામે કરોડો ખરચતા. એની આ બળવાન અસર નીચે કોઈ ઘર સલામત ન હતું. આજે વૈભવમાં આળોટતો રાજકુમાર, આવતી કાલે ભિખ્ખુ બનીને ફરતો હોય! જાણે કે હવા જ ફરી ગઈ હતી.

રાજા બિંબિસાર પોતે પણ, એના તરફ ઢળ્યો હતો. એણે પોતાનું વેણુવન ભગવાન બુદ્ધને ચરણે ધરી દીધું હતું. તે શાંત રાજનીતિમાં માનનારો થતો જતો હતો. અને રાજગૃહમાં રહેલો એનો મહામંત્રી ગોપાલ, જે મૂળ તો વૈશાલીનો હતો, તે એને એ દિશામાં ઉત્તેજી પણ રહ્યો હતો.

મહાઅમાત્ય વર્ષકાર, પંડિત તક્ષકદેવ, સેનાધિપતિ સુનીધ, આ ત્રણે જણા આ બધી વાત ક્યાં જઈને અટકશે એની ચિંતામાં પડી

* નામનો બ્રાહ્મણ. મગધના રાજા જરાસંધના સમયની પૂર્વેથી પણ, મગધ વિષે આર્યોમાં અનાદર હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા હતા. મગધ રહેશે કે નહિ — એવો જીવનમરણનો પ્રશ્ન ઊભો થયો હતો. વિદેહમાં જેમ લોકોએ કરાલ જનકને ઉડાડી મૂકીને રાતોરાત ગણતંત્ર સ્થાપી દીધું હતું, એવું કાંઈક તો મગધમાં નહિ બને ? રાજા બિંબિસાર ન હોય તો એવું જ બને એમ લાગતું હતું.

કારણ કે વૈશાલીના લિચ્છવીઓ મહા બળવાન હતા. એ બધા જ એક હતા. ત્યાં ગણતંત્રનો સેનાનાયક સિંહ સેનાપતિ હતો. એ મગધના મહામંત્રી ગોપાલનો સગો ભાઈ હતો. એ સેનાનાયક સિંહ વૈશાલીમાં હતો, ત્યાં સુધી મગધ એક તસુ પણ આગળ વધી શકે એ વાત ન ભૂતો ન ભવિષ્યતિ જેવી હતી. એ મહાપરાક્રમી તો હતો, પણ એવો જ સમયવિવેકી હતો. એવો બધાને એક તંતુમાં રાખનારો હતો.

લિચ્છવીઓનો આ સિંહ સેનાપતિ તક્ષશિલા વિદ્યાધામમાંથી યુદ્ધકલા શીખી લાવ્યો હતો. તેણે તક્ષશિલાની વિદ્યાને વૈશાલીમાં ઉતારી હતી. વારંવાર લિચ્છવી જુવાનો ત્યાં જતા. વૈશાલીમાં જ એક મહાલી નામે જુવાન હતો. એના ધનુર્જુદ્ધની તોલે આવે એવો કોઈ જોદ્ધો કયાંય ન હતો. કોઈ દેશમાં ન હતો. સિંહ સેનાપતિએ વૈશાલી-નગરીને એક એવું તો ગૌરવભર્યું સ્થાન અપાવ્યું હતું, કે એ એક નગરીની તોલે, કોઈ આખો દેશ પણ ન આવી શકે! આંગળીને પહેલે વેઢે વૈશાલીનગરીનું નામ મૂકાતું. વૈશાલી નગરી પોતે જ એક રાષ્ટ્ર જેવી બળવાન હતી. એ કોઈને નમે નહિ. કોઈ એનો સ્વામી નહિ. એ નગરીનો દરેક નાગરિક સ્વતંત્ર, મુક્ત, બહાદુર. એ પોતાને રાજા જ માને. રાજાના ગૌરવથી રહે. એવી અદ્‌ભુત એ નગરી હતી.

એવી એ મહાન નગરી જ્યાં સુધી મગધની સામે, પોતાના સપ્તશૃંગી ઉન્નત પ્રાસાદો રાખીને ગૌરવભેર ઊભી હોય, જ્યાં સુધી એની ત્રણ ત્રણ દુર્ગમાળાની રચના, ખુલ્લું આહ્‌વાન આપી રહી હોય કે આ નગરી તરફ તૃષ્ણાથી જોનારો પોતે જ પોતાનો હણનારો થશે, ત્યાં સુધી મગધ, ભલે, ગંગાનદીની આ પાર દક્ષિણ બાજુ મજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે, પણ સામે પાર જવાનું એનું સ્વપ્નું તો સ્વપ્નું જ રહે !

પરંતુ બ્રાહ્મણ મહાઅમાત્ય વર્ષકાર, જુદી જ માટીમાંથી ઊભો થયો હતો. એ સમજતો હતો કે આ બધા બળવાન ત્યાં સુધી છે, જ્યાં સુધી એમને ત્યાં કાંઈક પણ આંતરિક ઘર્ષણ આવ્યું નથી. એક જ આંતરિક ઘર્ષણ — અને આ તમામ માટીખાના મહેલની પેઠે ટપોટપ ઊડી જવાના છે !

રાતદિવસ એ આ જ વિચાર કરી રહ્યો હતો. એને ખાત્રી હતી. આ બધા સબળ છે. પણ નિર્બળ નથી એમ નથી. એ ઘણી વખત દરેક વિષે જુદો જુદો વિચાર પણ કરતો.

કૌસાંબી નગરીના વત્સરાજ ઉદયનને જ દેખો. એને અવંતીના રાજા ચંડપ્રદ્યોત સાથે સામી પ્રીત છે. ભલે એ બન્ને *સગા રહ્યા. પણ વહેલે મોડે એ લડવાના.

કોશલરાજ પ્રસેનજિતની શક્તિ ઘણી. એની શ્રાવસ્તી નગરીમાં પણ એક દિવસ શ્રમણભિખ્ખુઓના એટલાં ટોળાંઓ હશે કે કોશલ-રાજ યુદ્ધનો સામનો જ નહિ કરી શકે. એટલે એને પણ નબળો જ ગણવો રહ્યો. અત્યારે જ ત્યાં અંગુલિમાલ લૂંટારો હતો. અને તેનાથી રાજા હાથ જીભ કાઢી રહ્યો હતો ! વળી એને ત્યાં પણ આંતર ઘર્ષણ તો હતું જ !

એટલે મગધને ખરો સામનો આ એકનો જ કરવાનો હતો- વૈશાલીના લિચ્છવીઓનો. પણ એ એકે હજારાં હતા. જ્યારે આ તરફ

* ચંડપ્રદ્યોતની પુત્રી વાસવદત્તાનું ઉદયન હરણ કરી લાવ્યો હતો. ઉદયનની પાસે અદ્‌ભુત ગજવિદ્યા હતી. તે શીખવા માટે પ્રદ્યોતે એને કૃત્રિમ હાથીના શિકારમાં દોરી કેદ કર્યો. એ વિદ્યા શીખવા માટે ગુરુ તરીકે ઉદયનને નમવું પડે તે અભિમાની અવંતીરાજ ન કરી શક્યો. પોતાને બદલે પોતાની પુત્રી વાસવદત્તાને શીખવા બેસારી. બન્ને વચ્ચે પડદો રખાવ્યો. વાસવદત્તા-ને તેણે કહેલું કે ગુરુ કોઢિયો છે. ઉદયનને કહ્યું કે અંધ શિષ્યા છે ! પણ છેવટે ભેદ ફૂટ્યો. ને ગુરુશિષ્યા જ ભાગી ગયાં. ભાસકવિના નાટકમાં ઉદયન વાસવદત્તા આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગધ નબળું પડવાની તૈયારી હતી.

મહાઅમાત્ય વર્ષકાર, પંડિત તક્ષકદેવ, સેનાધિપતિ સુનીધ, મગધના આ ત્રણે મહાન પુરુષો, ચંપા નગરીમાં બેઠા બેઠા મગધદેશની અને બીજા દેશની એટલા માટે જ રજેરજ માહિતી મેળવતા રહેતા. યુવરાજ અજાતશત્રુના દિલમાં એમણે સામ્રાજ્ય સ્થાપનની મહત્ત્વાકાંક્ષા જગાડી હતી. યુવરાજે વર્ષકાર પાસેથી જ ઘડતર મેળવ્યું હતું. એ એના શિષ્ય જેવો હતો. પણ હજી એ ખીલે કૂદી શકે તેવો વછેરો હતો. છૂટો થતાં તો ઓડનું ચોડ કરતાં એને વાર ન લાગે. એટલે ત્રણે જણા એની સાથેના વ્યવહારમાં સાવધ રહેતા હતા. દૃઢ રીતે પોતાની રાજ-નીતિનો અક્ષરે અક્ષર પળાય એ વર્ષકાર જોતો રહેતો.

પણ મગધ પોતે જુદી જ હવા પ્રગટ કરી રહ્યું હતું. ત્યાં રાજા બિંબિસાર એંશી હજાર ગ્રામીકો સાથે કોઈ કોઈ વખત રાજકાર્યની ચર્ચા કરવા બેસતો એમ સાંભળવામાં આવતું હતું. સિંહનાયકનો જ સગોભાઈ ગોપાલ રાજગૃહમાં બેઠો હતો. પ્રસેનજિતની સગી બહેન, રાણી કોશલાદેવી — વૈદેહીને, અજાતશત્રુ પ્રત્યે એક જાતની ઘૃણા હતી. અને શાક્ય ગૌતમના પ્રભાવથી રાજગૃહના અનેક વિખ્યાત માગધી સેનાપતિઓ જેવા સેનાપતિઓ પણ, ભિખ્ખુઓ થઈ રહ્યા હતા.

બિંબિસારનો જ રાજકુમાર જયસેન બુદ્ધભગવાનનાં વચનામૃતો સાંભળતો બેસી રહેતો હતો. તો બીજા કોઈ *નિગંઠનાથપુત્રની ધર્મ-કથાઓ તરફ વળ્યા હતા. એટલે આ પ્રમાણે એક તરફથી રાજગૃહની આખી પ્રણાલિકા જ જાણે રૂપાંતર લેતી જણાતી હતી, ત્યારે બીજી તરફ, લિચ્છવીઓ, મગધનું પાણી માપવા માટે અનેક રીતની કસોટી કરી રહ્યા હતા. અત્યારની પરિસ્થિતિ પ્રમાણે રાજા બિંબિસાર હોય, ત્યાં જ એક નિર્ણયાત્મક મોટું યુદ્ધ કરી લેવું, એ એમને માટે ફાયદાકારક હતું. એ માટે એ તૈયાર પણ થઈ રહ્યા હતા.

* જૈન તીર્થંકર મહાવીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ યુદ્ધ માટે તત્પર હતા. પણ વર્ષકાર મહાઅમાત્ય, તમામ દેશો તરફ દૃષ્ટિ રાખી રહ્યો હતો. થોડો વખત રાહ જોવામાં એ મગધનો વિજય જોઈ રહ્યો હતો. એને એક જ ઘા કરવો હતો. પણ એ અચૂક ને છેલ્લો નીવડે એ જોવું હતું. એને માટે એ બળ એકઠું કરી રહ્યો હતો. બધા જ રાજતંત્રો ને ગણતંત્રો મગધના આ મહાઅમાત્યથી ધ્રૂજતા. એની ભૂલભૂલામણી કૈકને ડારી રહી હતી. એની પાસેથી કયે વખતે શું નીકળી પડશે તે કોઈ જાણતું ન હતું. વર્ષકાર મહાઅમાત્ય છતાં ચંપામાં રહેતો હતો, એ પણ મોટો કોયડો હતો.

એની શી યોજના હતી તે કોઈની જાણમાં ન હતું. મહા સેનાધિપતિ સુનીધ સાથે એ વારંવાર ગંગાકિનારે જતો. બરાબર વૈશાલીની સામે, માત્ર બે ત્રણ યોજન દૂર, ગંગા અને શોણ નદીના સંગમતટે, ધરતીની પાદે પાદ જમીન એ જોઈ રહ્યો હતો.

ત્યાં એ કોઈક રચના કરવા માગતો હતો. લિચ્છવીઓથી એ અજાણ ન હતું. એટલા માટે વારંવાર એ તરફ માગધીઓની કસોટી પણ કાઢતા રહેતા. એવી એક કસોટીએ રાજકુમાર અજાતશત્રુને ઘણો જ ઉગ્ર બનાવી દીધો હતો. ગંગાકિનારે એક જોજન વિશાળ બંદર હતું. એનો અરધો ભાગ લિચ્છવીઓનો હતો. બીજો અરધો ભાગ મગધનો હતો. દરેકની આજ્ઞા પોતાના પ્રદેશમાં સર્વોપરી રહેતી.

બંદરથી થોડે દૂર એક નાનકડો ડુંગર હતો. એ ડુંગરની તળેટીમાં અત્યંત કિંમતી ધાતુ નીકળતી. આ ધાતુ બંદર ઉપર આવતી. અને દરેકનો ભાગ પોતપોતાના પ્રદેશમાં રહેતો.

પણ એવે સમયે લિચ્છવીઓ મહાન અશ્વોના વેગભર્યા રથો લઈને વહેલા વહેલા આવી જતા.

અને મગધના માણસો દેખાય ન દેખાય ત્યાં બધો જ કિંમતી-ધાતુનો ભંડાર ઉપાડી જતા! ગયે વર્ષે એ પ્રમાણે બન્યું હતું. તે પહેલાં પણ એ જ પ્રમાણે થયું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે આ વખતે રાજકુમાર અજાતશત્રુ પોતે માણસો અશ્વો સૈનિકો હાથીઓ લઈને ત્યાં ગયો હતો.

એના મનથી એ સમયસર આવી પહોંચ્યો હતો. પણ એ ત્યાં પહોંચ્યો ત્યારે એને ખબર પડી કે ધાતુ તો બધી વૈશાલી પહોંચી ગઈ હતી ! ગઈ કાલે જ વૈશાલીનો મહાન ધનુર્ધર મહાલી પોતે પાંચસો સૈનિકો લઈને આવ્યો હતો. મગધનાં માણસો જોતાં રહ્યાં ને એ ધરાર ધાતુ ઉપાડી ગયો !

ઉપાડી તો ગયો, પણ પાછો આહ્‌વાન આપતો ગયો. જેને ભંડાર લેવો હોય તે વૈશાલી આવે !

અજાતશત્રુ આવ્યો. આ વાતની ખબર પડી. ધુઆંપુંઆ થતો એ પાછો ચંપાનગરી ગયો. મહાઅમાત્યને વાત કરી. મહાઅમાત્યે ડોકું ધુણાવ્યું.

'લિચ્છવીઓ મહા બળવાન છે રાજકુમાર ! દરેકે દરેક લિચ્છવી પોતાને આખી વૈશાલી નગરીનો પ્રતિનિધિ સમજે છે. એ યુદ્ધકલામાં ઘણા કુશળ છે. આપણે રાહ જોઈએ છીએ. એક મહા ઘર્ષણની વાત ત્યાં આવી રહી છે. એ ઘર્ષણ આવે તો પછી મગધ શાંત રહે તેમ નથી. તમને ખબર નથી, પણ તમે જે નગરીમાં બેઠા છો તે નગરી પણ, અત્યારે સળગે તેમ છે ! ગમે તે ક્ષણે ભૂખ જેવી લોકવાયકા ઊપડે અને આંહીંનાં લોકો તરત સામે ઊઠે તેમ છે. આપણે અંગ ને મગધ બન્નેને જાળવવાનાં છે. જ્યારે રાજગૃહમાં વાતાવરણ જુદું છે. સમય આવી રહ્યો છે. શાંતિ રાખો !'

અજાતશત્રુને એ ગમ્યું નહિ. પણ અમાત્યને એ ઓળખતો હતો. એના શબ્દની સામે થવામાં જેવું તેવું જોખમ ન હતું. એટલે જો કોઈ યુદ્ધવાતાવરણની જરાક જ વાત આવે, તો પછી પોતે પોતાનું ધાર્યું કરી લેશે, એમ મન વાળીને એ શાંત રહી ગયો હતો.

વૈશાલી–મગધ વચ્ચેના આવા વાતાવરણમાં આ ઇતિહાસકથાનો આરંભ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. ફૂલમાં અગ્નિ !

ચંપા નગરીની એક વખતની મહારાણી ગગ્ગરાએ નગરીમાં એક એવી તો સુંદર *પુષ્કરિણી બનાવી હતી કે દેશવિદેશના લોકો એ પુષ્કરિણીને જોવા માટે આવતા. એ પુષ્કરિણીને કિનારે એણે ચંપાનું એક સુંદર રમણીય ઉદ્યાન પણ બનાવ્યું હતું.

એ ઉદ્યાનની એક ખૂબી હતી. એમાં કેવળ ચંપાનાં જ વૃક્ષો હતાં. એ વૃક્ષોની સેંકડો જાતો ત્યાં એવી તો સુંદર રીતે ગોઠવાયલી હતી કે ઉદ્યાનમાં ફરનારને પોતે માત્ર ચંપાનાં વૃક્ષો જુએ છે એવું ન જ લાગે !

ચંપા નગરી, ચંદન નદી અને ચંપક વૃક્ષોનું ઉદ્યાન, એ ત્રણ વિષે લોકોના મનમાં એક વિશિષ્ટ પ્રકારની છાપ બેઠી હતી. વૃક્ષો પ્રત્યે એમને એ મંગલ વૃક્ષો હોય તેવી પ્રીતિ જન્મી હતી.

લોકવાયકા તો એટલે સુધી ચાલતી કે જ્યારે જ્યારે રાજપલટો થવાનો હોય, ત્યારે ત્યારે આ ઉદ્યાનમાં એક અદ્ભુત ચંપક વૃક્ષ હતું, તેને એક ફૂલ આવતું ! આવતું એક જ, પણ એ રાજપલટાનું અચૂક ચિહ્ન બની રહેતું. બીજો બધો વખત તો એ વૃક્ષ, વર્ષોનાં વર્ષો

---

* જલસરોવર. પુષ્કરિણી તે વખતે દરેક નગરની શોભા ગણાતી. વૈશાલીમાં તો ૭૭૦૭ પુષ્કરિણીઓ હોવાનો ઉલ્લેખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી, પાંગરાના ઠૂંઠા જેવું, ત્યાં ઊભું રહેલું જણાતું !

વૃદ્ધો કહેતા, રાજા બિંબિસારે અંગરાજને હરાવ્યા, ત્યારે આ વૃક્ષને એક ફૂલ આવ્યું હતું. ને રાજપલટો થયો હતો.

વત્સદેશના ઉદયને અંગરાજને મદદ કરી, ફરી ગાદી અપાવી ત્યારે આ વૃક્ષને ફૂલ આવ્યું હતું ! રાજપલટો થયો !

ફરીને મગધરાજે મહાપરાક્રમી સેના લઈને રાજા બ્રહ્મદત્તને હણી, અંગદેશને મગધમાં જ ભેળવી દીધો, ત્યારે ત્યાં ફૂલ આવ્યું હતું !

લોકની આવી વાતમાં કેટલું તથ્ય હોઈ શકે તે કોઈ જાણતું હોતું નથી, પણ રાજનીતિજ્ઞો એક વાત જાણે છે. આવી ક્ષુલ્લક જેવી વાત એકપળના છઠ્ઠા ભાગમાં દેશ આખાને આગ લગાડી જાય છે !

ગગ્ગરા પુષ્કરિણીને કિનારે ચંપા ઉદ્યાનમાં એ વૃક્ષ ઊભું હતું. લોકો અવારનવાર એની વાતો ચલાવતા: અને ઉદ્યાનમાં ફરવા આવે ત્યારે એની ઇતિહાસકથાનો આનંદ માણતા.

આ ઉદ્યાનમાં વૈશાખી પૂનમની એક ચાંદની રાતે ત્રણ માણસો એક વિરામાસન ઉપર શાંતિથી બેઠા હતા.

રાત્રિનો ઠીક ઠીક સમય વ્યતીત થયો હતો. ઉદ્યાન આખું ખાલી થઈ ગયું હતું. માત્ર આ ત્રણ જણા ત્યાં શાંત બેસી રહ્યા હતા. એમને જવાની ઉતાવળ જણાતી ન હતી. ચંપક વૃક્ષોનો મંદ સુગંધ બધે રેલાઈ રહ્યો હતો. અને ઉપરથી ચાંદની અમૃતધારા વરસાવી રહી હતી. ગગનાંગણના તારાઓ સાથે પૃથ્વી ઉપરનાં પુષ્પોએ રસગોષ્ઠિ માંડી હતી. ઉદ્યાનમાં એવાં એવાં સુંદર વિરામાસનો હતાં કે એક વખત ત્યાં બેઠેલો માણસ, આવી ચાંદની રાતે તો દુનિયાને જ સ્વર્ગ ગણે, અને સ્વર્ગને તો કેવળ ગાંડા કવિઓની ઘેલી કલ્પના માને ! આજે એવી સુંદર ચાંદની ખીલી હતી. પણ ત્યાં શાંત બેઠેલા ત્રણે માણસોમાંથી એકેતું, ચાંદનીની આવી આનંદહેલી પ્રત્યે ધ્યાન જ ન હતું. હજી થોડો વખત જવા દેવા માગતા હોય તેમ, બિલકુલ બોલ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલ્યાવિના શાંત પથ્થર પ્રતિમાઓની જેમ, એ ત્યાં બેસી રહ્યા હતા.

તેમની સામે એક ઠૂંઠા જેવું વૃક્ષ ઊભું હતું. આ ઠૂંઠા ચંપક વૃક્ષે હમણાં ફૂલ દેખાડવાની કાંઈક શરૂઆત કરી લાગતી હતી. બહુ જ બારીકીથી જોનારને દિવસે એની ઊંચી ડાળીની ટોચે એક અત્યંત નાની નાજુકડી કળી પ્રગટતી હોય તેવું લાગે. અત્યારે રાત્રે તો આખું વૃક્ષ તદ્દન ઠૂંઠું જ જણાતું હતું.

આ એ જ વૃક્ષ હતું, જેના વિષે લોકો અનેક કલ્પનાઓ દોડાવતા હતા! જેના વિષે 'અંધવેણુ પરંપરા' જેમ વાતો ચાલતી હતી!

આ ત્રણ પુરુષો અત્યારે જાણે એ વૃક્ષને નિહાળવા માટે જ આવ્યા હોય તેમ જણાતું હતું. એમના વેષ ઉપરથી એ સામાન્ય નાગરિકો નહિ, પણ રાજકર્મચારીઓ દેખાતા હતા.

હજી નગરમાં, ઉદ્યાનમાં કે માળીઓમાં, કોઈને આની જાણ ન હતી. એ જાણ થવી ન જોઈએ. વાતમાં કાંઈ જ ન હતું એ ખરું, પણ લોકોની દૃઢ માન્યતા હતી કે આ વૃક્ષને જ્યારે ફૂલ આવશે, ત્યારે રાજપલટો આવશે જ આવશે! આ તો લોકસમૂહની માન્યતા — ઘેલી તો ઘેલી, પણ કદી ન તજી શકાય તેવી. એટલા માટે એ ચંપક વૃક્ષના ફૂલમાં અગ્નિ ભર્યો હતો. શાંત બેઠેલા પેલા ત્રણ રાજકીય માણસોના મનમાં અત્યારે આ વાત ઘોળાતી લાગતી હતી.

ચંપા નગરીમાં સૌ જાણતા હતા કે યુવરાજ અજાતશત્રુ આંહીં મગધરાજનો પ્રતિનિધિ છે. પણ ખરી રીતે જુવાન રાજપુત્રની મહત્ત્વાકાંક્ષાને સંતોષવા માટે જ, આ આખો અંગદેશ રાજાએ એને સોંપી દીધો હતો. જુવાન રાજપુત્ર કોઈક સાહસ કરી ન બેસે માટે મહાઅમાત્ય જેવા નિષ્ણાત રાજકાર્યકરો પણ આંહીં સાથે રહેતા હતા. આ રાજપુરુષો એ જ હતા.

વળી મગધરાજનું અને યુવરાજનું ઘર્ષણ એ લોકમાં કર્ણોપકર્ણ ચાલતી વાત હતી. એ વખતે આ ફૂલનું પ્રગટ થવું વધારે ભયંકર હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજપલટા વિષેની લોકકલ્પનાને ઉત્તેજી મૂકે તેવી એ વાત હતી.

અને એટલા માટે એ વાત મૂળમાંથી તાત્કાલિક દાબી જ દેવી જોઈએ.

અત્યારે જે ત્રણ રાજકાર્યકરો જેવા માણસો બેઠા હતા તેમના મનમાં આવા વિચાર આવી રહ્યા હતા. મગધ અને વૈશાલી વચ્ચે ભયંકર ઘર્ષણ ચાલતું હતું, ત્યારે તો આવી નજીવી વાત ઘણી જ મોટી થઈ પડે તેવો સંભવ હતો.

એટલે પેલા રાજપુરુષોને ચંપક વૃક્ષના એ નાનકડા પુષ્પમાં ભયંકર અગ્નિ પ્રગટતો દેખાતો હતો !

આ ત્રણ રાજપુરુષોમાં એક પ્રૌઢ વયનો હતો. બીજો વૃદ્ધ જેવો હતો. ત્રીજો તદ્દન જુવાન જણાતો હતો.

જુવાનની સામે એક લાંબું ધનુપ પડયું હતું. અત્યારે પણ એને ખભે અખૂટ તૂણીર લટકતો હતો. એણે પોતાના રૂપાળા લાંબા સુંવાળા કેશને વસ્ત્રપટીથી બાંધી લીધા હતા. કેડ ઉપરના વસ્ત્રને મજબૂત ગ્રંથી મારી હતી. ઉપર કમ્મરપટો બાંધ્યો હતો. એના પગના ઉપાનમાં મહા મોલાં રત્નો જડ્યાં હતાં. અત્યારે ચાંદનીમાં એ રત્નો સજીવન આંખો જેમ ચમકી રહ્યાં હતાં. એની ડોકમાં એક બહુમૂલ્ય મૌક્તિકમાળા લટકતી હતી.

પણ એની આકર્ષકતા તો એની બેસવાની ઢબમાં હતી. એક જરા જેટલો પણ અવાજ આવે તો એક જ પળમાં એનું ખડગ હાથમાં જ હોય, એવી તૈયારીથી, વીરાસન વાળીને જ એ એક શિલા ઉપર બેઠો હતો. એની બેસવાની ઢબ એને સ્પષ્ટ રીતે એક યુદ્ધવીર તરીકે પ્રગટ કરી દેતી હતી.

એ વીરના શિલાઆસન સામે શ્વેત આરસનું એક સુંદર નકશી-ભર્યું વિરામાસન હતું. તેના ઉપર બીજા બે પુરુષો બેઠા હતા. એ વિરામાસનની બન્ને બાજુએ બે મયૂરો હતા. સમુદ્રજલ જેવા સ્વચ્છ નીલ આરસમાંથી કોતરાયલા એ બે કલાધર મયૂરો, જાણે હમણાં જ કેકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી ઊઠશે, એવી અજબની ઉત્સુકતા શિલ્પીએ એમનામાં મૂકીને એમને ખરેખર જીવન્ત કરી મૂક્યા હતા !

વિરાસન ઉપર બેઠેલા બન્ને પુરુષો એકદમ સાદા વેષમાં હતા. એમના શરીર ઉપર એક કટિવસ્ત્ર અને એક ઉપરીવસ્ત્ર માત્ર હતાં. એમના લાંબા કેશ પાછળ છુટ્ટા લટકતા હતા. તે ત્યાં પલાંઠી લગાવીને સ્થિર બેઠા હતા. પણ એમની ડોકમાં પડેલી કોઈ દસ વીશ લક્ષ *કાર્ષાપણની મૌક્તિકમાળાઓ એમને મહાન રાજપુરુષો તરીકે ઓળખાવવા માટે બસ હતી. સિંહલદ્વીપ વિના બીજે ક્યાંય ન મળે એવાં એ અંગુર અંગુર જેવડાં મૌક્તિક અત્યારે ચાંદનીમાં કૌમુદીબિંદુ હોય તેવાં શોભી રહ્યાં હતાં.

વીરાસન વાળીને ત્યાં બેઠેલો જુવાન ઉત્સાહની મૂર્તિ સમો દેખાતો હતો. જાણે એ પળે પળે તેજધારામાં નાહી રહ્યો હોય તેમ એના શરીરમાંથી લાવણ્યની નવી નવી રેખાઓ પ્રગટતી હતી. તેનું શરીર અત્યંત કસાયલું, સપ્રમાણ, સુંદર, તેજસ્વી આકર્ષક હતું. ગરુડપંખી જેવી એની તેજસ્વી અણીદાર નાસિકામાં એક એવા તો પ્રકારનું આગ્રહી ગર્વીલું ગૌરવ દેખાતું હતું કે જોનારને એ આકર્ષી જ રાખે !

એની સામે બેઠેલા બન્ને રાજપુરુષો તરફ એ માનથી જોઈ રહ્યો હતો. એમના જરાક જ અવાજ કરતા પ્રશ્નના શબ્દોને પકડી લેવા માટે એ એકકાન થઈ ગયો હતો !

બન્ને રાજદ્વારી પુરુષોમાંથી જે પ્રૌઢ વયનો હતો તે અત્યારે બોલી રહ્યો હતો. એનો શબ્દ શાંત, ધીમો, સ્વસ્થ હતો. પણ એ શબ્દનો અક્ષરેઅક્ષર જાણે તોળાઈને આવતો હોય તેમ તોળાઈને આવતો

* એ વખતનું નાણું–કાર્ષાપણ ત્રણ પ્રકારના હતા. તાંબાના, રજતના, સુવર્ણના. પણ સુવર્ણનો સ્વર્ણ અથવા હિરણ્ય કહેવાતો. તે એંશી રતીનો હતો. રજતનો કાર્ષાપણ તે ચાલીસ રતીનો. તાંબાના કાર્ષાપણ પછી, અર્ધ કાર્ષાપણ, પાદ કાર્ષાપણ, અષ્ટમ કાર્ષાપણ એમ ભાગ પણ હતા. એ વિષે J. N. S. Vol IXV માં લેખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. બીજી રીતે જોતાં તો તે સીધો સાદો અનાકર્ષક પુરુષ લાગતો હતો. છતાં આ ત્રણેમાં તો જાણે એ જ મુખ્ય પુરુષ હોય એમ જણાતું હતું. એના ચહેરા ઉપર કોઈ ખાસ ગૌરવનું ચિહ્ન ન હતું, રાજદ્વારી ઉચ્ચ અધિકારીઓમાં દેખાય તેવો કોઈ પ્રતાપ પણ ત્યાં ન હતો. છતાં લાગે કે તેની પાસે જાણે કાંઈક એવું હતું જે કોઈની જ પાસે જોવા મળે તેમ ન હતું. એની દૃષ્ટિમાં ગજબની વીજળી બેઠી હતી.

કોઈક વખત મેઘલી રાતે, આકાશનાં સાતે સાત પડ વીંધી નાખે તેવી, લખલખતી, આછા આસમાની રંગની, બાળી નાખે તેવી, તેજ તેજના અંબાર સમી, વીજળી પ્રગટ થઈ આવે છે, તેવી વીજળી એની આંખમાં બેઠી હતી. એ માત્ર સામે જુએ, અને એના એક દૃષ્ટિકોણથી, એ માણસને પગથી માથા સુધી એક જ વખત નિહાળે, એટલામાં તો, ગમે તેવો હિમ્મતવાળો માણસ હોય તો પણ, એ ધ્રૂજી ઊઠે, એના કટિવસ્ત્રની ગ્રંથી છૂટી પડે. એટલી બધી વેધકતા એની દૃષ્ટિમાં હતી. એવી દૃષ્ટિ વડે એ સામે જુએ અને એના ચહેરાનાં છાપ, દેખાવ, આકર્ષકતા, પ્રતાપ બધું જ જાણે ફરી જાય! ન જુએ ત્યાં સુધી એ કાંઈ જ ન લાગે. સામાન્ય માણસ જેવો માણસ લાગે. પણ જેવી એની દૃષ્ટિએ સામે મીટ માંડી, અને એમાંથી વેધકતા પ્રગટ થઈ કે, એનો આખો સીનો જ બદલાઈ જાય. હવા પણ ફરી જાય.

એવો આ કેસરી સિંહ સમો પુરુષ તે બીજો કોઈ નહિ, પણ જેના નામ માત્રથી કોશલપતિ પ્રસેનજીત જેવા ધ્રૂજતા, જેના નામના જાદુથી અંગુલિમાલ જેવા લૂંટારા મગધની હદમાં પ્રવેશ ન કરવામાં જ સલામતી જોતા, લિચ્છવીઓ જેવા યુદ્ધનિપુણ નરવ્યાઘ્રોની સેના પણ, જેની સાથે લડાઈ લેવામાં જોખમ સમજીને, સો સો વખત પોતાના *સંથાગારમાં સભાઓ ભરતી, ચંડપ્રદ્યોત જેવા અવંતીપતિ જેની

* ગણરાજ્યોનું સભાસ્થાન. ત્યાં પરિષદ ભરાતી, સભાઓ થતી, મતો લેવાતા, પ્રશ્નો ચર્ચાતા. મત માટે તે વખતનો શબ્દ 'છંદ' છે. છંદ એટલે સ્વતંત્રતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે થવામાં માનહાનિનું જોખમ જોતા, જેની ચાલ, જેની કુનેહ, જેની ફૂટનીતિ ભયાનક શસ્ત્રઅસ્ત્રોને પણ તણખલાં જેવાં કરી દેવામાં સમર્થ ગણાતી, તે મગધનો પ્રતાપી બ્રાહ્મણ મહાઅમાત્ય વર્ષકાર હતો. લોકજીભે ચડેલું એનું નામ વસ્સકાર હતું. એની સાથે બેઠેલો તે પંડિત જુવાનદેવ. એ વર્ષકારનો મિત્ર અને સહાયક હતો. સામે શિલા ઉપર બેઠેલો તક્ષક તે મગધનો મહાન યુદ્ધપતિ સુનીધ હતો.

આ ત્રણે જણા અત્યારે અંગદેશની અને મગધની વચ્ચેના સંબંધની વાત કરતા હતા. આ અકસ્માતી ફૂલને જોઈને એની વીજળિક અસર વિષે એ વિચાર કરી રહ્યા હતા. વર્ષકારનો ધીમો શાંત અવાજ આવ્યો : ‘ સુનીધ ! તને બરાબર ખાત્રી છે કે તારા સિવાય બીજા કોઈએ આ ફૂલ હજી જોયું નથી ? ’

જવાબ આપતા પહેલાં સુનીધ ઘડીભર થોભ્યો. પછી ધીમેથી વિશ્વાસથી બોલ્યો: ‘ હા દેવ ! મને ખાતરી છે ! ’

‘ ઉદ્યાનરક્ષકે પણ ? ’

‘ ઉદ્યાનરક્ષકે પણ નથી જોયું ! ’

‘ ત્યારે જો, આ ફૂલનું આપણે મન કોઈ મહત્ત્વ નથી; પણ લોકોના મનમાં જે કોઈ વાત વર્ષોથી જડ કરીને બેઠી હોય, તેને એકદમ ઉખેડી શકાતી નથી. એને માટે રાહ જોવાની ધીરજ જોઈએ. આ ફૂલ ભયંકર છે એમ બોલીએ તો, આપણને કોઈ બુદ્ધિ વિનાના માને. પણ અંગદેશ આપણો થયો છે, છતાં જ્યારે જ્યારે રાણી ગગ્ગરાએ રચેલી આંહીંની અદ્‌ભુત પુષ્કરિણીઓ લોકો જુએ છે, ત્યારે ત્યારે એમને એ મહારાણી પાછાં સજીવન થતાં જણાય છે ! આ પુષ્કરિણીઓ એમને વૈશાલીની સુંદર પુષ્કરિણીઓ સમાન લાગે છે. સામે કાંઠે વિદેહમાં એ ગણરાજ તંત્ર જુએ છે. ત્યાં હમ્મેશાં છ છ લક્ષનાં તો દાન થાય છે. એટલે આંહીંનું રાજતંત્ર એમને કંટકની માફક ખટકે છે. રાજપલટો થાશે એવી નાની પણ હવાની લેરખી જો એક વખત ચાલતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ, તો એ ખતરનાક નીવડશે. કેમ તક્ષકદેવ ? ?'

'આપણી યોજનાના મૂળમાં જ એ ઘા કરી જાશે !' તક્ષકદેવે કહ્યું.

'એટલે મેં કહ્યું કે આ ફૂલ ભયંકર છે. એ અગ્નિના તણખા જેવું છે. લોકો ઘાસ જેવા છે. અત્યારે જ એ ફૂલને આપણે ઉડાવી લો. એને ગંગાના પ્રવાહમાં ફેંકી દ્યો !'

'પણ પછી બીજું આવશે તો ?' પંડિત તક્ષકદેવ બોલ્યોઃ 'શી ખાતરી કે બીજું નહિ આવે ?'

'બીજું આવશે તો જોઈ લેવાશે. અત્યારે આને તો ફેંકી દો !'

મહાઅમાત્યની આજ્ઞા થતાં જ સુનીધે શિલા ઉપર ઊભા થઈ ધનુષને લંબાવી તેની પ્રત્યંચામાં ભરાવીને વૃક્ષ ઉપરથી ફૂલને ઉપાડી લીધું.

'બસ. ચાલો હવે . . . . . ગંગાપ્રવાહમાં એને વહેવરાવી દેજે સુનીધ ! એટલે પત્યું' વર્ષકાર બોલ્યો. 'અને આપણે મુખ્યદ્વાર છોડીને જ બહાર નીકળો. વખત છે કોઈને શંકા જાય !'

ત્રણે જણા મુખ્યદ્વારની દિશા છોડીને બીજે જ રસ્તે ચાલ્યા.

પણ જ્યાં એ ઉદ્યાનમાંથી બહાર નીકળી રાણી ગગ્ગરાની બંધાવેલી મનોહર પુષ્કરિણીને કિનારે કિનારે જવા માટે આગળ વધ્યા કે ત્યાં પ્રવેશદ્વાર પાસે જ, એમણે એક ઉત્તુંગ તેજસ્વી શ્યામ ઘોડાને ઊભેલો જોયો. જરાક વધારે દૃષ્ટિ કરતાં તે આશ્ચર્યથી થંભી ગયા. અસલ કમ્બોજનો અશ્વ ! મગધનો કોઈ રાજપુરુષ આવ્યો છે કે શું ? એમના મનમાં શંકા થઈ ગઈ. બે ડગલાં આગળ ગયા ત્યાં તો એમને વધારે આશ્ચર્યમાં નાખી દે તેવો શુદ્ધ સોનેરી રણકાનો એક તેજસ્વી અવાજ સંભળાયોઃ

'કોણ છે એ અત્યારે ? ઉદ્યાનમાંથી કોણ આવી રહ્યું છે ?'

મહાઅમાત્ય વર્ષકાર આશ્ચર્યચકિત થઈ ગયો. એને નવાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી. એને ફૂલ સાંભરી આવ્યું. ખરેખર કાંઈક નવાજૂની બનેલી હોવી જોઈએ. નહિતર કોઈનો નહિ, અને મગધના રાજકુમાર અજાતશત્રુનો પોતાનો અવાજ અત્યારે આવે વખતે આંહીં પુષ્કરિણીને કિનારે ક્યાંથી હોય? એ તો અત્યારે રાજમહાલયમાં નિરાંતની નિદ્રામાં હોય.

એટલે ચોક્કસ મગધમાં કાંઈક નવાજૂની બની લાગે છે. એને ગંગાકિનારાની વાત યાદ આવી ગઈ. લિચ્છવીઓ આગળ વધ્યા હશે કે શું? ચોક્કસ ખાતરી કરવા માટે તે ઉતાવળે પગલે ઘોડા તરફ જ આગળ વધ્યો. અને એટલામાં તો સામેના ભવ્ય તેજસ્વી શ્યામ ઘોડાને તેણે તરત યુવરાજના ઘોડા તરીકે ઓળખી કાઢ્યો.

મહાઅમાત્ય એકદમ આગળ વધ્યો.

યુવરાજ પોતે જ ત્યાં ઘોડા ઉપર હતો. એના ઉપર દૃષ્ટિ પડતાં જ વર્ષકારને ખાત્રી થઈ ગઈ કે ચોક્કસ મગધમાં કાંઈક પણ અવનવી ઘટના બનેલી હોવી જોઈએ. તે વિના રાજકુમાર અજાતશત્રુ પોતે અત્યારે આંહીં આવીને ઊભો ન રહે!

શું હશે? તેના મનમાં એકદમ ગંભીર પ્રશ્ન ઊભો થઈ ગયો.

રાજકુમારના ઉતાવળા વેગીલા સ્વભાવની પણ એને મનમાં મોટી ચિંતા રહેતી. રાજકુમાર તરફ વધુ નજીક જવા માટે તે આગળ સર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. મગધનો યુવરાજકુમાર

રસાયન લેતાં ન આવડે તો એમ કહેવાય છે કે રસાયન જ માણસને હણી નાખે છે. એવું જ કાંઈક આ યુવરાજ વિષે હતું. ને વર્ષકારને રાતદિવસ એ ચિંતા પણ હતી. બીજી રીતે મગધના આ મહાપરાક્રમી તેજસ્વી રાજકુમારને એણે પોતે જ ઘડયો હતો. હિમાચલથી વિંધ્ય અને ગાંધારથી અંગદેશ સુધીનું એક મહાન ભવ્ય આર્યાવર્ત્ત સરજવાનું સ્વપ્નું, પણ પંડિત તક્ષકદેવ જેવાએ એને આપ્યું હતું. રાજકુમાર નાનો હતો, હજી એ ઘોડેસવારી શીખતો હતો, ધનુષની પ્રત્યંચાને ખેંચવાની રમ્મત કરતો હતો, ત્યારે જ પંડિત તક્ષકદેવે એનું હીર પારખી લીધું હતું. અને એણે જ વર્ષકારને કહ્યું હતું કે 'તમારું સ્વપ્નું સિદ્ધ કરવાની તાકાત જો કોઈનામાં હોય તો તે આ એક કિશોરમાં છે. એને હાથમાં લો. ભૂગર્ભમાં સુતેલા મહારત્નની પ્રભા એનામાં છે. આર્યાવર્ત્તનું, ભારતના યુદ્ધ પછીનું, પહેલું મહાન સામ્રાજ્ય સ્થાપવાની શક્તિ હજી એનામાં દેખાય છે. રાજસૂય યજ્ઞનો અગ્નિ એ પ્રગટાવે તેમ છે. એના લોહીકણમાં અશ્વમેધની ચક્રવર્તી ભાવના બેઠી છે. ઈન્દ્રમહાઅભિષેકનો વારસો એ જાળવે તેમ છે. આ એક જ કુમાર મગધને આંગણે છે, જે તમારું સ્વપ્નું સિદ્ધ કરી શકે. બીજા બધા તો આપણે જોયા છે. એ કાં સાધુ થવા જન્મ્યા છે, કાં બીજા જ કામ માટે છે. હલ્લ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિહલ્લ છે, શીલવત છે, વિમલકોંડણ્ય છે, જયસેન છે, નંદિષેણ છે, એમ ઘણા છે. પણ સામ્રાજ્ય સ્થાપના માટેની શક્તિ તો આના એકનામાં છે.'

અને મહાઅમાત્ય વર્ષકારે પોતે જાતે દેખરેખ રાખીને રાજકુમારને નાનપણથી ઘડ્યો હતો. એની યુદ્ધકલા, એની હસ્તિકલા, એનું અશ્વજ્ઞાન, એની વાણી, એનું વીરત્વ બધું જ વર્ષકારનું સર્જન હતું.

પણ હવે મહામંત્રી વર્ષકાર અને પંડિત તક્ષકદેવ બન્ને પોતાના આ પ્રતાપી શિષ્યથી પોતે જ ધ્રૂજી રહ્યા હતા!

કારણકે એની મહત્ત્વાકાંક્ષા તો એમણે જગાડી હતી, પણ હવે એ મહત્ત્વાકાંક્ષાને જાણે કોઈ સીમા જ ન હતી. એને મહાન સમ્રાટ્ બનવાનું સ્વપ્નું તો એમણે આપ્યું, પણ મગધની આ રાજગાદી ઉપર થઈ ગયેલા, બળવાન જરાસંધને પણ ક્યાંય પાછો નાખી દે, એવું ભયંકર કૃતનિશ્ચયી મનોબળ, એ પ્રગટ કરવા માંડ્યો હતો. એનો એક એક શબ્દ–બોલતો આત્મવિશ્વાસથી; પણ એ જ છેલ્લો શબ્દ હતો. એમાં ફેરફારને સ્થાન જ ન હતું. એની સામ્રાજ્ય સ્થાપવાની યોજના, કડીબદ્ધ, વ્યવસ્થિત, સંપૂર્ણ હતી. પણ એમાં આડે આવનાર માટે એ અગ્નિ, સમુદ્ર, શસ્ત્ર અને હલાહલ ઝેર બધું જ વાપરવાની શક્તિ ધરાવતો હતો.

એ વીરનર હતો એ ખરું; પણ મહાન વીરનરમાં જોવા મળે છે, એવી કોઈ સુંદર રેખાનો જન્મ હજી ત્યાં દેખાતો ન હતો. મહાઅમાત્ય વર્ષકારને ચિંતા એ જ હતી. એ વીજળી જેવો વેગ ધરાવતો હતો. સમુદ્ર જેવું અગાધ બળ દાખવતો હતો. અગ્નિ સમી સર્વનાશની શક્તિ દેખાડી રહ્યો હતો. તમામને પરાજય આપવાની અદ્ભુત આત્મશ્રદ્ધાનો એ સ્વામી હતો. પણ માત્ર એક ગૌરવભરી સુંદર રેખા વિના, એનું વ્યક્તિત્વ બધાને ધ્રૂજાવી દે તેવા જબ્બરજસ્ત વાવંટોળી મરુતનું સ્વરૂપ ધારણ કરતું જતું હતું. લિચ્છવીઓ સાથેના હમણાના જ બંદર વિષેના ઝગડામાં એ વર્ષકારે જોયું હતું.

વર્ષકાર મહાઅમાત્યને તો એક ગૌરવશાલી સાચો સમ્રાટ્ જોઈતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો, અને ડાહ્યો નીતિજ્ઞ પણ જોઈતો હતો. જે સમય ન પારખે એની દોડ કેટલીક ? છતાં એ રાહ જોઈ રહ્યો હતો. કારણ કે એને શ્રદ્ધા હતી કે વહેલે મોડે આનામાંથી જ એ જન્મશે. અને બીજી ખરી વાત તો એ હતી કે એના સિવાય બીજું કોઈ હતું નહિ. પણ એ જાણતો હતો કે રાજકુમારમાં ભવ્યતા જન્મે, તે પહેલાં કોણ જાણે એની કેટલી બધી ભયંકરતાઓને એણે એનામાં પાછી સમાવી દેવી પડશે.

રાજકુમારનો વિદ્યુત્ વેગ, સાહસ, કટુતા, ઘર્ષણ જ લાવવાની મહેચ્છા, એ બધું જોતાં એને ઘણી વખત નિરાશા પણ થતી. વિદ્યાધામ તક્ષશિલામાં આચાર્ય થઈને બેસી જવાની એને ઈચ્છા થઈ આવતી. પણ એનો જીવનધર્મ આડે આવતો હતો. અને તક્ષશિલા પોતે જ હવે ×પાર્શવ શાસાનુશાસ [શાહંશાહ] જેવા મહાન બળવાન અરિતી સામે કેટલું ટકશે એ શંકા હતી. અને એ પાર્શવનો વાવંટોળ છેક ચંપાનગરી સુધી ભવિષ્યમાં નહિ આવે એની કોઈ ખાતરી ન હતી. છતાં ભારતમાં એક મહા બળવાન રાજ્ય ઊભું કરવાની પોતે સ્વીકારેલી પોતાની જીવનપ્રણાલિકા જો આડે આવી ન હોત, તો તો મહાઅમાત્ય વર્ષકાર ક્યારનો કાં કોઈક ગુફામાં બેસી ગયો હોત, અથવા તો કોઈ વિદ્યાધામમાં આચાર્યપદે શિષ્યોને ભણાવતો હોત.

પણ પાર્શવ શાસાનુશાસને આગળ વધતો અટકાવવા માટે ભારતવર્ષમાં એક મહાબળવાન રાજ્ય ઊભું થવું જ જોઈએ. તો જ આર્યાવર્ત્ત રહે, નહિતર એ નામશેષ બની જાય. નાના રાજ્યો તો એક પછી એક નમી પડે ને પોતાની જાત બચાવવા મથે. માટે એક બળવાન કેન્દ્રરાજ્ય સ્થપાવું જોઈએ. કેવળ એ જીવનધર્મ બજાવવા માટે જ મહાઅમાત્ય આંહીં હતો.

પણ રાજકુમારના વેગથી, એના મનમાં પળેપળે ઊઠતા તરંગરંગથી,

× ઈરાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની મહેચ્છાથી, એની નિશ્ચયાત્મક અણનમ વલણથી એ હવે કાંઈક કંટાળ્યો પણ હતો. કંટાળ્યો હતો છતાં, એ પોતાનું ધાર્યું પાર પાડવા માટેનું ઘણું દૃઢ મનોબળ ધરાવનારો વજ્જર પુરુષ હતો. એટલે એણે નિશ્ચય કર્યો હતો કે રાજકુમારને અમુક જ રીતે રહેવાની એણે સત્તાધીશની ઢબથી હવે આજ્ઞા જ આપવી રહી. આ વિષયમાં એનો શબ્દ છેલ્લો રહેવો જોઈએ. છેલ્લે છેલ્લે તો મહાઅમાત્યની દૃઢતા એટલી વધી ગઈ હતી કે, રાજકુમાર પોતે પણ, એને પૂછીને જ પગલું ભરવાની હિમ્મત કરી શકતો હતો.

એટલે મહાઅમાત્યે રાજકુમારને અત્યારે આંહીં આવેલો જોયો ત્યારે એને પહેલો એ જ વિચાર આવ્યો કે કોઈ નવા ઘર્ષણના સમાચાર આવતાં જ આ આંહીં દોડયો આવ્યો લાગે છે.

એણે રાજકુમારને દૃઢ રીતે અંકુશમાં લેવાની જરૂરિયાત જોઈ લીધી.

અત્યારે એ રીતે જ કામ લેવાનો નિર્ણય લઈ લીધો. પણ એની વાત શી છે તે જાણવાની પહેલી જરૂર હતી.

'કોણ છે ત્યાં ? રાજકુમાર તમે છો ?' તેણે વધુ નજીક જતાં કહ્યું: 'તમે અત્યારે અને આંહીં ?' તે બોલીને રાજકુમારની સામે જોઈ રહ્યો. રાજકુમારનો દૃઢ નિશ્ચયી ચહેરો અત્યારે વજ્જર સમો જણાતો હતો. તેની મોટી વિશાળ લાલ આંખોમાંથી એક પ્રકારની અજબ અગ્નિરેખા પ્રગટતી હતી. રૂપાળો, તેજસ્વી, પરાક્રમી, શેહ પમાડે તેવો વીર જુવાન એ જણાતો હતો. મહાઅમાત્ય એની વીરમૂર્તિ સામે થોડીવાર પ્રેમથી જોઈ રહ્યો. 'ખરેખર પ્રતાપી નર હતો. એના પ્રતાપમાં જરાક જ જો મૃદુ રેખા હોત . . .' તે પોતાના નિર્ણયમાં વધારે દૃઢ થયો.

'શું છે રાજકુમાર ?' તેણે ફરીને પૂછ્યું: 'અત્યારે આમ ક્યાં નીકળ્યા છો ? ગુપ્તવેષ પણ ધાર્યો નથી. શી વાત છે ?'

'આંહીં તમને મળવા માટે જ હું આવ્યો છું મહાઅમાત્યજી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેમ ?'

'ગિરિવ્રજથી ઉપનંદનો સંદેશ આવ્યો છે !'

'ઉપનંદનો સંદેશવાહક આવ્યો છે કે ઉપનંદ પોતે ?'

'એ તો ત્યાં ગિરિવ્રજમાં છે. એનો સંદેશવાહક પવનવેગે આવ્યો છે. ને પવનવેગે એણે પાછો જવાબ માગ્યો છે !'

મહાઅમાત્ય વિચારમાં પડી ગયો. ઉપનંદ ગિરિવ્રજમાં સેનાપતિ પદે હતો. એનો માણસ ઉતાવળે આંહીં આવે એનો અર્થ એ કે રાજગૃહમાં કાંઈક પણ બન્યું હોવું જોઈએ.

'કેમ આવ્યો છે સંદેશવાહક ? લિચ્છવીઓ કાંઈ નવી હિલચાલ કરે છે ?'

'ના, લિચ્છવીઓની હિલચાલ નથી. પણ આપણે ત્યાં ઘરફૂટએ ઘર જાય એવી વાત ઊભી થઈ છે.'

'આપણે ત્યાં ? શી ?'

'વાત લાંબી છે મંત્રીરાજ ! ઉપનંદના સંદેશવાહકને હું ત્યાં રાજમહાલયમાં મૂકીને આવ્યો છું. મને ખબર મળ્યા કે તમે આંહીં ચંપા ઉદ્યાનમાં છો, એટલે હું આંહીં આવ્યો !'

'પણ અમે ચંપા ઉદ્યાનમાં છીએ એ તમને કોણે કહ્યું ?' વર્ષકારના મનમાં લોકમાનસના રાજપલટાની વાત હજી ઘોળાતી હતી. રાજપલટાની હવાનો એને ભય હતો. પણ રાજકુમાર જવાબ આપે ત્યાં કોઈ રથ આ બાજુ આવવાનો અવાજ સંભળાયો.

'મેં કહ્યું હતું રથીને, એ જ આવતો લાગે છે. આપણે રાજમહાલયમાં જઈએ. ઉપનંદના સમાચાર પ્રમાણે તો રાજા રાજગૃહને લૂંટાવી દેવા માગે છે !' રાજકુમાર ઉતાવળે બોલી ગયો.

'લૂંટાવી દેવા માગે છે ? શું કહો છો તમે કુમાર ? લૂંટાવી દેવા માગે છે એટલે શું ? કોણે કહ્યું ? શી વાત છે ?'

એટલામાં તો રથ ત્યાં આવી પહોંચ્યો હતો. અજાતશત્રુએ એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકાવ્યો: 'તમે સૌ આમાં બેસો. સુનીધ ! તું પણ ચાલ. તારો ખપ પડશે. કદાચ અત્યારે જ એક બળવાન સેનાને રાજગૃહ તરફ આપણે મોકલવી પડે !'

પોતાના રાજકુમાર શિષ્યની વેગવાણી મહાઅમાત્યને ગમી નહિ. તે એની એવી વાણીને ટેવાયલો હતો. છતાં રાજગૃહ લૂંટાવવાની વાત સાંભળતાં એ પણ ચોંકી ઊઠયો.

શું વાત હતી તે જાણવાનું એનું કુતૂહલ વધી ગયું. એને લાગ્યું કે વખતે રાજા બિંબિસારે ક્યાંક એ શાહજાદાર ગ્રામિકોને એમનો યુવરાજ પસંદ કરવાનું કહ્યું ન હોય ! તો તો મગધમાં જ આંતરઘર્ષણ ઊભું થાય.

વધુ કાંઈ બોલ્યા વિના તે સૌ રથમાં બેસી ગયા. પુષ્કરિણીને કિનારે કિનારે થઈને ધીમે ધીમે રથ રાજમહાલય તરફ ઊપડયો.

ખોટું કુતૂહલ ઊભું ન થાય માટે રથને ધીમે ધીમે જ લેવાની સૂચના વર્ષકારે આપી હતી. પણ રથની આગળ જતા અજાતશત્રુના ઘોડાના તનમનાટથી એના મનમાં કેવા કેવા વેગ ભર્યા વિચારો અત્યારે ચાલી રહ્યા છે, એ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. કાંઈક નવીન જ વાત હોવાનું અનુમાન કરતો મહાઅમાત્ય વર્ષકાર, પુષ્કરિણીના જળ તરફ જોઈ રહ્યો. લાખો નલિનીઓએ ત્યાં ફૂલો ઉઘાડયાં હતાં, પણ એ બધાં જ અત્યારે એને માટે નિરર્થક હતાં !

એણે પડખે બેઠેલા તક્ષકદેવને કહ્યું: 'આપણી યોજનાને ટાળવામાં જાણે કેમ આકાશીગ્રહોને પણ રસ હોય ! અત્યારે આપણે તદ્દન શાંત રહેવાની જરૂર છે. ત્યારે એક પછી એક વાત આવતી જ રહે છે. આ કુમાર વળી કોણ જાણે કઈ વાતે અકળાયો હશે !'

'એ ઉતાવળો છે.' તક્ષકે કહ્યું: 'છેવટે વાતમાં કાંઈ માલ નહિ હોય !' વર્ષકારે કહ્યું: 'મને પણ એમ જ લાગે છે !' રથ આગળ વધતો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. રાજગૃહના વર્તમાન

૨૪ જેમ જેમ રાજમહાલય તરફ આગળ વધ્યો, તેમ તેમ મહાઅમાત્ય વર્ષકારને રસ્તામાં અનેક વિચાર આવતા ગયા. કોઈપણ પાડોશી રાજની કોઈ ગંભીર હિલચાલ વિષે એને જાણ નહતી. લિચ્છવીઓમાં રહેલા એના *સત્રીએ જ, વૈશાલી વિષે વાત મોકલી હતી. એ પ્રમાણે ત્યાંની હવામાં આંતરિક ઘર્ષણ ઊભું થવાનું લાગતું હતું. એટલે તો વર્ષકાર પોતે ત્યાં ઉતાવળે પહોંચી જવાની જરૂરિયાત જોઈ રહ્યો હતો. આખો વજ્જિ પ્રદેશ સળગી ઊઠે એવી એ વાત હતી. એટલે લિચ્છવીઓની કોઈ વાત ન હોય. કોશલ પણ ફરકે તેમ ન હતું. અંગુલિમાલ લૂંટારાએ નવસો નવાણું આંગળીઓ ભેગી કરી હતી. એને હજાર ભેગી કરવી હતી. હવે એક જ ખૂટતી હતી. રાજા પ્રસેનજિતને ભય હતો કે એ ભયંકર લૂંટારો હજારમી આંગળી ક્યાંક એની જ ઉપાડે નહિ ! એટલે એ ખાઈ પીને લૂંટારાની પાછળ જ પડ્યો હતો. એટલે એ ત્યાં કામમાં હતો. વત્સ અને અવંતી હમણાં માથું ઊંચું કરવાના મિજાજમાં જ ન હતાં. વર્ષકારને લાગ્યું કે કાં તો રાજકુમાર ઉતાવળે કોઈ ખોટા અનુમાનથી દોરવાયો હોય, અને કાં રાજગૃહમાં રાજા બિંબિસારે પોતે જ કોઈક નવા

* ગુપ્તચર. सर्वेषामासन्ना : सत्रिणः संघानाम्. બધા ગણતંત્રમાં રાજાઓના ગુપ્તચરો રહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂની વાત કરી નાખી હોય. રાજગૃહની નવાજૂની એનાથી અજાણી તો ન રહેતી. એણે ત્યાંની ઘણી વાત જાણી હતી, પણ એના મત પ્રમાણે એ કોઈ તાત્કાલિક ભયજનક વાત ન હતી. શું હશે એ એકદમ કળી શકાયું નહિ. રથ રાજમહાલય પાસે અટક્યો. તે શાંતિથી જ તેમાંથી ઊતર્યો. તક્ષકદેવ ને સુનીધ એની સાથે હતા.

તેમણે રાજમહાલયમાં પ્રવેશ કર્યો. રાજમહાલય અત્યારે પણ ઝળાંઝળાં દીપાવલિથી પ્રકાશી ઊઠયો હતો. સેંકડો સુગંધી દીપો ત્યાં પ્રગટયા હતા.

ત્યાં ઊભેલા દ્વારરક્ષકોએ નમીને એક તરફ ખસી જઈ મહાઅમાત્યને જવા દીધા. રાજા બિંબિસારની માફક જ એના પુત્રે મહાલયમાં અમુક વખત પછી કોઈનો પણ પ્રવેશ ન થાય, એવી આજ્ઞા આપી રાખી હતી. આજે એ આજ્ઞાનો પ્રથમ જ ભંગ થતો જણાયો. મહાઅમાત્ય, રાજમહાલયના વચ્ચેના ખંડમાં આવ્યો. રાજકુમાર અજાતશત્રુ એમતી પહેલાં ત્યાં આવી પહોંચ્યો હતો.

મૂલ્યવાન સોનેરી રૂપેરી આભૂષણો પહેરીને તે ત્યાં બેઠો હતો. સેંકડો દીપિકાઓના પ્રકાશથી આખો ખંડ અજવાળામાં નાહી રહ્યો હતો.

મહાઅમાત્યની દૃષ્ટિ હવે પ્રકાશમાં રાજકુમારને નીરખી રહી. તેની મુખમુદ્રા તો રૂપાળી, ગૌરવ ભરેલી, ગર્વિષ્ઠ, તેજસ્વી જે હતી તે હતી. પણ તેની આંખમાં વજ્જરતું અણનમ લોહ આવી ગયું હતું. તે કોઈ ને, ખુદ ઇંદ્રને પણ નમવામાં માનતો ન હોય તેમ ટટ્ટાર સીધો અને દૃઢ બેઠો હતો. વર્ષકારે એક દૃષ્ટિમાં એ જોઈ લીધું. એ આગળ વધ્યો. રાજકુમારની સામે એક કોઈ સામાન્ય માણસ ઊભેલો જણાયો. વર્ષકાર સમજી ગયો. એ જ રાજગૃહનો સંદેશવાહક હોવો જોઈએ.

પાસેના આસન ઉપર એણે જગ્યા લીધી. રાજકુમારના પ્રથમ બોલ માટે એ રાહ જોતો શાંત બેઠો રહ્યો. તક્ષકદેવ ને સુનીધ ત્યાં પાસે જ બેઠા. અજાતશત્રુના મોં ઉપર સેંકડો તરંગો આવીને ચાલ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતા મહાઅમાત્યે નિહાળ્યા. કોઈ અગ્નિના પુંજ જેવો એ ઘડીમાં ઉગ્ર દેખાતો હતો. તો બીજી જ ક્ષણે એની આંખમાં અગાધ ઊંડાણ ભર્યા કોઈ નિશ્ચયની રેખા આવી જતી હતી. જુવાન રાજકુમારની તરફ મહાઅમાત્ય એક પળ જોઈ રહ્યો. એને હવે વશ રાખવો એ જેવું તેવું કામ ન હતું. એ વિચાર કરી રહ્યો હતો, એટલામાં અજાતશત્રુ બોલ્યો. એના શબ્દો ઉતાવળા હતા. આવેશ ભર્યા હતા. પણ એમાંથી દૃઢતા અને સત્તાધીશ આજ્ઞા કરનારની ખુમારી પ્રગટતાં હતાં.

'મહાઅમાત્યજી ! આપણે અત્યારે ને અત્યારે બળવાન સૈન્ય લઈને રાજગૃહ તરફ દોડવું પડે તેમ છે ! સુનીધને તૈયારી માટે કહો.'

વર્ષકાર કાંઈ બોલ્યો નહિ. તેણે અજાતશત્રુને આગળ વધવા દીધો.

'રાજગૃહથી સેનાનાયક ઉપનંદનો આ સંદેશવાહક આવ્યો છે. આ ઊભો. રાજગૃહ લૂંટાઈ જવાની તૈયારીમાં છે !'

'એમ ? કોણ લૂંટવા આવનારું છે ? લિચ્છવીઓ ? કે કોશલપતિ ?' વર્ષકારે કાંઈ ન હોય તેમ શાંતિથી કહ્યું: 'એ બન્નેને આંગણે તો પોતપોતાના કંઈક પ્રશ્નો ઊભા થયા છે. આ તરફ એ ફરકી શકે તેમ નથી. ત્યાં બેઠેલા સત્રીઓના* સમાચાર મને ગઈ કાલે જ મળ્યા છે !'

'તે હશે; પણ લિચ્છવીઓ કરતાં ને કોશલપતિ કરતાં વધારે મોટા દુશ્મનો તમારે પોતાને આંગણે બેઠા છે એનું શું ?'

'એવા કોણ છે ? શું સમાચાર મોકલ્યા છે સેનાનાયકે ?'

'આ રહ્યો સંદેશવાહક. સંદેશવાહી કટાહક જાતે જ એ તમને કહેશે !'

'શું છે કટાહક ?' મહાઅમાત્યે સંદેશવાહી તરફ જોયું. 'શું સમાચાર તું લાવ્યો છે ? તું રાજગૃહથી સીધો આવે છે ?'

'હાં મંત્રીરાજ ! સીધો જ આવું છું.' સંદેશવાહી કટાહકે એ

---

* ગુપ્તચરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ જોડ્યા: 'સેનાનાયકે કહેવરાવ્યું છે કે ગમે તે ક્ષણે હવે આ નગરી લૂંટાઈ જશે. હું પ્રયત્ન કરું તો પણ એને લૂંટાતી રોકી શકું તેમ નથી.''

'પણ લૂંટનાર કોણ છે?'

'મગધરાજ પોતે. અને *રાજન્યો અને શ્રમણ ગૌતમ!'

'શ્રમણ ગૌતમ? શ્રમણ ગૌતમની આમાં શી વાત હોઈ શકે? એ તો ધર્મકથા કરે છે!'

'પણ એની વાત જ બધાથી ભયંકર છે. રાજગૃહના દુર્ગને વધુ મજબૂત બનાવવાની આજ્ઞા તમે પોતે આપી હતી. મહાસેનાપતિ સુનીધ પણ એ કહી ગયા હતા.'

'હા, તેનું શું છે?'

'એ દુર્ગ મજબૂત બનાવવાનું હમણાં વિલંબમાં પડ્યું છે!'

'વિલંબમાં પડ્યું છે? કેમ? કોના કહેવાથી?'

'શ્રમણ ગૌતમના કહેવાથી!' કટાહકે જરાક અભિનય સહિત કહ્યું. તેની દૃષ્ટિ સહેજ રાજકુમાર તરફ વળી. વર્ષકારે એ દૃષ્ટિનો તંતુ પકડી લીધો. પણ જાણે કાંઈ ન હોય તેમ તે બોલ્યો.

'શ્રમણ ગૌતમના કહેવાથી દુર્ગના કામમાં ઢીલ થઈ રહી છે, એમ તું કહે છે? એ બને નહિ, કટાહક! શી વાત છે તે બરોબર બોલ.'

કટાહકની દૃષ્ટિ રાજકુમાર તરફ જઈને પાછી ફરી આવતી જણાઈ.

વર્ષકારને એ દૃષ્ટિનો ભેદ કળતાં હવે વાર ન લાગી. તે સમજી ગયો. રાજકુમારના વેગને આ બધા ઉત્સાહનું પાણી પાઈ રહ્યા હતા. એની પોતાની રાજનીતિથી આ વિરુદ્ધ હતું. એ કળી ગયો કે વાતમાં કાંઈ બહુ માલ નહિ હોય. અથવા પોતે ન જાણતો હોય તેવું કાંઈ નહિ હોય. તે કાંઈક સ્વસ્થ થયો. તેણે દૃઢ અવાજે કહ્યું: 'જો કટાહક! જે વાત હોય તે બરાબર જે પ્રમાણે હોય તે પ્રમાણે કહે. તું કહે છે તેમ

---

* રાજકુમારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, તો તો મારે પોતાને જ રાજગૃહ આવવું પડે. શી વાત છે બોલ ?'

'મહારાજ ! જંગલમાંથી દુર્ગની મરામત માટે જે કાષ્ટ લાવ્યા હતા, તે બધું જ કાષ્ટ ધનીય ભિખ્ખુ ઉપાડી ગયો. અને એણે એની કુટીઓ પણ બનાવી કાઢી. એક ઉષ્ણ સ્નાનગૃહ કરી કાઢયું. લોકો એ જુએ છે ને છક્ક થાય છે. રાજકીય દારુગૃહના ગણકને* એણે કહ્યું કે મહારાજે પોતે એ ભિખ્ખુઓ માટે આપી દીધેલું છે. ગણકે એ સાચુ માન્યું. કાષ્ટ બધું વપરાઈ ગયું.

'રાજગૃહના નાગરિકો બોલે છે આ શ્રમણ ગૌતમે ભેળંભેળા આદરી છે. પણ લોકને વંશનિકંદનને પંથે એ લઈ જનારો છે. સૌને અપુત્ર રહેવાને માર્ગે એ દોરી રહેલ છે. કોઈને આંગણે હવે દીવો રહેવાનો નથી. છેવટે નગરીમાં શ્રમણો અને શ્રમણો જ રહેશે. અને પછી ગમે તે દુશ્મન આવીને નગરને લૂંટી જશે.'

'ઓહો ! આ જ વાત છે નાં ? ચાલ, હું પોતે મહારાજને મળવા આવું ! પછી છે કાંઈ ?'

'એક બીજી વાત પણ છે દેવ !'

'શી ?'

કટાહક બોલતાં થોથરાતો લાગ્યો. તે બોલવું કે ન બોલવું તેનો વિચાર કરી રહ્યો હતો. એટલામાં રાજકુમારે જ કહ્યું: 'કહી દે ને કટાહક ! એટલે મહાઅમાત્યજીને ખ્યાલ આવે કે અમે આંહીં ઊંઘતા હઈશું, ત્યાંજ કાં તો રાજગૃહને લૂંટવાવાળા એને લૂંટી જાશે !'

'બીજી શી વાત છે કટાહક ?'

'દેવ ! આખા મગધદેશમાં જે મૌક્તિકમાળા દેશના એક મહા-

---

* ગણક=મુનિમ. કારકુન. દારુગૃહ એટલે કાષ્ટભંડાર–એ વખતે ઘણાં મકાનો કાષ્ટનાં પણ થતાં. આ પ્રસંગ ભગવાન બુદ્ધ રાજગૃહમાં ગૃધ્રકૂટ પર્વત ઉપર વિહાર કરતા હતા તે વખતનો છે. તે વખતે મહાઅમાત્ય વર્ષકારે રાજા બિંબિસારને આ વાત કર્યાનો ઉલ્લેખ છે. બુદ્ધચર્યા, રાહુલ સાંકૃત્યાયન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંગલ ચિહ્ન તરીકે પ્રસિદ્ધ છે, જે દેશમાં છે તો કલ્યાણકારી રત્નોની પેઠે દેશને કોઈ આપત્તિ આવતી નથી એમ મગધ લોકો માને છે, તે અઢારસેરની, એક કોટિસુવર્ણની મૌક્તિકમાલા, મહારાજે લૂંટાવી દીધી !'

'હેં ?' વર્ષકાર મહાઅમાત્યનો અવાજ ઊંચો થઈ ગયો. પણ તેણે તરત પોતાના ઉપર કાબુ મેળવી લીધો. 'લૂંટાવી દીધી ? કોને આપી દીધી ? શ્રમણ ગૌતમને ?'

'ના. રાજકુમાર હલ્લ અને વિહલ્લને.'

'ઓ હો ! આ બીજી વાત છે ? એ તો પાછી મેળવી લેવાશે. એમાં શું ?'

'પણ શી રીતે પાછી મેળવી લેવાશે મહાઅમાત્યજી ?' રાજકુમાર તીખા અવાજે બોલ્યો: 'એ પાછી આપશે તો નાં ? પણ નહિ જ આપે તો ? જે માળા ભેટ મળી તે એની જ થઈ ગઈ. એ કાંઈ કોઈ પાછી આપે !'

વર્ષકાર જરાક ટટ્ટાર ને સીધો થઈ ગયો. રાજકુમારનો તીખો અવાજ એને ગમ્યો ન હતો. રાજકુમારને પગથી માથા સુધી માપી લેતો હોય તેમ એક તીક્ષ્ણ દૃષ્ટિથી એ એની સામે કાંઈક કરડાકીથી જોઈ રહ્યો. રાજકુમાર એની આ દૃષ્ટિથી પરિચિત હતો. એ દૃષ્ટિમાં લાખ લાખ શસ્ત્રોનું પાણી રહેતું હતું. એ એને ખબર હતી. એ પોતાના તીખા અવાજને સંભારીને કાંઈક છોભીલો પણ પડી ગયો. ત્યાં વર્ષકાર બોલ્યો: એનો અવાજ દૃઢ હતો. શબ્દો વીજળી જેવા હતા.

'રાજકુમાર ! આ રાજગાદી મગધ જેવા દેશની છે. જેવા તેવા દેશની નથી. કઈ વસ્તુ કોને ત્યાં કેટલો વખત રહેવા દેવી, એ મારે આંગળીને વેઢે છે. એવી વાત પણ જો તમારે મને શીખવાડવી પડે તો થઈ રહ્યું. આ ચંપાનગરીમાં જ આવતી કાલે શિયાળિયાં રોતાં દેખાશે ! મગધદેશનું મહાઅમાત્યપદ એ કાંઈ સોનારૂપાના* આસ-

*સુવર્ણ, રજત, એ એ વખતના સિક્કા છે. સુવર્ણ કે હિરણ્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નનું સુંવાળું બીજાનું નથી. *કથંકથાની વાત નથી. પણ આ કટાહકને જ આપણે પૂછીએ.' ખાસ જાણે, રાજકુમારને કોઈ ઉતાવળા પગલા માટે જ એ પ્રેરવા આવ્યો હોય એમ વર્ષકારે હવે સ્પષ્ટ રીતે જોઈ લીધું.

કટાહક ધરતી ઉપર નિશ્ચેતન જેવો ઊભો હતો. પોતાને પૂછવાની કોઈ વાત વિષે સાંભળીને એ એકદમ ચોંકી ગયો. એટલામાં તો મહા-અમાત્યે પોતે જ પૂછ્યું:

'કટાહક ! આ સિવાય તારે બીજુ કાંઈ કહેવાનુ છે ?'

કટાહકે નકારમાં ડોકું ધુણાવ્યું. તેના મોંમાં જાણે જીભ સિવાઈ ગઈ લાગી. રાજગૃહની એવી કોઈક વાત હતી જે આંહીં પહોંચી ગઈ હતી અને પોતે રાજગૃહમાં હજી એ વિષે અજ્ઞાન હતા. તે સ્તબ્ધ બની ગયો. ત્યાં તો મહાઅમાત્યે ફરીને એ જ સવાલ પૂછ્યો:

'આ બે સિવાય કોઈ ત્રીજી વાત તારે કહેવાની છે ? બોલ !'

કટાહકે ફરીને ડોકું ધુણાવ્યું. વષકારે ત્રીજીવાર પણ એ જ પ્રશ્ન કર્યો. ઉત્તરમાં વધારે નિશ્ચયાત્મક નકાર મળ્યો.

'સુનીધ !' વર્ષકાર હવે સેનાપતિ તરફ ફર્યો. 'તેં કાંઈ જાણ્યું છે ?'

સુનીધ આશ્ચર્યમાં તેની સામે જોઈ રહ્યો: 'મેં ? ના દેવ ! મારી પાસે તો કોઈ નવી વાત નથી !'

'થયું ત્યારે.' વર્ષકાર બોલ્યો.

મહાઅમાત્યની શી વાત હશે એ આશ્ચર્યમાં પડતાં રાજકુમારનો આવેશ ને વેગ સરી જતા લાગ્યા. એટલામાં મહાઅમાત્યે કટાહકને કહ્યું: 'કટાહક ! તું થોડીવાર બહાર જા. હમણાં મંત્રણા કરીને યુવરાજકુમાર તને જવાબ વાળે છે. જા, ત્યાં થોભ !'

કટાહક બે હાથ જોડીને સૌને નમીને ત્યાંથી ચાલતો થઈ ગયો.

એની પાછળ વર્ષકારની દૃષ્ટિ છેક બારણા સુધી જતી જણાઈ.

---

*વાદવિવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ અદૃશ્ય થયો કે તરત તે રાજકુમાર તરફ ફર્યો. તેણે શાંત ધીમા દૃઢ અવાજે કહ્યું: ' રાજકુમાર ! આ સિવાય રાજગૃહની બીજી કોઈ વાત તમારી જાણમાં છે ? હોય તો હજી બોલી નાખો !'

રાજકુમાર વિચાર કરી રહ્યો. પછી તેણે કહ્યું : ' ના, બીજી કોઈ વાત મારા ધ્યાનમાં તો નથી !'

' થયું ત્યારે. હું તમને કહું. પણ હવે ભડકતા નહિ. ઉતાવળા કે આકરા પણ થતા નહિ. વેગમાં તણાતા નહિ. આવેશમાં આવી જતા નહિ. રાજનીતિને અને આવેશને બાપે માર્યાં વેર હોય છે !'

' પણ વાત શી છે મહાઅમાત્યજી ?'

' એ હું કહું છું. જરા શાંતિ રાખો.'

થોડીવાર કોઈ કાંઈ બોલ્યું નહિ. મહાઅમાત્યે ડોકું પાછું વાળીને સુનીધ તરફ એક દૃષ્ટિ કરી. સુનીધ તરત ઊભો થઈ ગયો. તે છેક દ્વાર સુધી જઈ આવ્યો. દ્વારની બહાર પણ જરાક દૃષ્ટિ કરી આવ્યો. આવીને કાંઈ ન હોય તેમ પાછો પોતાની જગ્યાએ શાંત રીતે બેસી ગયો. રાજકુમારે આ બધું જોયા કર્યું. વર્ષકારની રાજનીતિ માટે એને માન હતું. તેણે જોયું કે એક નાનામાં નાની વિગતને પણ એ નજર બહાર જવા દે તેમ નથી. એણે ઘડેલાં માણસો પણ એની તલેતલ વસ્તુને તરત સમજી જઈ શકે છે. તેને આ ઘણું જ આશ્ચર્યજનક જણાયું.

' રાજકુમાર !' વર્ષકારે અત્યંત ધીમા અવાજે કહ્યું. એનો અવાજ ધીમો હતો. પણ તેમાંથી એક પ્રકારનો આત્મવિશ્વાસી નિર્ભયતાનો રણકો ઊઠતો હતો.

' રાજકુમાર ! મગધનું મહાનમાં મહાન બળ શેમાં છે એ તમે જાણો છો ?'

' એની હાથીસેનામાં. કેમ ?' અજાતશત્રુ બોલ્યો.

' બરાબર. તમને મેં શિખવાડ્યું હતું કે ' કલિંગાંગ ગજાઃ શ્રેષ્ઠાઃ ' કલિંગ અને અંગ દેશના હાથીઓ શ્રેષ્ઠતમ છે, તે તમે બરાબર અવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારણ તો કરી લીધું છે. મગધે એટલા માટે, અંગદેશને પોતાનામાં ભેળવી જ લીધો છે. કલિંગને ભેળવવો બાકી છે. એ ભળશે પછી તામ્રલિપ્તિ અને છેક સુવર્ણદ્વીપ સુધી પહોંચવાની આપણી આકાંક્ષા છે. આંહીં સુવર્ણ, રજત, રત્ન, માણિક્ય, મોતીના ઢગલા થશે! પણ એ બધી તો સ્વપ્નાંની વાતો છે. પણ જે મહાન સ્વપ્નાં રાખે છે, તેણે સાથે સાથે એક બીજી વાત પણ રાખવાની હોય છે. શી? તમને ખબર છે?'

અજાતશત્રુએ બોલ્યા વિના જ ના પાડી. વર્ષકાર વાતને કઈ દિશામાં દોરી જવા માગે છે તે હજી એને માટે કુતૂહલનો જ વિષય હતો. એણે વાત ટૂંકાવવા માત્ર માથું હલાવ્યું.

પણ વર્ષકારને કોઈ વાતની ઉતાવળ લાગી નહિ. તે તો બોલતો હતો તેમ જ બોલ્યો:

'આ પંડિત તક્ષકદેવ, તમને એ કહેશે. પંડિતજી! સ્વપ્નાં સેવનારે શું રાખવાનું હોય છે?'

'એક આસન. એક શાંતિ!' તક્ષકદેવ બોલ્યો: 'વર્ષોની ઉપાસના, વર્ષોની ધીરજ!'

અજાતશત્રુ વાતમાં હજી કાંઈ સમજ્યો ન હતો. તે મનમાં ને મનમાં ગુંચવાતો હતો. પણ એનો વેગ ધીમે ધીમે શમી રહ્યો હતો. છતાં વર્ષકાર પાસે અધ્યયન કરીને નાનપણથી જ એ શીખ્યો હતો ને એણે જ એને વધ્યો હતો, એટલે કુદરતી રીતે તેની મર્યાદામાં રહેવાને એ ટેવાયલો હતો, નહિતર હમણાં ને હમણાં એ ઊભો થઈ ને, વાતને ઠોકરે ઊડાડી મૂકીને 'મારું જ ધાર્યું થશે' એમ કહીને, એ ત્યાંથી ચાલ્યો જ ગયો હોત! એટલી બધી અધીરતા એના મનમાં આવી ગઈ હતી.

પણ પોતાના શિષ્યને કેમ વડતો રહેવો તે વર્ષકાર જાણતો હતો. કાંઈ જ ઉતાવળ ન હોય તેમ એ શાંતિથી બોલ્યો: 'જુઓ રાજકુમાર! મગધનું બળ એની હાથી સેનામાં છે. અંગદેશ હાથીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધામ છે. આપણે આ અંગદેશને એટલા માટે કબજે રાખ્યો છે. પણ એ તમારી પાસે ત્યાં સુધી છે, જ્યાં સુધી તમારે ત્યાં મગધમાં કોઈ આંતરિક ઘર્ષણ જન્મ્યું નથી. એક જ આંતરિક ઘર્ષણ—અને ચંપા નગરી તમારી નહિ હોય. એવા એક આંતરિક ઘર્ષણના ભણકારા મારે કાને આવી ગયા છે. મારે એ તમને કહેવાના છે. એ ટાળવાનો બધો આધાર તમારી શાંત રહેવાની તાકાત ઉપર છે. સમય આવ્યે તો જે થતું હશે તે થશે. પણ એ સમય આવ્યો નથી. હવે તમને જે ખબર નથી તે ખબર હું તમને આપું. સાંભળો. રાજની અઢાર સેરની મૌક્તિક માળા, હલ્લ વિહલ્લને રાજાએ આપી દીધી છે તેટલી જ વાત પૂરતી નથી. હસ્તિગોપક* ચંદને એક ખાસ સમાચાર મને મોકલાવ્યા છે.'

'કે ?' અજાતશત્રુ ઉતાવળો થઈ ગયો.

'કે રાજગૃહનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ નાગરાજ, મગધરાજનો કીર્તિ-મુગટ, દેશના એક આખા સૈન્યજેટલું બળ ધરાવનારો . . . ગજપતિ . .'

'નાલગિરિ ? . . .' અજાતશત્રુ અર્ધો ઊભા જેવો થઈ ગયો.

'નાલગિરિ પણ જેની પાસે પાણી ભરે . . . તે . . .'

'અરે ! ત્યારે તો પટ્ટહસ્તી સેચનક હાથી . . .'

'હા, સેચનક હાથી !'

'એનું શું છે ?'

'એના ઉપર બેસીને એક દિવસ હલ્લ અને વિહલ્લ બન્ને રાજગૃહ છોડી દેવાના છે. મૌક્તિક માળા જવાની છે. હાથી પણ જવાનો છે.'

'હાથી પણ જવાનો છે ? શું કહ્યું તમે ? સેચનક હાથી જવાનો છે ? શ્રેયનાગ ? તો તો થઈ રહ્યું !'

અજાતશત્રુ ઊભા જેવો થઈ ગયો. તેનો ચહેરો ફરી ગયો. તેની આંખમાંથી અગ્નિ પ્રગટ્યો. તે દૃઢ અવાજે બોલ્યો: 'મગધ દેશનો એ

* હાથીનો રખેવાળ, મહાવત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથી ક્યાંય ન જઈ શકે મહાઅમાત્યજી ! જો રાજા કોઈ પણ રાજકુમારને એ આપી દેશે, તો એ રાજકુમારને અને એ રાજકુમાર જે દેશમાં જશે એ આખા દેશને, બન્નેને, હું ઉજ્જડ કરી નાખીશ ! એ નાગરાજ કોઈને હાથે જઈ શકે જ નહિ. એ તો મગધનો મંગલ-પટ્ટહસ્તી છે ! પણ એમ હોય તો તો મને હમણાં જ રાજગૃહ જવા દ્યો. . . મારે જ રાજગૃહ જવું છે. જોવું છે કે રાજા એ હાથી એમ કોને આપી દઈ શકે છે ? રાજા એ મહાન ગજરાજને આ પ્રમાણે આપી દે તો એ એનો વધ કરે છે એમ ગણાય અને 'હસ્તિઘાતિનં હન્યુઃ' હાથીના હણનારને તરત હણી નાખવાની મગધદેશની પ્રણાલિકા છે. તમે જ એ મને કહી છે. મહાઅમાત્યજી ! મને જવા દો. હું જાઉં છું ! . . . મગધનો પટ્ટહસ્તી બીજે જાય ? અરે ! શી વાત છે ? . . .'

રાજકુમાર અજાતશત્રુ ઊભો થઈ ગયો. એ ચાર ડગલાં આગળ વધ્યો. એનો હાથ તલવાર ઉપર જ થંભી ગયો હતો.

પરંતુ એ વધારે આગળ વધે તે પહેલાં તો વર્ષકાર પોતે જ એના માર્ગમાં આડે આવીને ઊભો રહી ગયો હતો.

'રાજકુમાર !' વર્ષકારનો અવાજ ફરી ગયો. મોટો થઈ ગયો. એનામાં શસ્ત્રોમાં ન હોય તેવું બળ આવ્યું. 'મારી આજ્ઞા વિના તમે એક ડગલું પણ આગળ ભરી શકતા નથી. ચંપાનગરી છોડી શકતા નથી. હજી તમે આખી વાત ક્યાં જાણી છે ? તમને ખબર છે કે આ ચંપાનગરીમાં પણ આવતી કાલે તમારા રાજમહાલયને લોકો સળગાવી. . . .'

પણ વર્ષકારનો શબ્દ મોંમાં જ રહી ગયો. બહારથી કોઈકનો એક મોટો અવાજ આવતો સંભળાયો : જાણે કેમ એના આ અધૂરા વાક્યનો કોઈ જવાબ આવતો હોય !

'સળગાવી દીધો ! . . . રાજા જોતો રહ્યો, ને સળગાવી દીધો !'

'અસ્યા કોણ છે એ ? શી વાત છે ? આ કોણ બોલે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુનીધ ? ' વર્ષકારે પાછળ દૃષ્ટિ કરી. પણ સુનીધ એક ડગલું આગળ ભરે તે પહેલાં જ કોઈ એક ભિખ્ખુ જેવો માણસ દ્વારમાંથી આવતો દેખાયો. તેને અટકાવવા માટે તેની પાછળ જ દ્વારપાલ પણ દોડતો આવી રહ્યો હતો.

વર્ષકારે પેલા ભિખ્ખુની સામે જોયું. તરત તેને ઓળખી કાઢ્યો: ' અલ્યા ! તું ક્યાંથી ? શી વાત છે ? '

કોઈ કાંઈ સમજ્યું નહિ. અજાતશત્રુ ઊભો રહી ગયો.

ભિખ્ખુ એ હાથ જોડીને આગળ વધી રહ્યો હતો : ' દેવ ! ધરાર સળગાવી દીધો.' એટલામાં વર્ષકારે હાથની એક નિશાની કરી, અને દ્વારપાલ આગળ આવતો હતો તે ઉતાવળે પાછો ફરી ગયો. ભિખ્ખુ આગળ આવતો આવતો બોલી રહ્યો હતો: ' રાજા જોતો રહ્યો ને આખો મહેલ સળગી ગયો. પાંચસો દાસ દાસીઓ પણ સાથે જ સળગી ગયાં ! '

' અરે ? પણ તું આ કોની વાત કરે છે ? આ શું છે મહાઅમાત્યજી ? આ માણસ કોણ છે ? ' અજાતશત્રુ નવાઈ પામ્યો હતો.

' તમે નીચે બેસો રાજકુમાર ! આપણે એની વાત સાંભળવી પડે તેમ છે. એ કોણ છે તમે જાણો છો ? '

' ના. કોણ છે ? ' અજાતશત્રુનો વેગ પોતાના અજ્ઞાનના ભાનથી શમી રહ્યો હતો.

' એ આપણો વત્સદેશનો સત્રી છે. દરેક ગણરાજમાં ને બીજા રાજમાં સત્રીઓ બેઠા છે. તમે એ જાણો છો. એમના સમાચાર ઉપર આપણો આધાર છે. આનું નામ છે શોભિત. ઉદયન રાજાને ત્યાં કોસાંબીમાં એ આપણો સત્રી છે. શું છે શોભિત ? શી વાત છે ? કોનો રાજમહાલય સળગ્યો છે ? કોણે સળગાવ્યો છે ? તું અત્યારે ક્યાંથી આવી રહ્યો છે ? ' વર્ષકારે એક પછી એક પ્રશ્ન પૂછવા મંડ્યા.

અજાતશત્રુને રાજગૃહની વાત વિષે ઘણી જ ઉતાવળ હતી. એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજગૃહ દોડવું હતું. પણ એને લાગ્યું કે આવનાર ભિખ્ખુની વાતમાં કાંઈક અજબ જેવું અવનવું જ જણાય છે. એટલે એ એક ઘડીભર શાંત જેવો થઈ ગયો.

શોભિતનું અચાનક આગમનનું કારણ વર્ષકારને પોતાને પણ હજી સમજાયું ન હતું. તેમ જ રાજમહાલય સળગવાની વાત પણ સમજાઈ ન હતી. રાજગૃહ વિષેની એ નથી એટલું જાણીને એ સ્વસ્થ થઈ ગયો હતો. તેણે શોભિતને આગળ બોલવાની નિશાની આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. શોભિતે શું કહ્યું ?

'હું કૌશાંબી નગરીથી આવું છું દેવ !

'ઉદયન રાજાની વાત છે મહારાજ !' શોભિતે આકર્ષક કથાની શરૂઆત હોય તેમ કહ્યું.

'ઉદયન રાજાની વાત છે ?' અજાતશત્રુ બોલ્યો. આ નામ આવતાં ઘડીભર રાજગૃહના સમાચાર પણ એને પાછા પડી જતા લાગ્યા. કટાહકને ઉતાવળે જવાબ આપવાનો છે એ પણ જાણે ભુલાઈ ગયું. શોભિતની વાત એકદમ તદ્દન નવીન જ સમાચાર આપી જતી હતી.

શોભિત શ્રમણના વેષમાં હતો. તેની તરફ અજાતશત્રુ કુતૂહલતાથી જોઈ રહ્યો. મહાઅમાત્ય વર્ષકારની ઘણી ઘણી વાતમાં પોતે હજી કાંઈ જ સમજતો નથી, એવું ભાન થતાં, એ હવે વધારે શાંત થતો જતો હતો. ફરીને આસન ઉપર બેસતાં એ લગભગ શાંત થઈ ગયો. વર્ષકાર તેની તરફ જોઈ રહ્યો.

'વાત એવી છે મહારાજ !' શોભિત હાથ જોડીને બોલ્યો: 'બહારના દુશ્મનો જે નુકશાન ન કરી શકે તે ઘરના ઘર્ષણથી એક ક્ષણમાં થઈ જાય છે. કૌશામ્બીમાં એવું બની ગયું. તેની આ વાત છે !'

ઘરના ઘર્ષણને અટકાવવાની વાત વર્ષકારે હમણાં જ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. એણે અજાતશત્રુ સામે જોયું. પણ રાજકુમારને વત્સદેશના ઉદયનની અને અવંતીના ચંડપ્રદ્યોતની વાતમાં ગણતંત્રો કરતાં પણ વધુ રસ હતો. તે શોભિતની વાતનો અક્ષરે અક્ષર પકડવા એકકાન થઈને તેની સામે જોઈ રહ્યો હતો.

'વત્સદેશનો ઉદયન આપણો સૌથી બળવાન પ્રતિસ્પર્ધી છે તે તો મહારાજ જાણે છે. ગત મગધ મહારાજ ભટ્ટિયરાજના વખતમાં એણે જ આપણા ચંપાનગરીના જયને એક વખત તો પરાજયમાં ફેરવી નાખ્યો હતો. અને અંગરાજને રાજગાદી ઉપર પણ બેસારી દીધો હતો. અંગદેશ આપણા હાથમાં છે એ એને જરા પણ રૂચતું નથી.

'પણ કૌશામ્બીમાં અત્યારે જે બન્યું છે તે આપણા માટે બહુ સમયસરતું છે. એ આખી વાત સમજવા જેવી છે. અત્યારે તો અંગદેશમાં આપણી બળવાન સેના આંહીં પડી છે. મહાસેનાપતિ સુનીધ પોતે આંહીં છે. મહાઅમાત્યજી જેવા છે. મહારાજ પોતે રાજપ્રતિનિધિ તરીકે છે. એટલે વત્સરાજ શાંત દેખાય છે. પણ એ મનમાં શાંત નથી. એ તકની પ્રતીક્ષા કરે છે. અંગદેશ એને આંહીં બેઠો છે. . . .'

શોભિતે છાતી ઉપર હાથ મૂક્યો.

'એનું શું કારણ છે શોભિત? આપણા હાથમાંથી અંગ લેવા જતાં તો એના દાંત હવે ખાટા થઈ જાય તેમ છે. એને શા માટે અંગદેશ જ જોઈએ છે? એની પાડોશમાં અવંતી છે. સિંધુ સૌવીર છે. મત્સ્ય છે. ત્યાં બળ વાપરે તો?'

'અંગદેશ કોને ન જોઈએ મહારાજ?' શોભિત બોલ્યો: 'જેના હાથમાં અંગદેશ હોય, તેને ત્યાં જબ્બર હાથીસેના પોસાય. તમામ જલવ્યવહાર ઉપર તેનો કાબૂ રહે. તામ્રલિપ્તિ ને સુવર્ણદ્વીપ જનારને અંગ દેશમાં જ આવવું પડે. ગાંધાર જેવાનું પણ બહાર જવાનું દ્વાર તો આ—ચંપાનગરી. અંગ દેશ જેના હાથમાં તે 'ભારતકુલભૂષણ' એ મહા યશસ્વી નામ મેળવે. વત્સરાજ પોતાને 'ભારત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલભૂષણ ' અત્યારે પણ મનાવે છે !'

'પણ ભારતદેશમાં એક ચક્રવર્તી સામ્રાજ્ય સ્થાપ્યા વિના ? તે વિના એ ભારતકુલભૂષણ ક્યાંનો ? ' વર્ષકાર બોલ્યો.

'હા, ભન્તેમહાઅમાત્ય ! તે વિના.' શોભિત ભિખ્ખુનો સ્વાંગ ભજવતો હોય તેમ બોલ્યો : 'એનો દાવો છે કે એ પાંડવોના છેલ્લા વારસ રાજા જનમેજયના વંશનો સીધો વારસ છે. એ અભિમાન વત્સરાજને હૈયે બેઠું છે. અવંતી એ અભિમાન કરી શકે તેમ નથી, અને મગધ દેશ, જ્યાંના બ્રાહ્મણોને પણ ✠બ્રહ્મબંધુ કહેવામાં આવે છે, એ મગધ ' ભારતકુલભૂષણ ' બને, અને સામ્રાજ્ય સ્થાપે તો તો થઈ રહ્યું ! ફરીને રાજા જરાસંધનો જુગ પ્રવર્તે ! વત્સરાજ આપણી સામે આ બધી જ વાતો કરે છે. એ સૌ મગધને પીંખવા, એટલા માટે, એક બન્યા છે.'

અજાતશત્રુ હવે એક ચિત્તે વાત સાંભળી રહ્યો.

વર્ષકાર રાજકુમારને હરક્ષણે નિહાળી રહ્યો હતો. શોભિતની વાતથી પોતાની નીતિને ટેકો મળતો જોઈ એ આનંદ પામી રહ્યો.

શોભિત આગળ વધ્યો.

'જનમેજય* રાજાએ તક્ષશિલા જીત્યું હતું. તો ઉદયન રાજા પણ ગંધાર કમ્બોજ જીતવા ગયો હતો. વારાણસીથી તક્ષશિલા સુધીનું તેરસો જોજન મહારાજ્યનું સ્વપ્ન, મહારાજ! કોને ન ગમે ? એટલે વત્સરાજને અંગદેશ લેવો છે. એના મસ્તકમાં મા સરસ્વતી પોતે બેઠાં છે. ગજેન્દ્ર ગમે તેવો મત્ત હોય, રાજા ઉદયન એના કાનમાં એક ફૂંક મારે, એટલે એ ગજ અજ જેવો રાંક થઈ જાય ! અને એ ગજેન્દ્ર એનો દાસાનુદાસ થઈ રહે ! અવંતીનો ચંડપ્રદ્યોત એની પાસેથી એ વિદ્યા લેવા ગયો, પણ વિદ્યા મેળવવાને બદલે, રાજકુમારી ખોઈને બેઠો એ વાત મહારાજથી ક્યાં અજાણી છે ?'

✠નામના બ્રાહ્મણ. *મહાભારતનો જનમેજય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રાજા ઉદયનનો એક બીજો પણ દાવો છે. શાક્ય શ્રમણ ગૌતમનો વૈશાખી પૂર્ણિમાનો જન્મદિન, એ જ પોતાનો જન્મદિન ! શાક્ય ગૌતમ સાધુસામ્રાજ્ય સ્થાપે, તો પોતે કેમ એક મહારાજ્ય ન સ્થાપે ?'

'એમ ? ત્યારે મગધ શું કરશે ? મગધ સૂઈ રહેશે ?' અજાતશત્રુ ઉતાવળે બોલી ગયો.

'સાંભળો પ્રભુ ! હું એ જ વાત ઉપર આવું છું.

'વત્સરાજ કહે છે જેની આંગળી કૂકડાએ કરડી ખાધી છે, એવો અમંગલ, વિદેહના 'કરાલ જનક' જેવો ઉન્મત્ત રાજપુત્ર *કુણિક, એ મગધનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રાજકુમાર યુવરાજ હોય, તો મગધ દેશમાં હવે કેવળ કંટકના છોડવા ઊગશે. ગજપંક્તિઓને બદલે અજ-પંક્તિઓ દેખાશે !'

'એ તો ઠીક હવે . . .' અજાતશત્રુ આકળો થઈ ગયો: 'જોઈએ છીએ ક્યાંની ગજપંક્તિઓ અજપંક્તિઓ બને છે. પણ તું જે વાત કરી રહ્યો હતો તે તો હજી આવી જ નહિ. શી વાત છે રાજમહાલયની ? પહેલાં એ જ કહે ને ! કોનો રાજમહાલય બળી ગયો છે ?'

'એ વાત બરાબર સમજાય માટે જ હું ઉદયન રાજાની પૂર્વભૂમિકા આપી રહ્યો હતો. આ ઉદયન રાજાની એક રાણી છે. એનું નામ માગંદીયા. એ એટલી તો અદ્ભુત સ્વરૂપવતી છે કે એક વખત તો એના પિતા માગંદીય, એને બીજા કોઈને નહિ, પણ શાક્ય શ્રમણ ગૌતમને પોતાને આપવાનો વિચાર કરી રહ્યો હતો !'

'હેં ? ગૌતમને ?' વર્ષકાર પણ શોભિતની વાતથી હવે આશ્ચર્યમાં પડી ગયો. એને સમજાયું નહિ કે આ શી વાત થઈ રહી હતી.

'હા, શાક્યરાજકુમાર ગૌતમને. એને એમ હતું કે એની પુત્રી રૂપરૂપના સાગર સમી છે. એની સામે કોઈની તપશ્ચર્યા ટકે જ નહિ.

* અજાતશત્રુનું નામ—અજાતશત્રુ નાનો હતો. ત્યારે એની આંગળી કૂકડાએ કરડી ખાધી, તે ઉપરથી નામ કુણિક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રમણ ગૌતમની પણ નહિ.'

'હા, પછી ?'

'પછી શું મહારાજ ! જેણે કપિલવસ્તુનું રાજ છોડ્યું હતું, જેણે સંસારની અસારતા અનુભવી લીધી હતી, જેની વાણીમાં ત્યાગ વિરક્તિનો દીપ પ્રકાશ આવી ગયો હતો, એ ડગે એવી વાત કોઈ માને ખરું ? એવી ખોટી આશા કોઈ રાખે ખરું ? પણ સ્વાર્થી અંધ હોય છે. માગંદીય બ્રાહ્મણે તો ખરેખર પ્રયત્ન કર્યો. એને એમ પણ હશે કે આ બ્રાહ્મણદ્વેષીને પોતે પરાજય આપ્યાનો યશ મેળવશે. પણ એને નિષ્ફળતા મળી. એ મળવાની જ હતી. પછી એ *રૂપસુંદરી ઉદયન રાજાની રાણી બની ! ખરી વાત જાણવા જેવી હવે આવે છે.

'રાણી બની પણ એ પોતાનો પરાજય ભૂલી ન શકી. એને લાગ્યું કે એના જગન્મોહિની રૂપને જેણે એક શંખલાનું માન્યું તે પુરુષ એનો મોટામાં મોટો દુશ્મન. એટલે શ્રમણ ગૌતમના નામે એના અંગમાં ક્રોધ ક્રોધ વ્યાપી જતો. એનું નામ એના રાજમહાલયમાં લેવાય નહિ. એની સમક્ષ એની વાત થાય નહિ. જો કોઈ દાસદાસી ભૂલમાં પણ શ્રમણ ગૌતમનું નામ લે તો એનું આવી જ બને !

'આવી આ ડંખીલી રાણી શ્રમણ ગૌતમના નામને કૌસાંબી નગરીમાંથી વાળીચોળીને કાઢવા માટે ખડે પગે રાત દિવસ તૈયાર રહેતી.

'પણ મહારાજ ! લોકો અવળચંડીલા હોય છે. જે તમે સત્તાના જોરે કરવાનું ન ઇચ્છો, તે તો એ જાણી જાણીને કરવાના.

'એટલે રાણી તો જોતી રહી, અને કૌસાંબી નગરીમાં શ્રમણ ગૌતમનું નામ ઘેર ઘેર વ્યાપી ગયું. હવામાં એ ફેલાઈ ગયું. એને નામે ધનના ભંડાર ઠલવાવા લાગ્યા. એના ભિખ્ખુઓ ઘેર ઘેર સન્માન પામવા લાગ્યા. આ જોઈને રાણીનો ક્રોધ હાથ ન રહે, પણ થાય શું ?'

---

* માગંદીય સૂત્ત Life of Buddha Edward J. Thomas. વધારે લંબાણથી The Harward Oriental Series Vol 28th માં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજાતશત્રુ વિચારમાં પડી ગયો લાગ્યો. એ વિચાર કરી રહ્યો હતો કે રાજગૃહમાં પણ એક દિવસ એ જ સ્થિતિ આવવાની છે. પોતે પોતા વિષે જરાક વિચાર કરતો લાગ્યો. એને પણ શ્રમણ ગૌતમ રાજગૃહમાં હોય એ ખૂંચતું હતું.

વર્ષકાર મહાઅમાત્યને શોભિતની વાતમાં ખરેખરો રસ પડ્યો. પોતે જે રાજનીતિનો મર્મ અજાતશત્રુને આપવા માગતો હતો તેનો જ જાણે કે આ પૂર્વ ભાગ આવી રહ્યો હતો. એને એ મદદગાર થઈ પડશે તેમ લાગ્યું. એણે પોતે ગૌતમની લોકપ્રિયતા રાજગૃહમાં વધતી જોઈને મનમાં એક નિશ્ચય કર્યો હતો કે શ્રમણ ગૌતમ સામે એક હરફ ન બોલવો. એમ તો એને હળતા મળતા રહેવું. પણ એનો પગદંડો મગધમાંથી ગમે તે રીતે ઉખેડી નાખવો, નહિતર એ આખા મગધદેશને મૂંડી નાખશે.

એટલે શોભિતની વાત પ્રત્યે મહાઅમાત્ય વધુ ધ્યાન આપી રહ્યો. પોતાના બધા મત્રીઓમાં શોભિત પ્રત્યે એને વધારે વિશ્વાસ હતો. આજે એ વિશ્વાસ સાર્થક લાગ્યો.

શોભિત આગળ વધ્યો. 'હવે રાજા ઉદયનની એક બીજી રાણી છે. એનું નામ શ્યામિકા. એ શ્રમણ ગૌતમની ઉપાસિકા છે. એના નામે એ જીવન પણ અર્પી દે. એવી એની અવિચળ ગૌતમભક્તિ છે. રાણી માગંદીયાને આ ખબર પડી. પછી એણે શું કર્યું જાણો છો મહારાજ ?'

'શું ?' અજાતશત્રુએ ઉતાવળે જ કહ્યું: 'શું કર્યું ?' એને પોતાને હલ્લવિહલ્લની માતા યાદ આવી ગઈ.

'સ્ત્રીની ઈર્ષા જે કરી શકે તે. એણે રાણી શ્યામિકાનો આખો રાજમહાલય સળગાવી દીધો !'

'હેં ? સળગાવી દીધો ? ખરેખર ? શું કહે છે શોભિત ? સાચું છે ? આખો રાજમહાલય સળગાવી દીધો ? ત્યારે તો રાજા પણ ?' મહા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમાત્ય વર્ષકાર આ વાત આવતાં ખરેખર ચોંકી ઊઠ્યો. એને એક પળભર લાગ્યું કે આવી જ વાત રાજગૃહમાં પણ એક દિવસ થઈ જવાની છે. એના મનમાં ઘડીભર એ ભય વ્યાપી ગયો. આંતરસંઘર્ષણની ભયંકરતાથી એ ધ્રૂજી ઊઠ્યો.

'ઘરાર સળગાવી દીધો મહાઅમાત્યજી!' શોભિત બોલ્યો: 'રાજા ઉદયન ઊંઘતો રહ્યો. નગરી કૌશાંબી ઊંઘતી રહી. અને આખો મહાલય ખાખ થઈ ગયો. કાંઈ જ ન બચ્યું. રાણી શ્યામિકાની તો રાખ થઈ ગઈ, પણ તેની સાથેનાં પાંચસો દાસ દાસીઓ પણ ખાખ બની ગયાં!'

'અરર! ભયંકર, ભયંકર, આ તો અતિ ભયંકર! ત્યારે તો રાજા ઉદયન . . . પણ . .' વર્ષકારે ઉતાવળે પૂછ્યું.

'એને કાંઈ નથી થયું દેવ! એ બીજા મહાલયમાં હતો.'

'એટલે બચી ગયો, બરાબર.' વર્ષકારે ઉતાવળે એ વાત ટૂંકાવી દીધી. 'પણ ત્યારે કૌશાંબીમાં તો હાહાકાર થઈ ગયો હશે! રાજાએ શું કર્યું પછી?'

'શું કરે? રોઈને બેઠો રહ્યો. જો કાંઈ ઉત્પાત કરે તો આખી નગરીને વાતની જાણ થઈ જાય. જે રાજકુટુંબ જ આવું છે, તે ન જોઈએ એવી હવા એક પળમાં ફેલાઈ જાય અને એ તો વધુ ભયંકર! વિદેહરાજ કરાલ જનકને લોકોએ મારી નાખ્યા, અને ગણતંત્ર રચી કાઢ્યું, અને એ ગણતંત્રને પાછું વૈશાલી જેવા મહાસમર્થ ગણરાજ્યે પોતાની પાંખમાં લઈ લીધું, ત્યાર પછી રાજતંત્રો બધાં વિચારીને પગલું ભરતા થઈ ગયા છે. એટલે ખુદ કૌસાંબીમાં તો આ વાત હજી પણ અકસ્માતમાં જ ખપે છે. પણ મેં રજેરજ હકીક્ત મેળવી છે. વાત મેં કહી તેમ જ બની છે. આમાંથી આપણે તો, કૌસાંબીમાં પણ આંતરિક ઘર્ષણ શરૂ થયું છે એટલું જ મહત્ત્વનું છે! ઉદયન રાજા જે અંગદેશને પોતાને ત્યાં રાખવાનું સ્વપ્ન સેવે છે તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં પણ આંતરઘર્ષણ છે !'

'ઉદયન રાજા ક્યાં છે ?'

'હમણાં તો એ અવંતી ગયેલ છે !'

'કેમ ?'

'એની સલાહ લેવા હોય કે પછી વૈશાલી ગણતંત્રમાં *જનપદકલ્યાણીની કોઈ વાત આવી રહી છે ત્યારે ત્યાં આંતરઘર્ષણ થવાનો સંભવ છે એમ લાગે છે.'

'એમ થાય તો આ બન્ને એ પ્રસંગનો લાભ લઈ લેવા માટે ખડે પગે તૈયાર થવા માગતા હોય. મગધે પણ જાગ્રત રહેવું પડશે, મહારાજ !'

વર્ષકારને તો વૈશાલીમાં ચાલી રહેલી હિલચાલની જાણ હતી.

તે વખતે વૈશાલીમાં એ પક્ષ ઊભા થવાના ભણકારા પણ વાગી રહ્યા હતા. પોતે એટલા માટે વૈશાલી જવાની યોજના ઘડી જ રહ્યો હતો.

પણ અચાનક શોભિતના શબ્દોએ એને કાંઈક સંભારી આપ્યું લાગ્યું. તે તરત ઊભો થઈ ગયો.

'સુનીધ ! તું ચાલ તો, આપણે પેલી વાત યુવરાજકુમારને કરવાની રહી જાય છે. તે કરવાનો આ વખત છે. કટાહકને પછી વિદાય આપશે ! તું થોભજે શોભિત !'

સુનીધ સેનાપતિ, વર્ષકાર ને યુવરાજકુમાર અંદરના ખંડમાં ગયા.

તક્ષકદેવ ને શોભિત ઉદયન વિષેની વધુ વાતમાં પડયા.

---

*નગરશોભિની નારી. દરેક નગરમાં એ વખતે એક સર્વોત્તમ સુંદર સ્ત્રીને જનપદકલ્યાણી એવું બહુમાન આપવામાં આવતું. રાજા, ઉપરાજા, સારથિ, નગરશ્રેષ્ઠી, દ્રોણપાલક, દ્વારપાલ ને નગરશોભિની એ સાતની, નગરની ગૌરવશોભામાં ગણના થતી. શિશુનાગ વંશનો પહેલો રાજા શિશુનાગ એ નગરશોભિનીનો પુત્ર હતો. બિંબિસારનો અભયકુમાર, અને ભિષગ્વર જીવક કૌમારભૃત્ય એ પણ નગરશોભિનીના પુત્રો હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. ગુરુ અને શિષ્ય

મહાઅમાત્યે યુવરાજકુમારને હવે તરત જ વિશ્વાસમાં લઈ લેવાની જરૂરિયાત જોઈ લીધી હતી. એણે માત્ર મગધ નહિ, ભારત-દેશ ઉપર નજર નાખી જોઈ. ભારતનાં સોળ મહાજનપદો, સોળે સોળ, વિભક્ત હતાં. ગાંધાર કમ્બોજ તરફથી પાર્શવ શાસાનુશાસ કે કોઈ બીજું આ તરફ જો ધસી આવે, તો એમાંનું એક પણ તેની સામે થવા માટે શક્તિમાન ન હતું. એ ભય હવે ઘણો વધતો જતો હતો.

તક્ષશિલા વિદ્યાનું ધામ હતું એ ખરું. તેમ જ એની પાસે જે વિદ્યા હતી તે ક્યાંય ન હતી એ ખરું. પણ ધીમે ધીમે ગાંધાર અને કમ્બોજ ભારતસંસ્કૃતિમાંથી જાણે વિદાય લેતાં હતાં. પાર્શવ શાસાનુ-શાસની મહત્ત્વાકાંક્ષા સિંધુની પાર પોતાની સત્તા જમાવવાની થતી જતી હતી. તેણે એક વખત સિંધુ નદીમાં મગરમચ્છોની તપાસ માટે જલનૌકાઓ પણ મોકલી હતી* જાણે કેમ, એ નદીનો એ સ્વામી હોય!

આવે વખતે કેવળ એક મગધમાં જ એની સામે થવાની શક્તિ હતી. અને એ શક્તિનો વારસો આ અજાતશત્રુને મળ્યો હતો. બીજો કોઈ હતો નહિ. એનામાં એ પ્રતાપ હતો. મહા વૈભવ જમાવવાની એને ઈચ્છા હતી. મહાન સૈન્યો દોરવાની આકાંક્ષા હતી. એકચક્રી બનવાની તમન્ના હતી.

---

*આ ડરાયસ પહેલાંની વાત છે. B. C. ૫૨૨–૪૮૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો નિશ્ચય દૃઢ હતો. વળી એને ભારત સંસ્કૃતિ પ્રત્યે માનબુદ્ધિ હતી. એ શ્રમણ ગૌતમમાં કે કોઈ નિર્ગંથમાં ભળે તેવો ન હતો.

પણ તે ઉતાવળો હતો. આવેશભર્યો હતો. પગલું લેતા પહેલાં થોભવાની શાંતિ એનામાં હતી જ નહિ. પણ એની આ બધી વાતને હવે તરત જ જો થાળે ન પાડવામાં આવે, તો કૌશાંબી જેવું જ રાજગૃહમાં પણ થઈ જાય.

ગમે તે પળે કોઈ આવેશભર્યું પગલું એ ભરી બેસે. પોતે વૈશાલી જેવામાં કામગીરી માટે ગયો હોય, ત્યાં આંહી પાછળથી છબરડો વળી જાય! શોભિતે જે ભયંકર વાત કહી, તે વાત કાંઈ ગણતરીમાં ન હોય એવી ભયંકર વાત આંહીં મગધને આંગણે થઈ જાય! વાત થઈ ગયા પછી શું થાય, એ ન કહેવાય. વખતે લોકો જ વિફરે. રાજા બિંબિસાર પોતે જ કાં તો બીજાને રાજ સોંપી દે. એંશી-હજાર ગ્રામીકોને ભેગા કરી એમનો યુવરાજ પસંદ કરવાનું કહી નાખે. શ્રમણ ગૌતમની છાયામાં આવું કોઈ ગણસત્તા જેવું તંત્ર કરી બેસે . . . મગધમાં એટલાં બધાં જુદાં જુદાં રાજકીય પરિવર્તનોની અત્યારે શક્યતા હતી, કે વર્ષકાર મહાઅમાત્ય કોઈ પણ ભોગે, આંતરઘર્ષણ તો અટકાવવા જ માગતો હતો.

અજાતશત્રુ અત્યારે રાજગૃહ દોડે, એના ઉગ્ર ઉતાવળા સ્વભાવની છાપ લોકો ઉપર પડે, તેમાં એને પોતાને પણ પારાવાર નુકસાન હતું. રાજકુમારે એ સમજવાની પળ હવે આવી ગઈ હતી.

ખરી રીતે તો એણે અત્યારે ઘણામાં ઘણી શાંતિ જાળવવાની હતી.

પણ આ ઉપરાંત વર્ષકારને બીજી કોઈ ભયંકર રમત રમાતી હોવાની શંકા આવી ગઈ હતી. એટલે તે અજાતશત્રુને પૂરેપૂરા વિશ્વાસમાં લઈ લેવા માગતો હતો. કટાહકનું આગમન એને ઘણું જ ભેદી જણાયું હતું. કટાહકની વાત કરવાની રીતમાં સ્પષ્ટ રીતે એ વસ્તુ દેખાઈ આવી હતી. એટલે એ સચેત થઈ ગયો હતો. યુવરાજકુમાર અજાત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શત્રુને જાણે કેમ ઉશ્કેરવા માટે જ એ આવ્યો હોય, એવી એની ઢબ-છબ હતી. ઉપનંદ સેનાપતિની આ બુદ્ધિ નહીં. એ બુદ્ધિ બીજા કોઈની.

જે સમયે વૈશાલીમાં આંતર ઘર્ષણના ભણકારા વાગી રહ્યા હતા, બરાબર તે જ સમયે, આ તેજસ્વી જુવાનને આંહીં આંતરઘર્ષણમાં રોકી દેવાની આ એક યોજના જણાતી હતી.

એની લોકપ્રિયતાને ફટકો મારી મગધજનોને પણ ગણતંત્રને પંથે ચઢાવી દે, એવી જ આ યુક્તિ હતી.

આ યુક્તિ મગધના રાજગૃહમાંથી આવી હતી. એમાં ઉપનંદ સેનાપતિ તો કદાચ સમજ્યા વિનાની ચાલ જ ચાલ્યો હોય !

ત્યારે આ જુક્તિ કરી કોણે ?

હલ્લ–વિહલ્લનાં એ કામ નહિ. બીજા રાજકુમારો પણ એટલી દીર્ઘદૃષ્ટિ બતાવે તે શક્ય નહિ. માદ્રી રાણી, સોમા, એમાંથી કોઈ રાણીનું પણ એ કામ નહિ. રાજા બિંબિસાર તો શ્રમણ ગૌતમની છાયામાં ઢળતો જતો હતો તેનું પણ કામ નહિ. વર્ષકાર ઘડીભર વિચારમાં પડી ગયો. પણ તેણે આખી વાતનો દોર હવે પકડી પાડ્યો. અજાતશત્રુને તરત જ બરાબર રીતે હાથમાં લઈ લેવાની એણે જરૂરિયાત જોઈ.

તે સમજી ગયો. આ કામ બીજા કોઈનું નહિ. પેલો એક ભયંકર લિચ્છવી, જે રાજા બિંબિસારનો જમણો હાથ થઈને વર્ષોથી રાજગૃહમાં મહામંત્રી જેવો થઈ બેઠો હતો, તેનું જ આ કામ હોવું જોઈએ. એણે અત્યારે આ તક પકડી હોવી જોઈએ.

વર્ષકાર વિચાર કરી રહ્યો. સેચનક હાથી જાય, મૌક્તિક-માળા જાય, જે જવું હોય તે ભલે જાય, પણ અજાતશત્રુ આવેગમાં આવીને રાજગૃહ તરફ દોડે, તો એનું પોતાનું તો ભાવિ જ ઘડાઈ જાય એવી આ એક મોહજાળ હતી. બિંબિસારના જમણા હાથ સમા મહામંત્રી ગોપાલની જ એ કુનેહ ચાલ હતી. એ લિચ્છવી હતો. વૈશાલીને બચાવી લેવા માટે એણે આ દેખીતી યુવરાજભક્તિ જેવી ભક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારે બતાવી હતી.

એની જ આ યુક્તિ હતી. એણે યુવરાજ, મગધ, બધાં તદ્દન નિર્મૂળ થઈ જાય એવી મોહકવાત ઊભી કરી હતી! યુવરાજ અજાતશત્રુના અંતરના ભાવને તો વર્ષકારે જોઈ લીધા હતા.

તેમાં એક જ વાત પ્રધાનપદે હતી, મગધ દોડવાની. સેચનકને બચાવી લેવાની. હલ્લ વિહલ્લને કબજે લેવાની. રાજા બિંબિસારને પણ, જો જરૂર હોય તો પદભ્રષ્ટ કરી નાખવાની. યુવરાજ અત્યારે જ પોતાના સૈન્યનું બળ, સૈન્યરચના, ગિરિવ્રજની કઠણ પર્વતમાળાઓ, દુર્ગમ પંથ, એ બધાના વિચારમાં જાણે પડી ગયો હોય તેમ લાગતું હતું.

વર્ષકારે તેને અચાનક ચાલતાં ચાલતાં જ જગાડયો: 'મહારાજ કુમાર! વાત ત્યાં કરવા જેવી ન હતી. પણ આપણો સર્વનાશ થાય એવી મોહક વાત કટાહક તમારે માટે લાગ્યો છે! એ મારે તમને કહેવાનું હતું. એ શા માટે આવ્યો છે એ તમારે જાણી લેવા જેવું છે!'

'શા માટે? એણે જે વાત કરી તેને તમે તો ટેકો આપ્યો છે!'

એટલીવારમાં ત્રણે જણા અંદરના ખંડમાં પહોંચી ગયા હતા. ત્યાં એક સોનેરી દીપિકા પ્રકાશ આપી રહી હતી. ઝાંખા પ્રકાશમાં મહાઅમાત્યે ચારે તરફ એક દૃષ્ટિ નાખી લીધી.

'કોઈ નથી...' અજાતશત્રુ બોલ્યો. અને તે ત્યાં એક આસન ઉપર બેઠો. વર્ષકાર તેની સામે બેઠો. થોડીવાર શાંતિ થઈ ગઈ. વર્ષકારે ગંભીર શાંત અવાજે કહ્યું: 'જુઓ મહારાજ કુમાર!' આંહી જે વાત થાય છે તે જેવી તેવી નથી. જો એ તમને જાળવતાં આવડશે તો ભારતવર્ષ—અંગદેશથી માંડીને ગાંધાર સુધીનું, અને હિમાચલથી માંડીને અવંતી સુધીનું, તમારા નામની યશધ્વજા ફરકાવશે. મહારાજ યુધિષ્ઠિર પછી રાજસૂયયજ્ઞ કરવાનું મહાભાગ્ય તમને ફળશે. અશ્વમેધનું તેજપુણ્ય મળશે. મારો જન્મ સાર્થક થશે. પણ એ બધું તમારામાં શાંત રહેવાની શક્તિ હોય તો થાય તેમ છે. ન હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈ ન થાય. તો અમને અમારે પંથે જવા દો. હું મારે પંથે પડી જાઉં. ક્યાંક આચાર્ય થઈને બેસી જાઉં. સુનીધ એને ઠીક પડે તે કરે. તક્ષકદેવ જંગલમાં જાય !'

'પણ વાત શી છે તમારી ? એ તો તમે હજી કાંઈ કહ્યું નથી. આજની કટાહકની વાત તમે સાંભળી છે. તમે જ એને ટેકો પણ આપ્યો છે. આપણે હજી પણ શાંતિ રાખવાની છે એમ ? શાંતિ ક્યાં સુધી રાખવી છે ?'

'આપણી યોજના વિશાળ છે. શાંતિ માગે તેવી છે !'

'તો તો મહાઅમાત્યજી ! હું માનું છું, છેવટે આપણા હાથમાં દ્રોણી રહેશે !'

'એમ નથી મહારાજ ! તમે જે ભય સેવો છો, તેને હું ઓછો ગણતો નથી. પણ મારી વાત તદ્દન જુદી જ છે ! એ તમે સાંભળશો ને તમે તમારા માટે જ તૈયાર થયેલો મહાગર્ત્ત જોઈને ધ્રૂજી ઊઠશો. આમાં તો આપણો સર્વનાશ થાય તેમ છે !'

'હું તો માનું છું સેચનક હાથી આપણા હાથમાંથી છૂટી જાય, તે જ વખતે આપણો સર્વનાશ છે. મગધની રાજગાદી આપણે ત્યારે ખોઈ બેસવાના. એનાથી બીજો સર્વનાશ કેવોક હશે ? આ જાણવા છતાં હાથ જોડીને બેઠા રહેવું છે એમ ? સેચનક ક્યાંય થવો નથી મહાઅમાત્યજી! એ એક જ એક મહાન સૈન્ય બરાબર છે !'

'જુઓ મહારાજ ! મને ખબર છે કે આપણા હાથમાં સેચનક છે ત્યાં સુધી આપણી તરફ કોઈ દૃષ્ટિ માંડી શકે તેમ નથી. દૃષ્ટિ માંડવાની હિમ્મત કરે તેમ નથી. કોશલરાજ રાજા પ્રસેનજીતનું રાજ આપણા કરતાં આઠ ગણું મોટું. એનું સૈન્ય મહાબળવાન. એનો હાથી એકપુંડરિક એ જેવો તેવો નહિ, છતાં આ સેચનક પાસે એ પાણી ભરે ! એટલે તો એ શાંત રહ્યો છે. વૈશાલીની મૈત્રી કેળવી રહ્યો છે. ઉદયન રાજાની હસ્તિની ભદ્રાવતી મહા કુશળ. પોતે ગજશાસ્ત્રમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાનિપુણ છે. એટલે એણે એને અભેદ્ય બનાવી દીધી છે. છતાં એ પણ સેચનક પાસે કાંઈ નહિ ! ઉદયન પણ આ જાણે છે. એટલે તો કાશીનગરીના દરવર્ષે મળનારા શ્વેત હાથીઓના મેળામાં એ દોડે છે. આ વખતે પણ એ આવવાનો છે. આ વખતે ત્યાં બધા થઈને એક સહસ્ર શ્વેત હસ્તિ આવવાના છે. પણ એ ભલે આવે. સેચનક અદ્વિતીય જ રહેવાનો છે. અવંતીના ચંડપ્રદ્યોતનો હાથી નલગિરિ, મહા બળવાન. રણક્ષેત્રમાં એ આવે એટલે એના રુદ્ર રૂપ પાસે કોઈ ન ટકે. પણ મગધરાજના સેચનક હાથીથી ચંડપ્રદ્યોત પણ ધ્રૂજે છે. પંચાલનો જન્મચિત્ર હાથી સાંભળ્યો છે. પણ એ રણહાથી આની તોલે આવે તેમ નથી. બધા હસ્તીપાલકો આ વાત જાણે છે. એવો મહા બળવાન સેચનક હાથી આપણા હાથમાંથી જવાનો હોય, અને તે છતાં હું તમને એ જવા દેવા સુધીની શાંતિની વાત કરું, ત્યારે તો જાણવું કે, કોઈ બીજો મહા ભયંકર ગર્ત્ત આપણા માટે તૈયાર થયેલો હોવો જોઈએ. તમે એક જ ઉતાવળિયું પગલું ભરો, અને એ ગર્ત્તમાંથી કોઈ જ દિવસ ન નીકળી શકો. એ ગર્ત્તમાં તમારે ડૂબ્યે જ છૂટકો. એની આ વાત છે યુવરાજકુમાર !'

'શી વાત છે મહાઅમાત્યજી ?'

વર્ષકારે સાવચેતી ખાતર ચારે તરફ ફરીને એક દૃષ્ટિ કરી. ધીમેથી એ વધારે સ્વસ્થ થઈને બેઠો. જરાક શાંત થયો. દૃઢ, ધીમો, પણ કોઈ ભાવિની આગાહી આપતો હોય તેવો, એનો અવાજ આવ્યો. 'મહારાજ કુમાર ! હું યુગયુગના બ્રાહ્મણલોહીને વહેનારો શુદ્ધ અકિંચન બ્રાહ્મણ છું. હું ભારતવર્ષમાં એક મહાન ચક્રવર્તી ભવ્ય સામ્રાજ્ય જોવાની આશા રાખી રહ્યો છું. ભારતવર્ષ તો જ ટકે. પંડિત તક્ષકદેવ જે મહાન ભારતદેશની વાત કરે છે તેનો શતાંશ વારસો પણ, આજે આ સોળ મહાજનપદોમાંથી કોઇની પણ પાસે છે ? કોઈની પાસે દસ સહસ્રનું હાથીદળ છે ? કોઈની પાસે બે ચાર લક્ષ પદાતી છે ? કોઈ મેદાનમાં સહસ્રોનુ અશ્વદળ ખડું કરી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ છે? જે ભારતવર્ષ હતું, તેનું આ તો એક ખંડેર છે!–આપણે જે જોઈએ છીએ તે. એ ખંડેરમાં પ્રાણ પૂરવા માટે હું આવ્યો છું. મારે જીવવું છે તો, એટલા માટે. નહિતર મારે મગધ ને હિમાચળ બધાં જ સરખાં છે. પણ મારો બધો આધાર તમારા ઉપર છે કુમાર! એટલા માટે હું તમને દોરવા મથી રહ્યો છું.' વર્ષકાર થોડી વાર થોભ્યો ને પછી બોલ્યો:

'તમે જેટલા આગ્રહી છો, જેટલા વીર છો, જેટલા દૃઢ છો, તેટલા જ શાંત હશો તો ટકશો. નહિતર ગમે તે તમારે માટે એક ગર્ત્ત ઊભો કરી દેશે, તમે તેમાં હાથે કરીને દોટ દેશો. પછી જીવનભર મથશો, પણ એ ગર્ત્તમાંથી તમે નીકળી નહિ શકો. અત્યારે આ કટાહકની વાત એવો ગર્ત્ત લાવે છે. તમે તમારી આસપાસ જુઓ. તમારા જ મામા રાજા પ્રસેનજીતને જુઓ. કેવું બળવાન રાજ? પણ એ એક એવા ગર્ત્તમાં પડયો છે કે, એમાંથી એ નીકળવા મથે તો પણ એમાંથી એ નીકળી શકવાનો નથી! જુઓ સાંભળો, નાનકડી જેવી વાત, રાજાઓ માટે કેવા મહાન ખાડા ઊભા કરી જાય છે તે. પ્રસેનજીતની જ વાત સાંભળો. શ્રમણ ગૌતમ શાક્યકુલનો, એટલા માટે પ્રસેનજીતને મોહ થયો કે હું શાક્યકુલની રાજરાણી લાવું. તે કપિલવસ્તુ દોડયો. પણ કપિલવસ્તુના શાકયો જે ઈંદ્રને પણ પોતાનાથી હલકો ગણે, તે રાજાને કન્યા આપે ખરા? પણ ન આપે તો આ તો કોશલદેશનો મહાન રાજવી. શાક્ય ગણતંત્રને જ તોડી નાખે. એટલે એમણે એક હલકા કુલની કન્યા આપી. તેનું નામ વાસભખત્તિયા. આ રાણીનો પુત્ર તે *વિરુધક. અત્યારે એ ત્યાં યુવરાજ છે. પણ રાજા પ્રસેનજીત ઇચ્છે છે કે એ જો શ્રમણ ગૌતમના સંઘમાં ભળી જાય તો વર્ષણ ટળે. ત્યાં શ્રાવસ્તીમાં શ્રમણ ગૌતમનું અનોખું જ સ્થાન છે. પણ વિરુધક શેનો માને? તમે તો આ વાત થઈ ત્યારે નાના હતા. પણ આ

* વિડુડ્ભ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્તમાં એક દિવસ પ્રસેનજીત પોતે જ ડૂબી જવાનો છે!'

અજાતશત્રુ સાંભળી રહ્યો. તેને વર્ષકારની વાણીમાં પિતાનો સ્નેહ-ટંકાર સંભળાતો હતો. તે કાંઈક નમ્ર બની ગયો. સોળ મહાજનપદોની એટલી બધી અટપટી વાતો વર્ષકાર પાસે હતી કે એ સાંભળતાં અજાતશત્રુને લાગતું કે પોતે તો મહા 'અજ્ઞાન' છે. એ વખતે એ કુદરતી રીતે પોતાને વર્ષકારના હાથમાં મૂકી દેતો. વર્ષકારને અજાત-શત્રુ માટે મોટામાં મોટી આશા આ સ્થિતિમાં જ રહેલી દેખાતી હતી.

'મામા આ ગર્તમાં ડૂબી જવાના છે એમ?'

'ગર્ત્ત એટલે કુમાર! એવી ભયંકર પરિસ્થિતિ, કે જેમાં તમે ન આમ નીકળી શકો, કે ન તેમ નીકળી શકો. નીકળવા મથો તેમ તેમ ઊંડા ઊતરો. આનું નામ ગર્ત, ખાડો, કાદવ કીચડથી ભરપૂર. પ્રસેન-જીત રાજાએ આ ભૂલ કરી, ત્યારે તમે તદ્દન નાના હતા. તમને એ યાદ હોવાનો સંભવ નથી. હવે એ ઇચ્છે છે કે અનેક શ્રેષ્ઠીઓ, શ્રેષ્ઠી કુમારો, સેનાપતિઓ, રાજકુમારો, શ્રમણપંથે પળે છે, વિરુધક પણ જો એ પંથે પળે, તો રાજમાં ઘર્ષણ ટળે. પણ હવે વિરુધક એ ખરેખર વિરુદ્ધ બન્યો છે. એનાં પરિણામ આજે શ્રાવસ્તીમાં દેખાય છે. રાજાએ રાણી અને યુવરાજ બન્નેને પદભ્રષ્ટ કર્યાં હતાં. શ્રમણ ગૌતમના શબ્દે ફરી પાછા મૂળ સ્થાને સ્થાપ્યાં પણ ખરાં. પણ એ વિષ કુમારના મનમાં બેઠું છે. એનો મંત્રી અંબરીષ કોઈક તકની રાહ જોતો લાગે છે; ટૂંકામાં ત્યાં પણ આ અગ્નિ પ્રગટી ચૂક્યો છે! સમૃદ્ધિ ને વૈભવથી છલકાતી શ્રાવસ્તીને, હું રાજા ઉદયનની રાણી શ્યામિકાના મહેલની જેમ, થોડા જ સમયમાં રાખના ઢગલા રૂપે થઈ જતી નિહાળું છું! બહુ થોડા વખતમાં શ્રાવસ્તી નગરી નહિ હોય!'

'અરે!'

'સાચી વાત છે કુમાર! પણ એ વાત થાય ત્યાં સુધી આપણે રાહ જોવાની છે. એ થવાની છે ચોક્કસ. શ્રાવસ્તી ને સાકેતમાં ધનંજય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાથપિંડદ, પુણ્યવર્ધન એ બધા શતકોટિપતિ શ્રેષ્ઠીઓ છે તે સાચું. મહાકોશલનો વિસ્તાર મગધદેશ કરતાં આઠ ગણો છે તે પણ સાચું. શ્રાવસ્તી શ્રેષ્ઠી પુણ્યવર્ધનની વિશાખા જેવી કુલવધૂના એક *પ્રસાધનનું મૂલ્યાંકન નવકોટિ એક લક્ષ થાય છે, એવી સમૃદ્ધિ ત્યાં છલકાય છે, તે સાચું. પણ ઇંદ્રનો વૈભવ તમારે ત્યાં કેમ નથી? આંતરઘર્ષણનું એક જ અગ્નિબિંદુ — અને તમામ સમૃદ્ધિ એક પળના અષ્ટમભાગમાં ખાખ! આંતરઘર્ષણ પ્રસેનજીતને ત્યાં આવી ચૂક્યું છે. ઉદયનને ત્યાં આવી ચૂક્યું છે. વૈશાલીમાં આવવાના ભણકારા છે. આપણે માત્ર રાહ જોવાની છે કુમાર! શાંતિથી રાહ જોવાની છે. ક્યાંય દોડવાનું નથી. મગધના વિસ્તાર માટે આ બધાં જ પાડોશી રાજતંત્રો અને ગણતંત્રો થોડા જ વખતમાં ખુલ્લાં મેદાન જેવાં થવાનાં છે! આપણે ત્યાં જઈને રાજ સંભાળવાનું છે! રાહ જુઓ! અને જે અગ્નિ ત્યાં સ્થપાઈ ચૂક્યો છે, તેને જરા ફૂંક મારતા રહો! બસ!'

'તમે કહો છો તે બરાબર છે પણ મહાઅમાત્યજી! આપણને મામા પ્રસેનજીત દર વખતે ડારે, વૈશાલી દર વખત ડારે, ઉદયન ડારે, પ્રદ્યોત ડારે, અને આપણે ડરતું જ રહેવું એમ? આ ભીરુતા ક્યાં સુધી? સમાધાન શાંતિ આ બધું ક્યાં સુધી? મગધરાજનું શ્રેણિય બિરુદ હવે તો લજવાય છે! મામાએ અંગદેશના ધનંજય જેવા શ્રેષ્ઠીને પોતાને ત્યાં બોલાવી લીધો. આપણે જવા દીધો. એ શ્રેષ્ઠીએ સાકેત નગરી વસાવી છે. શ્રાવસ્તીથી સાત જોજન દૂર. જોનારા કહે છે કે સાકેતનગરી બીજી શ્રાવસ્તી નગરી જ જોઈ લ્યો! અને ધનંજય શ્રેષ્ઠી અંગ દેશમાંથી જતાં આપણને કેટલું નુકસાન? આપણી પાસે પ્રસેનજીત મામાએ માગણી કરી, 'અમારા દેશભરના ગૌરવ જેવો કોઈ વૈભવશાલી શ્રેષ્ઠી નથી, માટે એક શ્રેષ્ઠી તમારે ત્યાંથી અમને મોકલો,' ત્યારે જ રાજાએ ના પાડી હોત તો? પણ એમણે તો સંબંધ બંધાય માટે ધનંજય શ્રેષ્ઠીને મોકલ્યા. આ ધનંજય

* માથાનો શણગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રેષ્ઠી જતાં અંગદેશમાંથી શું ગયું તે તમે સંભારોને ! દસ હજાર ધેનુનો એક વ્રજ. એવા ચાર વ્રજ આ ધનંજય શ્રેષ્ઠી રાખતો. ચાલીસ હજાર ચોરસ હાથ એટલે એક નિવર્તન. એવા સો નિવર્તન એટલે એક હળ. આવા પાંચસો હળનો આ શ્રેષ્ઠી મૌલિક હતો. એ બધો વૈભવ ત્યાં ગયો. એક હજાર ગાડાં એને ત્યાં હમેશાં આવતાં જતાં એ વૈભવ શ્રાવસ્તીમાં ગયો. સંબંધો બાંધી બાંધીને રાજ રાખવાની નીતિ ક્યાં સુધી ? અને હજી પણ કાશીનગરી, જે એણે મારી જ માતા કોશલાદેવી — વૈદેહી માતાને અંગશૃંગાર માટે આપી દીધી છે, તેના ઉપર એ અધિકાર તો પોતાનો જ સમજે છે. રાજમાતા *વૈદેહિ તો માત્ર ધન ઉપાર્જન લે ! વહેલે મોડે આપણે કાશી નગરી માટે એની સાથે લડવું જ પડશે ! બધાને પ્રસન્ન રાખીને મગધમાં શાંતિ રાખવાની રાજાની નીતિનો હવે અંત ક્યારે ? લિચ્છવીને પ્રસન્ન રાખવા, પ્રસેનજીતને પ્રસન્ન રાખવો, ઉદયનને, પ્રદ્યોતને, શાક્યોને બધાને પ્રસન્ન જ રાખ્યા કરવા એમ ? અને આટલું પૂરતું ન હોય તેમ રાજા હવે કમ્બોજનો પેલો વૃદ્ધ રાજા ×પુક્કુસાતિ એને ભેટ સોગાદો મોકલે છે ને ત્યાં સંબંધ બાંધવા મથે છે. તમે તો સાંભળ્યું હશે નાં ?'

'શું ?'

'કમ્બોજરાષ્ટ્રના વ્યાપારીઓ રાજગૃહમાં આવે તેનો કર મગધ-રાજે માફ કર્યો છે !'

---

* મહાકોશલની ગણના વિદેહમાં પણ થતી. કોશલ રાજાઓને ઘણી વખત વૈદેહ કહેતા, રાણી સંબંધે વૈદેહી શબ્દ નામ કરતાં વધારે વિશેષણના રૂપમાં વપરાયો લાગે છે. વેદ=જ્ઞાન. તેમાં ઈહન એટલે પ્રયત્ન કરનાર, તે વૈદે હ. વૈદેહી એટલે પંડિતા. જેમકે વૈદેહિકા ગૃહપત્ની, દિવ્યાવદાન પ્રમાણે પણ રાજા બિંબિસાર, રાણી વૈદેહિ [કોશલાદેવી], અજાતશત્રુ કુમાર, મહાઅમાત્ય વર્ષકાર એમ આપેલ છે.

× પુષ્પ સારિત્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શું કરવા ?'

'ત્યાંના શ્રેષ્ઠીઓએ કહ્યું કે અમારો રાજા પુક્કુસાતિ સજ્જન છે. કોઈનું દિલ દુભવતો નથી !'

'પણ એમાં કર માફ ?'

'અરે ! કર તો માફ કર્યો, પણ કમ્બોજરાજે આઠ શ્રેષ્ઠ શાલો મોકલી, તો મગધમાંથી એને સુવર્ણપટ ઉપર ઉત્તમ હિંગળોકથી લખેલો શ્રમણગૌતમ ઉપદેશ મોકલાયો. કહે છે રાજા પુક્કુસાતિ પગે ચાલતો, આંહીં આવવા માટે એક વખત નીકળવાનો છે !'

'આંહીં એટલે ? આંહીં શું છે ?'

'આંહીં એટલે રાજગૃહમાં !'

'પણ શા માટે ?'

'શા માટે ? શ્રમણગૌતમને મળીને એને પણ પ્રવ્રજ્યા લેવી છે !'

વર્ષકાર મોટેથી ખડખડાટ હસી પડ્યો : 'રાજકુમાર ! ત્યારે તો સમજો કે શ્રમણગૌતમ જ આપણો મોટામાં મોટો મિત્ર છે. અનેક રાજમુગટો એ મગધસામ્રાજ્ય માટે ખાલી કરાવે છે. લડ્યા વિના જ સમ્રાટ્પદ મગધનું છે. ગૌતમશ્રમણ આપણો મોટામાં મોટો મિત્ર છે ! આપણે એનું બહુમાન રાખતા રહેવું, કુમાર !'

'પણ એ મગધના અનેક સેનાપતિઓને ભિખ્ખુઓ કરી નાખશે, કેટલાકને તો કરી નાખ્યા છે, તેનું શું ? પછી રણક્ષેત્ર માટે રહેશે કોણ ?'

'એનું થઈ રહેશે. તમને આ સુનીધ આજે જ એક નવી વાત કરશે. કેમ સુનીધ ?'

'હા પ્રભુ ! મારુ તો એમ માનવું છે કે રણક્ષેત્રમાં એક કે બે અસ્ત્રશસ્ત્ર જ બસ છે. માણસોનો ઠઠારો ભલે બીજા કરતા !'

પણ અજાતશત્રુ સુનીધની વાત સાંભળતાં જ ચોંકી ગયો. સુનીધની શક્તિ વિષે એણે સાંભળ્યું હતું. કોઈ ભયંકર શસ્ત્રઅસ્ત્રની વાત એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે હતી. એને હવે લાગ્યું કે આ મહાઅમાત્ય વર્ષકાર એટલો સમર્થ છે કે એ આવતી કાલે ધારે તો મગધનો મુગટ જ ઉપાડી લ્યે ! તેના શરીરમાં ભય વ્યાપી ગયો. તેને સાંભરી આવ્યું. ચંડપ્રદ્યોતના પિતા અમાત્ય હતા. તેણે અવંતીનાથ વીતીહોત્રને હણીને જ પોતાના પુત્ર માટે રાજગાદી ન મેળવી ? આ મહાન અમાત્ય ફરે, તો પળના ચોથા ભાગમાં રાજગૃહ એને ત્યાં હોય !

એને પોતાની પરાધીનતા ખૂંચી રહી. અજ્ઞાનતા ખૂંચી રહી. સ્વતંત્ર પગલું લઈ ન શકવાની અશક્તિ ખૂંચી રહી. તેનો તેજોવધ થતાં તે એકદમ ઝાંખો પડી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. મહાઅમાત્યે કહેલી વાત

વર્ષકાર *મહાઅમાત્ય રાજકુમારનો તેજોવધ કળી ગયો. એની ઘટ્ટ અસર જામવા ન દેવાનું જરૂરી હતું. ગોપાલ મહામંત્રી ગમે તેમ પણ લિચ્છવી હતો. એની એક એક વાત એને કેટલા ઊંડા ગર્તમાં ધકેલી દેશે એ હજી વધારે સ્પષ્ટ કરવાની જરૂરિયાત હતી. એ વાતને જો અજાતશત્રુ બરાબર ન સમજે તો પરિણામ એક જ આવે. આંહીં તેજોવધ અનુભવતો રાજકુમાર મહામંત્રી ગોપાલ તરફ ઢળી પડે. તો ગોપાલ મહામંત્રી, મગધનું કે રાજકુમારનું કોઈનું નામનિશાન રહેવા ન દે.

'મહારાજકુમાર ! બીજા તમામ નુકસાન કરતાં તમે રાજગૃહ દોડો તે નુકસાન સૌથી મોટું છે. રાજા બિંબિસાર પ્રત્યે માન હોવાની વાત કરીને, કોશલ, કાશી, વત્સ, અવંતી, ગાંધાર બધા તમને પીંખી નાખશે. તમારા ઉપર દોડતા આવશે. પહેલો તો પ્રસેનજીત જ દોડશે —

---

* રાજકુમારો નવા જીતેલા દેશમાં રાજપ્રતિનિધિ તરીકે જાય ત્યારે તેમને બરાબર માર્ગદર્શન આપવા તેમ જ તે પાછા ષડ્યંત્ર રચી ન કાઢે તેની ભાળ સંભાળ રાખવા વિશ્વાસુ મહાઅમાત્યોને તેમની સાથે મોકલવાનો રિવાજ જણાય છે. જુઓ Political History of Ancient–India by H. Ray Chaudhari Page 196. કૌટિલ્ય પ્રમાણે આવા રાજકુમારોનો દરમાયો ૧૨૦૦૦ વાર્ષિક પણનો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેશે, મારા બનેવીનું અપમાન કરનાર એ છે કોણ ? એ મારો ભાણેજ ન હોય ! એ દોડશે, અને વૈશાલીને તો એટલું જ જોઈએ છે. વત્સ-રાજ ઉદયન દોડશે. કહેશે બિંબિસાર રાજા અમારા મિત્ર છે. અવંતી-રાજ ચંડપ્રદ્યોત આવશે. ચંપા નગરી પણ તમારી સામે ઊઠશે. એક પળના છઠ્ઠા ભાગમાં મગધદેશ પીંખાઈ જશે. તમે ઉતાવળા થઈને રાજગૃહ દોડો, એટલી જ વાર છે. ગોપાલે આ સમાચાર એટલા માટે આંહીં મોકલ્યા છે !'

'અને ત્યાં બધું સહીસલામત છે એમ ?'

"ના. પણ તેનું આપણે જોઈ લઈશું. મને તો કટાહકની રીત-ભાત એવી લાગે છે કે તમને આકળા કરવા, તમને રાજગૃહ દોડાવવા, આપણે એમ દોડવું નથી. આટલી જ વાત છે. કેમ સુનીધ ?'

'હા દેવ ! મને પણ એ સંદેશવાહકની ઉતાવળમાં ભેદ લાગે છે ! ગોપાલમંત્રી રાજાને સમજાવવા માટે ત્યાં બેઠો છે. એ પોતે કાંઈ કહેવરાવતો નથી. ઉપનંદ સેનાપતિનો સંદેશો આવે છે. એ પણ ઘણું સૂચક છે. એનો સંદેશો માનવા આપણે પ્રેરાઈએ જ.'

અજાતશત્રુ વિચારમાં પડી ગયો. રાજગૃહ જવું કે ન જવું એનું મંથન એના મનમાં ચાલી રહ્યું. હજી એ પોતાની લાઘવ ગ્રંથીમાંથી પણ પૂરો મુક્ત થયો ન હતો. રાજા બિંબિસારે એની મહત્ત્વાકાંક્ષાને સંતોષવા માટે આંહીં અંગ જેવા દેશમાં એને રાજપ્રતિનિધિ જેવો મોટો અધિકાર સોંપી દીધો હતો. પણ રાજકુમારને હવે લાગ્યું કે કદાચ એને મગધથી દૂર રાખવા માટેની જ, આ જુક્તિ હોવી જોઈએ. છતાં વર્ષકારની વાત વિષે કોઈ નિર્ણય લેવાનું એને એકદમ સૂઝતું ન હોય તેમ લાગ્યું. હજી સુનીધના નવા શસ્ત્રઅસ્ત્ર શી વાત છે એ પૂરે-પૂરું સમજાયું ન હતું ! વર્ષકારે એને વધારે શંકામાં ન રાખવામાં ડહાપણ દીઠું. તે તરત બોલ્યો : 'મહારાજ ! સુનીધ બધી વાતનો હમણાં જ તમને ઘટસ્ફોટ કરી દેવાનો છે. પણ પહેલાં આપણે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજી ગયો. આ સંદેશવાહકને મોકલનાર ગોપાલ છે, ઉપનંદ નહિ. ઉપનંદને તો માત્ર ગોપાલે પ્રેર્યો છે. જેથી આપણે વિશ્વાસ રાખીને દોડીએ જ દોડીએ ! તમે ગોપાલ વિષે ઘણું જાણો છો, પણ કેટલુંક નથી જાણતા. એ સાંભળવા જેવું છે. એ સાંભળીને પછી નિર્ણય કરો !'

'શી વાત છે મહાઅમાત્યજી ? આપણે ઉતાવળે કટાહકને મોકલી દેવો છે !'

'આપણે એને મોકલી જ દઈએ. આપણે આવવાના કે નથી આવવાના તે કાંઈ કહેવાની જરૂર જ નથી ! તમે નિર્ણય કરો.'

અજાતશત્રુએ સુનીધ સામે જોયું. વર્ષકાર સામે જોયું. નિર્ણય કરવાની ગડમથલ એના મનમાં થતી લાગી. વર્ષકારે બે હાથ જોડયા: 'જુઓ કુમાર ! અત્યારે વૈશાલી ઉપર ભય છે. બરાબર એ જ વખતે ગોપાલનો આ સંદેશો આવ્યો છે. આ ગોપાલ આંહીં આવ્યો ત્યારે તમે નાના હતા. એ વૈશાલી તજીને આંહીં આવ્યો છે. અને એ એક જ વાતને પરિણામે રાજાનો જમણો હાથ થઈ ગયો છે.'

'પણ તેણે નગરી વૈશાલી તજી કેમ ?'

'એ વાત જરા લાંબી છે, પણ જાણવા જેવી છે. વૈશાલીમાં સિંહનાયક સેનાપતિપદે આવ્યો માટે. એ પદે ખરી રીતે ગોપાલ આવવો જોઈતો હતો.'

'પણ સિંહ તો સિંહ છે. એ પદ ગોપાલને લિચ્છવીઓએ ન આપવામાં કાંઈ ખોટું કર્યું નથી.'

'એક રીતે ખોટું કર્યું છે. ને ગોપાળને એ અપમાન હાડોહાડ લાગ્યું માટે તે આંહીં મગધમાં દોડી આવ્યો. સિંહ ને ગોપાળ બન્ને સગાભાઈ. ગોપાળ મોટો. સિંહ નાનો. એમના પિતા મરણ પામ્યા ત્યારે એ સેનાપતિપદે હતા. એ સેનાપતિપદ મોટા ગોપાળને મળવું જોઈએ. એનો એ અધિકાર હતો. વળી એની લાયકાતનો પણ પ્રશ્ન ન હતો. એ પણ મહા ધનુર્ધર હતો, એ પણ તક્ષશિલા વિદ્યાલયનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાર્થી હતો. લડવા ઊતરે તો એક સહસ્ર યોદ્ધાઓને એકલો રોકી શકે એવો બળવાન હતો. ધનુષના બાણોનો એ જ્યારે સારપ્રાસાદ રચતો, ત્યારે તો જોનારા મોંમાં આંગળી નાખી જતા ! બાણોના ઘટા-ટોપ નીચે પૃથ્વી ઉપર માણસો ફરતાં હોય તેવું લાગે ! આ એનો સારપ્રાસાદ. એ સારરજ્જુ પ્રગટાવતો, ત્યારે તો જાણે એક પછી એક ચાલ્યાં આવતાં હજારો બાણોની અવિચ્છિન્ન પંક્તિ ત્યાં દેખાતી ! બાણોની એક લાંબી દોરડી જ જાણે જોઈ લો ! આવો પરાક્રમી સેનાપતિ હોય એ વૈશાલી નગરી માટે ગૌરવનો વિષય હતો. અને છતાં વૈશાલી સંથાગારમાં જનસભાએ નિર્ણય કર્યો કે, ગોપાલ નહિ, સેનાપતિપદે સિંહ નાયક આવે !'

'પણ એમ શા માટે કર્યું ?'

'વૈશાલી તો ગણતંત્ર છે કુમાર ! ત્યાં વ્યક્તિ ગમે તેવી બળ-વાન હોય, શક્તિશાળી હોય, વૈભવવાળી હોય, પણ એ સભાના નિર્ણય ઉપરવટ જઈ શકે જ નહિ. ગોપાલ બળવાન હતો. એટલે એ વૈશા-લીના લોકોને કાંઈ લેખામાં ગણતો નહિ. ગમે તેની વાટિકા હોય, ગમે તેનું ઉદ્યાન હોય, ગમે તેનું આમ્રવન હોય, એ બધું જાણે બળને લીધે પોતાનું જ છે, એમ એ વર્તતો. જાણે કેમ પોતે વૈશાલીનો સર્વ-તંત્ર સ્વતંત્ર રાજા જ હોય ! ને વૈશાલીમાં ગણતંત્ર જ ન હોય ! સંથાગારમાં એક અવાજે નિર્ણય થયો. સેનાપતિપદે ગોપાલનો ભાઈ સિંહ આવે. ગોપાલને વૈશાલીથી દૂર એક વાટિકા આપી દો.

'ગોપાલે આ નિર્ણય જાણ્યો. એ એકલો વૈશાલીનગરીના સૈન્યને આહ્‌વાન આપતો ઊભો થઈ ગયો. આંતરઘર્ષણનો અગ્નિ પ્રગટ્યો. એ વખતે સેનાપતિ સિંહે અદ્‌ભુત કુનેહ બતાવી.

'તે પોતે એકલો ગોપાળને મળ્યો. તેને વિનયથી સમજાવ્યો. 'મોટાભાઈ ! પદ તમારું છે. લાયક તમે છો. પણ સંથાગારનો નિર્ણય જો આપણે માથે નહિ ચડાવીએ તો, સેનાપતિપદ આપણા કુલમાંથી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હમેશને માટે ચાલ્યું જશે. તમે એક વાત કેમ ભૂલો છો ? આપણે વિદેહના. વિદેહથી આંહીં આવ્યા. આપણા પિતા સકલે મહાસહેનતે લિચ્છવી-ઓમાં લિચ્છવી તરીકેનું આવું મોટું પદ પ્રાપ્ત કર્યું છે. આપણે એ પિતૃસમૃદ્ધિ ખોઈએ નહિ એ જોવાનું છે. લિચ્છવીઓના ગણતંત્રને આપણે બળવાન બનાવવું છે. અત્યારે આ તક છે. તમે જો મગધના બિંબિસારને મળશો, તો એ તમને તરત રાખી લેશે. વળી બિંબિસારને સાધવાની આ એક તક છે. તમે વૈશાલીથી નારાજ થઈને નીકળો છો, એ વાત એને અસર કરશે જ કરશે.

'કુમાર ! ત્યારથી ગોપાલ આંહીં મગધમાં છે. સિંહ વૈશાલીમાં છે. એ બન્ને ગણતંત્રનો કેમ વિજય થાય તે માટે એક છે. તમારે ત્યાં મગધમાં આંતરઘર્ષણ થાય, તો વૈશાલી અત્યારે એને ત્યાં આવી પડનારા ઘર્ષણમાં-થી, સાંગોપાંગ પાર ઊતરી જાય. ગોપાલે તમને એટલા માટે ઉતાવળે બોલાવ્યા છે. તમે ત્યાં રાજગૃહ દોડો—એટલે તરત અગ્નિ પ્રગટે તેમ છે !'

'ત્યારે તો આપણે આપણા ઘરમાં અગ્નિ રાખ્યો છે.... એમ કહોને! રાજાને ... આ શું સૂઝયું હશે ?'

'સિંહ નાયક માત્ર યોદ્ધો નથી, મહાન રાજદ્વારી પુરુષ છે. તેણે તે વખતે જ ગોપાલને સમજાવ્યું હતું. 'મોટાભાઈ! તમે મહા ધનુર્ધર છો. હું પણ કાંઈક જાણું છું. આપણે ધારીએ તો લિચ્છવીઓ-ને એક વખત તો સારપ્રાસાદથી કે સારમંડપથી ઢાંકી દઈ શકીએ. કે આકાશ પહોંચતી સાર સોપાન—બાણોની નિસરણી—બતાવીને આપણા પરાક્રમનું ભાન કરાવી દઈએ. પણ આ વૈશાલી જેવી મહાન નગરી, આપણી પાસે કાંઈક બીજું જ માગે છે. યાદ કરો, વિદેહના સ્વચ્છંદી રાજતંત્રથી ભાગીને પિતાજી આંહીં આવ્યા, તે વખતે આ ગણતંત્રે જ એને આશ્રય આપ્યો હતો. એણે આપ્યો તો વિદેહ ગણતંત્રમાં ભળી શક્યું. મલ્લદેશ ગણતંત્રમાં ભળી ગયો. હવે આ મગધ છે. તમે મગધમાં હશો તો એમાં છેવટે ગણતંત્રનો વિજય છે. આ રીતે ગોપાલે વૈશાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તજી. ત્યારથી એ આંહીં છે.

'રાજકુમાર! વૈશાલી નગરીનો જો કોઈ મહાનમાં મહાન નાગરિક હોય તો તે આ સિંહ સેનાપતિ છે. એણે તે દિવસે એ મહાન નગરીને ખરેખર બચાવી લીધી–રાજા બિંબિસારે તક ગુમાવી. એ તક પછી કોઈ પળે પાછી ન આવી તે ન જ આવી! અને હવે ક્યારે આવશે તે કોઈ કહી શકે તેમ નથી! અત્યારે વૈશાલી બળવાનમાં બળવાન ગણતંત્ર છે. મગધને વહેલે મોડે એ ગળી જવાનું છે!'

'ગોપાલ આંહીં આવ્યો એ બરાબર છે. પણ એણે મગધ-વૈશાલીને સંબંધથી જોડીને અગ્નિ પણ પ્રગટાવી રાખ્યો છે. એ શી રીતે થયું? રાજાએ એમાં સંમતિ કેમ આપી હશે?'

'એણે રાજાને પોતાના અપમાનની વાત કરી. રાજા તે વખતે ગુપ્તવેષે વૈશાલી પહોંચેલ. દુશ્મનનો દુશ્મન એ મિત્ર, એ ગણતરીએ એને સ્થાન આપવાનું નક્કી થયું. રાણી વાસવીનું આકર્ષણ પણ ખરું. પછી સિંહ સેનાપતિએ ગોપાળની વિનંતીથી પોતાની પુત્રી વાસવી રાજાને આપી. રાજા બિંબિસાર નવા નવા સંબંધો બાંધી મગધને મજબૂત બનાવવાની રાજનીતિ અપનાવી રહ્યા હતા. એમાં *વાસવીનું આકર્ષણ પણ ખરું. રાજાની આ નબળાઈ ગણો, રાજનીતિ ગણો, સબંધો બાંધી રાજ ટકાવવાની ઘેલછા માનો, જે માનો તે, બહારનો એ અગ્નિ આજે મગધમાં છે. એનું પરિણામ અત્યારે જ તમે જોઈ શકો છો. મગધમાં જ મહાન આંતર ઘર્ષણ ઊભું થાય એવી આ તક ગોપાલે પકડી છે.

* આનો આધાર Tibetan Tales—The Tibetan Dulva [derived from Indian Sources] by H. Anton Von Senilfrier & Ralston છે. સિંહ નાયકનો પિતા સકલ મૂળ વિદેહનો પ્રધાન હતો, એટલે એની પૌત્રી પણ વૈદેહી કહેવાતી હોવી જોઇએ. રાજા બિંબિસારને પાંચસો રાણી હતીં. [વિનય પિટક, મહાવગ્ગ] એમાં બે ચાર વૈદેહી પણ હોઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વૈશાલી નગરીનું નાવ અત્યારે મતભેદના મહાન ખડક ઉપર અથડાવાની તૈયારી છે.

'જાણે એક જ વ્યક્તિ હોય તેમ દરેક પ્રશ્નમાં એક મતે ઊભી રહેતી એ નગરીમાં આજે મતભેદ આવ્યો છે. તે વખતે ગોપાલે તમને રાજગૃહ તરફ દોડાવવાની આ માયા પ્રગટાવી છે. તમે વિચાર કરી જુઓ, કુમાર!'

'વૈશાલીમાં શાનો મતભેદ જાગે તેમ છે મહાઅમાત્યજી?'

'ત્યાં મહાનામન નામે એક નાગરિક છે. તેની અત્યંત અત્યંત રૂપવતી આમ્રપાલી કન્યા છે. એનું એવું રૂપ છે કે એવી રૂપમોહિની જો વૈશાલી બહાર જાય તો નગરી આખી એક પગે યુદ્ધ કરવા તૈયાર થાય; અને જો વૈશાલીમાં જ એ રહે–તો આખી નગરીમાં ઘેર ઘેર ઘર્ષણ ઊભું થાય!'

'કેમ?'

'ત્યાંના વર્ષોજૂના ×પ્રવેણી પુસ્તકમાં એક નિયમ છે. નગરીની શ્રેષ્ઠ રૂપમોહિની નગરશોભિની તરીકે રહે. એ જનપદકલ્યાણીનું પદ શોભાવે, એ ગૃહિણી ન થઈ શકે. આંતરઘર્ષણ ટાળવા માટે આ નિયમ થયેલો લાગે છે. અત્યારે એ નિયમ ત્યાં ચાલુ છે.'

'આવો નિયમ?'

'વર્ષોથી ત્યાં ચાલ્યો આવે છે કુમાર! બધે જ ગણતંત્રો ને રાજતંત્રોમાં નગરશોભિનીનું તો અનોખું સ્થાન છે જ. પણ વૈશાલી-નગરીએ આ વિશેષતા દાખવી છે. એનો કોઈ દિવસ ભંગ થયો જાણ્યો નથી! લોકો પણ એનો ભંગ સહે તેમ નથી. આમ્રપાલીને નગરશોભિની તરીકે રાખવાની વાત સંથાગારમાં આવવાની, મહાનામન એ વાતની ના પાડે, આમ્રપાલી પણ ના પાડે, અને સભા એક મતે

× પ્રવેણી પુસ્તક, એ ન્યાયની બાબતમાં છેલ્લામાં છેલ્લો અધિકાર ધરાવતું પુસ્તક ગણાતું. એનો શબ્દ અનુલ્લંઘનીય હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે બહુમતે જુદો નિર્ણય લે, તો તે વખતે વૈશાલીમાં મહા ભયંકર ઘર્ષણ જન્મે. સિંહ સેનાપતિ અત્યારે એ ચિંતામાં જ હોવો જોઈએ. ત્યાંની એવી હવા છે. આપણો મત્રી ત્યાં છે. મગધ પણ આ વખતે જ જો આંતરિક ઘર્ષણમાં સંડોવાયું હોય તો એને ઘણી મોટી રાહત મળે! રાજા બિંબિસારે પોતાના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સૈનિક જીવન સમયે જે તક ગુમાવી દીધી હતી, તે જાતી આજે પાછી ફરતી દેખાય છે. તમારે એ ગુમાવવી હોય તો તમે રાજગૃહ દોડી શકો છો. હલ્લ વિહલ્લ, સેચનક હાથી, મૌક્તિક માળા—એ બધાં જ ગોપાલે ઊભાં કરેલાં પ્રલોભનમાં તમે પડી શકો છો. અથવા તો આ સુનીધની યોજનામાં સાથ આપી શકો છો. હવે જેવી તમારી ઇચ્છા, રાજકુમાર!'

વર્ષકારે હવે રાજકુમાર સ્વતંત્ર હોય તેમ વાત કરીને, એનું મન વાળવાનો પ્રયત્ન કરવા માંડયો.

'તમારો માર્ગ ખુલ્લો છે. સુનીધ! મહારાજ જે સૈન્ય માગે તે આપણે તૈયાર કરી દો! પણ મહારાજ! તમે જે વખતે મગધ તરફ દોડી રહ્યા હશો, બરાબર એ જ વખતે, મને તો ભય છે કે કાં તો પહેલો અગ્નિ આંહીં ચંપા નગરીમાં જ પ્રગટી જાશે!'

'પ્રગટી જાશે? આંહીં? ચંપા નગરીમાં? આંહીં શું છે?' અજાતશત્રુ હવે તો ખરેખર ચોંકી ગયો. એ પોતાને ચંપા નગરીમાં તદ્દન સલામત માની રહ્યો હતો. જ્યારે આ તો જુદી જ વાત આવી રહી હતી. પોતાના આ અજ્ઞાને તો એને ભોં ભેગો કરી દીધો. વર્ષકાર વિના લેવાતું એક પગલું એને નાશના કારણ રૂપ જણાવા માંડયું.

'કહું સુનીધ! પેલું મહારાજને બતાવ તો!'

સુનીધે પોતાની પાસેનું નાનકડું ચંપાકળીનું ફૂલ કાઢયું. અજાતશત્રુની સામે ધર્યું. અજાતશત્રુ એમાં કાંઈ સમજ્યો નહિ. માત્ર એનું આશ્ચર્ય વધ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. સુનીધે શું કહ્યું ?

'સુનીધ! આ ફૂલ શું છે? ને શાની વાત છે?' થોડીવાર પછી રાજકુમાર બોલ્યો.

'મહારાજ! આ ચંપાનગરીમાં વર્ષોજૂની એક માન્યતા છે. ચંપક વનમાં એક ચંપાનું વૃક્ષ છે. એને કોઈ દી ફૂલ આવતાં જ નથી. પણ જ્યારે આવે ત્યારે ચોક્કસ રાજપલટો થાય ને થાય! અમે આજે ચંપક વનમાં આ ફૂલ જોયું. કોઈને જાણ થાય એ પહેલાં હાથ કરી લીધું છે. એ આ ફૂલ છે. આ ફૂલ ત્યાં રહ્યું હોત તો એ દિવસમાં જ હવા ફરી ગઈ હોત. લોકમાન્યતાનું એવું બળ છે મહારાજ! એટલે ચંપાનગરી પણ સળગે તેમ છે!'

અજાતશત્રુ વાત સાંભળીને થંભી ગયો. તેને ખાત્રી થઈ ગઈ કે મહાઅમાત્ય વર્ષકારની દીર્ઘદૃષ્ટિ પાસે પોતે પાણી ભરે છે. પણ એનામાં આ સમજણ આવતાં જ એણે તરત કહ્યું: 'આપણે કટાહકને શું જવાબ દેવો છે મહાઅમાત્યજી?'

'તે તો તમારે નક્કી કરવાનું છે કુમાર!'

'હું નક્કી કરનારો કોણ?'

વર્ષકાર ચમકી ગયો. અજાતશત્રુને લાગે કે એના ગૌરવનો ભંગ થાય છે તો એ વસ્તુ ઇચ્છવા જેવી ન હતી. એ માત્ર સમય ઓળખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલી જ વાત કરવાની હતી. ગૌરવભંગનો ઘા તો એના મનમાં એઠો રહે. એક દિવસ એને એ સામેના પક્ષમાં ધકેલી દે. મહાવર્ષણનું એ જ કારણ થઈ જાય. એ રાક્ષસ ક્યારે ઊભો થાય એ પણ કહેવાય નહિ. અચાનક ઊભો થઈ જાય !

તરત જ કુમારને વિશ્વાસમાં લેતો હોય તેમ તે ધીમેથી બોલ્યો:

'મહારાજકુમાર ! સુનીધ આપણે માટે એ અસ્ત્રશસ્ત્ર તૈયાર કરે છે. હજી તૈયાર થયાં નથી. તૈયાર થઈ રહ્યાં છે. મહારાજ પહેલાં એ જુએ. એ તૈયાર થાય ત્યાં સુધીનો સમય જાળવી લેવા માટે જ આ છે. સુનીધ ! આપણે મહારાજકુમારને માહિતી આપીએ, ચાલો ને, ત્યાં જ જઈએ.'

'ત્યાં એટલે ક્યાં ?'

'આંહીં પાસે જ છે,' વર્ષકારે કહ્યું: 'મારી વાટિકામાં.'

ત્રણે જણા રાજમહાલયના પાછળના ભાગમાં જવા ઊપડ્યા. ત્યાં એક નાનકડું ગુપ્તદ્વાર હતું. મહાઅમાત્યની વાટિકા તરફ જતી એક નાનકડી વીથિકાનું એ મુખદ્વાર હતું. ખાસ સંકટ વખતે જ એનો ઉપયોગ થતો. તેઓ ત્યાં દ્વાર ઉપર પહોંચ્યા. દ્વારપાલ તેમને જોઈને આભો જ બની ગયો. તેણે ઉતાવળમાં આજ્ઞા પ્રમાણે દ્વાર ખોલ્યું. એને એમ જ રાખવાનું કહીને ત્રણે જણા મહાઅમાત્યની વાટિકા તરફ ગયા.

વાટિકાના છેક પાછળના ભાગમાં એક ઝાંખો દીપ બળી રહ્યો હતો. સુનીધ તેમને તે તરફ લઈ ગયો.

દીપ કોઈ ભૂગર્ભ રચનાના મોં ઉપર સંકેતરૂપે જલતો હોય તેમ લાગ્યું.

તે ત્યાં પહોંચ્યા અને સુનીધે તેમને અંદરના ભાગમાં દોર્યા. અંદર થોડાં પગથિયાં ઊતર્યાં. એક ઝાંખી પ્રકાશકેડી કોઈ મહાન શિલાથી રચાયલા કુદરતી ખંડ તરફ એમને દોરી જતી દેખાઈ.

ખંડ ચારે તરફથી રક્ષાયેલો હતો. બહારથી લેશ પણ દેખાય તેમ ન હતો. અત્યારે ત્યાં દીપકો પ્રકાશી રહ્યા હતા. પણ નવાઈની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત હતી, કોઈ કહેતાં કોઈ માણસ ત્યાં દેખાતું ન હતું! સુનીધ તેમને હજી થોડા આગળ દોરી ગયો.

અજાતશત્રુ જોઈ રહ્યો. તેની સંમુખ કોઈક એ નાનકડી યંત્ર-રચના દેખાતી હતી. પણ એમાં તે કાંઈ સમજ્યો નહિ.

સુનીધ આગળ આવ્યો. એક યંત્રરચનામાં એણે આસપાસથી વીણીને થોડાંક પાંદડાં નાખ્યાં. અને પછી હાથવડે કાંઈક કલ સરખી કરી. પણ એક ક્ષણમાં એ પાંદડાં જાણે પ્રબળ વેગવાળાં તીર ઊડતાં હોય તેમ ઊડયાં! સરર સુસવાટ કરતાં અજાતશત્રુના કાન પાસેથી જ આવાં નીકળી ગયાં. કુમાર આશ્ચર્યમાં બે કદમ પાછો હટી ગયો!

'મહારાજકુમાર!' સુનીધે કહ્યું: 'આ એક પ્રયોગાત્મક શસ્ત્ર-અસ્ત્ર તૈયાર થાય છે!'

'કોણ? તું તૈયાર કરે છે?'

'હા મહારાજ!'

'શું છે એનું નામ?'

'એનું નામ અમે મહાશિલાકંટક આપ્યું છે. હજી એને માટે જોઈતું વજ્જરલોહ આવ્યું નથી. એ આવશે એટલે એ તૈયાર થશે. જ્યારે એ સંપૂર્ણ તૈયાર થશે મહારાજ! ત્યારે તેમાં મૂકેલી એક કાંકરા જેવી તુચ્છ વસ્તુ પણ, મહાશિલાના બળથી એ ફેંકાશે. એમાં એક જ કાંકરો મૂકાશે અને એ એટલા તો વીજળીક બળથી ફેંકાશે કે, સામે સેચનક હાથી પોતે કેમ નથી, એ ઊડીને કયાંયનો કયાંય પડશે! એ આ મહાશિલાકંટક છે! તૈયાર થનાર યંત્રરચનાનું આ તો એક નાનકડું પ્રતીક માત્ર છે.'

હમણાં જે વેગથી એના કાન પાસેથી પાંદડાં ઊડી રહ્યાં હતાં તે અજાતશત્રુ સંભારી રહ્યો.

એને ભારે નવાઈ લાગી. આવી વાત એણે સાંભળી ન હતી. એને આ બન્ને રાજપુરુષોનું માપ સમજાઈ ગયું. એને એમના પ્રત્યે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્ચર્ય થયું. સાન થયું. ચેતવા જેવું પણ લાગ્યું.

તે સુનીધની સામે જોઈ રહ્યો. સુનીધ બે ડગલાં આગળ વધ્યો હતો. નાનકડી એક બીજી પ્રતીક રચના હોય તેવી એક યંત્રરચનાને તે હાથ અડાડીને બોલી રહ્યો હતો.

'આ એક બીજું છે મહારાજ !'

'એ શું છે વળી ?'

'એનું નામ અમે રથમુશળ ઠરાવ્યું છે. આ રચનામાં અશ્વની જરૂર નહિ. રથની જરૂર નહિ. સારથિની જરૂર નહિ. અરે! કોઈ યોદ્ધાની પણ જરૂર નહિ !'

'ત્યારે ?'

'એ અશ્વવિનાનો, સારથિ વિનાનો, યોદ્ધા વિનાનો, શસ્ત્રઅસ્ત્ર વિનાનો, કેવળ એક રથ જ !'

'પણ એનો હાંકનારો ? એ કોણ ?'

'એ રથ પોતે પોતાને હાંકશે. હજારોની સેનામાં એ એકલો ઘૂસશે. સાત્ર ઘૂસશે નહિ, એ મુશળો ફેંકતો જાશે !'

'હેં ? પોતાની મેળે ?' અજાતશત્રુની નવાઈ હવે નવાઈની પણ હદ વટાવી ગઈ હતી.

'મહારાજ ! એ જે *જનસંહાર કરશે તે સહન કરવાનું સૈન્યબળ કોઈની પાસે નહિ હોય. એ આ શસ્ત્ર છે !'

'આ તો અતિ ભયંકર છે !' અજાતશત્રુ આગળ વધીને બન્ને પ્રતીક રચનાઓને નીરખી રહ્યો.

'એટલે જ મહારાજ ! મેં તમને કહ્યું હતું કે આપણે ઉતાવળા આકળા થવાની જરૂર નથી. આપણે તો સમયની પ્રતીક્ષા કરવાની છે. આપણો સમય આવશે !' વર્ષકારે તેનામાં વધારે વિશ્વાસ જન્માવવાની

*અજાતશત્રુના આ બે શસ્ત્રોનો ઉલ્લેખ જૈનોના ભગવતીસૂત્રમાં છે. મહાભારત પછીના આ વૈશાલી–મગધ યુદ્ધને મહાન યુદ્ધ કહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તક પકડી હતી.

'ક્યારે ?'

'ઉતાવળે કાંઈ આંબા પાકે, કુમાર ? આ વસ્તુઓ સુનીધ બરાબર સિદ્ધ કરે એટલી જ વાર. ત્યારે આપણા હાથ અત્યંત બળવાન હોય !'

'પણ એ ક્યારે તૈયાર થશે ? ક્યારે તૈયાર થશે, સુનીધ ?'

'મહારાજ ! એમાં વપરાતું લોહ સિદ્ધ કરવું પડે છે. ઓછામાં ઓછા સાત — ને વધારેમાં વધારે બાર વર્ષ થાય !'

'બાર વરસ ?'

'એ વધુ ખરાં, ઓછાં તો નહિ' સુનીધ કાંઈ ન હોય તેમ બોલ્યો. પણ કુમાર, આ તીવ્ર અસ્ત્રશસ્ત્રથી એવો અંજાઈ ગયો હતો કે એ એમના અક્ષરે અક્ષરને બ્રહ્મવાક્ય ગણવા તૈયાર હતો. એને થયું કે આવાં ભયંકર હથિયાર પાસે હોય — પછી એને માટે કોઈ દુશ્મન બળવાન રહેતો જ નથી.

પણ એણે વર્ષકાર મહાઅમાત્ય અને સુનીધ સેનાપતિના આધારે જ એ મેળવવાં રહ્યાં. બીજો કોઈ ઉપાય ન હતો.

તેણે ઉતાવળે કહ્યું : 'કટાહકને જવાબ વાળીએ મહાઅમાત્યજી ! કે અમે તમારું પગલેપગલું દબાવતા આવીએ છીએ !'

'કેમ જવું છે ?' વર્ષકારે પૂછ્યું.

'જવાનું ? હવે ? આ જાણ્યા પછી ? હોય કાંઈ ? પણ એમ કહો કે સુનીધ આપણને જલદી આનો પરિચય આપે. હવે તો આમાં શું વધારે સામગ્રી જોઈએ તે મને કહો. મારે શું લાવવાનું છે તે બતાવો ! કટાહકને જવાબ આપવાની ખાતર જવાબ આપવાનો. ત્યાં સૌ ઊંઘતા રહે.'

વર્ષકાર મોટેથી હસી પડયો : 'કુમાર ! મેં પણ એમ જ માન્યું હતું. તમે આ જોયાં ન હતાં, એટલે ઉતાવળા થઈ જતા હતા. પણ હવે તમે આ અમોઘ શસ્ત્રઅસ્ત્ર જોયાં છે. ગોપાળની વાત પણ તમે જાણી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કટાહકને જવાબ આપીને મોકલી દો. આપણું પહેલું ધ્યાન હવે વૈશાલી રોકે તેમ છે. જ્યાં ઘર્ષણનું નામનિશાન કોઈ દિવસ દેખાતું ન હતું, ત્યાં આટલું આ ઘર્ષણ આવે, એ વખતે આપણી પોતાની હાજરી ત્યાં અનિવાર્ય છે. મારે ત્યાં જવું જ જોઈએ, કુમાર ! અને તે પણ જલદી.' વર્ષકારે કહ્યું ને પછી ઉમેર્યું : 'વૈશાલીનો મત્રી પણ એ કહે છે. ત્યાં એક બ્રાહ્મણ મિત્ર છે ત્યાં રહી શકાશે. સુનીધ ને તમે આંહીં છો. પંડિત તક્ષકદેવ હશે. આંહીં પણ સંભાળવાનું છે. કાશી નગરીનો હસ્તિમેળો માથે આવે છે. વત્સરાજ ઉદયન ત્યારે ત્યાં ચોક્કસ આવવાનો. એનાથી આપણે ચેતતા રહેવુંપડશે. વખત છે.'

'ચાલો ત્યારે, કટાહકને આપણે રવાના કરી દઈએ.' રાજ-કુમાર બોલ્યો.

'ચાલો.'

થોડી વાર પછી ત્રણે જણા ત્યાંથી બહાર નીકળ્યા, ત્યારે દરેકના મનમાં પોતપોતાની વાત રમી રહીં હતી.

મહામંત્રી ગોપાલની હવે બીજી વાત શું હોઈ શકે એની કલ્પના કરતો વર્ષકાર, વૈશાલી જઈને ઘર્ષણ કેમ વધારવું તેની વેતરણ મનમાં ઘડી રહ્યો હતો.

અજાતશત્રુ પેલાં ભયંકર શસ્ત્રની સિદ્ધિનાં સ્વપ્નામાં રમી રહ્યો હતો !

જ્યારે સુનીધ પોતાનાં હથિયારની અપૂર્ણતા વિષે હજી વધારે શાંતિથી વિચાર કરી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. વૈશાલીને પંથે !

અજાતશત્રુને રાજગૃહ તરફ ઉતાવળે આકળો બનીને દોડતો રોકી શકાયો તે વાતનો મહાઅમાત્યના મનમાં જેવો તેવો સંતોષ ન હતો. રાજગૃહનું પહેલું આંતરઘર્ષણ જ અત્યારે રોકી શકાયું હતું. એ વાત જેવી તેવી ન હતી.

એને તો ભય હતો કે સેચનક જેવો હાથી જવાનો છે એ વાત આવતાં જ રાજકુમાર હાથથી જશે. તે એકદમ રાજગૃહ તરફ દોડયો જ જશે. કોઈનું સાંભળવા ઊભો રહેશે નહિ. અને કાંઈનું કાંઈ કરી નાંખશે. પણ એક પછી એક આવતી પ્રસંગપર પરાએ અને ઇતિહાસ-કથાએ એને એની મર્યાદાનું ભાન કરાવી દીધું. એની મેળે જ એ જતો અટકી ગયો. એનું ગૌરવ પણ સચવાઈ ગયું. હવે સુનીધ તક્ષકદેવ બન્ને હજી આંહીં હતા. એટલે મહાઅમાત્ય વૈશાલીને પંથે પડ્યો, ત્યારે ચંપાનગરીની કે રાજકુમાર વિષેની એના મનમાં લેશ પણ ચિંતા હવે રહી ન હતી.

પણ એનું બધું ધ્યાન લિચ્છવીઓની અદ્‌ભુત નમુનેદાર એકતા ઉપર કેન્દ્રસ્થ થયું હતું. એ જો ન તૂટે, તો મગધ તૂટે એ ચોક્કસ.

એના શ્વેત કમ્બોજ અશ્વો રૂપાની ઘંટડીનો અવાજ આપતા રસ્તા ઉપર વેગથી જઈ રહ્યા હતા. સાથે એનો સારથી ચિત્રસેન હતો. વૈશાલી એકાદ જોજન રહે ત્યાંથી રથને પાછો મોકલી મહાઅમાત્ય એકલો વૈશાલી તરફ આગળ જવાનો હતો.

નાલંદા પાસે એ થોડીવાર થોભ્યા. નાલંદા નાનકડું ગામ. ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફલ્ગુ નદીતટમાં થાક ઉતાર્યો. કેટલાક બૌદ્ધ ભિખ્ખુઓ આમ તેમ જતા આવતા એણે જોયા. *નાલંદા વિદ્યાલયની એ વખતે કાંઈ કીર્તિ ન હતી. પણ કેટલાક વિદ્વાન કુટુંબો પ્રાચીન વિદ્યાને સાચવીને ત્યાં બેઠાં હતાં.

મહાઅમાત્યને ઊતરવાનો વખત ન હતો. નહિતર એક બ્રાહ્મણને એ મળવા માગતો હતો. એ બ્રાહ્મણ પાસે અદ્ભુત જ્યોતિષ વિદ્યા હતી. જમીન, હવા, પાણી અને આકાશને જોઈ ને એ કોઈ સ્થળનું એવું તો ભવિષ્ય કહેતો કે સાંભળનારા જાણે એને પ્રત્યક્ષ બનતું જોઈ રહેતા !

પોતે જે મહાન દુર્ગ અને નગરરચના કરવા માગતો હતો તે સ્થળ ગંગા શોણ નદીના કિનારા પર હતું. ત્યાંથી ઉત્તર દિશામાં વૈશાલીની સામે જ એ હતું. વૈશાલી કોઈ વખત ગંગા પાર કરીને રાજગૃહનો રાજમાર્ગ પકડી અચાનક હલ્લો લાવી ન બેસે તે માટેની આ પૂર્વ તૈયારી હતી. શ્રાવસ્તીથી સાત જોજન પર રાજા પ્રસેનજીતે વસાવેલા સાકેતનો આ પ્રત્યુત્તર હતો.

હજી તો મહાઅમાત્યે માત્ર સ્થાન નક્કી કર્યું હતું. પણ નાલંદાના પેલા વિદ્વાન બ્રાહ્મણે એ જોઈને જ કહ્યું હતું કે આ સ્થાન એક સહસ્ર વર્ષ સુધી ચક્રવર્તી પદ ભોગવશે. ત્યાં ભારતવિખ્યાત નરપુંગવો થશે. દેશભરની સંસ્કૃતિને એ પોષશે.

અત્યારે પોતાને ઉતાવળ હતી. વળી વૈશાલી હમણાં હમણાં મગધની રજેરજ હકીકત મેળવતું રહેતું. એટલે સ્થાન ઊભું કર્યા પહેલાં કોઈને શંકાનું કારણ આપવું નહિ, કરીને નાલંદાને બાજુ પર રહેવા દઈ મહાઅમાત્યનો રથ કોટિગ્રામની દિશામાં આગળ વધ્યો.

પોતે સ્થાપવા ધારેલા પાટલીગ્રામ અને વૈશાલીની વચ્ચે કોટિગ્રામ એક સુંદર સમૃદ્ધ નાનું રળિયામણું સ્થાન હતું. ત્યાંની એક

---

*न अलम् दा = જેને આપતાં સંતોષ થતો નથી, હવે શિષ્યો માટે ઘણું —અલમ્ થયું, એમ જે વિદ્યાધામને થતું નથી, તે નાલંદા. ત્યાંના પ્રાવારિક આમ્રવનમાં સારિપુત્ર–તથાગતનો સંવાદ થયેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ્રકુંજમાં વર્ષકારે રાતવાસો કર્યો.

વૈશાલીમાં શી હવા ચાલી રહી છે તેની કાંઈક માહિતી મળે તો મેળવી લેવા માટે ચિત્રસેન ગામ તરફ ગયો.

ગ્રામ પાસે જ હતું. થોડીવારમાં જ એ ઉતાવળો ઉતાવળો પાછો આવ્યો.

'કેમ ચિત્રસેન! તું કાંઈ સમાચાર લાવ્યો લાગે છે. તારા ચહેરા ઉપર એ કોતરાઈ ગયા છે. શું છે? શું સાંભળ્યું તેં?'

'દેવ! એક *નાપિત પોતાની વાત કહી રહ્યો હતો!'

'શું?'

'એ વૈશાલી નગરીમાં પોતાના કોઈ આપ્તજનને મળવા ગયેલો. તે દિવસે એ માણસને તેડવા માટે મહાનમન લિચ્છવીનો કોઈ માણસ આવેલો. એની પુત્રીના નખ લેવરાવવા હતા!'

'એની પુત્રી એટલે તો આમ્રપાલી!'

'હા. એ પણ એ જ નામ આપતો હતો. અમ્બપાલી. આ નાપિત તો કોઈ સ્વપ્નઘેલછામાં પડેલા માણસ જેવો દેખાતો હતો, ને લોકો તાલીઓ પાડીને તેને હસતા હતા!'

'પણ હતું શું?'

'બીજું કાંઈ નહિ. જે આપ્તજનને ત્યાં એ ગયો હતો તે કાંઈ કામમાં હશે, એટલે આ ભાઈ અમ્બપાલીના નખ લેવા ગયા!'

'હા......'

'પણ એનુ એ રૂપ જોઈને, જાણે કોઈ સ્વપ્નમાં પોતે પડ્યો હોય તેવું આનું થઈ ગયું છે. એ સ્વપ્નમાંથી હવે એ જાગી જ શકતો નથી. લાલ કમલનો અસલી રંગ દર્શાવતા એ સુંદર નખ જોઈને જ આ કોટિગ્રામના નાપિત ભાઈ ગાંડા જેવા થઈ ગયા છે!'

વર્ષકાર વિચાર કરી રહ્યો. આ વિશ્વમોહન રૂપરાશિ વૈશાલીના

*હજામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશ માટે જ નહિ હોય? તો તો પોતે સમયસર જઈ રહ્યો હતો. ત્યાં તો ચિત્રસેન બોલ્યો :

'આખી વૈશાલી નગરી પણ કહે છે, હાલકડોલક થઈ ગઈ છે!'

'કેમ કેમ? શું છે ત્યાં?'

'બંધુલ નામે કોઈ, ...,'

'હા, હા, બંધુલ છે. મલ્લોનો સેનાપતિ છે. રાજા પ્રસેનજીત, આ બંધુલ અને એક મહાલી......'

'મહાલી? હા હા, મહાલીનું નામ પણ ત્યાં લોકોમાં બોલાતું મેં સાંભળ્યું!'

'શી વાત થઈ રહી હતી?'

'આ મલ્લોના સેનાપતિ બંધુલે વૈશાલીમાં આહ્વાન મોકલ્યું છે!'

વર્ષકાર ઊંચો નીચો થઈ ગયો. તેને લાગ્યું કે પોતે નાલંદાના પેલા દૈવજ્ઞને મળ્યો હોત તો ઠીક હતું. એ પ્રકાશ આપત. આ સમાચાર એને માટે આવકારદાયક હતા.'

'કોણે બંધુલે આહ્વાન મોકલ્યું છે? શાનું આહ્વાન મોકલ્યું છે?'

'બંધુલ મલ્લે કહેવરાવ્યું છે કે વૈશાલીની ખુદ *અભિષેક પુષ્કરિણીમાં મારી પત્ની મલ્લિકાને સ્નાન કરવાનો દોહદ જાગ્યો છે...'

'અરે! ખરેખર? ચિત્રસેન! આ વાત કોટિગ્રામમાં લોકો કરી રહ્યા છે?'

'હા દેવ! માત્ર વાત જ નથી કરી રહ્યા. કેટલાક તો વૈશાલી જવા માટે રથ ગાડાં ઘોડાં તૈયાર કરે છે. બંધુલ મલ્લ એક સહસ્ર સૈનિક લઈને આવવાનો છે. એણે કહેવરાવ્યું છે હું ગમે તે પળે આવીશ. મલ્લિકાદેવીનો દોહદ પૂરો કરીશ. અને ચાલ્યો જઈશ!'

'લિચ્છવીઓ એને પૂરા પડે તેમ છે!'

---

* ત્યાં રાજાનો અભિષેક થતો. તે સ્નાન કરી શકતો. બીજા માટે એ ખુલ્લું ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એમ લાગે છે દેવ! મહાલીએ આ આહ્વાન ઉપાડી પણ લીધું છે. ને કોટિગ્રામમાંથી સેંકડો માણસો આ દ્વંદ્વયુદ્ધ જોવા ત્યાં જવાના છે. વૈશાલીમાં પાકો બંદોબસ્ત થઈ ગયો છે. કોઈ અજાણ્યાને એકદમ પ્રવેશ મળતો નથી. ચારે તરફ પુષ્કરિણીઓને જાળવવા સૈનિકો રાત-દિવસની જાગ્રત ચોકી રાખી રહ્યા છે!'

'એટલું બધું થઈ ગયું છે?'

'હા દેવ! કોટિગ્રામમાં આ વાત ચાલે છે!'

વર્ષકારને થયું કે પોતે સમયસર આવ્યો છે. વૈશાલીમાં એક ઘર્ષણ ઊભું થાય છે. આ આહ્વાન આવ્યું છે. ત્યાં ગયે કાંઈક વધુ વાત મળશે. પણ વૈશાલીમાં પ્રવેશ મેળવવા એણે કોઈ વિદેશી શ્રેષ્ઠીનો સ્વાંગ સજવો પડશે. આગળ જતાં એકાદ અશ્વ લઈ લેવો રહેશે. કેટલીક સુંદર અદ્ભુત કારીગરીવાળી વસ્તુઓ ને અલભ્ય રત્નો તો એની પાસે હતાં જ.

તે રાત ચિત્રસેન ને વર્ષકાર ત્યાં આમ્રવનમાં જ રહ્યા. રાત આખી એમણે ઘોડાં, રથ, હાથી, ગાડાં વૈશાલી તરફ જતાં જોયાં.

સવારે ઊઠીને વર્ષકારે સામાન્ય શ્રેષ્ઠીનો વેષ સજ્યો. કોઈ જાણે નહિ કે આ શ્રેષ્ઠી નહિ હોય. પોતે દેશવિદેશની મુસાફરીએ નીકળ્યો હોય તેવો દેખાતો હતો.

ચિત્રસેનને એણે ત્યાંથી વિદાય આપી. કોઈ ને કોઈ સંદેશ-વાહક એ ચાર દિવસે ચંપા નગરી બાજુથી આ કોટિગ્રામમાં આવે ને આ આમ્રકુંજમાં થોભે.

પોતાને કોઈ સંદેશો આપવો લેવો હશે, તો તે આંહીંથી મળશે. એવી નિશ્ચિત યોજના તેણે ચિત્રસેનને સમજાવી.

આવી રીતે નિર્ણય થયો કે તરત ચિત્રસેનનો રથ ચંપાનગરીને માર્ગે રવાના થયો.

એ અદૃશ્ય થયો એટલે વર્ષકાર એકલો વૈશાલીને પંથે આગળ વધ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. વર્ષકારે જોયેલું વૈશાલીનું દૃશ્ય

વર્ષકાર વૈશાલી જવા માટે નીકળ્યો. ત્યાં એના રસ્તામાં નાટિકાગ્રામ આવતું હતું. નાટિકાગ્રામમાં ઈંટોની બનાવેલી એક અતિથિશાલા, 'ગિંજકાવ વસથ' હતી. એ એના ધ્યાનમાં હતું. એને એકાદ અશ્વ પણ લેવો હતો. એટલે એણે ત્યાં નાટિકાગ્રામમાં એકાદ દિવસ થોભી જવાનો વિચાર રાખ્યો હતો.

પોતે ચંપાનગરીથી નીકળ્યો ત્યારે કેટલીક ખરેખર અદ્ભુત સુંદર રત્ન વસ્તુઓ એ સાથે લાવ્યો હતો. વૈશાલીમાં વિદેશી શ્રેષ્ઠીનો સ્વાંગ રાખવા માટે એ જરૂરી હતી. નાટિકાગ્રામમાંથી એણે એક અશ્વ લઈ લીધો.

એને વૈશાલીમાં થોડો વધારે વખત ગાળીને પણ એની રજરજ માહિતી મેળવી લેવી હતી. એનો એક બ્રાહ્મણ મિત્ર ત્યાં હતો. તેને શ્રમણ ગૌતમની વાતોમાં રસ હતો. અને વર્ષકાર પાસે એની ઘણી વાતો હતી. એટલે થોડા દિવસ વૈશાલીમાં ગુપ્ત રહી શકાય તેવી ગોઠવણ હતી. ત્યાંના સત્રીએ પણ એ કહેવરાવ્યું હતું. એને ખાત્રી થઈ ગઈ હતી કે એ નગરી એકલી, આખા મગધદેશને હંફાવે તેવી શક્તિ ધરાવે છે. સંગઠન તો એ નગરીનું જ.

અને હજી તો એનો સેનાપતિ સિંહનાયક બીજાં ગણતંત્રોને તેમ જ રાજતંત્રોને પોતાની સાથે લેવા મથી રહ્યો હતો. મગધની સામે એક અત્યંત બળવાન જૂથ ઊભું થતું હતું. પોતે સુનીધનાં શસ્ત્રઅસ્ત્ર કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપતાં થાય તેની રાહ જોઈ રહ્યો હતો એ ખરું. પણ એ ભવિષ્યની વાત હતી. એટલે અત્યારે તો વૈશાલી–રાજગૃહ એક બીજાને માટે કોયડા-રૂપ બન્યાં હતાં.

કોણ પહેલો ઘા કરી દે છે એ વસ્તુસ્થિતિમાં એક અદ્ભુત રોમાંચક ઇતિહાસની પળ સૂતેલી હતી.

વર્ષકાર મહાઅમાત્યે નાટિકાગ્રામને પણ ઉત્સાહની ને આશ્ચર્યની છોળમાં નહાતું જોયું.

કોશલ–શ્રાવસ્તીનો મહાબળવાન સેનાપતિ બંધુલ મલ્લ આહ્‌વાન આપીને વૈશાલી આવવાનો છે એ સમાચાર નાટિકાગ્રામમાં પણ ફેલાઈ ગયા હતા. ઠેર ઠેર માણસોનાં ટોળાં એ જ વાત કરી રહ્યાં હતાં.

વર્ષકાર ગામમાં નીકળ્યો તો બધે એ જ વાત થઈ રહી હતી. બધા પોતપોતાના ધંધા રોજગાર છોડીને આ વસ્તુનો અંત જાણવા આતુર હતા.

વર્ષકારે એક સાળીને પોતાના અશ્વની ભલામણ કરી. પોતે નાટિકાગ્રામમાં વધારે ઝીણવટભરી તપાસમાં પડ્યો. એક નાપિતના હટ્ટે ગયો. બધે બંધુલની જ વાત ચાલી રહી હતી.

પણ બંધુલ મલ્લ હતો. અને મલ્લગણતંત્ર તો વૈશાલી સાથે એકરૂપ થઈ ગયું હતું. તેના નવ પ્રતિનિધિઓ તો વૈશાલી સંથાગારમાં પણ બેસતા હતા. પણ બંધુલે મનદુઃખથી, મલ્લરાજધાની કુશિનારા તજ્યું ત્યારથી એ કોશલ દેશમાં સેનાપતિ હતો. રાજા પ્રસેનજીત એની સાથે જ તક્ષશિલા વિદ્યાલયમાં ભણ્યો હતો. એવી જ રીતે વૈશાલીનો એક મહાન ધનુર્ધર મહાલી સહપાઠી હતો. બંધુલે આહ્‌વાન આપ્યું હતું. તે વૈશાલી આવવા માગતો હતો. અભિષેક પુષ્કરિણીમાં સ્નાન કરવાની પોતાની પત્ની મલ્લિકાની દોહદ ઇચ્છા પૂરી પાડવા માટે એ આવતો હતો. રાજા પ્રસેનજીત વૈશાલી સાથે કોઈ રીતે બગાડવા માગતો ન હતો. એટલે બંધુલનું આવવું એ એક વ્યક્તિગત મહાન સાહસ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષકાર મહાઅમાત્ય તો એનો લાભ કેમ ઉઠાવાય એ વિચારમાં પડી ગયો હતો.

કારણ કે એ ખરેખર આવે તો શું થાય ? વૈશાલીની અભિષેક પુષ્કરિણીમાં માત્ર વૈશાલીના રાજકર્મચારીઓનો અભિષેક સ્નાનવિધિ થતો. બીજા કોઈનો—કોઈ લિચ્છવીનો પણ—ત્યાં પગપેસારો કરવાનો અધિકાર ન હતો.

એ પુષ્કરિણીના જલને પવિત્ર માનવામાં આવતું. એ મંગલ અભિષેક વખતે વપરાતું. આકાશનું ઊડતું પંખી પણ એમાં ચાંચ બોળી ન જાય માટે આખા જલસરોવર ઉપર સુવર્ણની બારીક જાળી રહેતી. તેમ જ બીજી રક્ષિત લોહ જાળી બધે પથરાયેલી હતી. એની ચારે તરફના ઉદ્યાનમાં જાગ્રત દૌવારિકો રહેતા. સરવરની બાજુ ઉપરની સ્ફટિકરત્ની અદ્ભુત હૈયારખીને રક્ષતા, સેંકડો સૈનિકો ત્યાં ઉઘાડી તલવારે ચોવીસે ઘંટાની ચોકી ભરતા !

એવી એ અભિષેક પુષ્કરિણીમાં સ્નાન કરવા આવવું એ સાહસની અવધિ હતી.

બંધુલ મલ્લે એ આહ્વાન આપ્યું હતું. એક સહસ્ર સૈનિકો લઈને એ આવવાનો હતો. વૈશાલીમાં આ સમાચાર આવતાં ત્યાં આ સંબંધે કંઈક વાતો થતી હોવી જોઈએ.

નાટિકાગ્રામમાં ફરતાં વર્ષકારે જાણ્યું કે આંહીંથી પણ સેંકડો જુવાનો વૈશાલી તરફ જવા માટે ઉત્સુક થઈ ગયા હતા.

આનો અર્થ એ કે વૈશાલીમાં આ એક નવી વર્ણણની વાત આવી હતી. મહાઅમાત્યને એમાં રસ હતો. હવે એણે જલદી વૈશાલી પહોંચી જવું જોઈએ.

બીજે દિવસે જ તે વૈશાલી તરફ જવા માટે ઊપડ્યો.

રસ્તે *કર્માન્તમાં કોઈ દેખાય કે એ એની સાથે વાત કરવા થોભે. વૈશાલી સંથાગારમાં પણ મલ્લ બંધુલનો પ્રશ્ન ચર્ચાવાનો હતો એ

*ખેતર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે રસ્તામાં જ જાણ્યું.

સંથાગારમાં કોઈના અતિથિ તરીકે પણ જો બેસવાની તક મળે તો તેને એ પકડવી હતી. એનો બ્રાહ્મણ યજમાન પણ સદસ્ય તો હતો. એના અતિથિ તરીકે જ તક મળી જાય. તે પણ ત્યાં પહોંચ્યે ખબર પડે. વખતે ઘણો આકરો બંદોબસ્ત થઈ ગયો હોય. તેણે વૈશાલી તરફ જવા માટે ઝપાટાબંધ અશ્વને આગળ ચલાવ્યો.

વૈશાલીથી ઠીક ઠીક દૂર વૈશાલીની ચારે તરફ ચૈત્યો હતાં. એમાં યક્ષપૂજા થતી. એવા એકાદ ચૈત્યના ઉદ્યાનમાં–કોઈ ×આરામવત્થુમાં એ રાત ગાળી કાઢવા માગતો હતો. તો વહેલી પ્રભાતે જ એ વૈશાલી નગરીમાં પહોંચી જાય. પ્રભાતમાં શંકાને ઓછો અવકાશ હોય. વૈશાલીની ઉત્તર પશ્ચિમ દિશામાં આવેલા સતમ્બક ચૈત્ય તરફ વર્ષકારની દૃષ્ટિ હતી. એમ તો એ ચાર વખત એણે વૈશાલીની ઊડતી મુલાકાત લીધી હતી, એટલે એ ચૈત્ય પાસે એક ઉદ્યાન છે, ત્યાં સુંદર પુષ્કરિણી છે, કોઈ દેવસ્થાન પણ છે, એ એને ખબર હતી. તે તરફથી મલ્લદેશના કુશિનારાનો રસ્તો નીકળતો હતો. મલ્લનો કોઈ આગંતુક આવ્યો હોય તો તે પણ ત્યાં ભેટી જાય એવો સંભવ હતો. સતમ્બક ચૈત્ય તરફ એણે ઘોડો લીધો.

વર્ષકાર આ ચૈત્યમાં પહોંચ્યો ત્યારે સાંજ પડવા આવી હતી. ઝાંખો દીવો દેવસ્થાનમાં બળી રહ્યો હતો, આખા સ્થાનમાં અત્યારે કોઈ હોય તેવું લાગ્યું નહિ.

રાજગૃહ શ્રાવસ્તીના આવા નિર્જન રસ્તા ઉપર તો પાંચસો પાંચસો લૂંટારાનાં ટોળાં ફરતાં હોય એટલે એવી કોઈ જગ્યાએ નગરીની બહાર આ પ્રમાણે રાત રહેવું પડે તો લૂંટાઈ જવાનો ભય હતો. પણ આંહીં વૈશાલીમાં કોઈ લૂંટારાનું નામનિશાન ન હતું. ચોરી કોઈ જાણતું નહિ. વ્યભિચારીને ઓળખતું નહિ. હા, જીવનમાં રંગરાગ

× ઉદ્યાનમાં આરામનું મકાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણો હતો. વૈશાલીની આ વિશેષતા પણ અત્યારે મહાઅમાત્યને એના બળમાં પાયા રૂપે જણાઈ.

એણે પોતાનાથી થોડે દૂર એક શિલા ઉપર કોઈ એક બીજા માણસને બેઠેલો જોયો. પણ એ કોઈની પ્રતીક્ષામાં તલ્લીન જણાયો. એણે એને જોયો હોય તેમ લાગ્યું નહિ.

એ લિચ્છવી હોય તેમ લાગ્યું. એની ચામડીનો સોનેરી રંગ, અનેક રંગી એની વસ્ત્રભુષા, એની સિંહ જેવી નીડર આકૃતિ, વર્ષકારને લાગ્યું કે એ વૈશાલીનો જ કોઈ અધિકારી માણસ જણાય છે. પોતે પ્રગટ થયો વિના તેની પાસેથી કાંઈક વાત મેળવવી જોઈએ.

વૈશાલીની બહાર એક મહાવન હતું. જોજનો વિસ્તારમાં ફેલાયલું એ મહાવન લિચ્છવીઓનું પ્રિયમાં પ્રિય સ્થાન હતું. એ મહાવનમાં પ્રભાતે પેઠેલો માણસ છેક સાંજે બહાર નીકળે તો પણ તેને થાક ન લાગે, કે કોઈ જાતની ખામી ન જણાય. એવાં સુંદર આમોદ, પ્રમોદ, વિનોદનાં સ્થાનો એમાં હતાં. દર પ્રભાતે પોતાના જબરજસ્ત સિંહ સિંહ જેવડા મહાન શ્વાનોને લઈને સુંદર કામ્બોજ અશ્વો ઉપર બેસીને આ મહાવનમાં રખડવા નીકળવું, એ લિચ્છવીઓ માટે નિત નિતનો ઉત્સવ હતો. બીજે આખા ભારતભરમાં ઉત્સવોના અમુક દિવસો હતા. હસ્તી ઉત્સવ, કૌમુદી મહોત્સવ, સર્વરતિ ઉત્સવ, વસંત ઉત્સવ. પણ વૈશાલીમાં તો દરેકને માટે દરે પળે ઉત્સવ જ હતો! લિચ્છવી જુવાન અશ્વ ઉપર બેસે, કે રથે ચડે, ધનુષ ખભે ગોઠવે, એનો પરમવિશ્વાસુ શ્વાન સાથે નીકળે કે એનો ઉત્સવ શરૂ થાય! આ નગરી જ જાણે કેમ ઉલ્લાસની નગરી હોય! આંહીં કોઈએ કોઈ દિવસ શોક જાણ્યો જ ન હતો. આંહીં તો મરણ પણ ઉત્સવ.

એના એવા કોઈ વિધિ નિષેધ નહિ કે એનો ભાર લાગે. માણસ મરણ પામે, એને બાળે, દાટી દે, પશુપંખીના મહોત્સવ માટે શબને ખુલ્લું ફેંકી દે—લિચ્છવીને મન બધી વાત સરખી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર એ મરણ વીર મરણ હોવું જોઈએ, કાયરનું નહિ. એટલી જ વાત મુખ્ય હતી. વર્ષકારને ખબર હતી કે આ મહાવનને લીધે છુટાછવાયા વૃક્ષ ઝૂંડોનો પણ વૈશાલીની આસપાસ પાર ન હતો. ઠેર ઠેર એ દેખાતાં. ચૈત્યના પાછળના ભાગમાં ઠીક ઠીક દૂર જઈને એવા એક ઝૂંડને આધારે એણે પોતાના અશ્વને રાખી લીધો. પછી શિલા ઉપર બેઠેલા પેલા લિચ્છવીની પાસે આવવા માટે તે નીકળ્યો.

એણે મગજમાં ખાંખાં ખોળાં કરીને સંભાર્યું. પણ એને ક્યાંય જોયો હોય તેવું લાગ્યું નહિ. પોતે બે ત્રણ વખત વૈશાલીમાં આવી જઈને અછડતો ચાલ્યો ગયેલો હોય, એટલે એમાં થોડા મહાન ગણતંત્ર અધિકારીઓ સિવાય બીજાના ચહેરા બહુ યાદ પણ રાખી શક્યો ન હતો. એવા કોઈ ખાસ મહત્ત્વના અધિકારપદનો આ માણસ હોય એમ એને યાદ ન હતું. હવે તો મોંસૂઝણું પણ બંધ થયું હતું. એટલે એ કોણ છે તે તરત કળવું મુશ્કેલ હતું.

પણ વર્ષકાર પાછો આવ્યો ત્યારે એણે ત્યાં કોઈને ય જોયો નહિ !

એને લાગ્યું કે એ ચાલ્યો ગયેલો હોવો જોઈએ. પણ એટલામાં એ પોતે ધ્રૂજી ઉઠે તેવો, કર્કશ, ભયંકર જણાતો, દુનિયા આખીને માટે કેવળ ઉપહાસભરી બેદરકારી રાખતો હોય તેવો, છતાં શક્તિશાળી, ન ભુલાય તેવો એક અવાજ એને કાને આવ્યો: 'એ મહાનમન ! એ લિચ્છવી ! કયાં છો તું ? કેમ બોલતો નથી ? લોક ભી કૈસે ડરપોક હોતે હે ? મૈં બોલતા હૂં—મૈં . . . અચેલ કોરમટ્ટક !'

વર્ષકાર અવાજ સાંભળતાં ચમકી ગયો. જે દિશામાંથી અવાજ આવતો હતો તે દિશામાં તેણે જોયું. આખી દુનિયા જાણે જડ હોય તેમ, કોઈની પણ દરકાર ન કરતો હોય તેવો, એક ઊંચો, પડછંદ, તદ્દન નગન આદમી ત્યાં ઊભેલો જણાયો. તેની જટાજુટ શરીર ઉપર ફેલાયલી પડી હતી. તેના હાથમાં કાંઈ જ ન હતું. શરીર ઉપર કાંઈ ન હતું. પોતે પૃથ્વી ઉપર કેવળ એક વૃક્ષ હોય તેમ એ ઊભો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષકારને સાંભર્યું, વૈશાલીમાં એક પ્રભાવશાળી નગનનું ઘણું માન હતું. આ એ જ માણસ હોવો જોઈએ. એટલામાં એણે ફરીને મોટેથી સાદ કર્યો : 'અરે ! એ મહાનમન ! બોલ તો સહી, કે મૂંઝાઈ ગયો છે ?'

પણ વર્ષકાર એનું આ વાક્ય સાંભળતાં વધારે ચમકી ગયો. એ જે મહાનમનને બોલાવી રહ્યો હતો તે મહાનમન—આમ્રપાલીનો પાલિત પિતા તો ન હોય ? એમ હોય તો તે લો શિલા ઉપર બેઠો હતો તે જ, મહાનમન હોવો જોઈએ.

વર્ષકારને કાંઈક નવી નવાઈ જેવી જાણવાલાયક વાત જણાઈ. તેણે એકદમ એક વૃક્ષને આધારે એક મોટા થડની પાછળ જ પોતાની જાતને સંતાડી દીધી.

એટલામાં બીજી તરફથી કોઈ આવતું જણાયું. વર્ષકારને લાગ્યું કે એ જ મહાનમન હોવો જોઈએ. તે પોતે અસંત શાંત ઊભો રહી ગયો.

થોડીવાર થઈ ત્યાં એ આવી રહેલો માણસ પેલા નાગા અચેલ કોરમટ્ટક તરફ જતો જણાયો. વર્ષકારને લાગ્યું કે મહાનમન આમ્રપાલી સંબંધેની વાતનો તોડ મેળવવા માટે જ આવેલો હોવો જોઈએ. વૈશાલીના આ અદ્ભુત નગન જોગંદરની એક અનોખી જ વાત ચાલતી હતી તે એને ખબર હતી. એ સદા અને સર્વકાલ 'માતા ધરતીના ખોળામાં રમતા બાળક જેવો જ રહેતો. રંગબેરંગી વસ્ત્રોને રાખતા લિચ્છવીઓને જોઈને એ મોટેથી હસી પડતો ! કહેતો 'માતા કે સામને બાલક બન કર રહો, બાલક બન કર રહો, ઈતને પુરુષાર્થ કે દેખાવ કયું કરતે હો ? વો માતા એક પલ મેં એક સહસ્ર વૈશાલી કુ અપની ગોદ મેં લે સકતી હય ! બાલક બન કર રહો, બાલક બન કર રહો !'

એ સદા આંહીં મહાવનમાં ને જંગલોમાં ફર્યા કરતો. કેટલાક એને યક્ષ દેવ જ ગણતા. એ જે હોય તે, પણ એની જ્ઞાનધારા તો નવી નવાઈની હતી. એને અનાજ ખપતું નહિ. એ માંસભોગી હતો. મદ્યને એ પાણી માનતો. વૈશાલીના ચારે દિશાના ચારે ચૈત્યોની હદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર એ કદી પગ પણ મૂકતો નહિ. એ જીવનભરનો અદ્દભુત બ્રહ્મચારી હતો.* એ પોતે જ પોતાનો પંથ, અનુયાયી, શિષ્ય ને ગુરુ હતો. પણ વૈશાલીમાં જ્યારે પણ કોઈ સંકટ આવે, તો તે વખતે એને ઘણા પૂછવા આવતા. એવો એનો પ્રભાવ હતો. આજે મહાનમન લિચ્છવી એટલા માટે જ આંહીં આવેલો હોવો જોઈએ. વર્ષકારે એને પેલા નગન તરફ જતો જોયો. પોતે પણ ધીમે ધીમે ગુપચુપ એની પાછળ પાછળ ચાલ્યો.

મહાનમનને આવેલો જોઈને નગન જોગંદર મોટેથી બાળકના જેવું રમતિયાળ હાસ્ય હસી પડ્યો. ‘ ક્યું મહાનમન ! મ ને તુમકુ ચેતાયા થા, યે બાલિકા તારી, એક વખત તો વૈશાલી કુ ભારતભર મેં પ્રખ્યાત કરેગી. ઔર ફિર નગરી કુ ઉજ્જડ ભી બનાયેગી. યે હી સમય સામને ખડા હો ગયા હૈ કિ નહિ ? તને વર્ષો પહેલાં તારા આમ્રવનમાંથી જડી હતી તે જ આ લડકી છે નાં ? ’

‘ હાં ભન્તે યક્ષદેવ ! એ જ. ઔર યે હી સમય આ ગયા ! ’

‘ બોલ, ક્યું આયાં હો ? ક્યા બાત હય ? ’

‘ આમ્રપાલીને લિચ્છવી ગણસભા આદેશ આપવા માગે છે. એમ વાત ચાલે છે, ’

‘ કે ? ’

‘ જનપદકલ્યાણી બનીને એ વૈશાલીને ગૌરવ અપાવે. નગરશોભિની બને. પ્રવેણી પુસ્તકમાં આ આદેશ છે. આનો ભંગ થાય તો વૈશાલીમાં મહામારી ફાટી નીકળે ! એ વાત સાચી ? મહામારી ફાટી નીકળે ? વૈશાલીમાં મહામારી ફાટી નીકળે ? તો તો મારું જીવ્યું . . . ’

‘ ઓહો ! યે હી વાત હય ? તો તુમ નગરી છોડ કર ચલે જાઓ ! ’ મહાનમન ઘડીભર બોલ્યો નહિ. પછી બોલ્યો ત્યારે એનો અવાજ ભારે હતો.

‘ હું વૈશાલીને તજું ? ભન્તે નગનદેવ ! આ વાત કોઈ દિવસ

---

* વૈશાલી અભિનંદન ગ્રંથને આધારે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બને ? એ કદી બનવાની નથી. વૈશાલી તો મારી માતા છે. એણે મને રમાડયો છે. એને હું તજું ? કદાપિ નહિ !'

અચેલ કોરમટ્ટક ફરીને મોટેથી હસી પડયો. એને આમ અકારણ મોટેથી હસતો જોવો, એ એક રોમાંચકારી અનુભવ હતો. આવી રીતે એ હસતો ત્યારે લાગે કે હવા, પાણી, ધરતી, વૃક્ષ, છોડવા, ફૂલ, બધાં જાણે એની સાથે હસે છે ! ખરેખર આ માણસની પાસે મોટામાં મોટી સિદ્ધિ આ હતી. હસવાની. એના હાસ્યમાં જ હજારો શબ્દો હતા. અને એ હજારો શબ્દોમાં લાખો અર્થો હતા. એને માત્ર સમજ-વાવાળા જ સમજતા.

મહાનમનને કોરમટ્ટકના હાસ્યમાં સમજણ પડી નહિ. પોતે વર્ષો પહેલાં, એક સુંદર પ્રભાતે, અત્યંત રમણીય કુંદપુષ્પની કળી હોય તેવી, એક ગુલાબી બાલિકાને પોતાની આમ્રવન વાટિકામાં જોઈ. કોઈ એને ત્યાં મૂકી ગયું હતું. કોણ મૂકી ગયું એ એને ખબર ન હતી. પણ આકાશમાંથી જાણે કોઈ રસળતી સોનેરી વાદળી આવી હોય, અને એને છાના પગરવે આંહીં મૂકીને ચાલી ગઈ હોય, એવી સુંદર એ બાલિકા હતી. જાણે કે કોઈ નભકન્યા જલબિંદુમાં રમવા આવી હોય ! એ અકારણ હસી રહી હતી ! લિચ્છવી મહાનમને એને પોતાની પાલિકા પુત્રી કરીને રાખી. આજે એની અત્યંત સુંદર મોહક તરુણા-વસ્થા જોઈને વૈશાલી નગરીમાં મોટો કોલાહલ જાગ્યો હતો. મહાન પક્ષો પડયા હતા.

'આમ્રપાલી જનપદકલ્યાણી થાય !' 'આમ્રપાલી નગરશોભિની રહે' 'આમ્રપાલી વૈશાલી નગરીને ગૌરવ અપાવે' 'આમ્રપાલી ભારતભરમાં માન મુકાવે' 'આમ્રપાલીનું નામ અમર થાય !' ઠેર ઠેર તરુણ લિચ્છવીઓની આ વાત હતી. આ માગણી હતી.

પણ મહાનમન લિચ્છવી અત્યંત ગૌરવશીલ, સ્વતંત્ર, ભારે સ્વમાની પુરુષ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની આમ્રપાલી કોઈ મહાન ગણતંત્રની શાસન અધિકારિણી થઈ શકે તેવી પ્રભાવશાળી હતી. તેને જનપદકલ્યાણી રાખવાનો આ ગણતંત્રને શો અધિકાર હતો ? લિચ્છવીઓને શો હક્ક હતો ?

એણે ગૌરવથી આ વાતને નકારી હતી. વૈશાલીનો મહાધનુર્ધર મહાલી એને પક્ષે હતો. અચેલ કોર–મટ્ટક નગનદેવમાં એને શ્રદ્ધા હતી. એ એને પૂછવા આવ્યો હતો. પણ કોરમટ્ટકના હાસ્યમાં શું સમજવું એ એને જ સમજાતું ન હતું !

'શું સમજવું ભન્તે નગનદેવ ! પ્રવેણી પુસ્તકનો આદેશ છે. એ આદેશનો ખુદ રાજા, ઉપરાજા, સેનાપતિ કોઈ ભંગ કરી શકતા નથી. કોઈ દિવસ કોઈએ ભંગ કર્યો નથી !'

'માત્ર એક જ જણ એ ભંગ કરી શકે છે મહાનમન !' અચેલ કોરમટ્ટક પ્રભાવથી બોલ્યો.

'કોણ ? . . . . . .'

'મા–ધરિત્રી અને મા–નારી. એ બે સરખાં છે. મા–ધરિત્રી, એક સહસ્ર વૈશાલીને એક પળમાં પોતાના ખોળામાં પ્રેમથી પોઢાડી દે–ન એને કોઈ શબ્દ કહે. ન એની સામે ઉપાલંભનો હરફ બોલે. એ એનો અધિકાર છે. આંહીં પણ મા–નારીને એકને જ અધિકાર છે. પ્રવેણી પુસ્તકનો આદેશ જે એ સમજે તે. બીજો નહિ. મા–નારીને બોલવા દો !'

મહાનમનના અંતરમાં અજવાળું અજવાળું થઈ ગયું. એક જ વાક્યમાં એને આ નગનદેવ *કોર–મટ્ટકે કેટલો બધો પ્રકાશ આપી દીધો હતો !

તે બે હાથ જોડીને ઊંડા ભાવથી એને નમી રહ્યો. પણ કોર–મટ્ટક તો એ જોઈને મોટેથી હસી પડયો. ને હસતો હસતો જ એ અદૃશ્ય થઈ ગયો. પણ ખૂબી આ હતી. એ આવ્યો હતો તે વાત

* આ નામ રાહુલ સાંકૃત્યાયનના લેખમાં છે. એ વખતે બીજા પણ નગર-સાધુઓ હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચી હતી, કે એ ગયો તે વાત સાચી હતી, એની કોઈ જ છાયા ત્યાં રહી ન હતી! જાણે કે એક આકાશી હવાનું મોજું આવીને ચાલ્યું ગયું!

વર્ષકારને આ નવી નવાઈનો અનુભવ થયો. એટલામાં એણે મહાનમનને જતો જોયો. તેના ગયા પછી પોતે પણ ચૈત્ય તરફ ચાલ્યો.

વહેલી પ્રભાતે એણે વૈશાલી તરફ પ્રયાણ કર્યું. પૂર્વ દિશાનાં રંગ રંગીન આકાશમાં હજી સવારની ઠંડીની અસર પડી હતી. રસ્તાઓ શૂન્ય હતા. પક્ષીઓ સૂતાં હતાં. ખેતરો નિદ્રામાં હતાં. એ પોતે એકલો વૈશાલીના પશ્ચિમ દ્વાર તરફ ચાલ્યો.

થોડેક દૂર એ ગયો ત્યાં પ્રભાતના પહેલાં કિરણોની પ્રકાશ પગલીઓએ કાવ્યની વાણી જેવાં પક્ષીઓને જગાડી દીધાં હતાં. ચારે તરફની નીલી લીલોતરીની હરિયાળી ભોં, રૂપ અને આકાર લેતી હતી. નદીનાં પાણી ચમકતાં હતાં. આકાશમાંથી રંગની છટા ઊડતી હતી.

એટલામાં એની નજર પૂર્વ દિશા તરફ ગઈ અને મહાઅમાત્ય વૈશાલી નગરીનું એ દૃશ્ય જોઈ જ રહ્યો!

સામે સેંકડો અને હજારો રમ્ય પ્રાસાદોથી શોભતી એક મહાન નગરી દેખાતી હતી. એના ઉત્તુંગ નગરપ્રાકાર ઉપર થઈને છેક ગગન સાથે વાતો કરતી રમ્ય હવેલીઓ શોભી રહી હતી. કોઈના શિખર ઉપર તાંબાના કળશ ચમકતા હતા. અનેક ઠેકાણે રજતના કુંભો ઉપર ધ્વજાઓ ફરફરતી હતી. સેંકડો અને હજારો સુવર્ણમઢ્યા શિખરો ઉપર કેકા કરતા મયૂરો બેઠા હતા. એમની આંખમાં મૂકેલાં લાલ મરકતમણિમાંથી અજબ જેવી પ્રકાશ કિરણાવલિ ફેલાતી હતી!

વર્ષકાર મહાઅમાત્ય નગરીને જોઈ જ રહ્યો. એની ચારે તરફ એણે નજર ફેરવી, તો પ્રાસાદો, ઉદ્યાનો, આરામગૃહો, વનોપવનો, પુષ્કરિણીઓથી જોજનવિસ્તારી પ્રદેશ, સ્વર્ગની અમરાપુરીને ભુલાવી દે એવો રળિયામણો બની ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ એ જ વૈશાલી નગરી હતી, જ્યાં સાત હજાર સાતસો ને સત્યોતેર પ્રાસાદો હતા. સાત હજાર સાતસો ને સત્યોતેર સુંદર વન વાટિકાઓ ને ઉદ્યાનો હતાં. સાત હજાર સાતસો ને સત્યોતેર મહાન પુષ્કરિણીઓથી જે, સ્વર્ગંગા સાથે સ્પર્ધા કરી રહી હતી.

વૈશાલી નગરીને જોતો મહાઅમાત્ય વર્ષકાર ત્યાં થંભી જ ગયો !

પાછળથી આવતા કોઈ રથીએ એને જગાડ્યો ત્યારે જ એને ખબર પડી કે નગરીમાં જવાનો એને માટે હવે તો વખત થઈ ગયો છે!

રથીએ ઉડાડેલી ધૂળના ગોટેગોટામાં મહાઅમાત્ય થોડીવાર અટવાઈ ગયો. વૈશાલી નગરીની ઝાંખી એટલીવાર લુપ્ત બની ગઈ. ધૂળની ડમરી નીચે બેઠી અને એણે નગરીને ફરીને આંખ ભરીને જોવા માંડી.

નગરી ખરેખર અદ્‌ભુત લાગતી હતી. પોતાને તો ઉત્તર પશ્ચિમ ભણી નગરીની બહારના શાખાનગર તરફ જવું હતું. વૈશાલી નિવાસ દરમ્યાન ત્યાં ગુપ્ત રીતે રહેવાનું હતું, પણ નગરીની આજે એણે જોયેલી આવી ભવ્યતા ફરીને જોવા નહિ મળે કરીને એણે એક વખત આંખભરી એને નિહાળવા માંડી. એ થોડીવાર હતો તેમ જ થોભી ગયો.

વૈશાલીના ભવ્ય લગભગ ત્રીસ હસ્તમાપ ઊંચા વજ્જર જેવા નગરપ્રાકારોની ઉપરવટ થઈને, સહસ્રોના હિસાબે ઉત્તુંગ મહાલયો દેખાતાં હતાં. સોનેરી કળશો, રૂપેરી કળશો અને સહસ્રોને હિસાબે તાંબાના કળશોવાળા શિખરો દેખાતાં હતાં.

નગરીની આ અદ્વિતીય વૈભવ છટાને મહાઅમાત્ય નિહાળી રહ્યો કળશોની સેંકડોની સંખ્યા જોઈ એને આશ્ચર્ય થયું. સાત હજાર સોનેરી કળશના મહાલયોમાં, ઉત્તમ શ્રેષ્ઠીઓ, ગૃહપતિઓ અને નિગમો વસતા હતા. એમાંનો દરેક સંકટ સમયે કરોડોની સમૃદ્ધિ વૈશાલીને ચરણે ઠાલવવાની શક્તિ ધરાવતો હોવો જોઈએ. શ્રેણીજેઠક, મહાજનો અને એવા મધ્યમવર્ગના મહાલયો ઉપરના, રૂપેરી કળશોની સંખ્યા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચૌદહજારની ગણાતી. એકવીશ હજાર તાંબાના કળશો, કનિષ્ઠ નિવાસસ્થાનો કૃષિકવર્ગ કમ્મકાર એ નિવાસને સૂચવતા હતા.

આવી સમૃદ્ધ નગરી જ્યારે સામે યુદ્ધમાં ઊતરે, ત્યારે એની વિશાળ સાધનસંપતિથી જ એ ધારે ત્યાં સુધી યુદ્ધ લંબાવી શકે. એના ઉત્તુંગ પ્રાકારો, ત્રણ ત્રણ દુર્ગોની એની રક્ષણ રચના, એની વિશાળ ભયંકર કાદવકીચડ ને ભયંકર જળચર ભરપૂર ખાઈઓ, અને ઉપરાંત ચારે તરફ જોજનોમાં ફેલાયલાં મહાકંટક કાંતારો, યુદ્ધ સમયે નગરીને અજેય બનાવી દે તેવાં હતાં. નગરી વૈશાલી ફરતા ત્રણ ત્રણ તો દુર્ગો હતા. એક એક દુર્ગની વચ્ચે એક *ગવ્યૂતીનું અંતર હતું. દરેકને ફરતી અભેદ્ય ખાઈઓ હતી. ખાઈઓ દુર્ગ અને ગોપુરમના ત્રિવિધ રક્ષણથી એક એક દુર્ગ સ્વતંત્ર રીતે પણ અજેય જેવો હતો.

વર્ષકાર મહાઅમાત્ય વિચાર કરી રહ્યો. સામે મોંએ જુદ્ધ આપીને આ નગરીને જીતવા જતાં, જીતવા જનારો જ પાયમાલ થઈ જાય તેમ હતું. કોઈ દિવસ મગધ એને સામે મોંએ જીતી ન શકે.

કેવળ બે વસ્તુના આધારે જ એનો પરાભવ શક્ય હતો.

એક સુનીધ સેનાપતિનાં શસ્ત્રો સફળ નીવડે તો. બીજું વૈશાલીમાં આંતરઘર્ષણ જાગે તો.

અત્યારે તો પોતાને દક્ષિણ દિશા તરફના બહારના શાખાનગર કુંડગ્રામ તરફ જવું હતું.

શાખાનગર કુંડગ્રામના બે ભાગ હતા. વૈશાલીની ઉત્તર પૂર્વ દિશા તરફ જ્ઞાતૃવંશી ક્ષત્રિયનો સન્નિવેશ હતો. પાસે જ કોલ્લાગ સન્નિવેશ હતો. એમાં જ્ઞાતૃવંશી ક્ષત્રિયો રહેતા.

બ્રાહ્મણ કુંડપુર સન્નિવેશમાં બ્રાહ્મણો રહેતા. તે દક્ષિણ દિશામાં હતો.

વર્ષકાર મહાઅમાત્યે પોતાના અશ્વને દક્ષિણ દિશા તરફ લીધો. એને ત્યાંના બ્રાહ્મણ આર્યક સાથે ઓળખાણ હતી.

* ગવ્યૂતી એટલે ½ જોજન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણ આર્યક બ્રાહ્મણકુંડપુરમાં રહેતો હતો. એ બ્રાહ્મણ ધર્મનો આગ્રહી પુરુષ હતો. આ નિવાસ દરમ્યાન એ જ એનો યજમાન બનવાનો હતો. તામ્રલિપ્તિના હીરામાણિક્ય મૌક્તિકના શ્રેષ્ઠી તરીકે પોતે એને ત્યાં ગુપ્ત નિવાસ કરી શકે એવી યોજના થઈ ગઈ હતી. વૈશાલીમાં રહેતા મગધના સત્રીએ એ ગોઠવી હતી. અને એવો સંદેશો મોકલ્યો હતો. બ્રાહ્મણ આર્યક સમૃદ્ધ શકિતશાળી હતો. એને ત્યાં ત્રીસ વાટિકાઓ હતી. ત્રણ આમ્રકુંજો હતી. એ પ્રથમ પંકિતનો શ્રેષ્ઠી ગણાય તેવો હતો. વર્ષકાર બ્રાહ્મણ આર્યકને ત્યાં પહોંચ્યો. એ એની રાહ જોઈને જ બેઠેલો લાગ્યો.

બ્રાહ્મણ આર્યકના કપાલમાં ચંદન હતું. ડોકે જનોઈ લટકતી હતી. એણે માત્ર બે વસ્ત્ર ધારણ કર્યાં હતાં. એના હાથમાં કોઈ જૂથી પોથી હતી. તે પોથી વાંચતો બેઠો હતો. એ વર્ષકારની રાહ જ જોઈ રહ્યો હતો.

આર્યક જ્યારે સંથાગારમાં જાય ત્યારે વર્ષકાર તેની સાથે એના અતિથિ* તરીકે જવાનો હતો. આવી રીતે કોઈ વખત અતિથિને લાવવાની છૂટ મળતી હતી. એ અતિથિ વિષે સદસ્યને વિશ્વાસ હોવો જોઈએ. બ્રાહ્મણ આર્યકે આ બધી વાત મહાઅમાત્યને કહી.

બ્રાહ્મણ આર્યકની વાતો સાંભળીને વર્ષકારને આનંદ થયો. એને જવાશે કે નહિ તેની શંકા હતી તે ગઈ. શ્રમણ ગૌતમની નવી વાતો વિષે જાણવાને એ ઘણો આતુર જણાયો. આર્યકને એનો પરિચય ન હતો. પણ બ્રાહ્મણો વિષે જેમ લિચ્છવીગણમાં માન ન હતું, તેમ શ્રમણ ગૌતમની વિચાર પરંપરામાં પણ જાતજન્મ કરતાં ગુણને મહત્તા આપવાની વાત આવતી હતી. આર્યકને એમાં જતે દહાડે બ્રાહ્મણ કુલની અવહેલના થાય તે ગમતું ન હતું. એને લોહીકણમાં અચળ શ્રદ્ધા હતી. એને હતું કે કોઈક દિવસ, હજી વસિષ્ઠ, વિશ્વામિત્ર, ભારદ્વાજ,

* આ પ્રમાણે અતિથિને લાવવાની છૂટ મળતી રહેતી તેવો ઉલ્લેખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌતમ, પરશુરામ એમાંથી કોઈક જાગશે. વર્ષકારને એણે પૂછ્યું.

'એ સાચું છે ભન્તે શ્રેષ્ઠી!–હું તમને શ્રેષ્ઠી જ કહું એટલે એમ કહેવાનો મહાવરો થઈ જાય, પછી ભૂલ ન થાય... આર્યકે વર્ષકારને કહ્યું: 'એ સાચું છે ભન્તે શ્રેષ્ઠી! કે શ્રમણ ગૌતમના કેટલાક ભિખ્ખુઓને તો ×તિથિ કઈ છે એની પણ ખબર હોતી નથી?

'એ સાચું છે બ્રાહ્મણ આર્યક!'

'અને એમ પણ મેં સાંભળ્યું છે કે શ્રમણ ગૌતમ તો સમયની દૃષ્ટિએ પહેલાં ભિખ્ખુ બનેલા નાપિતને, પછીથી ભિખ્ખુ બનેલો રાજ-કુમાર હોય, તો તે પણ માન આપતા રહે, એવી વાત પોતાના સંઘમાં ચલાવે છે. એ સાચું છે?'

'એ સાચું છે આર્યક! શ્રમણ ગૌતમ જન્મજાત શ્રેષ્ઠતાનું અભિમાન ટાળવા માગે છે!'

આર્યકને એ સાંભળીને શ્રમણ ગૌતમ માટે જે થોડું ઘણું માન હતું તે અદૃશ્ય થઈ ગયું. તે વર્ષકારની સામે જોઈ રહ્યો: 'આવા શ્રમણ ગૌતમને રાજા બિંબિસાર માન આપે અને રાજગૃહમાં એના સેંકડો ભિખ્ખુઓને માન આપવા માટે નગરજનોને આજ્ઞા પણ કરે, એ કેવી વાત...?' એ મનમાં વિચારી રહ્યો.

વર્ષકાર મહાઅમાત્યને આર્યકની વાત ફાવતી હતી. આર્યકને એમ ખાત્રી થાય કે એક એવી મહાન નગરી મગધદેશ સ્થાપવા માગે છે કે જે, આવતા સેંકડો વર્ષ સુધી આર્યોની ભવ્યતાને જાળવી રાખે. જે બ્રાહ્મણ પરંપરામાં જામદગ્ન્યો અને દ્રોણાચાર્યોની શક્તિ વહેતી રાખે. જે ક્ષત્રિય રાજાઓને મહાન ચક્રવર્તીપદે સ્થાપે. અને વિદેશના તમામ હલ્લાઓને હતા ન હતા કરી નાખે. દેશને સ્થિર અને શાંત રાખે. અનુપમ અને ભવ્ય બનાવે. તેજસ્વી, ઉત્સાહી અને સંસાર-ઉલ્લાસી કરે. ભવિષ્યની એવી એક મહાન નગરીના નિર્માણ માટે મગધ

× વિનયપિટક. મહાવગ્ગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયત્ન કરી રહેલ છે, એ વાતની આર્યકને પ્રતીતિ થાય, તો એ કરે છે તેના કરતાં વધારે મદદ કરવા તરફ ઢળે. આર્યકના મનમાં શ્રમણ ગૌતમની વાત હજી ઘોળાઈ રહી હતી. તે બોલ્યો : 'એ સાચું છે ભણે શ્રેષ્ઠી ! કે શ્રમણ ગૌતમે અંગુકરાય દેશમાં શૈલ બ્રાહ્મણને એમ કહ્યું કે ધર્મચક્રની તોલે આખા જમ્બુદ્વીપનું સામ્રાજ્ય પણ ન આવે ?'

'એ સાચું છે ભન્તે બ્રાહ્મણ ! શ્રમણ ગૌતમ સંસારત્યાગને વધુ મહાન ગણે છે !'

'એ તો ઠીક' આર્યક બોલ્યો : 'પણ ભણે શ્રેષ્ઠી ! ગૌતમ શ્રમણ બ્રાહ્મણોની શ્રેષ્ઠતાને જ આહ્વાન આપે છે એ ખરું ? અને એ પણ ઠીક, પણ માણવક આશ્વાલયન જેવાને જવાબ આપતાં કહે છે કે, મને ખબર છે કે બ્રાહ્મણી સાત પેઢી સુધી બીજા પાસે સંસર્ગદોષમાં પડી નથી ? અને સાત પેઢી સુધી બ્રાહ્મણ પણ બીજા પાસે ગયો નથી ? *શ્રમણ ગૌતમ આવી વાત કરે છે ?'

વર્ષકારે કહ્યું : 'ભન્તે આર્યક ! શ્રમણ ગૌતમને કોઈ વાદમાં જીતતું નથી એ વાત ખરી છે !'

'ત્યારે હું તમને એ પૂછું છું ભણે શ્રેષ્ઠી ! કે તમે આ શ્રમણ ગૌતમને રાજગૃહમાં રાખેલ છે. રાજા બિંબિસારે એને વેણુવન આપ્યું છે. આ બધું બરાબર છે ?'

'ભન્તે બ્રાહ્મણ !' વર્ષકાર બોલ્યો : 'અમારો ધર્મ તો સમય જાળવવાનો છે. એક સમય એવો આવશે, જ્યારે મગધદેશ એક મહાન નગરી રચશે. એ નગરી સેંકડો વર્ષ સુધી આર્યજીવનની ભવ્યતાને સજીવન રાખશે. એ વાત થઈ રહી છે આર્યક !'

'પણ તમે ત્યાં મહાઅમાત્ય છતાં આ બધું ચાલવા દો છો, તો પછી આ બધી વાત ક્યાં જઈને અટકશે ? બ્રાહ્મણ કાંઈ જ નથી એમ ? એની વિદ્યાપરંપરા પણ વાંઝણી ગણવી ?'

---

* મજ્ઝિમ નિકાય, ૩૮૮. ૩૮૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષકાર, બ્રાહ્મણ આર્યકના ગુસ્સાને હસી પડયો: 'બ્રાહ્મણ આર્યક! એ બધી વાત ત્યારે અટકશે જ્યારે આ વૈશાલી ગણતંત્ર ટળશે! આ બધી મોંકાણ ગણતંત્રને લીધે છે! સમજવાનું તો એ છે. તમારે ત્યાં જ જુઓને! એક રાજા નહિ—સાતહજાર સાતસો ને સાત રાજા. એટલા જ એના ઉપરાજા. એટલા જ એના સેનાપતિ. એટલા જ એના ભાંડારિકો. જાણે આખી નગરી શાસન ચલાવે. કોઈ એકનું શાસન નહિ. કોઈ ઉત્તુંગ નહિ. બધા સરખા. અને છતાં ખૂબી એ છે કે આટલી મોટી સંખ્યા છતાં બધા વર્તે છે એક હોય તેમ. હજી તેમ જ છે નાં કે એમાં હવે કાંઈ ફેરફાર થયો છે?' વર્ષકારને જે વાતની જરૂર હતી તે ઉપર જ એ આવી ગયો. એને બ્રાહ્મણ આર્યકના ગુસ્સાથી એક રીતે આનંદ થયો હતો.

'હજી એમ જ છે' બ્રાહ્મણ આર્યક બોલ્યો. 'અને જ્યાં સુધી સેનાપતિ સિંહ છે, ત્યાં સુધી એમ જ રહેવાનું છે!'

વર્ષકાર એને સાંભળી રહ્યો.

'આવી રહેલી સંથાગાર પરિષદ્‌માં કાંઈ ભંગાણ નહિ પડે?'

'આપણે જઈશું. તમે નજરે જોશો. સેનાપતિ છે ત્યાં સુધી કોઈ વાતમાં મતભેદ નહિ હોય!'

'પણ મહાનમન નહિ માને તો? આમ્રપાલી ના પાડશે તો?'

'સેનાપતિ સિંહ પાસે એનો રસ્તો હશે!' બ્રાહ્મણ આર્યક બોલ્યો.

'બંધુલ મલ્લની વાત આવી છે ને?'

'વૈશાલી સંથાગાર પાસે બધા પ્રશ્નોના જવાબ છે શ્રેષ્ઠી! તમે નજરોનજર જોશો ને ખાત્રી થશે!'

વર્ષકારને ખાત્રી થઈ ગઈ કે બ્રાહ્મણ આર્યક બરાબર જ કહે છે. એને જો આ વખતે બરાબર વાત સમજાવી હોય તો એ ભવિષ્યમાં ઘણી મદદ કરે તેવો છે.

'ભન્તે બ્રાહ્મણ આર્યક! મધુગોલક ખાવાનો હોય, ત્યારે એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાર વધારે મહત્ત્વનો ગણાય કે સ્વાદ ?'

'સ્વાદ જ મુખ્ય ગણાય–ભણે શ્રેષ્ઠી ! આકારને શું પૂજવો છે ?'

'તો ભન્તે બ્રાહ્મણ ! મહાન કામ કરવાનું હોય ત્યારે નાની નાની વાતોની ઉપેક્ષા રાખવામાં જ એ કામનો પાયો નથી નખાતો ?'

'એ તો બરાબર છે !'

'ત્યારે આર્યક ! આ મહા નગરી વૈશાલી બળવાન છે. એના ગણતંત્રનો આધાર લઈને શ્રમણ ગૌતમ એના ભિખ્ખુ સંઘને રચે છે. એવી એની પ્રતિષ્ઠા છે. પણ એ રહેશે–તો પછી મગધ ક્યાં રહેશે ? તો ચક્રવર્તીનાં રાજ્યો ક્યાં રહેશે ? તો રાજસૂય યજ્ઞો ક્યાં રહેશે ? શ્રમણ ગૌતમને તો અમે મિત્ર માન્યા છે. અમને એની વાત અનુકૂળ બને તેમ છે. પછી અમે એનું અત્યારે શા માટે લેશ પણ મનદુ:ખ કરીએ ? ભન્તે બ્રાહ્મણ ! *મધુગોલક સ્વાદિષ્ટ હોય તો એના આકાર વિષે ચર્ચા શું કરવા કરવી ?'

બ્રાહ્મણ આર્યકના દિલમાં મહાઅમાત્યની વાતે અજવાળું અજવાળું થઈ ગયું.

એને લાગ્યું કે આ મગધનો મહાઅમાત્ય જ વાતને ખરેખરી રીતે સમજી ગયો છે. શ્રમણ ગૌતમ જ મગધનું મહારાજ્ય સ્થાપવામાં મદદરૂપ બને તેમ છે.

તે તરત આનંદમાં આવી ગયો : 'અરે ! મહાઅમાત્ય !... અરે ભૂલ્યો, ભણે શ્રેષ્ઠી ! તમે માત્ર રત્નોના પારખુ નથી; સમયના પણ પારખુ લાગો છો !'

'અને તમને એ થવા માટેનું હું જાતે કહેવા આવ્યો છું. સમય પારખુ થવું ઘટે છે. એક સમય એવો આવશે જ્યારે તમે તમારી જાતને સજીવન ભાળશો. એક બીજી જ મહાન નગરીને તમે ઊભી થતી જોશો. પણ ભન્તે આર્યક ! મધુગોલક મળે ત્યારે એના સ્વાદને

* લાડુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણો. એના આકારને જવા દો. મધુગોલકના વર્તુલ આકાર કરતાં થોડા કઢંગા બનેલા આકારમાં કાંઈ મીઠાશ ઓછી નહિ હોય! મધુ-ગોલક મળે એટલે થયું. મધુગોલક એ મધુગોલક જ છે!'

બ્રાહ્મણ આર્યક હવે હસી પડયો! 'બરાબર છે, બરાબર છે, ભણે શ્રેષ્ઠી! મેં તમારી એ વાત ગ્રહણ કરી લીધી. હવે તમારાં રત્નો તો બતાવો।'

વર્ષકાર, બ્રાહ્મણ આર્યકને રત્નો બતાવવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦. વૈશાલી સંથાગાર

વૈશાલી સંથાગારમાં મહાન પ્રશ્નનો આજે નિર્ણય લેવાવાનો હતો. ત્યાં મોટો કોલાહલ મચી રહ્યો હતો. મેદાનમાં બહાર ઊભેલા કેટલાક લિચ્છવીઓ આતુરતાથી સંથાગાર તરફ નજર માંડીને કાંઈક ચર્ચામાં પડયા હતા. તો બીજા કેટલાક ત્યાં રથમાં બેઠા બેઠા સંથાગાર તરફ દૃષ્ટિ માંડી રહ્યા હતા. થોડા અશ્વારોહી લિચ્છવીઓ આમ તેમ ફરતા જણાતા હતા. મહાવનમાંથી સીધા જ આંહીં આવેલા એવા કેટલાક તો હજી શિકારીઓના વેષમાં હતા. એમનાં રંગબેરંગી વસ્ત્રો લોકોની દૃષ્ટિને ખેંચી રહ્યા હતા. તેમના સાથે મોટા વાઘ જેવા શિકારી શ્વાનો ઊભા હતા. એમને કબજામાં રાખતાં પગે પાણી ઊતરે તેમ હતું. એમના લીસા સુંવાળા કાળા મોટા વાળ, અને ભયંકર લાલ આંખો મેદનીને અનોખું આકર્ષણ આપી રહ્યાં હતાં. ચારે તરફ લોકો સંથાગારનો કાર્યક્રમ શરૂ થવાની રાહ જોતા હતા.

એટલામાં સંથાગારમાં ટાંગેલી મોટી કાંસ્ય ઘંટા ઉપર રજતદંડનો પ્રહાર થયો. સન્નિપાત ભેરીનો નાદ જાગ્યો. શંખ ફૂંકાયો. તૂર્ય વાગ્યાં. સંથાગાર શરૂ થયાની એ નિશાની હતી. થોડીવારમાં જ સભાના સદસ્યોના રથો અને અશ્વો આવતા દેખાયા.

ચારે દિશામાંથી એ આવતા જણાયા. કોઈ ધીમે આવી રહ્યા હતા. કોઈ ઉતાવળમાં હતાં. કોઈ દૂરથી આવતા જણાતા હતા. એક પછી એક બધા સંથાગાર તરફ જતા દેખાયા.

સંથાગારના બહારના મેદાનમાં યોગ્ય જગ્યાએ, એમના રથીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રથને સાચવીને ઊભા રહી જતા હતા. અશ્વો પણ ત્યાં સ્થિર ઊભા રહી જતા હતા. એક પછી એક જેમ જેમ સદસ્ય આવતા ગયા તેમ તેમ એ મંડપ તરફ જતા ગયા. એમને બરાબર સ્થાન નિર્ણય આપવા માટે ત્યાં સંથાગારમાં જ *આસનપણાપક આવીને ઊભો રહી ગયો હતો. તે દરેકને પોતાના વય, અધિકાર પ્રમાણે સ્થાન બતાવી રહ્યો હતો.

સંથાગારના મંડપમાં જવા માટેની ભવ્ય સુંદર સોપાન પરંપરાને મહાઅમાત્ય વર્ષકાર દૂરથી નિહાળી રહ્યો હતો. અતિથિ તરીકે જેની સાથે તે જવા માગતો હતો તે બ્રાહ્મણ યજમાન આર્યકનો રથ હજી આવ્યો ન હતો. વર્ષકાર આંહીં થોભે ને પોતે સમયસર આવે તે વધુ ઠીક, એવી વાત આર્યકે નક્કી કરી હતી. વર્ષકાર તેની રાહ જોતો થોભ્યો હતો. સામેની સપ્તરંગી આરસની સોપાન પરંપરાને એ જોઈ રહ્યો. એ પરંપરાની બન્ને બાજુએ ધોળા શુભ્ર હાથીદાંત જેવી આરસની સુંદર હૈયારખી આવી રહી હતી. વચ્ચે વચ્ચે એમાં નકશીદાર સ્ફટિકની સ્તમ્ભિકાઓ ઊભી કરી હતી. સ્તમ્ભિકાઓ ઉપર વૈશાલીના ધ્વજ ચિહ્ન જેવા વનરાજ સિંહોની જુદી જુદી સ્થિતિની અનેક આકૃતિઓ એના ઉપર મુકાયેલી હતી. કોઈ આકૃતિ બેઠી હતી. કોઈ ઊભી હતી. કોઈ મોજમાં હતી. કોઈ ત્રાડ દેતા કેસરીની છટા પ્રગટ કરતી હતી. વૈશાલીનો મહાન સિંહધ્વજ રત્નખચિત સુવર્ણદંડમાં લહેરાતો સંથાગારના શિખર ઉપર ફરફરી રહ્યો હતો. એ ધ્વજના ગૌરવ માટે એકેએક લિચ્છવી પોતાનું જીવન આપે તેમ હતો. વર્ષકારની દૃષ્ટિ એ ભવ્ય ધ્વજ તરફ જઈને પછી ચારે તરફના મેદાનમાં ફરી વળી. ને આઘેના ઉદ્યાનોમાં, પુષ્કરિણીઓના કિનારા ઉપર જઈ પહોંચી. એની નજરે પડેલા દૃશ્યથી એ ડોલી ગયો. સિંહ સમા બળવાન લિચ્છવી જુવાનો ત્યાં રંગ–બેરંગી વસ્ત્રોમાં ઉત્સાહની મૂર્તિ સમા ઊભા હતા. મદોન્મત્ત હાથીઓની પંક્તિઓ એક બાજુ ડોલી રહી હતી. કમ્બોજના, સિંધસૌવીરના, ગાંધારના, ઉત્તમ ઉત્તુંગ અશ્વોના

*સદસ્યોને યોગ્ય જગ્યાએ બેસારવાના નિયમ જાળનનારો, આસન વિજ્ઞાપક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હણહણાટથી આખું મેદાન જાણે વીરોની રણભૂમિ સમું શોભી રહ્યું હતું.

વૈશાલીના ઉત્તમમાં ઉત્તમ સૈનિકો, રાજન્યો, કર્મચારીઓ, અધિકારીઓ, સભાના સદસ્યો, જેમ જેમ આવતા ગયા તેમ તેમ મેદાનની ને સંથાગારના મંડપની શોભા અવર્ણનીય થવા માંડી. કોઈ એક પણ નિર્માલ્ય માણસ ત્યાં નજરે પડતો ન હતો. જોતાં નજર ખેંચી ન રાખે એવો કોઈ જુવાન જણાતો ન હતો. કોઈ એક બીજા તરફ, પ્રેમ સહાનુભૂતિ સિવાય બીજા ભાવથી જોતા હોય તેમ દેખાતું ન હતું. નિયમ એ નિયમ જ છે, અને એ નિયમ જ રહેશે, પછી ગમે તે વાત હોય, ને ગમે તે લિચ્છવી હોય, અને ગમે તેવો એ મહાન હોય, પણ નિયમ અનિવાર્ય રહેવાનો જ છે, એવી એક દૃઢ વ્યવસ્થાભરી છાપ ત્યાં પ્રગટી હતી. પરિણામ માટે જાણે શંકા જ ન હોય તેમ, બધા ઉત્સાહથી સંથાગારના મંડપ તરફ જોઈ રહ્યા હતા.

મહાઅમાત્ય વર્ષકાર આ બધું નિહાળી રહ્યો. શ્રમણ ગૌતમે રાજગૃહમાં વારંવાર કહ્યું હતું કે દેવતા ન જોયા હોય તો, લિચ્છવીઓ જુઓ, એ એને સાચું લાગ્યું. એ પોતે પણ એમની પ્રશંસામાં પળભર ડગી ગયો. એટલામાં સામેની બાજુએથી એક રથ આવતો એણે જોયો. રથને ધોળા ઘોડા જોડયા હતા. કોણ આવે છે એ જોવા માટે અનેકોએ ડોક લંબાવી. 'આ તો મહાનમન પોતે!' હવાની લેરખીમાંથી વર્ષકાર પાસે થઈને એક વાત ચાલી ગઈ.

'ત્યારે આવ્યા તો ખરા!' કોઈક બોલ્યું. પણ બોલનારની સામે જ કોઈ લિચ્છવી જુવાનની તરત ટકોર આવી. 'એટલે? તમે શું બોલો છો તમને ખબર છે? લિચ્છવી થઈને સંથાગારમાં ન આવે? કોઈ દિવસ એ બને ખરું?'

બોલનાર શરમીંદો બનીને જમીન તરફ જોઈ ગયો. વર્ષકારે આ સંવાદ કાનોકાન સાંભળ્યો. વૈશાલીના સંથાગાર પ્રત્યે કેટલી ભાવભક્તિથી સામાન્યમાં સામાન્ય લિચ્છવી પણ જુએ છે, તેનો એમાં સ્પષ્ટ રણકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. સંથાગાર હરેકનો છે, હરેક માટે છે. હરેકને ત્યાં ન્યાય મળવાનો જ છે. ગણતંત્રના લોહીના કણેકણમાં આવી ગયેલી આ ભાવનાને જોઈને વર્ષકાર સચિંત બની ગયો. એ ભાવના જ એક મહાન અજેય વસ્તુ હતી. ગણતંત્ર મને અન્યાય કરે જ નહિ એ શ્રદ્ધા જેવી તેવી વાત ન હતી. ગણતંત્રો ટકે છે જ આ શ્રદ્ધા ઉપર. વર્ષકાર આ શ્રદ્ધાને જોઈ રહ્યો.

'મહાનમન આવ્યા છે, પણ એ એકલા જ કેમ?' કોઈ એક તરુણે બૂમ પાડી.

'એકલા જ છે? આમ્રપાલી તો હજી આવી નથી!'

'ના, નથી આવી. પણ આ કોઈક આવે!' સૌની દૃષ્ટિ મેદાનમાંથી સંથાગાર તરફ આવી રહેલા એક સુંદર ધોળા ઉત્તુંગ કામ્બોજ અશ્વ ઉપર પડી. એ અશ્વ જાણે આખી નગરીનું ગૌરવ ધારી રહ્યો હોય તેમ સુંદર છટાભરી ચાલથી આવી રહ્યો હતો. એનું એ નૃત્ય નિહાળવા લિચ્છવી-ઓ થંભી ગયા હતા. એની આસપાસ મહાન ભાલાધારીઓનાં અને બીજાં અશ્વરોહી જૂથ આવતાં હતાં. કેટલાક ધનુર્ધરો ત્યાં પડખે ચાલતા હતા. મોઢા આગળ શસ્ત્રધારી સૈનિકો માર્ગ મુકાવતા આવી રહ્યા હતા.

વર્ષકારે ત્યાં દૃષ્ટિ કરી. મેઘગર્જનનું આહ્‌વાન ઉપાડી લે તેવો, કેસરી સિંહ સમો એક અશ્વારોહી પુરુષ આવતો દેખાયો. એને આવતો જોઈને એને માર્ગ આપવા માટે બન્ને બાજુ ઊભેલા લિચ્છવીઓની મોટી પંક્તિઓ બની ગઈ હતી. બન્ને બાજુ હાથ જોડીને નમન કરતો ને નમન ઝીલતો, વૈશાલીનો મહાન સેનાનાયક, સિંહ સેનાપતિ પોતે આવી રહેલો જણાયો. એની આંખમાં વર્ષકારે કોઈ મહામોલા રત્નની તેજચમક જેવી એક અનોખી જ ચમક જોઈ. લાગે કે આંખ નથી— દૈવી નેત્રરત્નો જ છે! એના ચહેરા ઉપર પણ દેવોને દુર્લભ એવી મૃદુતા બેઠી હતી. તે જે દિશામાં જોતો, તે દિશાના કણેકણને જાણે એ જીવન્ત હોય તેમ પ્રેમભરેલી દૃષ્ટિથી નિહાળતો હતો. નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરની છાયા જાણે એના ઉપર ઢળી પડી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ એની મૃદુતાની રેખાને જોનારો, એ રેખા જીવનભર ન ભૂલે એટલી એ મોહક હતી. એવી એ સુંદર હતી. વર્ષકાર મહાઅમાત્ય એક પળભર તો વિચારમાં પડી ગયો. આ માણસ શું જુદ્ધ ખેલી શકે? આ માણસ શું જુદ્ધ લઈ શકે? તેને આનંદ આનંદ થઈ ગયો. વૈશાલીનો આ સેનાપતિ એક નાચીજમાં નાચીજ ચેતનાને પણ પ્રેમભરી દૃષ્ટિથી નિહાળનારો છે. એ જુદ્ધ કરી નહિ શકે, વૈશાલી મગધનું છે!

પણ એણે બીજી વખત એ ચહેરા સામે જોયું, અને એને એની ભૂલ સમજાઈ ગઈ.

એ પુરુષની મૃદુતાની પાછળ તો વજ્જરલોહ પડ્યું હતું. એવું લોહ તો એણે પોતાના ભવ્ય સેનાપતિ સુનીધમાં પણ જોયું ન હતું. અજાતશત્રુમાં પણ એ ન હતું. અરે! ખુદ ચંડપ્રદ્યોતમાં પણ એ નહિ હોય! આ પૃથ્વીના કણેકણ માટે પોતાનું જીવન આપવાની શક્તિ એનામાં હતી.

એને સંથાગાર તરફ જતો જોઈ ને સંથાગારના મંડપમાં સદસ્યોની ભીડ જામવા મંડી. એ વર્ષકાર પાસેથી પસાર થતો હતો. બરાબર એ જ વખતે વર્ષકારના ખભા ઉપર કોઈકે હાથ મૂક્યો.

પોતાનો બ્રાહ્મણ યજમાન આર્યક આવી ગયો હતો. ઉતાવળે તેની સાથે થઈ જવા માટે વર્ષકાર એકદમ ભીડમાંથી આગળ વધી ગયો. સોપાનપરંપરા વટાવીને મંડપમાં આર્યકની સાથે તેણે જગ્યા લીધી ન લીધી ત્યાં *ગણપુરક તેની પાસે આવી પહોંચ્યો.

તેણે સદસ્ય આર્યક તરફ જોયું. આ કોણ છે એ ખુલાસો માગવા માટે એ દૃષ્ટિ હતી.

'અતિથિ!' આર્યકે જવાબ દીધો.

ગણપૂરક ત્યાંથી તરત ખસી ગયો. પણ એટલામાં જ એક આયુત્તક આવતો દેખાયો. આયુત્તકે એક સદસ્ય વધારે હોવાની નોંધ લઈ લીધી. અતિથિને *છંદ આપવાનો અધિકાર ન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવારમાં જ સેનાપતિ સોપાન પરંપરા ચડીને સંથાગારના મંડપ તરફ આવતો દેખાયો. એ આવ્યો, એણે સદસ્યોની સમિતિને અભિવાદન કર્યું, તમામ સદસ્યોએ સામે નમન આપ્યા, અને મંડપની વચ્ચોવચ્ચના ઊંચા સભામંચ ઉપર જવા માટે તે આગળ વધ્યો.

સભામંચની મંડપિકાની ચારે ચાર સોનેરી સ્તમ્ભિકાઓને પદ્મરાગ, નીલમણિ, રત્ન અને આસમાની હીરકનાં કણોના જડિત્રનકશી કામથી એવી તો સુંદર બનાવી હતી કે, જોનારની આંખ હીરારત્નના પ્રકાશમાં જ નાહ્યા કરે. મંડપિકા ઉપર એક અનુપમ મયૂર મૂક્યો હતો. એના કલા કરતા પિચ્છે પિચ્છમાં રત્નકણિકાઓના ભરચક્ક જડાવથી ઈન્દ્રધનુ રંગની ભ્રાંતિ થતી હતી. પોતે મા સરસ્વતીના દૈવી મયૂરને જોઈ રહ્યો છે! અને સાથે સાથે અધર લટકતા ઈન્દ્રદેવના ચાપને નિહાળી રહ્યો છે! સભામંડપમાં ચારે તરફ આયુધધારી સૈનિકો ઊભા હતા. એક તરફ [1]ગણપૂરક, આસન વિજ્ઞાપક અને આયુત્તક દેખાતા હતા. હાથમાં લાલ અને કાળી [2]છંદ શલાકાઓ લઈને [3]ઉપસ્થાક ત્યાં ઊભા હતા.

જનતંત્રની પરિષદ્ તરફ સિંહ સેનાપતિએ એક નજર કરી. તમામ સદસ્યો આવી ગયા લાગ્યા. તેણે ગણપૂરકને પૂછ્યું. ગણપૂરકે સંખ્યા બતાવી. સાત હજાર સાતસો ને સાત સદસ્યોમાંથી સાત હજાર સાતસો સાતે હજાર હતા. કોઈ ગેરહાજર ન હતો! વર્ષકારને આ એકતા અનુપમ લાગી. તે આશ્ચર્યમાં પડી ગયો! એક પણ ગેરહાજર નહિ. એટલામાં સિંહનાયક ઊભો થયો હતો. એક ઝીણી કાંકરી ખરે તો પણ અવાજ સંભળાય એવી ગૂઢ શાંતિ ત્યાં મંડપમાં પથરાઈ ગઈ. સિંહનાયક શું બોલે છે તે સાંભળવા સૌ એક કાન થઈ ગયા.

---

૧ સભા સંચાલન પ્રત્યે ધ્યાન રાખનારો.

૨ મત માટેની સળીઓ.

૩ નોકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧. મહાનમનનો ઉત્તર

સિંહ નાયક બોલ્યો: 'ભન્તે ગણસંઘ મને બરાબર સાંભળો. મને સાંભળો. ગણસંઘસદસ્યો ! આર્યપુત્ર મહાનમન પોતે આંહીં આવેલ છે !'

'પણ આમ્રપાલી ક્યાં છે ? આવ્યા છે પણ એકલા ? આમ્રપાલી વિના ?' કોઈ સદસ્યે તરત જ કહ્યું.

'ભણે સદસ્ય ! હમણાં એનો ખુલાસો એ પોતે જ ગણસંઘને આપશે.'

'સાધુ ! સાધુ !' ચારે તરફથી અવાજ આવ્યો. 'વૈશાલીના ગણતંત્રનો વિજય હો !'

'વિજય હો !' પ્રત્યુત્તરમાં ગગનગામી અવાજ ઊઠ્યો.

'ભન્તેગણ સંઘ ! હવે બરાબર વાત સાંભળો. આર્યપુત્ર મહાનમન તમને હમણાં ખુલાસો આપે છે. પણ ગણતંત્ર એક વાત ન ભૂલે. આ મહાનગરી વૈશાલીએ રામચંદ્ર, વિશ્વામિત્ર અને વસિષ્ઠને નીરખ્યા છે. આ *ઉત્તમપુરીએ આજ દિવસ સુધી પોતાનાં ગૌરવ પ્રતિષ્ઠા ને શક્તિ જાળવી રાખ્યાં છે. જ્યાં સુધી વજ્જિસંઘ એક હશે, જ્યાં સુધી ગણતંત્ર એકમતે કામ કરશે, ત્યાં સુધી આ નગરી અજેય હશે. આવુસો ! તમારા છંદના તમે માલિક છો. પણ બીજાને છંદ હોઈ

* રામાયણમાં બે નામ છે. વિશાલા. ઉત્તમપુરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

શકે તે ભૂલતા નહિ. જે કરીએ તે એકમતે કરીએ. આર્યપુત્ર મહાનમન હવે ગણતંત્રને વાત કહે!'

સિંહનાયક બેસી ગયો, એટલે મહાનમન આગળ આવ્યો. તેના ધોળા નિમાળા, સૌમ્ય મુખમુદ્રા, શાંત વર્તનની છાપ ગણતંત્ર ઉપર પડી. થોડીવારમાં તેની વાત સાંભળવા માટે સૌ શાંત થઈ ગયા.

'ભન્તે નાયક અને ગણતંત્ર! સાંભળો. એક પ્રભાતે આકાશની કોઈ ગુલાબી વાદળી નીચે પડી ગઈ હોય તેમ મારી પાલિતા પુત્રી આમ્રપાલી મારી વાટિકાના એક કદળી સ્થંભ પાસેથી મને જડી. જો આકાશમાર્ગે અચાનક મારે ત્યાં આવી ચડી તે મને વધુ પ્રિય બની ગઈ.

'એ તો જાણે ઈશ્વરે સ્વયં મારા હાથમાં સોંપી હોય તેવી વાત હતી.

'ભન્તે ગણતંત્ર! સાંભળો. આ પુત્રી ઉપર મારો નિઃસીમ પ્રેમ છે. એના જીવનની સુંદરતા જો હું ન જાળવી શકું, તો હું રૌરવ નરકનો વાસી બનું. સદાવીરા ગંડક નદીની જલસમાધિ પણ મારા તાપને પછી શમાવે નહિ. ભન્તે સેનાપતિ! ગણતંત્રની ઇચ્છા છે, મારી પુત્રીને નગરશોભિની રાખવાની, પણ હું એ વાતની સ્પષ્ટ ના પાડું છું! મારા પોતાનાથી તો એ નહિ બને!'

મહાનમનના છેલ્લા શબ્દો નીકળ્યા ન નીકળ્યા ત્યાં તો સંથાગારમાં એક મોટો અવાજ થઈ રહ્યો. કેટલાક મહાનમનને ફીટકારતા હતા. કોઈક ગુસ્સે થયા હતા. કોઈના અવાજમાં આહ્‌વાન હતું. એક જણો ઊભો થઈને બોલતો હતોઃ 'મહાનમને ગણતંત્રનું અપમાન કર્યું છે. સેનાપતિની અવજ્ઞા કરી છે. એ વૈશાલિક નથી. એ વૈશાલી નગરીને સમજ્યો જ નથી. એને બેસારી દો, બેસારી દો......'

કોલાહલ વધી પડ્યો. કોણ શું બોલે છે તે સમજાતું ન હતું. મહાનમનના શબ્દો જે રીતે આવવા જોઈએ તે રીતે આવ્યા ન હતા. સિંહનાયક એની વાત સમજી ગયો હતો. તે કોલાહલને દાબી દેવા માટે તરત ઊભો થઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભન્તે ગણતંત્ર ! આર્ય મહાનમને હજી વાત પૂરી કરી નથી !'

'પણ એની વાતમાં ગણતંત્રનું અપમાન છે એવું શું ?' એક સદસ્ય ઊભો થઈ ગયો.

કટ્ટરમાં કટ્ટર દુશ્મનની તલવારને મ્યાન કરાવે તેવા મધુર સ્મિત સાથે સિંહનાયક બોલ્યો: '*આવુસો ! તમે ભૂલી જતા લાગો છો કે જે નિશ્ચય થશે તે ગણતંત્રનો નિશ્ચય હશે. આવુસોનો નહિ. આવુસો પોતાનો છંદ પોતે વાપરી શકે છે. પણ આવુસોનો છંદ એ એનો એકનો જ છંદ છે. જેમ મારો છંદ એ મારો છંદ. એ મારો એકનો જ છંદ છે. આવુસો ! ગણતંત્રને બોલવા દો !'

'તો છંદશલાકા વહેંચો !'

'એ પણ થશે આવુસો ! પહેલાં મહાનમનને જે કહેવાનું છે તે ગણતંત્ર સાંભળે—સમજે. મહાનમન એમ કહે છે ભન્તે ગણસંઘ ! કે આ મહાન નગરીમાં જ્યાં ન્યાય લેનાર અકિંચનમાં અકિંચન હોય તો પણ, એને પહેલાં વિનિશ્ચય મહામાત્ય તપાસે છે, અને અપરાધી ઠરાવે તો વ્યાવહારિક મહામાત્ય પાસે એ જાય. ત્યાં અપરાધી ઠરે તો સૂત્રધાર એને સાંભળે. એ પણ અપરાધ સાચો ગણે, તો અષ્ટકુલિક એને સાંભળે. પછી સેનાપતિ. પછી ઉપરાજા. પછી રાજા — ગણપતિ પાસે એ જાય. અને રાજા પણ છેવટે તો પ્રવેણિ પુસ્તક પ્રમાણે કરે. એક સામાન્ય ન્યાય માટે જ્યાં આટલી ચોકસાઈ છે, એ નગરીનો ગણસંઘ, આવા જીવનપ્રશ્નને પળના છઠ્ઠા ભાગમાં છણી કાઢે એ નિયમ કયાંનો ? આ નગરીનો તો નહિ ! કેમ આર્ય મહાનમન ! આ વાત છે નાં તમારા મનમાં ?'

'ભન્તે સેનાપતિ ! સાધુ ! સાધુ ! મારી વાત તમે બરાબર કહી બતાવી છે. ભન્તે ગણતંત્ર સમજે કે, માતા ધરતીની પેઠે, માતા નારી એક જ પાસું પલટાવે, અને દુનિયા આખી વેરવિખેર થઈ રહે. પુરુષની

*આયુષમાન ! નાનાને સંબોધન માટેનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છા એ સાધારણ ચાલતી વાત છે. પણ ભન્તે ગણતંત્રજનો ! નારીની ઇચ્છા, એ શક્તિ છે. એ ધારે ત્યારે સમુદ્રનાં જળ ભેદી નાખે. પૃથ્વીના પેટાળને વીંધે. ઉથલપાથલ કરી મૂકે. એની ઇચ્છા એ મહા શક્તિ છે. ગણતંત્રની ઇચ્છાનો જવાબ હું નહિ, સેનાપતિ નહિ, કેવળ આમ્રપાલી પોતે જ આપી શકે . . . તેને સાંભળ્યા વિના, છંદશલાકાનો કોઈ અર્થ નથી. હવે ગણતંત્ર જવાબ આપે !'

સેંકડો સદસ્યો એક સાથે બોલી ઊઠયા : 'ના ના, ના. આમ્રપાલી વૈશાલીની છે. વૈશાલી નગરીની આ આજ્ઞા છે !'

'આમ્રપાલી જેવી અસામાન્ય નારીની ઇચ્છા જાણવાનું પણ ગણતંત્ર શું માન્ય નહિ રાખે ?' સિંહસેનાપતિ બોલ્યો.

'પણ પ્રવેણી પુસ્તકના નિયમનું શું ?'

'નિયમભંગે મહામારી ફાટી નીકળશે તેનું શું ?'

'ગણતંત્ર સર્વોપરી છે તેનું શું ?'

છેલ્લા પ્રશ્નનો જવાબ આપતો સિંહ ઊભો થઈ ગયો. 'ભન્તે ગણતંત્ર ! સાંભળો. ગણતંત્ર ત્યારે સર્વોપરી છે, જ્યારે એ એકમતે બહુમતે બોલે છે. ગણતંત્ર સાંભળ્યા પછી જ બોલે છે. વૈશાલી સંઘનો આ નિયમ છે. આમ્રપાલીને સાંભળીને ગણતંત્ર નિશ્ચય કરે !'

'તો બોલાવો આમ્રપાલીને !' કેટલાક અવાજ આવ્યા. જ્યારે કેટલાક લિચ્છવી જુવાનો તો ઊભા થઈ ગયા હતા.

સંથાગારના એક ખૂણામાંથી એક જુવાન ઊભો થયો. તેની સશક્ત લોહસમ પડછંદ કાયા અને મહાપ્રતાપી ચહેરો જોતાં જ કેટલાક ડઘાઈ ગયા. તેના ખભા ઉપર ધનુષ પડયું હતું. તેની આંખમાં કાર્તિકેયની વીરશ્રી હતી. તેણે મોટેથી કહ્યું : 'એ કોણ બોલે છે કે બોલાવો આમ્રપાલીને ? બોલનારને ખબર છે ખરી કે સહસ્ર સહસ્ર રાજરાણીઓ જેની પાસે પાણી ભરે, એવી આ અનુપમ રૂપરાણી, એ વૈશાલી નગરીની એક ગૌરવભરી કવિતા છે ? એને ખબર છે ખરી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ્રપાલી એક સહસ્ર વર્ષમાં એ વખત નથી આવતી ? એને ખબર છે કે એ કોને જોવા ઇચ્છે છે ?'

'કોને ?' જે જુવાન ઉતાવળો થયો હતો તે જ બોલ્યો.

'કોને ? કહું !' પેલા જુવાને પોતાના ખભા ઉપરથી ધનુષ ઉતાર્યું. તેણે તેની સામે એ ધર્યું. 'આ ધનુષની પ્રત્યંચા જરા ચડાવી દો નરશાર્દૂલ વનરાજ ! પછી હું તમને કહું !'

પેલો જુવાન શીયાંવીયાં થઈ ગયો. વૈશાલીના મહાન ધનુર્ધર મહાલીના ધનુષની પ્રત્યંચા ચડાવવી એટલે શું એ એને ખબર હતી. છાતી નીકળી પડે એવી એ વાત હતી ! તે શરમીંદો બનીને નીચે જ બેસી ગયો.

'આમ્રપાલી સંથાગારમાં આવશે, પણ ભન્તે ગણતંત્ર સને સાંભળે. એ એની પળે આવશે.' ધનુર્ધર મહાલી બોલ્યો : 'આમ્રપાલી આવશે એ એક મહોત્સવ હશે. જે સહસ્ર વરસે એક વખત આવી શકે, અને જે વરસમાં સહસ્ર વખત આવી શકે, તેનો ભેદ ગણતંત્ર સમજે !'

'સાધુ ! સાધુ !' આખા સંથાગારને મહાલીની મહોત્સવની વાતમાં રહેલ ઔચિત્ય સ્પર્શી ગયું હતું.

'અને આવતી કાલે તો ગણતંત્રજનો ! એક વાત યાદ કરવાની છે. આપણને એક આહ્વાન મળ્યું છે, તેનો નિશ્ચય આ સંથાગારમાં જ લેવાનો છે !' સિંહનાયક બોલ્યો.

'શું આહ્વાન છે ? કોનું છે ? શી વાત છે ? કોને વૈશાલીના સામર્થ્યની ખબર નથી ? કોણ બિંબિસાર છે ? એ ડોસાને તો આવવા દો !'

પ્રશ્નોની પરંપરાને અટકાવતો સિંહનાયક બોલ્યો : 'કોશાંબીથી બંધુલમલ્લ આવવાનો છે. અભિષેક પુષ્કરિણીમાં સ્નાન કરવા માટે એ આવે છે !'

'આવવા દો !'

'આવવા દો એમ નહિ, એના એક સહસ્ર યોદ્ધાને પહોંચવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણામાંથી કોણ એક તૈયાર થશે? કોણ તૈયાર છે? કોણ તૈયાર થાય છે? વાત તો એ છે!' મહાલી ધનુર્ધર બોલી રહ્યો હતો.

સંથાગારમાં એક ઠંડી તાકાતનો પડઘો સંભળાતો હોય તેમ મહાનમન પોતે ઊભા જેવો થઈ ગયો હતો. એટલામાં કોઈ ઊઠતું નથી એ જોઈને ધનુર્ધર મહાલી પોતે આગળ વધ્યો.

'એક સહસ્ર વર્ષે એકાદ વખત પૃથ્વીને જોવા ભૂલી પડેલી સ્વર્ગંગાની જલસુંદરી જેવી આમ્રપાલીને, જે નગરી, નગરશોભિની રાખવા માગતી હશે, તે નગરીમાં એક સહસ્ર સામે લડવાવાળા કોઈ ને કોઈ તો નીકળશે જ નાં? વખતે અમ્બપાલી જ વાત મૂકશે કે હું તો એ નગરીની નગરશોભિની બનું, જ્યાં સહસ્ર સહસ્ર જોદ્ધા સામે લડનારાઓ કોઈ ને કોઈ બેઠા હોય. તો?'

સંથાગારમાં હવે એકદમ શાંતિ વ્યાપી ગઈ. ધનુર્ધર મહાલી મોટેથી હસી પડ્યો! 'ભન્તે ગણતંત્રજનો! તમારા પ્રસાદથી હું જે વિદ્યા તક્ષશિલા વિદ્યાલયમાં શીખ્યો છું, તેમાંથી કાંઈક આવતી કાલે આંહીં આમ્રપાલી દર્શનમહોત્સવ પ્રસંગે આપીશ! બંધુલ મલ્લને આપવાનો લિચ્છવીઓનો પ્રત્યુત્તર પણ એ જ બનશે. ભન્તે સેનાપતિ! હું તમારો જ અભિપ્રાય ગણતંત્ર સંઘને દર્શાવી રહ્યો છું. બરાબર છે ના?'

'ભણે ધનુર્ધર મહાલી? બરાબર છે.'

'સંથાગારની સન્નિપાતભેરી કાલે સૌને આમંત્રે છે. ગણતંત્ર એની નોંધ લે!'

'સાધુ! સાધુ! સાધુ!'

'વૈશાલી નગરીનો વિજય હો!' 'ગણતંત્રનો વિજય હો!' 'આમ્રપાલીનો જય હો!' ધનુર્ધર મહાલીનો જય હો!

અવાજના મહાન પડઘાઓ ચારે તરફથી ઊઠયા.

વર્ષકાર મહાઅમાત્ય એ સાંભળી રહ્યો. વિસંવાદ ટાળવાની સિંહ સેનાપતિની શક્તિ વિષે વિચાર કરી રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. વીરોનો નિર્ણય

બીજે દિવસે વહેલી સવારમાં જ વૈશાલી સંથાગારની સન્નિપાત ભેરી વાગી. એ વાગતાં જ આખી નગરીને જાણ થઈ ગઈ કે સંથાગારમાં ગણતંત્રની સભા મળી રહી છે. સન્નિપાતભેરીનો અવાજ કાને પડતાં દરેકે દરેક સદસ્ય પોતાને ઘેરથી તૈયાર થઈને તરત સંથાગાર તરફ જ ચાલી નીકળતો દેખાયો. રસ્તા ઉપર અશ્વો, રથો, પાલખીઓ, હસ્તિઓ એની ધમાલ મચી ગઈ. નગરીની ઉપશાખા જેવા કુંડકગ્રામમાંથી પણ જવાવાળા એક ક્ષણના વિલંબ વિના ચાલી નીકળ્યા.

વર્ષકાર મહાઅમાત્યને બ્રાહ્મણ આર્યક એ વખતે શ્રાવસ્તી નગરીની રાણી મલ્લિકા વિષેની વાત કરી રહ્યો હતો. વર્ષકારને એમાં રસ પડયો હતો. ત્યાંથી ઘર્ષણના ભણકારા આવતા હતા.

રાણી મલ્લિકાનો સંદેશવાહક બ્રાહ્મણ નાલીજંઘ વૈશાલીમાં આવવાનો હતો. બ્રાહ્મણ આર્યકને મળીને એને રાજગૃહ જવું હતું. શ્રમણ ગૌતમ તરફ રાણીને પૂજ્યભાવ હતો. શ્રમણ ગૌતમને શ્રાવસ્તીનગરીમાં આમંત્રવા હતા. વર્ષકારને આ સમાચાર ઈષ્ટાપત્તિ સમાન હતા. ને તેને એમાં રસ પડયો હતો.

પણ જેવો સન્નિપાત ભેરીનો અવાજ સંભળાયો કે તરત બ્રાહ્મણ આર્યક પણ ઊભો થઈ ગયો: 'શ્રેષ્ઠી ! બસ હવે. આપણે ચાલી નીક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીએ. આ સન્નિપાત ભેરીનો અવાજ આવી રહ્યો છે !'

સન્નિપાતભેરીનો આવો વ્યવસ્થિત ગૌરવ મહિમા જોઈને વર્ષકારને ભારે આશ્ચર્ય થયું. એણે રસ્તા ઉપર દૃષ્ટિ કરી તો ત્યાં પણ રથો, ઘોડાઓ, હાથીઓ, પાલખીઓ, બધાંની ધમાલ ચાલી રહી હતી. બધાં વૈશાલી તરફ જઈ રહ્યાં હતાં. વર્ષકારે એ જ વખતે નિર્ણય કરી લીધો. સંનિપાત ભેરી વાગે ને જ્યારે એક પણ લિચ્છવી બહાર ન ફરકે ત્યારે જ વૈશાલી પડે, તે પહેલાં નહિ ! સન્નિપાતભેરી એ પ્રજા ઐક્યનો મહાન અવાજ બની ગયો હતો.

આજે તો બન્ને જણા સાથે જ, રથમાં બેસીને તરત સંથાગાર તરફ જવા નીકળ્યા. ગઈ કાલે સંથાગારમાં વર્ષકારે એક મહામોલો સપ્તરંગી હીરક કોઈક લિચ્છવીને બતાવ્યો હતો. તેનાથી ઘણાને આશ્ચર્ય થઈ ગયું. પણ આ શ્રેષ્ઠી જ. એ વાતની પ્રતીતિ એમાંથી થઈ ગઈ. રસ્તામાં જ બ્રાહ્મણ આર્યકે કહ્યું: 'મહાનમનને એવો એક હીરક આમ્રપાલી માટે લેવો છે. એના અદ્ભુત પ્રકાશની એને લગની લાગી છે !'

'તો હું જ એને મળવા જઈશ. એ તો સપ્તામ્રક ચૈત્ય પાસે પોતાના આમ્રકાનનમાં જ મળશે. કેમ ?'

'હા ત્યાં જ.' આર્યકે કહ્યું.

થોડીવારમાં જ તેઓ સંથાગારમાં આવી પહોંચ્યા. પણ વર્ષકાર સંથાગારનો આજનો ઠાઠમાઠ જોઈને છક્ક થઈ ગયો.

સેંકડો રથો ત્યાં આવી ગયા હતા. ઉત્તમમાં ઉત્તમ અશ્વો હણહણતા હતા. હસ્તીઓની હારની હાર ઊભી રહી ગઈ હતી. કેટલીક રત્નમંડિત પાલખીઓ પણ આવી ગઈ હતી. વૈશાલી નગરી જાણે કોઈ મહાન યુદ્ધ ઉત્સવના રણરંગમાં આવી ગઈ હોય, તેમ ઠેર ઠેર શણગાર થયા હતા. પુષ્પોની માળાઓ, પર્ણો, વેલાવેલીઓ, મૌક્તિકોની સેરો વડે મેદાનમાંથી સંથાગાર તરફ જનારી આખી વીથિકાને જનસંઘે શણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગારી કાઢી હતી. એક અનોખી જ શોભા ત્યાં પ્રગટી હતી. સોપાન-પરંપરાની બન્ને બાજુએ આજે સુવર્ણ સ્તમ્ભિકાઓ મુકાઈ ગઈ હતી. અને તેના ઉપર વૈશાલીના અદ્ભુત કારીગરોએ કોતરેલા અનેક સિંહ-રાજો હતા. પણ આજે આ બધા જ સિંહો ત્રાડ દેતા વનરાજની વિક્રમમૂર્તિ પ્રગટ કરતા હતા.

રંગમંચને ચારે તરફ સાચાં મોતીની માળાઓથી શણગાર્યો હતો. ત્યાં ઊભા કરેલા પ્રવેશદ્વાર ઉપર રત્નોનાં તોરણ લટકતાં હતાં. એક એક રત્ન અદ્ભુત હતું. મંડપની ચારે તરફ સેંકડો ક્ષત્રિયપુત્રો ઊભા રહી ગયા હતા. તેમણે બધાએ યુદ્ધવેષ પહેર્યા હતા. તેમના હાથમાં ખડ્ગ હતા. ખભે ધનુષ લટકતાં હતાં. વર્ષકારે એક દૃષ્ટિ કરી. એક સહસ્ર મહાબળવાન વીરોની સેના ત્યાં ઊભી હતી. એમને મોખરે ધનુર્ધર મહાલી પોતે ઊભો હતો. પૂરો પાંચ હાથ ઊંચો, પડછંદ, પ્રતાપી એનો દેહ આજના યુદ્ધવેષમાં એવો ગૌરવશાલી લાગતો હતો કે એ જોઈને લિચ્છવી તમામ એક પ્રકારનું અનોખું અભિમાન અનુભવતા હતા. આવા પ્રતાપી ધનુર્ધરની છાયા એમને અજેયત્વ અર્પતી હતી.

લિચ્છવી ગણતંત્રનો, બંધુલ મલ્લને, બોલ્યા વિનાનો જ જાણે આ જવાબ હતો.

થોડીવાર થઈ ત્યાં સિંહ સેનાપતિ આવ્યો. ચારે તરફ શાંતિ ફેલાઈ ગઈ. સિંહ સેનાપતિ સમજતો હતો. લિચ્છવીઓ અભિષેક પુષ્ક-રિણીની બાબતમાં કોઈને નમતું આપવાના નથી. પણ એના મનમાં એક શંકા જન્મી હતી. બંધુલમલ્લનું પોતાનું જ આ ખરેખર સાહસ છે, કે પછી રાજા પ્રસેનજીતે વૈશાલીનું બળ માપવા માટે આ એક આગલી હરોલ મોકલવાનો પ્રયોગ કર્યો છે? જો એમ હોય તો બંધુલ-મલ્લ હારે, ભાગે, જીતે, કે મરે, ગમે તે થાય, તેનાથી વૈશાલીને તો હાનિ જ હતી. વૈશાલીએ મગધ સામે ઊભા કરવા ધારેલા મોરચામાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોશલ ખસી જતું હતું. કોશલ જાય એટલે કાશી જાય. શાક્યો પણ જાય. ગણતંત્રની યુદ્ધ રચના કથળી પડે.

આમ્રપાલીના ઉગ્ર ઘર્ષણ રૂપ બનતા પ્રશ્નને જરાક શાંત વાતાવરણમાં લેવાય એટલા માટે લિચ્છવીઓની આવી એકાદ યુદ્ધરણરંગી સભા મળી જાય એ જરૂરી હતું. મહાલીની વાતને એટલા માટે એણે અનુમોદન આપ્યું હતું. પણ ગણતંત્ર પોતાની સ્થિતિ સમજી લે તે જરૂરી હતું.

તે ઊભો થયો. તેણે ચારે તરફ દૃષ્ટિ કરી. ગણતંત્રને અભિવાદન કરીને એ ત્યાં શાંત ઊભો રહ્યો.

'ભણે ગણપૂરક! ગણતંત્રમાં કોણ નથી આવ્યું ?'

'ભન્તે સેનાપતિ!' ગણપુરક બોલ્યો: 'આખી સમિતિ હાજર છે. કોઈ ગેરહાજર નથી. સાત હજાર સાતસો ને સાતે સાત સદસ્યો છે. ને એ બધા* હાજર છે. એક અતિથિ છે!'

સિંહ ચમકી ગયો લાગ્યો. વર્ષકારે એ જોયું. એને શંકા થઈ ગઈ. ક્યાંક પોતાનો સ્વાંગ ખુલ્લો પડી જશે.

પણ કાલે જે અતિથિ હતો તે જ તામ્રલિપ્તિનો હીરામાણિક્ય મૌક્તિકનો શ્રેષ્ઠી જ અતિથિ છે, એ ખુલાસો થતાં જ, શંકા ગઈ. કાલે આર્યકે વાત ચલાવી હતી. એ શ્રેષ્ઠી શ્રાવસ્તી જઈ રહ્યો હતો. વિશાખા માટે મસ્તકઆભરણના હીરા લઈ જતો હતો.

'ગણતંત્રના સદસ્યો મને સાંભળજો' સિંહ સેનાપતિ બોલ્યો: 'આજે બંધુલમલ્લના આહ્વાનનો વિચાર કરવાનો છે. બંધુલ આપણો મિત્ર છે. કોશલરાજ પ્રસેનજીત આપણી મૈત્રી જાળવે છે. આપણે કોઈની અમૈત્રી ઈચ્છતા નથી. આપણે તો જેના જેના દિલમાં બીજાને ગળી જવાની ઇચ્છા જાગે, તેના તેના પ્રત્યે જ માત્ર શસ્ત્રઅસ્ત્ર ઉપાડ-

---

* એથેન્સના લોકતંત્રમાં ૪૨૦૦૦ સદસ્યોનો ઉલ્લેખ છે. એટલે આ સંખ્યા કલ્પના નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનાં છે. અત્યારે તો મગધનો રાજા બિંબિસાર એક જ એવો છે. એની મહત્ત્વાકાંક્ષાને કોઈ સીમા નથી. બિંબિસાર પણ શ્રમણ ગૌતમના ઉપદેશે હવે આક્રમણકારી રહેશે નહિ. . . . . માત્ર એનો યુવરાજ અજાતશત્રુ અને બ્રાહ્મણ મંત્રી વસ્સકાર. . . . .'

'પણ એ શ્રમણ ગૌતમ કોણ છે ? આપણે એનું શું કામ છે ? એ તો સંસારને નિરર્થક સમજે છે !' કોઈક જુવાન લિચ્છવી બોલી ઊઠયો હતો.

'ભણે ભદ્રાયુ !' સિંહનાયકે તેના તીખા શબ્દોને પણ એ મૃદુ હોય તેમ ગણીને ઉત્તર વાળ્યો:

'શ્રમણ ગૌતમની એવી વાત છે એ સાચું. પણ એ ગણતંત્રનો મહાન મિત્ર છે. એને ગણતંત્રમાં શ્રદ્ધા છે. એના ભિક્ષુસંઘમાં બધા નિર્ણયો બહુમતે કાં એકમતે થાય છે. એટલે આપણને એ મદદ કરનાર છે. રાજતંત્રનો એ સહાયક નથી.'

'પણ એણે તો કંઈક શ્રેષ્ઠીઓને, સૈનિકોને, સેનાપતિઓને, રાજ-પુત્રોને મૂંડી નાખ્યા છે એનું શું ? એ સાચું છે ?'

'એ સાચું છે.' સિંહે કહ્યું.

'બિંબિસારની સદ્રાણી ખેમા પણ એમાં ભળી છે એ સાચું ?'

'ગણતંત્રને મળેલી માહિતી બરાબર છે.' સિંહ નાયકે કહ્યું: 'પણ આપણે અત્યારે જે વાત કરીએ છીએ તેમાં તો શ્રમણ ગૌતમની એક વાત ધ્યાન ખેંચે તેવી છે અને આપણને એ ઉપયોગી થઈ પડે તેવી છે, માટે મેં તમને આ કહ્યું છે. બીજી કોઈ વાતનું આપણને ગણતંત્રને અત્યારે કામ નથી.'

'શું વાત છે ?'

'વાત એક જ છે. શ્રમણ ગૌતમ કહે છે. વૈરથી વૈર આળસે નહિ. એ વધતું રહે. બંધુલમલ્લ પોતે પોતાની તરફથી આ સાહસ કરવા આવતો હોય તો આપણે એને રોકીએ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ રોકીએ શી રીતે?' શી રીતે રોકવાની આ વાત છે?' કેટલાક અવાજ આવ્યા.

'એને એક વખત આવવા તો દો!' બીજી બાજુથી કોઈ બોલ્યું.

'એની જો બીજી કોઈ વાત ન હોય — તો સમજાવટથી, પ્રેમથી. આપણી પ્રણાલિકાના ગૌરવને માન આપવાની એને વાત કહીને! એ રીતે રોકવાની હું વાત કરું છું!' સિંહ બોલ્યો.

'અરે! એમ તે ક્યાંય કોઈ રોકાતું હશે?' કેટલાક વધુ તીખા અવાજ આવ્યા.

'આ તો ગણનાયક નવી નવાઈની વાત કરે છે!'

'સેનાપતિ સિંહના આ શબ્દો ન હોય!'

'અરે! આવી વાત સાંભળવા માટે આપણે આજે ભેગા થયા છીએ?'

ચારે તરફના અવાજ શાંત પડે ત્યાંસુધી સિંહ સેનાપતિ અદબ વાળીને દૃઢ રીતે શાંત ઊભો રહ્યો. એનું કેવળ ઊભવું જ અને દૃઢ નિશ્ચયભરી દૃષ્ટિ શાંતિ સ્થાપવા માટે બસ હતાં. થોડીવારમાં જ બધે શાંતિ વ્યાપી ગઈ.

'ભન્તે ગણતંત્ર મને સાંભળજો. મને સમજો. કોશલ આપણું મિત્ર છે.' તે બોલ્યો: 'તો ×કાશી પણ આપણા માટે મિત્ર છે. તો કપિલ-વસ્તુના શાક્યો આપણા મિત્ર છે. પોતાને ત્યાં રાજતંત્ર છતા કોશલની મૈત્રી ગણતંત્રો સાથે છે. તો વિદેહ, મલ્લ, કોશલ, કાશી, શાક્ય — એમ બળવાન સંઘ આપણા વજ્જિ સંઘને પડખે છે. મગધ માટે એ જેવો તેવો ભાર નથી. એક આવી સમજી શકાય તેવી વાત માટે, આપણે બંધુલમલ્લને દુશ્મન નહિ બનાવીએ. પણ જોવાનું આટલું છે. એ પોતે આવી રહ્યો છે — કે કોઈ એને આવવા માટે પ્રેરે છે?'

'ગમે તો એ પ્રેરાઈને આવે, કે પોતાની મેળે આવે! એમાં

×કાશી એટલે કાશીદેશ. રાજધાની માટે કાશીપુર એ નામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે શું ? અભિષેક પુષ્કરિણીના જલને સ્પર્શનારો એ કોણ ?'

'ભણે સદસ્યો ! એમાં ઘણો ફેર છે. પોતે આવતો હોય તો આપણા મહાલીનો એ સહપાઠી છે. એ મિત્ર રહેવો જોઈએ. પણ જો પ્રેરાઈને આવતો હોય તો એ આપણે માટે કાયડારૂપ બને છે. એ આંહીં થળ રહેવો જોઈએ !'

'એ જ બરાબર છે ! એ જ બરાબર છે ! એ આંહીં થળ રહેવો જોઈએ ! એ પ્રેરાઈને જ આવે છે. આપણા એક સહસ્ર વીરો તૈયાર છે.'

'તો ભણે સદસ્યો ! આ એક સહસ્ર લિચ્છવી જુવાનો જે આંહીં ઊભા છે, તેને ગણતંત્ર આજ્ઞા આપે. અભિષેક પુષ્કરિણીના એ રક્ષકો છે. વીર મહાલી મહા રખ્ખક છે. ગણતંત્ર એમને આજ્ઞા આપે કે જે રીતે બંધુલમલ્લ આવે, તે રીતે જ એનો જવાબ તેઓ વાળે ! ભન્તે ગણતંત્ર મને સાંભળે. બધાને આ કબૂલ છે ?'

'કબૂલ છે ! બરાબર છે !' એક અવાજ ઊઠ્યો.

'તો ભન્તે ગણતંત્ર ! હું ફરીને વાત મૂકું છું. જેની હા હોય તે મૌનં રહીને સંમતિ આપે. જે જુદા પડે તે જુદો અવાજ રજુ કરે !'

સેનાપતિ સિંહે ફરીવાર વાત મૂકી. કોઈનો જુદો મત પડ્યો નહિ. એણે ત્રીજીવાર પણ એ જ વાત કહી.

કાંકરી પડે તો સંભળાય તેવી શાંતિ થઈ ગઈ. કોઈ કાંઈ બોલતું સંભળાયું નહિ.

'ત્યારે હું સમજું છું ગણતંત્ર આ વાત મંજૂર રાખે છે. બંધુલ મલ્લ જે રીતે આવે, તે રીતે એને જવાબ વાળવો. મિત્ર હોય તો મિત્રની રીતે. દુશ્મન હોય તો દુશ્મનની રીતે !'

'વૈશાલી ગણતંત્રનો જય હો !'

'ગણતંત્રનો વિજય હો !' એક તુમુલ અવાજ સભામાંથી ઊઠ્યો. અને એ જ વખતે એનો પ્રત્યુત્તર આવતો હોય તેમ બહારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેદનીમાંથી એક પ્રચંડ અવાજ ઊઠ્યો: 'વૈશાલી ગણતંત્રનો વિજય હો!'

'ગણતંત્રનો જય!' આયેથી મેદનીમાંથી પણ તુમુલ અવાજ ઊઠ્યો હતો.

એ તુમુલ અવાજ શમ્યો ન શમ્યો, ત્યાં એને પણ ઢાંકી દે તેવા શંખધ્વનિ ચારે તરફથી થઈ રહ્યા. મંગલવાદ્યો ઊપડયાં. મોટા ઘંટારવ સંભળાયા. સૈનિકોના તૂર્યના દિગંતવ્યાપી ઘોષ આવ્યા. કોઈએ તાલીઓ પાડી. કેટલાકે રથોને આગળ લીધા. હાથીઓ ઉપરથી નગારાં ને દુદુંભી વાગ્યાં. ચારે તરફ ફેલાયલી મહાન જનમેદનીમાંથી એક મહાઘોષ ઊઠ્યો: 'દેવી આમ્રપાલીનો જય!'

'આમ્રપાલી આવે છે!' 'અમ્મપાલી આવે છે!' રસ્તો કરો, રસ્તો કરો, એના રથને આગળ વધવા દો!'

તરત સેંકડો અવાજોથી રસ્તો એક સીધી પંક્તિ સમાન બની ગયો.

બન્ને બાજુએ લિચ્છવીઓની હાર શાંત ઊભી રહી ગઈ હતી.

થોડીવારમાં જ આમ્રપાલીનો રૂપેરી રથ દેખાયો. સોનેરી રથદંડ ઉપર ફરકતો વૈશાલીનો સિંહધ્વજ જેવો નજરે પડયો, કે ચારે તરફની મેદનીમાંથી, જનસમૂહમાંથી, આસપાસની હવેલીઓના ઝરૂખા છજાં ને ગવાક્ષોમાંથી, પરિષદ્‌ના સભાસ્થાનેથી, એક પ્રચંડ પર્વતતોડ મહાઘોષ આવ્યો.

'વૈશાલીના મહાન ગણતંત્રનો વિજય હો! વિજય હો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. આમ્રપાલી

કોઈ કોઈ સ્ત્રીમાં રૂપ હોય છે — પણ ભયંકર. એ રૂપ સામે નજર માંડવી એ જેવાતેવાનું કામ નહિ. એની સામે નજર માંડી શકાય જ નહિ. કોઈક સ્ત્રીમાં રૂપ હોય છે–ભવ્ય. એની પાસે જવાની ભાગ્યે જ હિમ્મત ચાલે. એ એટલી અસ્પૃશ્ય ઉન્નત લાગે. કેટલીકમાં રૂપ હોય છે, સુંદર, મધુર, પ્રસન્ન, શાંત મનને જીતી લે તેવું — પણ અદ્‌ભુત કે રોમાંચક નહિ. માત્ર કોઈક વિરલમાં જ એ રૂપ મળે છે, જે રૂપ હોય છે, ને રૂપ હોતું નથી. જે રૂપને કોઈ એક પળે નીરખે અને પછી બીજી પળે નીરખે, એટલામાં તો એ રૂપમાં આકાશપાતાળ જેવડું અંતર પડ્યું હોય! જાણે કે એ રૂપ જ ફરી ગયું હોય! સમુદ્રના મનસ્વી તરંગને જેમ એક ક્ષણમાં લાખ લાખ રૂપોની સુંદરતા વરેલી હોય છે, જમીન કાંઠે એ સુંદરતા જુદી, જરાક જ આગળ એ તરંગ ધકેલાય, અને રૂપરંગ જુદાં, વધારે આગળ એ તરંગ જાય, અને એની છટા જ અનોખી, જરાક વધારે દૂર જાય, અને એ મિજાજ જ જુદો, હવા જુદી, રૂપરંગ છબી બધાં જ જુદાં, બરાબર એમ જ, કોઈક વિરલ સ્ત્રીદેહમાં રૂપ નહિ, પણ લાવણ્યનો સમુદ્ર રેલાતો હોય છે. તેનું સૌન્દર્ય એક પળે એક પ્રકારનું. બીજી પળે, એ તદ્દન જ જુદું. એક પળનું એનું રૂપ, એ બીજી પળે મળે જ નહિ. દરેક પળે એ આંખની સામે અનોખું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનોખું રૂપ લાવે. કેટલીક સ્ત્રીઓનાં રૂપ ઋતુ પ્રમાણે બદલાય છે. કોઈકનાં દિવસમાં હજાર વખત બદલાય છે. પણ જે રૂપ એક ક્ષણમાં, નોખનોખી સુંદરતા બતાવે છે તે વિરલરૂપ, રૂપ હોતું નથી. હજારેક વર્ષે એકાદ વખત રસળતાં રસળતાં આવી જનારી રૂપલીલા હોય છે. એકાદ રાધા, એકાદ તિલોત્તમા, શકુંતલા એ આવા અકસ્માત હોય છે.

આમ્રપાલી પાસે આવી રૂપલીલા હતી. રૂપ ન હતું. એને જોનારો એને ભૂલી ન શકે, પણ એણે શું જોયું એ કદી એ કહી ન શકે. સ્વપ્નામાં આવી ગયેલા કોઈ બીજા મધુર સ્વપ્નસમી એ રૂપલીલા હતી. આ દુનિયાની ખરી, પણ આંહીંની નહિ.

રથમાંથી ઊતરીને એણે સંથાગારમાં પ્રવેશ કર્યો. એક પળભર એ ત્યાં ઊભી રહી. એક વેધક દૃષ્ટિ વડે એણે સંથાગારની ચારે તરફ જોયું. અને જાણે કે હવા જ બદલાઈ ગઈ. તરત કોણજાણે સૌની નજરમાં શું આવીને એઠું, પણ બધાને, દુનિયાની દરેક વસ્તુ કુરૂપ બની જતી લાગી. જાણે કે રૂપ બધેથી આવીને એકલી આમ્રપાલીમાં જ વસી ગયું હોય!

એક પળભર તો એમ થઈ ગયું કે આમ્રપાલી એક જ સત્ય સ્વપ્ન છે, અને બીજું બધું મિથ્યા સત્ય છે.

આ અનુભવમાંથી જાગૃત રહેવા માટે પણ મથવું પડે તેમ હતું.

મહાનમન ત્યાં હતો. સિંહસેનાપતિ હતો. આખી સંથાગાર સભા હતી. મહાધનુર્ધર મહાલી હતો. એની સાથેના એક સહસ્ર વીરપુરુષો હતા. આમ્રપાલી હવે શું જવાબ આપે છે તે જાણવા માટે બધા એક ધ્યાન થઈ ગયા હતા. તેની સામે જોઈ રહ્યા હતા.

એટલામાં વીજળીને ભાષા મળે અને જે ભાષા એ બોલે, તેજસ્વી, રૂપભરી, અદ્‌ભુત છટા ભરી, અકૃત્રિમ, બરાબર એવી જ વાણી આમ્રપાલી પાસેથી ઊઠતી દેખાઈ. એ બોલી: ‘ભન્તે વૈશાલી ગણસંઘ મને સાંભળો. ગણજનો મને સાંભળો. સને સમજો. તમારે ત્યાં વૈશાલીમાં જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયંકર . . . . નિયમ '

'ભયંકર ?' તરત જ એક મોટો અવાજ આવ્યો: 'આ તો સંથાગારનું જ અપમાન છે ભન્તે સેનાપતિ !'

આમ્રપાલીની દેહ જરાક ઊંચી થઈ. ગૌરવમાં એનું માથું સહેજ ઉન્નત બન્યું. દૃષ્ટિમાં તેજસ્વી વીજળીની છટા આવી. તેણે વધુ દૃઢ પણ શાંત અવાજે કહ્યું: 'હા, ભયંકર . . . અને દુષ્ટ. તમારે ત્યાં જે ભયંકર અને દુષ્ટ નિયમ છે . . .'

'દુષ્ટ નિયમ ? પ્રવેણી પુસ્તકનું પણ અપમાન ?' બીજો અવાજ સંભળાયો.

'ભન્તે ગણતંત્ર ! પહેલાં મને સાંભળો. મારે કાંઈક કહેવાનું છે. હું પૂછું છું, જે નિયમ તમે પ્રવેણી પુસ્તકમાં હોવાનું કહો છો તે શું છે ?'

'નગરની સર્વોત્તમ રૂપવતી જનપદકલ્યાણી બને. નગરશોભિની થઈ રહે. પ્રવેણી પુસ્તકનો એ અચલ નિયમ છે.'

'બરાબર. જે સર્વોત્તમ રૂપવતી હોય, તે તમારી નગરીની નગરશોભિની થઈ રહે. પણ હું એમ પૂછું છું, તમે એટલે કોણ ? તમે કોણ ?'

'અમે એટલે કોણ ? વાહ્ ! આ કેવી વાત છે ?' કેટલાક ઉગ્ર મોટા અવાજો સંભળાયા: 'અમે લિચ્છવીઓ. વૈશાલીના રાજાઓ. સંથાગારના સદસ્યો. મહાન વૈશાલીના નગરજનો. અમે કોણ ? અમે સાત હજાર સાતસો ને સાત. અમારે અમારી ઓળખાણ આપવાની ન હોય. અમને કોણ ઓળખતું નથી ? અમને કૌસાંબીનો પ્રસેનજીત ઓળખે છે. મગધપતિ બિંબિસાર ઓળખે છે. વત્સરાજ ઉદયન અમને ઓળખે છે. અવંતીપતિ ચંડપ્રદ્યોત અમને જાણે છે. અમને કોણ ઓળખતું નથી ?'

'તે છતાં પણ, તમને ન ઓળખવાનો દાવો કોઈકનો છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કોણ છે એ? જે અમને ઓળખતું ન હોય?' ગર્વિષ્ટ અવાજોથી સંથાગાર ગાજી ઊઠયો.

આમ્રપાલીનો દેહ જરાક વધારે ટટ્ટાર બન્યો. ધનુષ્ટંકારવ સમ અવાજે તેણે કહ્યું:

'હું!—હું આમ્રપાલી, તમને ઓળખતી નથી. મેં તમને જાણ્યા નથી!'

એકદમ મોટી ગરબડ મચી ગઈ. સંથાગારનું આવું અપમાન કોઈએ કર્યું હોય તો લિચ્છવીઓ ત્યાં ને ત્યાં એને ફૂટી નાખે એવા ગર્વિષ્ટ અને સમર્થ હતા. કેટલાય લિચ્છવી જુવાનોનો એક સામટો અવાજ આવ્યો: 'ભન્તે સેનાપતિ! સંથાગારની આ તો અવહેલના છે. સંથાગારનું અપમાન છે. વૈશાલી નગરીનો આ તો તિરસ્કાર છે. અમે આ નથી સહેવાના.'

'પણ ભન્તે ગણસંઘ! હજી મેં તમને પૂરેપૂરી વાત ક્યાં કરી છે?' આમ્રપાલીએ કહ્યું: 'તમે મને સાંભળો. મને સમજો. પછી બોલો. હું કહું છું તમે લિચ્છવીઓ લિચ્છવીઓ રહ્યા છો? તમને બીજા ઓળખતા હશે. હું શી ઓળખાણે ઓળખું? શી રીતે ઓળખું?'

'પણ ત્યારે અમે શું છીએ?' કેટલાક પૂછ્યું.

'કહું?'

'હા, કહોને, કહોને. અમારે તો એ સાંભળવું છે!'

'પેલા વૃક્ષ ઉપરથી ખરે, જુઓ—પાંદડાં! એ દરેક છૂટું છૂટું ખર્યા જ કરે છે! તમે પાંદડાં છો. તમારામાં સાચી એકતા ક્યાં છે? તમારે ત્યાં ડાળી ક્યાં છે? વૃક્ષ ક્યાં છે? તમે શેને ચોટયા છો? આજ તમે એકત્ર થયા છો.. એક નિયમની સ્પષ્ટતા માટે. પણ એ રૂપને સમજવાની તમારામાં શક્તિ નથી એનું શું? કહું છું તમે અક્ષરને વળગ્યા છો, ને અર્થને ભૂલ્યા છો તેનું શું? હું તમારે ત્યાં નગરશોભિની બનું? એમ? એ કદાપિ ન બને. હું તો ત્યાં નગરશોભિની બનું કે જે નગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીમાં હું શોભું. જે નગરી ઇતિહાસ સરજવાની હોય. જેણે ઇતિહાસ સરજ્યો હોય. જેને ઇતિહાસનું સ્વપ્ન હોય. તમારો ઇતિહાસ શું છે ? તમારું સ્વપ્ન શું છે ? હું તો કહું છું, તમારી નગરી, નગરી જ ક્યાં રહી છે ? આ નગરી શું આમ લાંબો વખત રહેવાની છે ? તમે વર્તમાનના તરંગ ઉપર જીવો છો. હું તો ભવિષ્યની ધરતી નિહાળું છું. '

આમ્રપાલીના વેધક પ્રશ્નોથી આખું સંથાગાર એક પળભર જડ અને સ્થિર જેવું થઈ ગયેલું જણાયું. શું ઉત્તર વાળવો તે કોઈને સૂઝતું હોય તેમ લાગ્યું નહિ. પણ થોડીવારમાં જ એક લિચ્છવી જુવાન ઊભો થયો. તે દૃઢતાથી બોલ્યો:

' તમે અમને લિચ્છવી ગણતા નથી, તો તમે કોને લિચ્છવી ગણો છો ? તમારે કેવી નગરી જોઈએ છીએ ? આ નગરીમાં શું કહેવાપણું છે ? '

' ભણે લિચ્છવી જુવાન ! લિચ્છવી તો એ છે, ' આમ્રપાલીએ દેહને વધુ ગૌરવ ભર્યો વળાંક આપતાં કહ્યું: ' લિચ્છવી તો તે છે જે એકલો એક નગરી સમાન છે ! આ નગરીમાં એવો કોણ છે ? અને નગરી એટલે શું ? જેના ધનનો પાર ન હોય. જેના વૈભવની સીમા ન હોય. જ્યાં ધાન્યનો પાર નહિ. વીરત્વનો પાર નહિ. ઉદારતાનો પાર નહિ. રક્ષણનો પાર નહિ.

' એની વજ્જર જેવી દેહ માટે સહનશીલતાનો પાર નહિ. જે ડગે નહિ. નમે નહિ. પરાધીન બને નહિ. તેજોવધ ખમે નહિ. એનું નામ નગરી. આવી એક નગરી સમો જે નાગરિક—એ લિચ્છવી. અહીં કોણ એવો છે. જેને ત્યાં નારીના કેશમાં પરોવેલાં મૌક્તિકો નવકોટિ જેટલા મૂલ્યાંકનનાં હોય ? કોણ એવો છે, જેના ધાન્યભંડારો ગણતંત્ર દેશ આખાને, સાત દુષ્કાળ પાર કરાવવાની તાકાત ધરાવતા હોય ? તમારે સ્વપ્ન છે, નગરીના ગૌરવમાં એક જનપદકલ્યાણીનું; મારે સ્વપ્ન છે—નગરીમાં એવા નરસિંહોનું જે એકાકી એક સહસ્રને ભારે પડે તેવા હોય ! એવો કોણ છે જે એકલો, એકલે હાથે, એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહસ્રનો સામનો કરવા.....'

પણ આમ્રપાલીનો શબ્દ અધૂરો રહી ગયો. ધનુર્ધર મહાલી આગળ આવી ગયો હતો. તેની ઊંચી સશક્ત કાયાનો અનોખો પ્રતાપ તેજ ભરી કાંતિમાં શોભી રહ્યો. તેણે ગૌરવથી કહ્યું: 'હું એકલો— એક સહસ્ર વીરોનું આહ્વાન તમારા શબ્દે ઉપાડી લઉં છું! એક સહસ્ર વીરો બહાર આવે! વૈશાલી વંધ્યા નથી. એને ત્યાં પણ યોદ્ધા છે!'

મહાલીનો શબ્દ પૂરો થયો ન થયો, ત્યાં તો જે એક સહસ્ર વીરો ત્યાં ઊભા હતા એ જ સામે ખડા થઈ ગયા!

મહાલી બોલ્યો: 'આ એક સહસ્ર વીરો હોય—કે બંધુલમલ્લ જેવાના એક સહસ્ર વીરો આવવાના હોય—વૈશાલીમાંથી એનો સામનો કરવા એક જ જણ બસ છે. મને ગણતંત્રે એ બહુમાન આપ્યું છે. હું ગણતંત્રનો ભારે ઋણી છું. સેંકડો લિચ્છવીઓમાંથી એમણે મને નગરવીર તરીકે પિછાન્યો છે. ગમે તે એક સહસ્ર જોદ્ધા લઈને આવે— હું એકલો, વૈશાલી નગરીને નામે જવાનો છું. જુઓ, તમે ખાત્રી કરો. તમારી વાત સાચી છે. જે નગરીમાં વીર નરસિંહો ન હોય એ નગરીની નગરશોભિની કેટલા દીની? ગમે તે એ નગરશોભિનીની વાતથી જ યુદ્ધનો ધ્વજ રોપે. વાત તમારી સાચી છે. તમારે નામે હું આ કરું છું, તે જુઓ.'

મહાલીએ તરત ખભા ઉપરથી ધનુષ ઉઠાવ્યું. સભા આખી તો ચિત્રવત્ સ્થિર બની ગઈ. શું બોલવું તે કોઈને સૂઝ્યું નહિ. વર્ષકાર મહાઅમાત્ય મહાલીને નિહાળી રહ્યો. એનું વીરત્વ અત્યારે અનોખું જ લાગતું હતું. આમ્રપાલી અને મહાલી બે થઈને જ મહાન નગરી બની જાય એટલો પ્રતાપ તેણે ત્યાં જોયો. એ વિચાર કરી રહ્યો.

એટલામાં મહાલીએ પ્રત્યંચાનો ટંકારવ કર્યો અને દિશાઓ જાણે ધ્રૂજી ગઈ.

એણે તરત દોરી ઉપર બાણ પણ ચડાવ્યું. કોઈ સમજી શકયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ કે મહાલી શું કરે છે, કે એ શું કરવાનો છે. આ બાણ હવે એ ક્યાં છોડશે — ક્યાંય છોડવાની જગ્યા નથી એ વિચાર આવતાં સભા આખી આશ્ચર્યમાં પડી ગઈ હતી. આમ્રપાલી મહાલીની વીર-મૂર્તિને જોઈ રહી.

એટલામાં તો મહાલીએ ગોઠણ વાળ્યો. દેહને વીરાસનનો વળાંક આપ્યો. ધનુષ ઉપર બાણનું સંધાન લીધું. પ્રત્યંચા ખેંચી. આખા સંથાગારની હવા જાણે એ એકલો ખેંચી લેતો હોય તેમ લાગ્યું. એણે પ્રત્યંચા ખેંચી — અને હવામાં જાણે અગ્નિ પ્રગટયો. એટલા તો જોરથી એણે પ્રત્યંચા ખેંચી હતી કે, એનું છૂટેલું બાણ હવે ક્યાં જઈ શકશે, એ મહા ચિંતાનો વિષય થઈ પડયો. તારકાસુરને હણવા નીકળેલા ભગવાન પિનાકપાણિની તેજશ્રી ત્યાં મહાલીમાં પ્રગટ થઈ.

પણ ધનુષમાં બાણ અનુસંધાન થઈ ગયું હતું. મહાલીની એ વીર પ્રતિમા જોવા માટે જોનારા અરધા ઊભા જેવા થઈ ગયા હતા. વર્ષકાર તો મહાલીને જોઈને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. એનું બળ ખરેખર અદ્‌ભુત હતું. લાગે કે ત્યાં કેવો મહાલી ને કેવી વાત? મહાલી પોતે જ જાણે બદલાઈ ગયો હતો. અગ્નિના પૂંજ જેવો એ દેદીપ્યમાન લાગતો હતો. એના ચહેરા ઉપર હમણાં શોણિતની સરવાણી ફૂટશે એમ જણાતું હતુ. આંખમાં વીજળી લખલખી રહી હતી. જે દિશામાં એ જોશે–એ દિશા પોતે જ જાણે સળગી ઊઠશે–એવો ભય બધાના દિલમાં વ્યાપી ગયો!

અને કોઈ મહાસમુદ્ર જેમ ધરતીકંપ થયે ખળભળી ઊઠે કોઈ મહાપર્વતનાં શિખરો સતીના શાપે જેમ ગડગડે, તેમ હવા બધી ખળભળી ઊઠી. સંથાગાર ધ્રૂજવા માંડયું. બધા જડ જેવા થઈ ગયા. શું થયું, થશે કે થવાનું છે, તેનું કાંઈ ભાન રહ્યું નહિ. મહાભારત-ની કથા–વાર્તાના જમાનાની ધનુષવિદ્યા મહાલીએ સજીવન કરી બતાવી હતી! એટલામાં જેમ મહાભયંકર ઘોર ગર્જન કરતાં વાદળાં ગડગડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો મોટો ગડગડાટ ઘોષ થયો. અને પૃથ્વીને બાળી નાખતી વીજળી ચમકે તેમ તેજ તેજના અંબાર સમી ધનુષની પ્રત્યંચા ત્યાં એક ઘડીભર ચમકી ગઈ.

અને એ ચમકારાની સાથે જ મોટો ઘોષ કરતું મહાલીએ છોડેલું બાણ સરર સટ સંથાગાર માથેના ખુલ્લા આકાશમાંથી સંથાગાર સોંસરવું હવામાર્ગે જતું બધાની નજરે પડ્યું !

આખી સમિતિ ધનુષ્યબાણનો માર્ગ નિહાળવા માટે એક પગે ખડી થઈ ગઈ.

પણ જેમ ગરુડ પંખી જાય, મરુતનો વાવંટોળિયો ઉપડી જાય, તેમ સરર કરતું બાણ હવામાં આગળ જતું રહ્યું હતું. આકાશને પંથે એ હજી ઊંચું ને ઊંચું કોણ જાણે કેટલું ઊંચું જતું જણાયું. અને પછી અચાનક જ દિશા બદલીને વેગભરી ગતિમાં આકાશને પંથે જ કોણ જાણે ક્યાંનું ક્યાં ચાલ્યું ગયું ! કોઈને ખબર પડી નહિ, કોઈને સમજાયું નહિ, પણ બાણ અદૃશ્ય થઈ ગયું હતું ! જાણે આકાશમાં જ ભળી ગયું !

આખી મેદની મહાલીના આ અપ્રતિમ બળને નિહાળી રહી.

મેદનીના કંઠમાંથી અચાનક ઘોષ ઊપડ્યો: 'ધનુર્ધર મહાલીનો જય હો ! વૈશાલી ગણતંત્રનો વિજય હો !'

આમ્રપાલીને અપાયલો જાણે કે આ પ્રત્યુત્તર છે એમ સમજણ આવતાં સંથાગારમાં પાછી તરત શાંતિ સ્થપાઈ ગઈ. સેનાપતિ સિંહ મહાલી સામે જોઈ રહ્યો. એણે ઘર્ષણનું કારણ ટાળી દીધું હતું. હવે આમ્રપાલી શું કહેશે—શું કહી શકે, શું કહે છે, એ જાણવા બધા જ આતુર થઈ ગયા.

એ વખતે કોઈનું ધ્યાન ખેંચાયું ન ખેંચાયું, પણ મહાલી પોતે સંથાગારમાંથી વિદાય લેતો દેખાયો.

'શું હશે ?' એ અનુમાને કંઈકને અધીરા કર્યા. પણ થોડીવારમાં જ એ સંથાગારની બહાર નીકળી ગયો. અને તરતજ સિંહનાયકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાલખીમાં ઊપડી ગયો લાગ્યો.

'બંધુલમલ્લ આવ્યો છે કે શું ? કે એવો કાઈ સંદેશો આવ્યો છે ? એ વિષેની કાંઈ ચોક્કસ ખબર સિંહનાયક આપે છે કે નહિ એ જાણવા માટે સૌએ નાયક તરફ જોયું. પણ નાયકના મોં ઉપર ચિંતા હતી. હોઠ તો વજ્જરની માફક બિડાયલા હતા. તે હતો તેમ જ શાંત બેઠો હતો. મહાલી વિષે એને પણ કાંઈ સમજણ પડી લાગી નહિ. વ્યવસ્થા જાળવવા એ હતો તેમ શાંત રહ્યો.

હવે આમ્રપાલી શું કહે છે તે જાણવા માટે સૌ આતુર થઈ ગયા. આમ્રપાલી બે ડગલાં આગળ આવી. તેણે એક સ્થિર દૃષ્ટિ સંથાગારમાં ચારે તરફ ફેંકી. એક પળ ભર દૃઢ રીતે તે શાંત ઊભી રહી. એનો અવાજ આવ્યો ત્યારે એમાં મેઘનીતર્યા આકાશની ગંભીરતા હતી. તે બોલી: 'સંથાગાર મને ક્ષમા કરે. પણ ધનુર્ધર મહાલી તો ભારત વિખ્યાત પુરુષ છે જ. એ છે તો વૈશાલીની પુષ્કરિણીઓ સલામત છે. પણ જ્યારે બીજું કાઈ નથી, એમ બંધુલમલ્લને ખબર હશે, ત્યારે જ તેણે આવું ધૃષ્ટ આહ્‌વાન મોકલ્યું હશે નાં ?' તેનો સ્વર સહેજ ઊંચો થયો. જરાક તેજસ્વી બન્યો: 'વૈશાલીના ગણજનો ! મારું સ્વપ્ન ફળતું નથી..તમારું સ્વપ્ન પણ નહિ ફળે. હું તમને આહ્‌વાન આપું છું . . . ધનુર્ધર મહાલી તો છે જ. એ તો દેશવિદેશમાં વિખ્યાત છે. સૌ એને જાણે છે. એમાં કાંઈ નવાઈ નથી. પણ મારી પડખે 'નીલપદ્મ ભવન'માં જેને હું મારા સાન્નિધ્યમાં બેસારતાં, ગૌરવ અનુભવી શકું; એવો એક પુરુષ–સિંહ, લિચ્છવી નર–સિંહ ઊભો થાય ! આ સાત હજાર સાતસો ને સાતમાંથી કાઈની એ તાકાત હું જોતી નથી. જેને મારા સાન્નિધ્યમાં બેસારતાં મને ગૌરવ મળે. કાઈ એવો દેખાતો નથી. લિચ્છવી જુવાનો ! ગણતંત્ર મને સાંભળે. મારું સ્વપ્ન ફળતું નથી. તમારું સ્વપ્ન નહિ ફળે. હું વૈશાલી તજવાની નથી. બીજે કયાંય જવાની નથી. પણ મને ટીંગુજીઓનું સાન્નિધ્ય જનપદકલ્યાણી ન બનાવી શકે. જનપદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદરી ન રાખી શકે. નગરશોભિતી કોઈ નારી એમ ન થઈ શકે. . તમારો નિયમ દુષ્ટ છે. એ નિર્બળોનો નિયમ છે. હું એ માન્ય રાખતી નથી. એ માન્ય કરતી નથી.'

'કારણ ? કારણ શું છે . . . . ?' કેટલાક અવાજો આવ્યા.

એની તીખાશ સામે લેશ પણ અવાજ ઊંચો કર્યા વિના આમ્ર-પાલીએ દૃઢ શાંત જવાબ વાળ્યો : 'કારણ કે હું, હું છું !'

આમ્રપાલીનો પ્રત્યુત્તર સાંભળતાં જ સંથાગારમાં મોટો કોલાહલ થઈ ગયો. ફરીને કેટલાક ઊભા થઈ ગયા હતા. કોઈક અવાજ કરતા હતા. કોઈકના હાથ ઊંચા થતા હતા. કોઈકને કાંઈક કહેવું હતું. કોઈકને કાંઈ કહેવું ન હતું, પણ ભાલો જ ઠબકારવો હતો. કોઈ કોઈને સાંભળે તેવું રહ્યું નહિ. આમ્રપાલીનો પ્રત્યુત્તર ઘણો જ ઉગ્ર, વિરોધી વાતાવરણ જન્માવનારો હતો. સિંહનાયકે એ જોઈ લીધું. હવે તે ઊભો થયો. એક ક્ષણ પણ પોતાના ઉપરનો કાબુ ગુમાવ્યા વિના તેણે શાંત દૃઢ મોટા અવાજે કહ્યું: 'ભન્તે ગણતંત્ર ! મને સાંભળો. હજી ધનુર્ધર મહાલી ક્યાં ગયેલ છે ને શું સમાચાર એની પાસે છે, એ આપણે જાણતા નથી. કદાચ પળ એ પળમાં વૈશાલીના વીરત્વની કસોટી આવી પડવાની હોય !'

સિંહનાયકના શબ્દો ખળભળતા સમુદ્ર ઉપર તેલની ધાર જેમ પડ્યા લાગ્યા. વૈશાલીના વીરત્વની કસોટીની વાત આવતાં જ એક ક્ષણમાં વાતાવરણમાં ચમત્કારિક ફેરફાર થઈ ગયો.

મગધનો મહાઅમાત્ય વર્ષકાર આ ફેરફાર જોઈને છક્ક થઈ ગયો. વૈશાલીના મહાન વ્યવસ્થિત સામર્થ્યનું આ જ રહસ્ય હતું. સંકટ સમયે એક પળમાં એક થઈ જવાનું. એ જોઈને એક તરફથી એને આનંદ થયો. બીજી બાજુથી એટલી જ નવી ચિંતા પણ જન્મી. એ મનમાં વિચારી રહ્યો. આ ગણ વ્યવસ્થામાં અનેક જગ્યાએ મતભેદો છે અને દેખાય છે. પણ ક્યાંય એક નબળી કડી નથી. ક્યાંય એકે છિદ્ર નથી. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ માણસના આંખમાં ક્ષુદ્રતા જણાતી નથી. આંહીં કોઈ ક્ષુલ્લક નથી. મોટી વાત આ હતી. આમાં શી રીતે પગપેસારો થશે?

વર્ષકાર મહાઅમાત્ય આ સામર્થ્ય જોઈને નવી ચિંતામાં પડી ગયો. એણે જોયું કે મહાનમને તો અચેલ કોરમટ્ટકના શબ્દે શબ્દને પાળી બતાવ્યા હતા. આ પ્રસંગે તે કાંઈ જ બોલ્યો ન હતો. અચેલ કોરમટ્ટકે જેમ કહ્યું તેમ. તેણે ધરિત્રી જેવી નારીશક્તિને જ વાત સોંપી દીધી હતી. એને જ પોતાની વાત કહેવા દીધી હતી. આમ્રપાલીએ જે પ્રત્યુત્તર આપ્યો તે નવાઈ ભર્યો હતો. સંથાગારમાં તોફાની વાતાવરણ પ્રગટ્યું હતું. હજી એ ત્યાં હતું જ. શમ્યું ન હતું. અત્યારે તો, વૈશાલી નગરીને એક, વ્યવસ્થિત અને સંપૂર્ણ સામર્થ્યના પ્રતીક સમી રાખનાર, સિંહનાયકના એક જ શબ્દે એ બધું શાંત દેખાતું હતું.

શાંતિ થઈ લાગી કે તરત જ સિંહનાયકે કહ્યું: 'ભન્તે ગણતંત્ર! સંથાગારની ઇચ્છા જ આ વૈશાલી નગરીમાં સર્વોપરી છે. ને સર્વોપરી રહેવાની છે. એ વિષે કોઈ પ્રશ્ન હોઈ શકે જ નહિ. આંહીં આ નગરીમાં એક મહાન સમાજ છે. એ જ વ્યક્તિ છે. કોઈ વ્યક્તિ, વ્યક્તિ નથી. ભન્તે ગણતંત્ર મને સાંભળે. હજી મેં છેલ્લો શબ્દ કહ્યો નથી. તેમ જ સંથાગાર એમ ન માને કે એને છેલ્લો શબ્દ મળી ગયો છે. છેલ્લો શબ્દ મળ્યો નથી. સંથાગાર મને એક માન આપે. આમ્રપાલીનો છેલ્લો શબ્દ લાવવાનું મને માન આપે. મને એ કામ સોંપે!'

'પણ છેલ્લો શબ્દ એટલે શું ભન્તે નાયક? કોના છેલ્લા શબ્દની આ વાત છે? સંથાગારે તો છેલ્લો શબ્દ ક્યારનો કહી દીધો છે અને એ જ છેલ્લો, પહેલો, વચલો કે આજ્ઞાનો શબ્દ છે.'

'ભણે સદસ્ય! હમણાં જ મેં જે કહ્યું તે ભૂલી ગયા? વીર ધનુર્ધર મહાલી આપણને શું સંભળાવે છે તે નગરી માટે અત્યારે પ્રથમ જરૂરી છે. એ ખબર પડશે... કદાચ, એની વાત અષ્ટરાજકુલ પાસે જ મૂકવા જેવી લાગે.. એટલે મેં કહ્યું છે સદસ્ય! કે ગણસંઘ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને માન આપે. જેનો જેનો છેલ્લો શબ્દ સંથાગાર સાંભળવા ઇચ્છે છે, તેનો છેલ્લો શબ્દ હું લાવું !'

'ભન્તે નાયક ! ક્યારે ? સંથાગારે તો પોતાની ઇચ્છા વ્યક્ત કરી દીધી છે. શલાકા વહેંચણી થાય તો પરિણામ સંથાગારની ઇચ્છા પ્રમાણે જ આવવાનું છે. આ દેખીતી વાત છે. છતાં આ વાત . . . એ કેવળ સમય કાઢવા માટે જ નથી ? સંથાગાર વિચારે. એ ઊતરતી કોટીમાં જાણે સરી જતો હોય એમ લાગતું નથી ? જેની ઇચ્છા એક પળના વિલંબ વિના આજ્ઞા બની રહેતી, તે વૈશાલી સંથાગારની આ દશા ? શા માટે એ આ પ્રમાણે કરે ?'

લિચ્છવી જુવાનના શબ્દે સિંહનાયક પળભર મૂંઝાયો લાગ્યો. પશુના એ શિંગડા ઉપર ચડેલા માનવી જેવી એની સ્થિતિ થતી હતી. સંથાગારની ઇચ્છા પ્રગટ થઈ ગઈ હતી. એને ના કહી શકતો ન હતો. હા કહેવાનું શકય ન હતું. પ્રશ્ન લંબાવવો એ સંથાગારના સભાગૌરવને ખંડિત કરવા જેવું હતું, એ પણ સાચું હતું. પણ આંહીં તો એણે તાત્કાલિક પ્રત્યુત્તર આપવાનો હતો. આંહીં સંથાગારમાં ધનુર્ધરો હતા તો તર્કસિદ્ધ શબ્દોના જાણકાર પણ ક્યાં ન હતા ? લિચ્છવી જુવાને તર્કસિદ્ધ વાત મૂકી હતી. જે લિચ્છવીઓ બ્રાહ્મણોને પણ માન ન આપતા, ને દરેક ધર્મવાદને તર્કે ચડાવી મૂકતા, સિંહનાયકને, એ નાયક હોવાથી માન આપે તેવા ન હતા. નાયકની વાત બરાબર હોવી જોઈએ. નાયકે તત્કાલ જવાબ આપવો જ ઘટે. મહાઅમાત્ય વર્ષકાર આ સ્થિતિ જોઈ રહ્યો. નાયક કેમ રસ્તો કાઢે છે એ સાંભળવા માટે એ આતુર થઈ ગયો. મહાલીની વાતની ગડ હજી એને બેઠી ન હતી.

પણ નાયક તો નાયક હતો. તેણે લેશ પણ ઉતાવળા કે આકરા થયા વિના કહ્યું: 'ભણે લિચ્છવી જુવાન ! ભણે ગણસદસ્ય ! વાત તો તમે મૂકી છે તે પ્રમાણે જ બરાબર છે. સંથાગારે પોતાની ઇચ્છા વ્યક્ત કરી દીધી છે. એ બરાબર છે. પણ ભણે જુવાન ! સંથાગારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છાને માન આપવા માટે, શું કોઈ પોતાની શરત ન મૂકી શકે? મૂકાયેલી વાત એ એક શરત જેવી જ ન હતી—? એક સહસ્ર સામે ઝૂઝનારા કેટલા વીર આંહીં હતા, એ એક શરત જેવી જ વાત હતી. એ શરતનું રહસ્ય પણ ધનુર્ધર મહાલીએ સ્પષ્ટ કર્યું હતું. નગરશોભિનીની રૂપ કીર્તિ જો યુદ્ધ લાવે તો તમારે ત્યાં નરસિંહો કેટલા? એ વિના નગરશોભિની નગરશોભિની કેટલા દી ની? એ શરત સંથાગારને ન ગમી. તો એ જ પ્રમાણે બીજી શરતો મૂકીને રસ્તો કાઢવા મથવું એ શું વિલંબ ગણાય? શું તેથી સંથાગારની સર્વોપરી ઇચ્છાને કોઈ અવગણે છે એમ કહેવાય? ભણે સદસ્ય! આ વાત આમ સમજવાની છે. હું આમ સમજું છું. મને સંથાગાર એક બહુમાન માટે યોગ્ય ગણે. છેલ્લો શબ્દ લાવનારો સંથાગારનો સંદેશવાહક હું છું. . એમ સમજો . .'

'તો શું કાલે આમ્રપાલીની શરતો આવશે?'

'આવે!' સિંહનાયક બોલ્યો.

'ચોક્કસ આવે?'

પણ એટલામાં દૂરથી મહાલીનો મોકલ્યો કોઈ માણસ આવતો જણાયો. તે આવીને સીધો સિંહનાયક પાસે જ ઊભો રહ્યો. તેણે સિંહનાયકના કાનમાં કાંઈક કહ્યું. સિંહનાયકના ચહેરા ઉપર એક ક્ષણ વિષાદ આવી ગયો. પણ એ બોલ્યો ત્યારે એના અવાજમા હમેશની શાંતિ આવી ગઈ હતી. સિંહનાયક તરફ આમ્રપાલીએ એક ક્ષણ જોયું . . અને એ આગળ જવા માટે સરકતી જણાઈ.

સિંહ બોલ્યો: 'ભન્તે ગણતંત્ર! મહાનુભાવો! મારે મહાલીને મળવું પડે તેમ છે!'

'શું છે? શું છે? ભન્તે નાયક! શાની વાત છે?' એક સામટા અનેક અવાજો આવ્યા.

'ભન્તે ગણતંત્ર! બંધુલમલ્લ વિષે કાંઈ નથી એ ચોક્કસ. હું જાઉં છું. પાછા મળવાની સન્નિપાતભેરી હવે પછી વાગશે. વૈશાલી ગણતંત્રનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિજય. બોલો—'ગણ તંત્રનો વિજય હો!'

સંથાગારમાંથી એક અવાજે પ્રત્યુત્તર આપ્યો: 'ગણતંત્રનો વિજય હો!' પણ એ કોલાહલ થતાંમાં જ મહાનમન ને આમ્રપાલી ત્યાંથી સરી ગયાં હતાં.

સિંહનાયકે આમ્રપાલીને જોવા ત્યાં દૃષ્ટિ કરી. પણ એટલી વારમાં તો આમ્રપાલીનો રથ સૌથી આગળ નીકળી ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪. ધનુર્ધર મહાલી

મહાનમન અને આમ્રપાલીનો રથ આગળ ચાલ્યો ગયો હતો. સિંહનાયક વિચાર કરતો એકદમ પોતાના અશ્વ પાસે આવ્યો. તેણે તત્કાલ સવારી કરી. શું વાત છે એ એના ચહેરા ઉપરથી જણાતું ન હતું. પણ ચોક્કસ કાંઈક ઘણા જ અગત્યના સમાચાર છે એ સૌ કળી ગયા હતા.

*અષ્ટ રાજકુલમાં આપવા જેવા જ સમાચાર હોવા જોઈએ, એમ મનમાં સમાધાન લેતા સદસ્યો વિખરાઈ ગયા. થોડીવારમાં જ સંથાગાર ખાલી ખમ થઈ ગયું.

'શું હશે ?' વર્ષકારે પોતાના યજમાનને પૂછ્યું. પણ એ કાંઈ કહી શક્યો નહિ. કલ્પના કરતાં પણ વાત સમજાતી ન હતી. વર્ષકારને આ વાત જાણવાની તાલાવેલી હતી. પણ એ ક્યાંયથી જાણવા મળે તેમ ન હતી.

બન્ને અત્યારે તો કુંડગ્રામ ભણી ગયા.

---

* ગણતંત્રની આખી સભાની આ કારોબારી કહી શકાય. તેમાં આઠ રાજકુલના શ્રેષ્ઠજન બેસતા. વૈશાલી ગણતંત્રની આ સમિતિમાં નવ મલ્લઈ, નવ લેચ્છઈ, કાસી કોસલસ્ય અટ્ઠારસ વિ ગણરાયાણો–ગણ રાજાઓ હોય તેમ જણાય છે. નવ લેચ્છઈ ગણરાયાણો - એટલે નવ લિચ્છવી રાજાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તામાં જ એક ભેદ મળ્યો. સિંહનાયકનો અશ્વ વેગભર્યો જઈ રહેલો તેમને મળ્યો. તે કુંડગ્રામ થઈને દક્ષિણ દિશા તરફ મહાનમનના આમ્રકાનન ભણી વળ્યો લાગ્યો.

'કદાચ આમ્રપાલીને મળીને સમજાવવા માટે નાયક જતા લાગે છે!' આર્યકે કહ્યું.

પણ વર્ષકારને તેમ ન લાગ્યું. એણે વિચાર કર્યો. આમ્રપાલીને મનાવી લેવાનું અનિવાર્ય હતું એ ખરું. એમ ન થાય તો મહાઘર્ષણ જાગે. સિંહનાયક ઘણો કુશળ હતો. એના શબ્દોમાં અજબ જેવું સામર્થ્ય હતું. આ પ્રશ્ન ઉપર લિચ્છવીઓનાં મન ઊંચાં હતાં. પણ હવામાં મહાલીની વાત હતી. તેની સાથે આ જવાને સંબંધ હોવો જોઈએ.

મહાનમન બોલ્યો ન હતો. એ બોલે તો જેવો તેવો વિરોધનો વંટોળ ન ઊઠે. એ પણ શત કોટયાધિપતિ જેવો મહાસમર્થ પુરુષ હતો. એના પક્ષે સેંકડો ઊઠવાના. આવું ઘર્ષણ એક યુદ્ધ જગવી દે. એટલે સિંહ નાયક તરત જ આમ્રપાલીને મળવા માટે ઊપડયો, એમાં મહાનમન મહાલી એ બન્નેની પણ કોઈક વાત હોવી જોઈએ. વર્ષકારને આ વાતની ગડ બેઠી નહિ. પણ બીજું કાંઈ અત્યારે બને તેમ ન હતું. પોતે મહાનમનને હીરામાણેક દેખાડવા જાય ત્યારે ઝીણવટથી બધું જોવાનું એટલી ગાંઠ વાળી.

સિંહ નાયક મહાનમનના આમ્રકાનન પાસે આવીને અટકયો. એ ઉતાવળમાં હતો. તેણે અશ્વને અંદર જ લીધો.

અંદર આરામવત્થુમાં તે પહોંચ્યો. ત્યાં બહાર એક માણસ ઊભો હતો. સિંહ નાયકને જોઈને તે આગળ આવ્યો. તેણે બે હાથ જોડયા: 'અંદર ભિષગ્વર છે. કોઈને ન આવવાનું કહ્યું છે?'

'કોણ ભિષગ્વર ચક્રવર્તી છે? પોતે આવેલ છે?'

'પોતે જ છે!'

સિંહનાયક ભિષગ્વરને મળવા આતુર હતો. પણ તેણે ના કહેવરાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું જ જણાવ્યું: 'ધનુર્ધરની વાત કાલે ખબર પડે. અત્યારે કોઈ નહિ મળે.'

સિંહ નાયકને ખબર ન પડી કે થોભવું અથવા જવું.

મહાનમન ને આમ્રપાલી આ બાજુ આવતાં હતાં, તે જો આવી ચડે તો એમને કાને વાત નાખીને પછી જવાનો તેણે નિર્ણય કર્યો.

એટલામાં મહાનમનનો રથ પણ ત્યાં આવ્યો. પણ એમાં આમ્રપાલી જણાઈ નહિ. પોતાના આવાસમાં એને નગરીમાં રાખીને, મહાનમન આંહીં આવ્યો હોય તેમ લાગ્યું. સિંહને જોતાં જ એ રથમાંથી ઊતરીને આગળ આવ્યો.

મહાનમનના ચહેરા ઉપર પણ શોક હતો. વૈશાલીમાં વર્ષણ જાગે કે પ્રવેણી પુસ્તકના નિયમભંગે મહામારી ચાલે, કે પછી મહામારી આવે ને એ નિયમભંગે આવી છે એમ લોક માને, ગમે તે થાય, પણ પોતે પોતાની નગરીના વિનિપાતમાં કારણરૂપ બને છે, એની મહા ચિંતા એના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાઈ આવતી હતી.

સિંહ નાયકને વૈશાલીના આ મહાન નાગરિક માટે માન હતું. પણ જે પરિસ્થિતિમાં તે મુકાયો હતો તેમાં કોઈ પણ પોતાનું અપમાન માનીને ઉકળી જાય તેવું હતું. છતાં એણે અજબ જેવી શાંતિ જાળવી હતી. એની શાંતિને લીધે જ આ પ્રશ્ન આટલો શાંત જણાતો હતો. નહિતર તો અત્યાર અગાઉ એક મોટું આંતરજુદ્ધ થઈ ગયું હોત. આંતરજુદ્ધ ન થયું હોત, તો સામે સામેના એ બળવાન પક્ષોથી નગરી રણક્ષેત્ર સમી બની ગઈ હોત. પણ મહાનમને અજબ જેવી શાંતિ દેખાડી હતી. સિંહ નાયક મહાનમનને આવતો દેખીને સામે ચાલ્યો.

મહાનમને હાથ જોડયા: 'ભન્તે નાયક! શી વાત છે? તમે કેમ ઉતાવળે આંહીં આવ્યા? આરામવત્થુમાં કોઈ વિદેશી આવેલ છે?

'ભણે નાગરિક!' સિંહ નાયક બોલ્યો: 'ધનુર્ધર મહાલી આ તમારા આમ્રકાનનમાં આરામ લેવા આવેલ છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એમ છે? તો તો મારું એ અહોભાગ્ય ગણાય. હું પોતે એની સેવા કરવા માટે જ આવ્યો છું!'

'પણ વાત જરા વિપરીત બની છે!'

'વાત વિપરીત બની છે? એટલે? શું થયું છે?'

'થયું કાંઈ નથી ભણે નાગરિક! પણ ભિષગ્વર ચક્રવર્તી કહે છે, ધનુર્ધરને હમણાં કોઈ મળે નહિ!'

'એમ? પણ તો થયું છે શું?'

સિંહ નાયકે ચારે તરફ દૃષ્ટિ ફેરવી. તે મહાનમનની પાસે સર્યો. તેણે ધીમેથી તેના કાનમાં કહ્યું: 'આર્ય મહાનમન! વાત જરાક પણ બહાર જશે તો વૈશાલી ઉપર મોટી આપત્તિ આવશે. આંહીં કોઈને આવવા દેતા નહિ. ધનુર્ધર સહાલીને મંદવાડ છે!'

'મંદવાડ? હેં? શું કહો છો?'

'ભિષગ્વર કહે છે કાલે હું ચોક્કસ વાત કહું. પણ હવે આ વાતની પવનને પણ ખબર પડવી ન જોઈએ. વૈશાલી નગરીની ભવ્યતા એટલી ઉન્નત બની છે કે હવે એ છેલ્લા શિખર ઉપર પહોંચેલી નગરીનો ઉતારઢોળાવ મારે હાથે થશે કે શું? રાત દિવસ મને એ ચિંતા રહ્યા કરે છે. એક ઘર્ષણ. બીજું આ. ત્રીજું બંધુલનું આહ્વાન. અને ચોથું... કોને ખબર છે મગધમાં આ સમાચારે શું નવું નહિ પ્રગટે?'

સહાલીને શું હતું તે તો મહાનમન પૂરું સમજ્યો નહિ. પણ તેને લાગ્યું કે કાંઈક પણ અચાનક બન્યું છે. સિંહ નાયકની ચિંતા એને સ્પર્શી ગઈ.

'ભન્તે નાયક! મારે નામે—કે મારી પાલિતા પુત્રીને નામે, વૈશાલીના સંથાગારનું લેશ પણ ગૌરવભંગ થાય એ ન બને. સંથાગારનું માન રહે, ને પ્રશ્નનો ઉકેલ આવે, તેવી કોઈ ને કોઈ વાત આપણે હજી સરજવી જ પડશે.'

'તે વિના બીજો ઉપાય નથી ભણે નાગરિક! પ્રવેણીપુસ્તકનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત પણ નિયમભંગ થાય, પછી એ બળ આપનારું શાસ્ત્ર ન રહે. એ થોથું થઈ જાય. કાલે સવારે આમ્રપાલી જો આંહીં આમ્રકાનનમાં આવે, તો આપણે એની વાત જાણીએ. સંથાગાર જ્યારે મળે — હમણાં કે બે દિવસ પછી, પણ આ પ્રશ્નનો ઉકેલ એની પાસે મૂકયે જ છૂટકો છે. લિચ્છવીઓ એકતા ભૂલે તો તો એ બધું ભૂલે. એમણે એક જ રહેવાનું છે.'

'અને એમાં હું ભન્તે નાયકની પડખે જ છું !'

'વૈશાલી એ જ આશા રાખે છે ભણે નાગરિક! આંહીં આ નગરીમાં સમાજ છે. વ્યક્તિ કોઈ છે નહિ. છે તે બધી જ સમાજ બની ગઈ છે. વ્યક્તિની ઇચ્છા માન લાયક છે. સમાજની ઇચ્છા તો આજ્ઞા છે !'

એટલામાં ભિષગ્વર ચક્રવર્તી બહાર આવીને કાંઈક નિશાની આપતો લાગ્યો.

સિંહ નાયક તરત તેના તરફ ગયો. ભિષગ્વરે જવાનું કહ્યું લાગ્યું. મહાનમનને આ જગ્યાની સંભાળ સોંપી. પંખીને પણ ફરકવા ન દેવાની તેણે ભલામણ કરી. પછી તે ચિંતાભર્યે પગલે પોતાના અશ્વ તરફ ગયો. વહેલી પ્રભાતમાં આંહીં બધા પાછા મળવાના હતા.

બીજે દિવસે પ્રભાતે વહેલો જ સિંહ નાયક આમ્રકાનનમાં આવી પહોંચ્યો હતો. આમ્રકાનનમાં કોકિલાના પંચમ સ્વરોથી જાણે દિવ્ય વાદન ચાલી રહ્યું હતું. પક્ષીઓ કલરવ કરતાં હતાં. વન હસી રહ્યું હતું. પુષ્પોના ચહેરા ઉપર હાસ્ય છટા આવી ગઈ હતી. એટલામાં કોઈક ગજબની મોહભરી વીણાના સ્વરો એને કાને આવ્યા. વાતાવરણ બધું જ એક અનોખી સૃષ્ટિ બતાવી રહ્યું હતું. એક પળભર એક શિલાઆસન ઉપર સિંહ નાયક બેસી ગયો. એને થોડો આરામ જોઈતો હતો. વીણાના સ્વરોની હેલી અમૃતધારા સમી આવી રહી હતી. એણે વૈશાલીમાં ઘણી વીણાઓ સાંભળી હતી. આમ્રપાલીની વીણા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળી હતી. પણ આ તો કોઈ એવી ગજબની મધુરતા રેલાઈ રહી હતી કે, સિંહને લાગ્યું કે કાંતો આમ્રપાલી આજે દુનિયાને મુગ્ધ કરવા માટે જ નીકળી હોય કે પછી આ એની જીવન ટોચ હોય ! એવી છટાભરી મનોમુગ્ધકર સ્વરોની વર્ષા એની વીણામાંથી વરસી રહી હતી. ઘડીભર સિંહને શંકા થઈ કે વગાડનાર આમ્રપાલી નથી જ ! એ નહિ હોય. બીજું ગમે તે હોય.

પણ એટલામાં એને સાંભર્યું. એ પોતે અત્યારે વીણા સાંભળવા માટે ક્યાં નવરો હતો ? બેસી શકે તેમ ક્યાં હતો ?

એને તો હજી મહાલીની વાત જાણવાની હતી. ભિષગ્વર ચક્રવર્તીએ મહાલી પાસે કોઈને ફરકવા જ દીધા ન હતા. આજે મહાલીની સ્થિતિ શું છે તે જાણવાનું હતું. આ વીણાની અજબ કલા બતાવનારને મળવાનું હતું. આમ્રપાલી માને ન માને તો પણ સંથાગારને મહાનસનની મદદ મળી રહે એમ કરવાનું હતું. તો જ ઘર્ષણ ટાળી શકાય. મળનારી સંથાગારસભા માટે સન્નિપાતભેરીનો સમય પણ બરાબર સાચવી લેવાનો હતો. બીજે કોઈ વખતે એ દિવસ મોડી સંથાગારસભા મળે તો ચાલે. આજે તો સંથાગારે મળવું જ જોઈએ. નહિતર એક સહસ્ર ને એક અનુમાનો અને ગપ્પાંઓ વૈશાલી નગરીને ભારેલા અગ્નિ ઉપર મૂકી દે તેમ હતાં. અને એ ઉપરાંત, મગધની કાંઈક અવનવી મળવી જોઈએ.

એણે એક મોટો ભારે નિઃશ્વાસ મૂક્યો. એ જ્યારે જ્યારે નિર્ગ્રન્થ જ્ઞાતપુત્ર મહાવીરને દર્શને જતો, ત્યારે ત્યારે દુનિયાની તમામ ઉપાધિનો અચંળો એ બહાર મૂકીને જતો. પણ સો કદમ દૂરથી એ ભગવાન મહાવીરને જોતો, અને એને એક આશ્ચર્ય થતું.

એક એવી તો શાંત પ્રેમભરી હવાની લેરખી જાણે એ તરફથી આવતી એને ત્યાં સ્પર્શી જતી, કે એની કાયાને, એના મનને, કોઈ અનોખી જ સૃષ્ટિનો પરિચય થઈ જતો. એને ઘણી વખત થતું કે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિનો વાસી એ ક્યારે બને ? એ એક અજબની સૃષ્ટિ હતી કે જેમાં શાંત સમુદ્રનાં નિસ્પન્દ અગાધ જળ રેલી રહ્યાં હતાં. નહિ સંકલ્પ. નહિ વિકલ્પ. નહિ રાગ. નહિ દ્વેષ. કાંઈ જ નહિ. અને એ કાંઈ જ નહિ, એની હવા અનોખી ! એને મનમાં ને મનમાં રટણે ચડી જતું: ‘ ઇચ્છા હિ અનંતગોચરા, વીતિચ્છાનં નમો *કરોમસે ’

કમળ ઊગે, આવે, ખીલે, સુગંધ રેલાવે, હસે, આનંદ આનંદ થઈ રહે, અને એ એને પંથે ચાલી નીકળે ! નહિ એને જગતની જાણ. નહિ જગતને એની જાણ. સિંહનાયકને ઘણી વખત એમ નિસ્પન્દ હવામાં નિસ્પન્દ શાંત હવા થઈ જવાનું મન થઈ જતું. પણ વૈશાલી નગરી એને છોડે તેમ ન હતી. અને એ પોતે પણ વૈશાલીને ક્યાં છોડે તેમ હતો ? વૈશાલી છોડવી એ એને માટે પ્રાણ છોડવા જેવી અઘરી વાત હતી. એ મહાન નગરીનો મહાન વૈશાલિક હતો એની ઇચ્છા વૈશાલીના સાન્નિધ્યમાં પોતાની રાખોડી રહે એવી હતી.

અત્યારે પણ એણે પોતાની જાતને વીણાના મધુર સ્વરોમાંથી અનોખી લઈ લીધી. તે આમ્રકાનનના આરામવત્થુક તરફ ચાલ્યો. ચક્રવર્તી ત્યાં દ્વાર ઉપર જ એની રાહ જોતો ઊભો હતો.

સિંહનાયક આવ્યો. તેણે બોલ્યા વિના જ ચક્રવર્તી ભિષગ્વરને બોલાવ્યો. ભિષગ્વરના ચહેરા ઉપર ચિંતાની ઘટ્ટ રેખાઓ જોઈ ને જ એની છાતી છાતીમાં બેસી ગઈ.

‘ ભણે ભિષગ્વર ! શું લાગે છે ? ’

‘ ભન્તે નાયક ! કાલે એ સંથાગારમાંથી સીધા મારે ત્યાં આવ્યા હતા. ત્યારે મને આશા હતી કે કાંઈક થશે. વાત ચોળવાની ન હતી. આ આરામ વત્થુ એને માટે યોગ્ય હતું. હું તરત આંહીં દોડ્યો. પ્રયત્ન કર્યા. ઔષધો કર્યાં. ’

---

* ઇચ્છાઓ અનંત [એ અનંતનો અંત લાવનાર] વીતિચ્છાને અમે નમસ્કાર કરીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અને હવે ?'

ચક્રવર્તીએ આકાશ સામે દૃષ્ટિ કરી: 'બધાનાં નેત્ર સૂર્યમાં છે ને સૂર્ય બધાના નેત્રમાં છે. ભન્તે નાયક ! વૈશાલીનું ભવિષ્ય ઉજ્જવળ રહો. . . . એટલું જ કહેવાય તેમ છે !'

'પણ લાગે છે કેમ ?'

'ભન્તે નાયક ! કાલે એમણે જે ઉત્સાહમાં આવીને અગાધ બળ બતાવ્યું હશે, તેની નેત્ર ઉપર ભયંકર અસર પડી ગઈ છે.* નેત્રો જાણે બહાર આવ્યાં છે !'

'આ . . . હા ! ત્યારે હવે ?'

'બરાબર નેત્રબંધન કર્યું છે. ઉપચાર કર્યાં છે. બંધન આજે છૂટશે . . . . ત્યારે જ ખરી વાત ખબર પડે !'

સિંહનાયકના ચહેરા ઉપર હવે ખરેખરો વિષાદ આવી ગયો. મહાલી ધનુર્ધરને વૈશાલી ખુએ તો તો થઈ રહ્યું, અને આ વાતની લેશ પણ ગંધ બહાર જાય તો પણ થઈ રહ્યું.

તેણે ભિષગ્વરને કહ્યું: 'ભણે ચક્રવર્તી ! આ વાત ઉપર વૈશાલીની પ્રતિષ્ઠા છે. એક જરા જેટલી હવા બહાર જશે, તો થઈ રહ્યું !'

'આંહીં કોઈ પ્રકારની હવા રહેવા જ દીધી નથી ભન્તે નાયક ! તમારા સિવાય કોઈ ફરકી શકે તેમ રહેવા દીધું નથી !'

'તો ભણે ભિષગ્વર ! મને પણ તમે કોઈ સાથે કાંઈ સંદેશો મોકલાવતા નહિ. હું આવીશ. હમણાં હું આંહીં મહાનમન પાસે જઈ રહ્યો છું. ભણે ભિષગ્વર ! મારે મહાલીના ચરણમાં માથું ઝુકાવવું છે, એ અત્યારે બને ?'

'ના, ભન્તે નાયક ! માણસનું મનસ્પન્દન એ જ ખરું ઔષધ

*મહાલીએ ઉત્સાહમાં આવીને ધનુષના પ્રયોગ કરતાં આંખ ખોઈ હતી એવો ઉલ્લેખમાં છે. ત્યાં જ અંધાપામાં એણે પાંચસો શિષ્ય તૈયાર કરવાની વાત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ઔષધ તો પછી છે. આ વીણા એટલા માટે મેં વગાડવાનું કહેવરાવ્યું છે. સાંભળો, આ સ્વરો આવે ! નેત્રને અમૃતધારા આપે તેવા એ સ્વરો છે. પણ કોને ખબર છે શું થશે ? બંધન મુક્ત નેત્રો જે વાત કહેશે, છેવટે એ જ સાચી ઠરશે !'

'પણ મહાનમનને તમે આ વાતનો બહુ સ્ફોટ તો નથી કર્યો નાં ?'

'મહાનમન બીજું કાંઈ જાણતા નથી. બીજા કોઈને પણ જાણ નથી !'

સિંહનાયક ત્યાંથી ધીમે પગલે મહાનમન તરફ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫. રૂપકીર્તિનો ભય

મહાનમન વૈશાલીનો હતો. વૈશાલીના પતનમાં પોતે લેશ પણ નિમિત્ત બને એ એને મરવા જેવું લાગતું હતું. અચેલ કોરમટ્ટકે પણ કહ્યું હતું કે આ ધરિત્રી, ને આ નારી, બન્નેની ઇચ્છા એ મહાશક્તિ છે. એટલે આમ્રપાલી પોતે જો જનપદકલ્યાણીનું સ્થાન સ્વીકારી લે, તો જ વૈશાલી ઉપરથી અત્યારે ભય ટળે. બીજો ઉપાય ન હતો. નહિતર વહેલે નહિ તો મોડે, ઘર્ષણ આવે ને આવે.

એણે સિંહનાયકને સહાયરૂપ થવાનું કહ્યું હતું તે આ દૃષ્ટિએ. એને લાગ્યું કે આ સિવાય બીજો માર્ગ ભયંકર ઘર્ષણનો જ હતો. વૈશાલીના તાત્કાલિક પતનનો હતો. મહાલીની વાતે પણ એને અસર કરી હતી.

વૈશાલીમાં પણ આખી રાત એ જ વાત ચાલતી એણે સાંભળી હતી.

'સંથાગારનું અપમાન ?' 'સંથાગાર એ નહિ સાંખે !' 'સિંહનાયક જરા મૃદુ બન્યો છે' એવી એવી વાતો હવામાં રેલાઈ રહી હતી.

મહાલીની વાતને સૌ ભૂલી ગયા હતા. કેટલાકને તો લાગતું હતું કે મહાલી જ આમ્રપાલીને અદૃશ્ય કરી દેશે !

અને એથી વધુ દુઃખદ વાત તો આ હતી. આમ્રપાલીની વાતને એ ગર્વમાં ને ગર્વમાં સમજતા જ ન હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી રાત આમ્રપાલીના નીલપદ્મભવનની આસપાસ લિચ્છવીઓનાં ટોળેટોળાં ફરતાં રહ્યાં હતાં.

સવારે પણ જ્યારે મહાનમન આમ્રકાનનમાં જવા માટે નીકળ્યો ત્યારે કોઈક માથાભારે લિચ્છવી જુવાને કહ્યું પણ ખરું; 'મહાલીના જોરે અદૃશ્ય થઈ જવું લાગે છે. કેમ ?'

મહાનમન ઘર્ષણની આ હવાથી દુઃખી થઈ ગયો. પણ તેને સિંહનાયકની પ્રતિમા આંખે ચડી આવી. વૈશાલી પ્રત્યે એને કેટલી પ્રીતિ હતી? નગરી પોતાને ન સમજે ત્યારે, એ નગરીને સમજતો હતો. સિંહના ઉદાહરણથી મહાનમન શાંત થઈ રહ્યો. જવાબમાં જરા હસ્યો: 'ભણે લિચ્છવીઓ! સંથાગારમાં મળવાનું ક્યાં દૂર છે? અત્યારે અમે તો આમ્રકાનનમાં જઈએ છીએ!'

પણ મહાનમનને એક વાત હવે સમજાઈ ગઈ હતી. આમ્રપાલીની એ વાત બરાબર હતી. જે વખતે આવી મહાન નગરી પોતાની નગરશોભિનીને આવા મહોત્સવના ઘોષ વડે સ્થાપે છે, ત્યારે એની રૂપકીર્તિ દેશવિદેશમાંથી અનેકોને આમંત્રે છે.

એ જ રૂપકીર્તિ પાડોશી રાજ્યોને પણ ચમકાવે છે. એક નવો દુર્ગ રચાતાં જેમ નગરીના દુશ્મનો વિરોધીજૂથમાં એકઠા થઈ જાય છે, ને નગરીને આકરી કસોટીએ ચડાવી દે છે, બરાબર એ જ પ્રમાણે એક નગરશોભિતીની રૂપકીર્તિ નગરીને ભયમાં મૂકે છે!

એ ભયનિવારણ કરવાની જાગ્રતિ કે સામર્થ્ય ન હોય તો નગરશોભિની દ્વારા જ નગરી પડે. ને નાશ પણ પામે!

બિંબિસાર રાજા એવી નગરશોભિનીના મોહમાં જ છેક અવંતી સુધી જઈને અવંતીને પણ ડારી આવ્યો ન હતો?

વૈશાલીમાં પણ એવો જ ઇતિહાસ આવશે. લિચ્છવી એકતા એટલી બળવાન હશે? લિચ્છવીઓની સૈન્યવ્યવસ્થા એવી જાગ્રત રહેશે?

* અવંતીની નગરશોભિનીને મળવા રાજા ત્યાં ગયેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકસ્માત થતા હૂમલાને ખાળનારા, એક સહસ્ર સામે એકલે હાથે ઝૂઝનારા, સેંકડો નીકળશે?

અને એમ નહિ હોય તો નગરી પોતાનું પતન આ મહોત્સવ દ્વારા જ નહિ લાવે?

આમ્રપાલીની આ વાતને કેવળ સિંહનાયક એકલો સમજ્યો લાગ્યો. એની પાસે એનો જવાબ હતો. એ મહાનમનને મળવા ગયોં ત્યારે પિતાપુત્રી વચ્ચે પણ આ વાત ચાલતી લાગી.

તે અંદર ન જતાં બહાર જ ઊભો રહ્યો.

મહાનમન કહી રહ્યો હતો: 'પ્રવેણી પુસ્તકમાં નિયમ છે પુત્રી! એ નિયમનો કોઈએ કોઈ દિવસ ભંગ કર્યો જાણ્યો નથી!'

'તેથી શું થયું? એ કોઈ અચલ સિદ્ધાંત છે કે જે ન જ ફરે? વૈશાલીનું પતન લાવવું ન હોય તો આજે જ એ નિયમને ફેંકી દો!'

'પણ કોણ ફેંકી દે?'

'સૌ ભેગા મળીને ફેંકી દે. બીજું કોણ ફેંકી દે?'

'પણ એ શી રીતે બને?'

'તો જેમનાથી આટલું બનતું નથી, એ એક દિવસ છિન્ન-ભિન્ન થઈને નગરીને નાશને પંથે લઈ જવાના છે. ગર્વ એ કોઈ બહાદુરી નથી પિતાજી! સાચી બહાદુરી તો એક બીજાને તરત સમજી લેવામાં રહી છે. હું આ નિયમને નથી સ્વીકારતી. થાય તે લિચ્છવીઓ કરી લે! થાય તે સંથાગાર કરી લે!'

સિંહનાયક બહાર ઊભો સાંભળતો હતો, તે આમ્રપાલીના વેગથી ધ્રૂજી ઊઠ્યો. એક વખત જો એ આ નિયમ સ્વીકારવાની ના પાડશે, તો થઈ રહ્યું. એટલા તણખાંથી તો વૈશાલી સળગી જશે! લોકના માટે નિયમ શું છે, ને નિયમ માટે લોક શું છે, એ વાત ન સમજવાથી ઘણી વખત મોટાં મોટાં રાજ્યો ઊડી જાય છે. એ અંદર જતા પહેલાં હજી જરાક થોભ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાનમન કહી રહ્યો હતો: 'તું ધારે તો વૈશાલીને બચાવે. ધારે તો એ બધાને અંદર અંદર ઘર્ષણમાં કપાઈ જતા પણ કરી મૂકે. ઘણી વખત તો પુત્રી ! જે સમજે છે, તે તજે છે. ને જે તજે છે, તે મેળવે છે. આપણને શું ખબર કે એ સાચા છે, પ્રવેણી પુસ્તક સાચું છે, નાયકની વાત સાચી છે, કે કોઈ સાચું નથી? પણ આપણને અત્યારે તો એક જ વાત દીવા જેવી સમજાય છે, ઘર્ષણ ટાળવાનું મહાભાગ્ય આપણી પાસે છે. નગરીને બચાવવાનું મહાભાગ્ય આપણને મળ્યું છે. બસ આટલું સમજાય છે. બીજું કાંઈ સમજાતું નથી. ને સમજવાનુ પણ નથી.'

આમ્રપાલીએ કાંઈ જવાબ ન વાળ્યો. પણ તેણે થોડીવાર પછી કહ્યું: 'ધનુર્ધર મહાલી જેવા આમાં કેટલા?'

'કોઈ જ નહિ!' મહાનમન બોલ્યો.

'ત્યારે?....'

સિંહનાયકે એ જ વખતે પ્રવેશ કર્યો.

'મારે એ જ કહેવાનું છે આમ્રપાલી!' સિંહનાયક બોલ્યો: 'જો સમુદ્રની શોભા માનવને અદ્ભુત બનાવી શકે, હિમાચળનાં વન માનવને અદ્ભુત બનાવી શકે, તો શું એક નારીની રૂપશોભા નગરીને અદ્ભુત બનાવી ન શકે? લિચ્છવીઓ નગરશોભિતીનો મર્મ સમજતા નથી. સુંદરતા પ્રેરણા માટે છે તે સમજવાનું એમના માટે નથી. એ બધું ખરું. પણ વૈશાલીને બચાવવાનું મહાભાગ્ય તમારે માટે છે. આ અદ્ભુત નગરી જો કોઈ ઇતિહાસ રચશે, તો એ ઇતિહાસમાં તને લોક પહેલાં યાદ કરશે. શું રૂપશોભાના સાન્નિધ્યમાં લોકો પોતાનું અજ્ઞાન ટાળી ન શકે? એ સાન્નિધ્ય શું એકતા ન લાવે? સાધુઓ જ્ઞાન આપે છે; સુંદરીઓ તો પ્રેરણા આપે છે. વૈશાલી અને આમ્રપાલી એ બન્ને આખા ભારતભરને વખતે નવો જ સંદેશો આપશે. એ બંને નામ સાથે રહેવાં જોઈએ. સાથે જ ગવાવાં જોઈએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ્રપાલીના મનમાં આ વાત ગળે ઊતરી હોય તેમ લાગ્યું નહિ. નારીત્વ છોડવું એને અગ્નિપ્રવેશ જેવું ભયંકર લાગતું હતું. કોઈ નિયમ માટે પોતાનું નારીત્વ દાસ બની રહે એ વાત આવતાં એના રોમરોમમાંથી અગ્નિ પ્રગટતો હતો. તેણે ગર્વિષ્ઠ ગૌરવથી જવાબ વાળ્યો: 'ભન્તે નાયક ! હું નારી છું. મને ઈશ્વરે નારી ઘડી છે. એ નારીત્વ લઈ લેવાનું કેવળ એ જ કરી શકે — બીજો કોઈ નહિ. બીજી ગમે તેટલી જબરજસ્ત રાજસત્તા કે ગણસત્તા, કોઈ જ નહિ !'

સિંહ નાયક એક પળભર છોભીલો પડી ગયો. એને લાગ્યું કે બાજી હાથથી જવાની તૈયારી છે. પણ તે ઘણો કુશળ આદમી હતો. તેણે કહ્યું : 'તો ભલે, વૈશાલીના વિનાશથી જેમને જેમને આનંદ થાય તે બધા આનંદ કરે, બીજું શું ? કાલે હું જ સંથાગારમાં આ વાત મૂકીશ. હવે કોઈને આવવાની જરૂર નથી. સંથાગાર જે નિર્ણય લેવો હશે — તે લેશે !'

'શું નિર્ણય લેશે ?'

'તે હું કેમ કહી શકું ?'

'તો પણ ?'

'તો પણ આટલું જ. એ ગમે તે નિર્ણય લે. વૈશાલી નગરીનો વિનાશ એમાં રહ્યો હશે !'

એ જ વખતે એક દાસે ત્યાં પ્રવેશ કર્યો. સિંહનાયક તરત તેના તરફ ફર્યો.

'કેમ ? શું છે ? બોલ જલદી !'

દાસે બે હાથ જોડયા. 'ચક્રવર્તી ભિષગ્વરે મને મોકલેલ છે !'

'શું કહ્યું છે ?'

'આ . . .' દાસે પોતાનો હાથ લાંબો કર્યો. તેમાં બે ખોટાં રત્ન હતાં. સિંહ વિમાસણમાં પડી ગયો. પણ તેનો અર્થ સમજતાં એ ધ્રૂજી ગયો. . તેના પગમાંથી જાણે બળ જતું રહ્યું. તેણે પાસેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સ્ફટિક સ્તમ્ભિકાનો આધાર પકડી લીધો. તેની આંખે અંધારાં આવી ગયાં. મગજ જાણે ફરી ગયું. એક પળમાં સૃષ્ટિ એને બદલાઈ ગયેલી લાગી!

'આ હા!' તે અંતે બોલી ઊઠયો: 'છેવટે આ થયું. ઠીક!' તેણે દાસના હાથમાં ફરીને નજર કરી. બન્ને રત્ન ખોટાં હતાં. છતાં તે ખાત્રી કરવા માટે બોલ્યો:

'ભણે મહાનમન! આ બન્ને રત્ન ખોટાં છે કે મને એમ લાગે છે?'

મહાનમને બન્ને રત્ન જોયાં. 'બન્ને ખોટાં છે ભન્તે નાયક! પણ શી વાત છે?'

'કાંઈ નહિ ... કાંઈ નહિ ... કાંઈ નહિ ...' તે લથડતે પગલે ત્યાંથી પાછળ ખસ્યો.

તેની આંખમાંથી એક અદૃશ્ય આંસુ ખરી પડ્યું.

તે પોતાના મોંને બે હાથથી ઢાંકીને ત્યાંથી એકદમ અદૃશ્ય જ થઈ ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. અંધ ધનુર્ધર !

સિંહનાયક અદૃશ્ય થયો ન થયો કે તરત મહાનમન આમ્રપાલી તરફ ફર્યો: 'પુત્રી ! દીકરી ! હું જાઉં છું. નાયકનું દિલ ચૂરેચૂરા થઈ ગયું છે. વજ્જરના દુર્ગને આંસુ સારતો જોઈ શકાય પણ વૈશાલીના સિંહનાયકને આંસુ પાડતો કેમ જોઈ શકાય ? તેં જોયું ? સિંહનાયકની આંખમાં આંસુ હતું !'

'પણ ભન્તે પિતાજી ! તમે ક્યાં જાઓ છો ? સેનાપતિ નાયક ક્યાં ગયા ? આ બધી શી વાત છે ?'

મહાનમનના મનમાં હવે ઊગી આવ્યું હતું. એ ચક્રવર્તી ભિષગ્વરના સંદેશાને સમજી ગયો. દાસે આવીને એ ખોટાં રત્ન બતાવ્યાં. તેમાં સ્પષ્ટ સંદેશો હતો. સિંહનાયક એ રત્ન જોઈને કેમ વિષાદમાં પડી ગયો તે વાત હવે એને દીવા જેવી સમજાઈ ગઈ.

મહાન બળવાન ધનુર્ધર મહાલીનાં બન્ને નેત્ર–રત્નો ખોટાં પડી ગયાં હતાં. એ અંધ થઈ ગયો હતો. એ સંદેશો આવી રીતે આવ્યો હતો. નાયક આ વાતને જરા પણ ફેલાવવા માગતો ન હતો. આમ્રપાલીને આ વાત કહેવી કે ન કહેવી એ દ્વિધામાં મહાનમન પડી ગયો.

એટલામાં આમ્રપાલીએ કહ્યું: 'પિતાજી ! આ બધી શી વાત થાય છે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તું એ જાણીને શું કરશે દીકરી? વાત તો એવી થાય છે કે વૈશાલી નગરી ઉપર જાણે આકાશમાંથી અગ્નિ વરસે છે!'

'સિંહનાયકની આંખમાં કોઈએ કોઈ દિવસ આંસુ જોયું નથી. આવી વજ્જર જેવી શક્તિને પણ આજે ડગતી જોઈને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. મહાન પર્વતને ડગતો જોવાય, પણ વૈશાલીના નાયકને ડગતો જોવો, એ તો કોઈ સંકટની અવધિ બતાવે છે. તમને શું લાગે છે પિતાજી! શું હશે?'

'એવું થયું છે કે સિંહનાયકને મોં હસતું રાખવું પડશે. અને દિલમાં શોકનો સમુદ્ર હશે. મહાધનુર્ધર મહાલીનાં બન્ને નેત્રો અંધ થઈ ગયાં છે આમ્રપાલી!'

'હેં! શું કહ્યું તમે? શું કહો છો? સાચું છે પિતાજી? કોણે કહ્યું? શું થયું? શું જુદ્ધ થયું છે? બંધુલમલ્લ આવી પણ ગયો એમ?'

'થયું કાંઈ નથી. વૈશાલીમાં પણ નગરશોભિનીની એક નેત્ર-સંજ્ઞાએ હજારોનો સામનો કરનારા પડયા છે, એ વાત એ તને બતાવવા ગયો. અતિ ઉત્સાહમાં એણે મહાધનુર્ધરની છટાથી જે બાણ છોડયું, એ બળ એને આકરું થઈ પડયું. એનાં બન્ને નેત્રો ખેંચાઈ ગયાં. એ અંધ થઈ ગયો. આ બન્ને ખોટાં રત્ન આવ્યાં એ ભિષગ્વર ચક્રવર્તીનો સંદેશો હતો. સિંહનાયકનું હૃદય એમ ભેદાઈ ગયું છે. ઘર્ષણ ઊભું છે. ઘર્ષણ આવે છે. ને મહાલી જેવો મહાન યોદ્ધો આમ પરવશ બને છે. આ વાત જરાક પણ હવામાં ફેલાય તો પણ ભયંકર છે. એનાથી વાત બોલાય તેમ નથી. આ ઘા સહેવાય તેમ નથી.'

આમ્રપાલી એ પળ વિચારમાં પડી ગઈ, સંથાગારની મહાલીની વીરમૂર્તિ એની આંખમાં હજી રમી રહી હતી. એ ઊંડી ઊતરતી ગઈ. એ મહાન વૈશાલિક હતો. ઘર્ષણ ટાળવા માટે જ એણે આ પરાક્રમ બતાવ્યું હતું. એણે એના ઉપર વિશ્વાસ મૂક્યો હોવો જોઈએ. આમ્રપાલી આ જોયા પછી તો માનશે જ કે ના વૈશાલી પણ કાંઈક છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વધારે ને વધારે ઊંડી ઊતરી ગઈ. એણે અચાનક જ મહાનમનને કહ્યું: 'પિતાજી! ચાલો, આપણે નાયકને પકડી પાડીએ. ક્યાંક એ અદૃશ્ય થઈ જશે. મહાલી હમણાં ક્યાં હશે?'

'આપણા આરામવત્થુમાં!'

'ચાલો ચાલો, સિંહનાયકને આપણે મળીએ . . .'

'પણ મળીને શું? આમ્રપાલી! આ વાતની લેશ પણ હવા બહાર જવી ન જોઈએ એ તું જાણે છે? સિંહનાયક પાસે આ વાત થઈ શક નહિ. આ કહેવાની વાત નથી. આ તો સહેવાની વાત છે. અથવા તો કરવાની છે . . .'

'પણ પિતાજી! હું મહાલીને મળવા . . .'

મહાનમને જવાબ આપ્યા વિના જ નાક ઉપર આંગળી મૂકી. 'આમ્રપાલી! આ દીવાલોને કાન છે, ને વૃક્ષોને આંખો છે. વૈશાલી નગરી નીચે અગ્નિભરેલા કુંડ ઉપર બેઠી છે. એક જ અણસાવધ શબ્દ નીકળશે—અને કોશલ, મગધ, વત્સ બધાં વૈશાલીને પીંખી નાખશે. આ વાત તારા હૃદયમાં તું મૂકી દે.'

'પણ મારે ભન્તે નાયકને કહેવું છે . . .'

'શું?'

'તે હું ભન્તે નાયકને મળીને કહીશ.'

'તો ચાલો, નાયક ચાલ્યા જાય તે પહેલાં આપણે એને મળી લઈએ. પણ આજે તારી વાત સાંભળવાનું હવે નાયક પાસે હૃદય હશે? વૈશાલીમાં જો કોઈ આ વાત સાંભળે તો એ હૃદયમાં ધીરજ રાખી શકે? એના એક મહા ધનુર્ધર પુત્રે આવી રહેલું ઘર્ષણ ટાળવા માટે પોતાનાં મહામોલાં એ . .'

'પિતાજી! બસ બસ હવે. આપણે નાયકને મળવું છે. ચાલો, ચાલો, હું આગળ દોડું છું.' આમ્રપાલી આગળ દોડતી થઈ ગઈ.

મહાનમન તરત જ તેની પાછળ ચાલ્યો. એ બન્ને આરામવત્થુની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિશામાં ગયા. ત્યાં તદ્દન શાંતિ હતી. કેવળ શોકભર્યાં પગલે સિંહનાયક એ તરફ જઈ રહેલો દેખાયો. મહાનમન અને આમ્રપાલી બન્ને નાયકની પાછળ સમીપમાં આવી ગયા. પણ નાયકને શી રીતે વાત કરવી તેની એમને સમજણ મળી નહિ. કાંઈક થાય ને નાયક અટકી જાય, તો પોતે વાત કરવા માટે થોભી જાય, એમ આમ્રપાલીને લાગતું હતું.

એટલામાં સામેથી ભિષગ્વર ચક્રવર્તી પોતે જ આવતો દેખાયો. તેના ચહેરા ઉપર શોક હતો. પગમાં ભાર હતો. પોતાની આ નિષ્ફળતાનો એકરાર કરતાં એને મરણ વધારે મીઠું લાગતું હોય તેમ જણાતું હતું. પણ તે અત્યંત શાંતિથી આવી રહ્યો હતો.

નાયક સિંહસેનાપતિ પણ ચાલતો ત્યાં જ અટકી ગયો. આમ્રપાલી અને મહાનમનને આગળ જવું ઠીક લાગ્યું નહિ. તે પણ જરા આઘે થંભી ગયાં. સેનાપતિ અને વૈદરાજ એક પળ એકબીજા સામે જોઈ રહ્યા. પછી તેમણે એક પણ શબ્દ બોલ્યા વિના બન્નેએ એકબીજા સામે ફરીને જોયું. કપાલ ઉપર એક આંગળી કરી. છેવટે આકાશ સામે દૃષ્ટિ કરી.

'પણ એક મહાન સાંત્વન છે, ભન્તે નાયક!'

'શું?' નાયકે એકદમ ઉતાવળે પૂછ્યું.

'ઘા સહન કરનારા યોદ્ધાઓ મેં જોયા છે. પણ દુઃખ સહન કરનારા તો એમાં પણ વિરલ છે! ઘા ને દુઃખ એ જુદી વસ્તુ છે. ઘામાં તમને આશ્વાસન હોય છે. તમારો પ્રતિકારધર્મ તમે કરી રહ્યા હતા. દુઃખ તો આકાશી મંડપમાંથી અચાનક આવે છે, અને તેથી વધુ કાતિલ લાગે છે. પણ ઘા સહન કરનારા પણ દુઃખ પાસે ભાંગી જાય છે. આ મહાન ધનુર્ધર એવા વિરલોમાં પણ વિરલ છે. એને હવે એક મહત્ત્વાકાંક્ષા જાગી છે. એ કહે છે આ કલ્પના મને આવત પણ નહિ, જો આ ન બન્યું હોત તો. હવે તો લાગે છે, આ પ્રસંગ ઈશ્વરે જ ખાસ મોકલ્યો છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહનાયક પણ આ વજ્જર શાંતિની વાત સાંભળતાં ડગી ગયો. તે આશ્ચર્યમાં ભિષગ્વર સામે જોઈ રહ્યો. મહાનમન અને આમ્રપાલી એમને જોઈ શકે અને એમની વચ્ચેની વાત સાંભળી શકે એટલે દૂર હતાં. જ્યારે વેલીઓથી વીંટાયેલા વચ્ચેના એક નાનકડા મંડપે, એમને એમનાથી અદૃશ્ય રાખ્યાં હતાં. એ સાંભળી રહ્યાં.

સિંહનાયક બોલ્યો: 'ભિષગ્વર! આ તો તમે એવી વાત કરો છો કે જે વાત સાંભળતાં, મહાન ધનુર્ધર પણ નાનકડો લાગે. ધનુર્ધરમાં રહેલું આ બળ નવી નવાઈનું. શું કહ્યું છે એણે?'

'એણે કહ્યું છે....' ભિષગ્વરનો અવાજ જરાક ધીમો થયો. આમ્રપાલી ને મહાનમન અવાજ ન થાય તેમ આગળ સર્યાં.

'એણે કહ્યું છે, ભન્તેનાયકની વાત જ બરાબર છે. બહાર હું દેખાઉં એટલે વાતને હવા લઈ જાય. હું મારે આંહીં ગુફા ગૃહોમાં જ રહીશ. અંધારું અજવાળું તો હવે મને સ્પર્શી શકતાં નથી...'

સિંહનાયકનું મોં પડી ગયું લાગ્યું.

ચક્રવર્તી આગળ બોલી રહ્યો: 'એટલે હું ભોંયરામાં રહું, ભોંયરાનો જ નિવાસી બનું, અંધકારને મારા પિતાની જેમ ભેટું, એ જ બરાબર છે. તો જ હવામાં વાતની ગૂઢતા ટકી શકે. અને એ ગૂઢતા રહે એ પણ એક બળ છે. માટે હું ભૂગર્ભનિવાસી તો બનીશ જ. ભલે. પણ મારી એક અંતિમ ઇચ્છા છે. પાંચસો લિચ્છવીઓ આંહીં આસપાસમાં બેસે, નિવાસ કરે. એમને ભન્તેનાયક પોતે જ પસંદ કરે. મારી બધી જ વિદ્યા હું એમને આપું. અને એ પ્રમાણે હું અંધકારમાં પણ મારી વૈશાલી નગરીને હમેશાં જોતો રહું. એનાથી મને ભારે આનંદ મળશે. વૈશાલી પાસે આ વિરલ વિદ્યાનો વારસો રહેશે. હું પાંચસો લિચ્છવીઓને અભ્યાસ કરાવીશ. આટલું ભન્તેનાયકને કહેજો...'

ચક્રવર્તી બોલતો બંધ થયો. પણ સિંહનાયકને મહાલીની આ મહત્તા એવી સ્પર્શી ગઈ કે તે કાંઈ બોલી જ શક્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે એ હાથ જોડીને કેવળ અભિવાદન કર્યું—અટકળે ને અટકળે મહાલીની દિશા ભણી દૃષ્ટિ કરી, ને પછી એણે આ કબૂલ કર્યાંની નિશાનીમાં, માત્ર માથું ધુણાવ્યું. એ બોલી તો શક્યો નહિ. મહાલીની વાત હવે બોલવા જેવી ક્યાં રહી હતી? એના આ વૈશાલીપ્રેમે શબ્દોને મૂંગા કરી દીધા હતા.

ચક્રવર્તી સિંહ પાસેથી વિદાય થયો ન થયો ત્યાં આમ્રપાલી અને મહાનમન દેખાયાં. આમ્રપાલી જ એમાં અગ્રેસર હતી. તે આગળ વધી. કેમ શરૂઆત કરવી તે એને સમજાતું ન હતું. મહાલીની જે વાત પોતે હમણાં સાંભળી હતી—પછી તો કેવી રીતે બોલવું એ પણ એને સમજાતું ન હતું. હવે એ જે કાંઈ બોલે તે તદ્દન નિસ્તેજ જણાવાનું હતું. એની ખૂબી મારી ગઈ હતી.

છતાં તે આગળ વધીને છેક સિંહનાયક પાસે આવી પહોંચી. સિંહનાયક એને જોતાં જ ચમકી ગયો. આમ્રપાલીએ અભિવાદન કર્યું. 'ભન્તેનાયક! સંથાગાર મારી થોડી વાત સ્વીકારે. હું સંથાગારનો શબ્દ ઝીલી લેવા તૈયાર છું! હું તમને એ કહેવા આવી છું. સંથાગારનો શબ્દ હું માથે ચડાવું છું.'

'શું વાત છે આમ્રપાલી?'

'તે હું ત્યાં જ કહીશ!'

'ક્યાં?'

'સંથાગારમાં!'

'ભલે!'

'ભન્તેનાયક! મારી એક ઈચ્છા છે.'

'શી?'

'મારે મહાધનુર્ધરને એક વખત મળવું છે!'

નાયક થોડીવાર બોલ્યો નહિ. તે સમજી ગયો. મહાલીની વાત પિતાપુત્રી વચ્ચે થયેલી હોવી જોઈએ. આ પરિવર્તન પણ એને આભારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે છે. પણ તેને મહાલીના સ્થાન વિષે કે મહાલીની કોઈ વાત વિષે જરા પણ અવાજ થાય તે ભયંકર લાગતું હતું. તેણે કહ્યું: 'જે વાતને મૌનથી ભજી શકાય, તેને માટે શબ્દો બોલવા, એ એક પ્રકારની ક્ષુલ્લકતા છે આમ્રપાલી! મહાન ધનુર્ધર પોતે પણ એ ન ઇચ્છે. બીજી રીતે પણ, અંધકારમાં રહેલ એ માણસ જ અમારું વૈશાલીનું હવે મહાન ગૂઢ બળ છે. એ બળનું માપ કાઢતાં તો પ્રતિસ્પર્ધીઓ પણ ભૂલભુલામણીમાં પડે. એ છે, નથી, અદૃશ્ય છે, અપંગ છે, અંધકારમાં છે, એ શું છે ને શું નથી—એ વિષેનો એક શબ્દ પણ બોલવાનો, જાણવાનો, હવે કોઈને અધિકાર નથી. વૈશાલીની દુર્ગરચના જેવી જ આ વાત અમારે માટે મહત્ત્વની છે. એ હવે ન બને. એ હવે ક્યાં હશે તે કોઈ પણ નહિ જાણે. એની પણ એ જ ઇચ્છા છે, કારણ કે એ મહાન છે. મહાન સિવાય બીજા કોઈ અંધકાર વેઠી શકતા નથી!'

આમ્રપાલી, સિંહસેનાપતિની તીવ્ર અને તત્કાલ નિશ્ચયની બુદ્ધિને મનમાં ને મનમાં પ્રશંસી રહી. વૈશાલીને સ્પર્શતો એક પણ પ્રશ્ન એની નજર બહાર રહેતો નહિ.

તેણે અભિવાદન કર્યું: 'ભન્તેનાયક! હું વૈશાલીને એક ને અખંડ જોવા માટે સંથાગારમાં આવું છું. સન્નિપાતભેરીનો ભલે ઘોષ હો! અને ભન્તે નાયક! નીલપદ્મ ભવનમાં હું હોઈશ. સંથાગારમાં રજૂ કરવાની શરતો લઈને . . . મારા . . .

નાયકે જ વચ્ચે કહ્યું: 'ના ના, બીજા કોઈનું એ કામ નથી. શરતો રજુ કરવાની જવાબદારી મારી છે. મને સંથાગારે સંદેશવાહક નીમ્યો છે. હું જ આવીશ!'

'તો ભન્તે નાયક! એક વાત ન બને?'

'શી?'

'મહાધનુર્ધરના ચરણમાં મારા મસ્તક અભિવાદન કહેવાની, વૈશાલીને મહાન બનાવવાની એમની ઇચ્છા પ્રમાણે જ, વૈશાલી હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખંડ અને અભેદ્ય બની રહે છે, એટલી વાત કહેવાની.'

'એ બનશે . . .' સિંહનાયક બોલ્યો.

'હું જ એ કરીશ.'

તેના અવાજમાં હજી ઘેરા શોકનો ભાર હતો.

મહાનમન ને આમ્રપાલી એને નમીને ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭. નગરશોભિનીનું ગૌરવ

વૈશાલી સંથાગાર વળી જીવંત બની ગયું. સન્નિપાત ભેરીનો ઘોષ સાંભળતાં જ મેદાન આખું સદસ્યોના વાહનોથી ઉભરાઈ ગયું. સદસ્યો આવી ગયા. મોટી સભા થઈ રહી. સૌના ચહેરા ઉપર 'આજે નિર્ણય લઈ લેવો જ છે!' એવો નિશ્ચય બેઠેલો જણાયો.

વર્ષકાર મહાઅમાત્ય પણ આવ્યો હતો. એને બ્રાહ્મણ આર્યકનો ઠીક સાથ મળ્યો હતો. તામ્રલિપ્તિના શ્રેષ્ઠી તરીકેની એની ઓળખાણે ઠીક ગાડું ચલાવ્યું હતું. એણે એક રાજન્યને શ્યામ મોતી બતાવીને ઘેલો કર્યો હતો. એક બીજા આર્યકના મિત્રને, સપ્તરંગી હીરો બતાવીને લગભગ ગાંડો કરી દીધો હતો. લિચ્છવીઓની અલંકાર અને શૃંગારની, વસ્ત્ર આભૂષણ ને આભરણની, ઘેલછા જાણીતી હતી. વર્ષકારે એ વસ્તુદ્વારા માર્ગ કાઢવાનો પ્રયત્ન કર્યો હતો.

પણ એને એક વાત સમજાતી ન હતી. કોઈ એ જાણતુ હોય તેમ પણ જણાતું ન હતું. મહાલી તે દિવસે ગયો પછી એ કયાં હતો એ કોઈ કહેતું ન હતું. વર્ષકારને થયું કે આમાં કાંઈ **ને** કાંઈ ભેદ અવશ્ય છે. પણ એ વાતનું મૂળ મેળવી શકયો ન હતો. બંધુલમલ્લ પાસે સહપાઠી દાવે મહાલી પહોંચી ગયો હશે કે બીજી કોઈ વાત હશે કે શું હશે તે એનો યજમાન આર્યક પણ જણાવી શકયો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે એ વિષે કાંઈક જાણી લેવાની ઈચ્છાથી એ આંહી સંથાગારમાં બધા તરફ દૃષ્ટિ રાખી રહ્યો હતો.

સંથાગારની આજની એકતા અદ્ભુત હતી. બધા ચહેરા ઉપર એક નિર્ણય બેઠો હતો. ઘર્ષણ હળવું જ જોઈએ એ વાત દીવા જેવી સ્પષ્ટ દેખાતી હતી.

સિંહ નાયક ઊભો થયો એટલે બધે શાંતિ ફેલાઈ ગઈ. નાયક શું કહે છે તે સાંભળવા સૌ એકકાન થઈ ગયા.

'ભન્તે ગણસંઘ ! મહાનુભાવો ! મને સાંભળો. હું તમારો સંદેશ-વાહક હતો. તમારી ઈચ્છા મેં આમ્રપાલીને કહી બતાવી હતી. આમ્ર-પાલી પોતાના વૈશાલીના નીલપદ્મભવનમાંથી આ તરફ આવવા નીકળી ચૂકી છે. પણ ભન્તે ગણસંઘ એક વાત સમજે. આવડી મહાન વિશાળ નગરીની જે અલંકાર શોભા છે, જેની રૂપકીર્તિની ગૌરવગાથા ભારત-ભરમાં માન મૂકાવે છે, જે વૈશાલી માટે થઈને પોતાનો જીવનક્રમ બદલાવી નાખે છે, એના સ્થાનને કોઈ જ વિશેષ મહત્ત્વ નહિ ? એ શું સામાન્ય વારાંગના છે ? જેના વીણા ઝંકારની મધુરતા છેક વત્સદેશ ને અવંતીદેશ સુધી માન મુકાવે છે, એને પોતાની કોઈ જ વિશેષતા મળે નહિ ? જેના નૃત્યને જોવા ત્રિલોકસુંદરીઓ પણ ઘેલી બને છે, તેની પોતાની કોઈ જ વિશેષતા નહિ ? નગરીએ એને આપેલા કોઈ જ ખાસ અધિકાર નહિ ? તો એ નગરશોભિની શેની ? નામની ? નગર-શોભિની આ વસ્તુ કહે છે. વૈશાલી નગરીની આ ગૌરવપ્રથા કઈ જાતની ? એ શું સામાન્ય વારાંગના છે ? જેની વીણાના નાદે જગત ઘેલું બની જાય છે, એ સિદ્ધિનું નગરીમાં કાંઈ જ વિશિષ્ટ સ્થાન નહિ ?'

'એટલે તો અમે એને નગરશોભિનીનું મહાનપદ આપીએ છીએ. આખી નગરી મહાન ઉત્સવ કરીને એને જનપદકલ્યાણી બનાવે છે. એ માન ઓછું છે ?'

'એ માન અવશ્ય છે. પણ જેને કુદરતે મુક્ત હાથે ભેટ આપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એનો તમારી પાસે પણ અધિકાર છે. એણે શરતો કહી છે. એ શરતો આપણે પાળવી પડશે. જો સંથાગારને વૈશાલીનો નિયમ અક્ષરશઃ પાળવાનો આગ્રહ હોય તો આમ્રપાલી જે શરતો મૂકે તે મહાજન પરિષદે સ્વીકારવી રહેશે.'

'બરાબર છે, બરાબર છે, પણ શરતો શી છે એ તો બોલો !'

'આમ્રપાલી કહે છે મારું ભવન—એ વૈશાલી નગરીના ભવનોની ટોચ હોવી જોઈએ. મને રહેવા માટે સોનેરીકુંભોથી ચળકતા પુષ્પ-વિહારમાં જ, મહાજને એક સપ્તભૂમિકાપ્રાસાદ આપવો પડશે !'

'એ તો બરાબર છે, બરાબર છે, વૈશાલીની દેશવિદેશમાં ખ્યાતિ થાય માટે પણ, સપ્તભૂમિકાપ્રાસાદ ગણસંઘ આપશે. બોલો, બીજી શી શરત છે ?'

'સહસ્ર સુવર્ણ વિના સૂર્યદેવ પણ આમ્રપાલીને જોઈ નહિ શકે !'

'સહસ્ર કે શત ?'

'એક સહસ્ર. શત નહિ ! અને તે પણ કેવળ દર્શનના.'

'ચાલો, એ પણ બરાબર છે' ગણસંઘે એક અવાજે ઉત્તર વાળ્યો. 'પછી ?'

'આમ્રપાલી કહે છે, મારો સપ્તભૂમિપ્રાસાદ એ જ મારો દુર્ગ છે. એમાં મારી આજ્ઞા વિના કોઈનાથી નહિ અવાય !'

'કોઈનાથી ?'

'હા, કોઈનાથી પણ નહિ !'

'આ વાતને ભન્તે નાયક વધારે સ્પષ્ટતાથી મૂકે !' કેટલાક વૃદ્ધ રાજપુરુષો બોલી ઊઠ્યા. 'કોઈનાથી નહિ—એ ઘણી વિશાળ સત્તા નથી ?'

'કોઈ નહિ એટલે કોઈ જ નહિ. જે જાય તે રજા મેળવે તો જ પ્રવેશે. પછી *પાંશુકુલિક હોય, નગરપતિ–પેત્તણક હોય, કે ×રાષ્ટ્રિક–

*ચીંથરા વીણીવીણીને પહેરનારો સાધુ. ×પ્રદેશનો અધિકારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષિક હોય !'

'પણ તો તો . . . જાણે એ જ નગરની અધિષ્ઠાત્રી !'

'એ તો તમે એને સ્થાપો છો. એટલે તો એ આ ગૌરવ માગે છે. વિશ્વાસ માગે છે. નગરશોભિની શંકાથી પર હોવી જોઈએ !'

આ નિયમ ઘણાને રુચ્યો લાગ્યો નહિ. ગણરાજો શ્રેષ્ઠીઓ અને બીજાઓ 'ઠીક છે' એટલું બોલ્યા. પણ એ આગળના વિશેષ નિયમ જાણવા માટેની સૂચના હતી.

'એક વધુ આકરી શરત પણ હજી છે.'

'શું ?' સંથાગારમાં હવે અધીરતા આવતી હતી. જાણે કોઈ બળવાન રાજસત્તા પોતાની શરતો મૂકવા માટે આવેલ હોય તેવો દેખાવ કેટલાકને ખટકી રહ્યો હતો. તેમને મહાજન મંડળનું આ અપમાન લાગતું હતું. સિંહે શાંત ધીમા મક્કમ અવાજે કહ્યું : 'છેલ્લી ગણો કે પહેલી, પણ એક સરત આ છે. આમ્રપાલીના સપ્તભૂમિપ્રાસાદની તપાસ નહિ થાય ! કોઈનાથી એમાં કોણ છે, ને કોણ નથી એની તપાસ નહિ થાય !'

ઠેર ઠેર આ નિયમ આવતાં જ ગણગણાટ થઈ રહ્યો.

'નગરી આખીની શોધ તપાસ ચાલતી હોય તો પણ ?'

'હા તો પણ. આમ્રપાલીનો પ્રાસાદ, એ આમ્રપાલીનો પ્રાસાદ. એ શંકાથી પર રહેવો જોઈએ. ગણજનતંત્રની સત્તાથી પર રહેવો જોઈએ.'

'અરે ! એમાં તો વૈશાલીમાં આગ લાગી જાય. ગમે તે આવે . .'

'હા ગમે તે આવે, ગમે તે રહે, એનો પ્રાસાદ એ એનો પ્રાસાદ રહેશે. ઉન્નત, ગૌરવશીલ, સ્વતંત્ર, શંકાથી પર. તપાસથી પર. સત્તાથી પર !'

'એ નહિ બને ભન્તેનાયક ! એમાંથી તો વૈશાલી નાશ પામે !'

'તમારા આંતરવિગ્રહ કરતાં એ નાશ ઓછો ભયાનક નહિ હોય ?' સિંહે પ્રશ્ન કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ ભન્તે નાયક ! આમ શા માટે ?'

'શા માટે ? એ હું શું જાણું. ભણે તો . . . પણ લ્યો, આ આમ્રપાલી પોતે જ આવી રહેલી છે. તમે એને જ પૂછો. મને પણ આ શરત ભયંકર લાગે છે . . .'

એટલી વારમાં આમ્રપાલીનો રથ આવતો દેખાયો. તે સંથાગારના ચોગાનમાં આવી. છેક સોપાન પાસે આવી. બધા તેને આવતી નિહાળી રહ્યા. પોતે વૈશાલી માટે થઈ ને આટલો ત્યાગ બતાવી રહી છે, છતાં લિચ્છવીઓને એની શરતો ખૂંચે છે, એમને તો અનેક નગરવારાંગનાઓની જેમ એક વધુ રૂપમોહિની જોઈએ છે, એ વાત જાણે એના મનમાં અત્યારે ઘોળાતી હોય તેમ એની મુખમુદ્રા કાંઈક ગર્વિષ્ટ કડક બની હતી. એનું નાનું રૂપાળું નાક અભિમાન ધારી રહ્યું હતું. તેનાં ભવાં જરાક સંકોચાયા હતાં. પણ તેની રમણીય મોહકતા વિષ પાયેલા તીરની પેઠે સોંસરવી નીકળી જાય તેવી ભયંકર બની ગઈ હતી. આમ્રપાલીને આવેલી જોઈને સિંહ સેનાપતિ પણ વિચારમાં પડી ગયો. એક વખત મહાલીની વાતે જે પરિવર્તન આણ્યું હતું તે જાણે તપેલા લોહ ઉપર પડેલા જલબિંદુની જેમ ઊડી ગયું લાગ્યું. પાછો એ મહાન ઘર્ષણ બળોની વચ્ચે ઊભા રહેવાનો પ્રસંગ આવતો જોઈને સિંહ ધ્રૂજી ગયો. નીલપદ્મભુવનમાંથી એ આવ્યો ત્યારે એને આશા હતી કે સંથાગાર તેની વાત સ્વીકારી લેશે. પણ છેલ્લા નિયમે બધાને વિરુદ્ધ કરી મૂકયા હતા. ને એ નિયમ તો આમ્રપાલીએ ખાસ કહેવરાવ્યો હતો.

આમ્રપાલી ત્યાં આવી. તેણે એક દૃષ્ટિ ચારે તરફ ફેરવી પછી તે શાંત ઊભી રહી. તેણે ધીમા, મક્કમ, શાંત અવાજે કહ્યું, 'ભન્તે જનસંઘ ! તમારો દુષ્ટ નિયમ હું સ્વીકારું છું—જો તમને મારી શરતો કબૂલ હોય તો. ભન્તે નાયક સિંહ સેનાપતિએ તમને એ સંદેશો આપ્યો લાગે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ મહાજન મંડળ તમારી શરતો ન સ્વીકારે તો?' કેટલાક ઊભા થઈને તરત સીધો જ સવાલ કર્યો.

સીધો સવાલ આવતાં જ આમ્રપાલીની દેહ ગૌરવભરી રીતે જરાક ઊંચી થતી સિંહનાયકે જોઈ. તે સચિંત થઈ ગયો. ત્યાં તો તેજસ્વી દઢવાણીમાં આમ્રપાલીએ જવાબ વાળ્યો: 'તો હું વૈશાલી જનતંત્રને તાબે થવા ના પાડું છું!'

'ના? હેં! ગણતંત્ર સત્તાનું અપમાન? ભન્તે નાયક! આ વાત તો હવે ભયંકર ગણાય!'

'ત્યારે તો મહાજન મંડપ મને સમજી લે,' આમ્રપાલીએ અભિમાનમાં–ગૌરવમાં શરીર ને ડોક જરાક અદ્ધર કરીને શરીરને ઉન્નત વળાંક આપ્યો. તેના સ્પષ્ટ ટંકારવી શબ્દો સંથાગારમાં ફરી વળ્યા:

'ત્યારે તો ગણતંત્ર સારી વાત સમજી લે. પૃથ્વીની કોઈ પણ સત્તાને તાબે ન થવા માટે ઈશ્વરે મને રૂપ આપ્યું છે.' તેણે અભિમાન-થી માથા ઉપરથી ખસી જતી મોતીની સેરને એક હાથથી સમારી. 'મારું રૂપ એ ઈશ્વરી ભેટ છે' તેણે કહ્યું: 'એ કોઈ સામુલી બજારું વસ્તુ નથી. સમજ્યા?'

સંથાગારમાં એના આ શબ્દોએ તોફાનનું વાદળ ઊભુ કર્યું. ઘડીમાં મામલો જ બદલાઈ ગયો. સિંહ પણ ચિંતામાં પડ્યો. બન્ને ઘર્ષણ બળો અથડાવા માટે દોડતાં હતાં. સંથાગારમાં આમ્રપાલીના શબ્દોએ વિજળીધક્કાનું કામ કર્યું હતું.

'એનો અર્થ તો એટલો જ કે ગમે તે શત્રુ આવીને પણ તેને ત્યાં સલામત રહી શકે!' એક લિચ્છવી જુવાન બોલ્યો.

આમ્રપાલીએ તેના તરફ જોયું: 'દૂધપીતા ભણે લિચ્છવી જુવાન! હજી તારે સમજવાને વાર છે. દુશ્મન તો આ સંથાગાર માટે છે. આ ભન્તે નાયક માટે છે. તમારે માટે છે. મને, જેને ઈશ્વરે ઉદયન રાજાની મંજુઘોષાને એક તરફ મૂકી દે એવી વીણા આપી છે એને, દુશ્મન કેવો? અને શત્રુ કેવો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો અરિ કોણ? મારે ત્યાં આવનારા ભલેને મોટા ચમરબંધી હોય, ભલે ને શત કોટીપતિ હોય મારા સાન્નિધ્યમાં 'એ કાં ઘેલા છે. કાં દર્દી છે.' મારાં સાન્નિધ્યમાં કોઈ શસ્ત્રી નથી. કોઈ રાજનીતિજ્ઞ નથી. બધા જ સરખા અકિંચન છે. મારી પાસે બેસનારો કોઈ જ પોતાપણું રાખનારો નહિ હોય તો પછી અમિત્ર કોણ? મારી પાસે દિવ્યવાદન છે, કુદરતદીધી શક્તિ છે. મારી પાસે મારું સ્વરોનું સામ્રાજ્ય છે. મારી પાસે દેવોની સૃષ્ટિ છે. એ સૃષ્ટિ માટે તો ભારતભરમાંથી ગમે તે આવશે. એ દુશ્મન કેવો ને વાત કેવી? મારા સાન્નિધ્યમાં બેઠેલો માણસ, એ તો રસ-સરિતાનો તરસ્યો તૃષાતુર આત્મા બની જાય. એ સામાન્ય માણસ રહ્યો છે ક્યાં? એની તપાસ શી? ને વાત શી? રૂપ મને ઈશ્વરે આપ્યું છે, કોઈ પણ અન્યાયી સત્તાને તાબે ન થવા માટે; તો સંગીત, મને ઈશ્વરે આપ્યું છે, કોઈ પણ માણસને દુશ્મન ન રહેવા દેવા માટે. સપ્તભૂમિ પ્રાસાદમાં વૈશાલીનો કોઈ જ દુશ્મન નહિ હોય તેની ગણતંત્ર ખાત્રી રાખે. મારી પાસે જ મારી વીણા પાસે બેઠેલો માણસ પણ જો રાજદ્વારી માણસ રહી શકશે, તો હું વીણાના એકેએક તારને તોડીને ફેંકી દઈશ. એ રહી શકે જ નહિ. મારી કલા, તમામ રાજદ્વારી ક્ષુલ્લકતાને સળગાવી દેવા માટે છે!'

'તે હશે...' ગણતંત્રના વૃદ્ધ જનો બોલી ઊઠ્યા: 'પણ આ શરત ન સ્વીકારાય.'

'આ શરત એ શરત નથી. એ તો જાણે કે ગણતંત્રને ખુલ્લું આહ્‌વાન છે. એ શરત ન સ્વીકારાય. કદાપિ ન સ્વીકારાય.'

'આ તો જાણે પોતે સંથાગારની અધિષ્ઠાત્રી, ને સંથાગાર પરિષદ્ એની દાસી! આવી વાત આંડી ચાલતી લાગે છે. એ નહિ બને. આ શરત નહિ સ્વીકારાય!'

એક પછી એક મત આવવા મંડ્યા.

મામલો તોફાને ચડતો જતો હતો. એ જોઈને આમ્રપાલીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરત પોતાનો પગ ગૌરવભેર ત્યાંથી પાછો વાળ્યો. તે સંથાગાર તરફથી ફરી ગઈ: 'તમે નિશ્ચય કરો મહાજનો !' તે દૃઢતાથી બોલી: 'મારો નિયમ અચલ છે. . . .અને અચલ રહેવાનો છે. મારી કલાને હું કોઈની દાસી નહિ બનાવું !'

'ત્યારે ગણતંત્રનો નિશ્ચય જાણે લ્યો. ગણતંત્ર આ નિયમ નહિ સ્વીકારે. અને ગણતંત્રનો નિયમ સ્વીકારવો જ રહેશે !' એકી સાથે અનેક અવાજ આવ્યા.

પણ આમ્રપાલી એ શબ્દો સાંભળવા ઊભી રહી નહિ. થોડી-વારમાં તો એનો રથ નીલપદ્મભવન તરફ જતો દેખાયો.

સિંહ સેનાપતિ સચિંત બની ગયો. જે આમ્રપાલી ગણતંત્રને માન આપવા તૈયાર થઈ હતી, તે આમ્રપાલી ત્યાં રહી ન હતી. માન આપનારી આમ્રપાલી વૈશાલીની એક નગરવાસિની હતી. વૈશાલી એના મનમાં એ વખતે કેન્દ્રસ્થાને હતું. તે વૈશાલીમય બની ગઈ હતી.

અને આજે? આજે હવે એ આમ્રપાલીનો કલા આત્મા જાગ્યો હતો. આજે એની વીણા એને માટે મુખ્ય બની ગઈ હતી. એના મુક્તગાનને કોઈ મર્યાદા નહિ. કોઈ નિયમ નહિ. એ કોઈની દાસી નહિ. આ ભાવના મુખ્ય બની રહી એને ત્યાં રૂપની, રંગની, પ્રેમની, સંગીતની, જાણે કે એક મહાન સરિતા વહેવાની હતી. એમાં આવનાર ઉપર નિયમન આવે તો એની કલાનું એમાં ગૌરવ શું ? આજે એનું મન આ દૃષ્ટિ રાખતું હતું. આજે એને એની કલા પ્રતિભાનો વિજય ટંકારવ કરવાનો હતો. એના નારીત્વને તો જ કાંઈક આશ્વાસન મળે. સિંહ સમજતો હતો. ગણતંત્રનો શબ્દ એ વૈશાલીમાં હરેક માટે આજ્ઞા હતી. તો જ ગણતંત્રની એકતા ટકે. પણ આમ્રપાલી જેવી અસાધારણ પ્રતિભાને કેવળ જડ નિયમોથી બાંધવાની પ્રથા એ ગણતંત્રની પોતાની જ દુર્બળતાનો એકરાર હતો. આમ્રપાલીને મનાવવાની એને હજી આશા હતી. તે ગણતંત્રની સામે જોઈ રહ્યો. હજી ત્યાં સંથાગારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોફાનની હવા હતી. પણ થોડીવારમાં શાંતિ થઈ એટલે એ બોલ્યો: 'ભન્તે ગણતંત્ર! એક વાત સમજવા જેવી છે. જેની પાસે ચીજ જ અલૌકિક છે, તેને પોતાની કોઈ ને કોઈ શરત મૂકવાની ધૂન જાગી આવે, એ શું સ્વાભાવિક નથી? એ વખતે જો એને ન સમજીએ, તો નગરીની મહાનુભાવતા નથી. ઉદાહરણથી સમજો. વત્સદેશનો ઉદયન વીણાવાદનનો કેટલો રસિયો આત્મા છે? વૈશાલીમાં આમ્રપાલીની વીણા અલૌકિક છે. એમ ન બને કે વત્સરાજ આ અલૌકિક વસ્તુના આકર્ષણે આંહીં આવે?'

'એ તો આવે.. કેમ ન આવે?'

'પણ એ જ વખતે આપણી રાજદ્વારી વસ્તુ એમાં આડે આવવાની!'

'એ તો બરાબર છે. વૈશાલી નગરી પહેલી!'

'ત્યારે સમજવાનું જ એ છે, ભન્તે ગણતંત્ર! આમ્રપાલી બીજું કાંઈ નથી કહેતી. એ કહે છે હું તો કલાની જુગજુગ પ્યાસી નારી છું. મારી કલા પહેલી. મારી એ વસ્તુ શંકાથી પર. તો જ મારું ગૌરવ. અસંખ્ય રૂપજીવનીઓ સાથે મને મૂકીને તમે તમારા જ આત્માને હણી નાખો છો. આ વાત છે. ભન્તે ગણતંત્ર! મને લાગે છે એની એ શરત આમ સ્વીકારાય. આઠ દિવસ એને ત્યાં આવનારો સહી-સલામત. આઠ દિવસ પહેલાં એને ત્યાં કોઈ તપાસ નહિ. આઠ દિવસ એ શંકાથી પર, સત્તાથી પર!'

'અરે! પણ ભન્તે નાયક! આઠ દિવસમાં તો આઠ જુગ વીતી જાશે!'

'એટલું પરાક્રમ જો વૈશાલીમાં નહિ હોય—તો તો વૈશાલી ટકી રહી ભન્તે ગણસંઘ!'

સિંહના વાક્યે સૌ વિચારમાં પડી ગયા. આ રીતે ઘર્ષણ ટળતું હોય તો ટાળવા જેવું હતું એમ ઘણાને લાગ્યું. એ ઉપરાંત આમ્રપાલીનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલૌકિક રૂપ ભૂલ્યું ભુલાતું ન હતું. એ રૂપમાં આજ્ઞાવાહી અવાજ હતો. હજી પણ એનું ગજબનું આકર્ષણ જાણે આંહીં રહી ગયું હતું. એ રૂપનું આહ્‌વાન હવામાં ફરતું હતું. એની સત્તાવાહી આજ્ઞાને માનવી જ પડે એવો એનો પ્રભાવ હતો.

એકી સાથે એક અવાજ ઊઠ્યો : 'ભન્તે નાયક ! તમારી વાત કબૂલ છે. જાઓ. પણ હવે સંથાગાર નહિ મળે. આ વાત છેલ્લી છે. એને માન્ય ન હોય તો પછી સંથાગારની આજ્ઞા જ સર્વોપરી છે. મહાનમનને સંભળાવી દેજો. આમ્રપાલીને પણ કહી દેજો. બસ !'

વૈશાલીના જયધ્વનિ સાથે સંથાગાર વેરાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮. અલૌકિક વૈશાલી!

સિંહ નાયક જો કે રાજદ્વારી પુરુષ હતો અને વળી ગણતંત્રનો આગ્રહી ઉપાસક હતો, છતાં એ વિશાળ દૃષ્ટિવાળો મહાનુભાવ હતો. એ સમજતો હતો. અલૌકિક પ્રતિભાને સેંકડો મૂર્ખાઓ, કેવળ એક સ્થળમાં ભેગા બેસવાથી કે બોલવાથી, જડ નિયમબંધન આપે, એ બહુમતવાદ પણ નથી, અને ગણતંત્ર પણ નથી! આમ્રપાલી નારીને માટે કદાચ નિયમ હોય; કાંઈ એની કલા માટે કોઈ નિયમ હોય? ગણતંત્રની આ એક ભયંકર નિર્બળતા હતી. ગમે તેવી પ્રતિભાને પણ, એ અત્યંત સામાન્ય હોય તેમ ગણીને, એને એ પોતાના નિયમ પ્રમાણે જ ઘડવાની!

પણ એવું જડ ગણતંત્ર વહેલેમોડે અપાર શક્તિશાળી વ્યક્તિઓના ઉદ્ગમને રૂંધી નાખે. દેશના અલૌકિક બળને વ્યર્થ ફેંકી દે. વ્યક્તિની જુગજુગ જૂની વારસા શક્તિને અત્યંત સામાન્ય માનીને વેડફી નાખે. એવાં ગણતંત્રો—છેવટે પોતાના ક્ષુલ્લક મતભેદોથી જ પોતે મરે!

વ્યક્તિમાં જેમ ગણતંત્ર માટે ત્યાગ કરવાની શક્તિ જોઈએ, તેમ ગણતંત્રમાં અસામાન્ય પ્રતિભાને સમજવાની મહાનુભાવતા જોઈએ. એવાં ગણતંત્રો જ ટકે. સિંહ નાયક આ સમજતો હતો. આમ્રપાલી પાસે જે હતું, તે આખી માનવજાતને ફેરવી નાખનારું જબરજસ્ત સામર્થ્ય હતું. વૈશાલીની જનપદકલ્યાણી એ કોઈ સામાન્ય નારી નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ભાવનાથી જ એ ઉત્તેજિત થઈ હતી. એની શરતો એટલા માટે હતી. એને મન એની કલાભાવના જ સર્વોપરી હતી.

પણ સિંહનાયકને હવે એક બીજી ચિંતા થઈ. આમ્રપાલી આ શરત ન સ્વીકારે તો ? તો ગણતંત્રે હવે છેલ્લો શબ્દ કહી દીધો હતો. એનો અર્થ એટલો જ કે ઘર્ષણ અનિવાર્ય હતું. તેણે ગમે તે રીતે આમ્રપાલીને મનાવવી રહી.

સાંજ પડયે તે વૈશાલીમાં ફરવા નીકળી પડયો.

વૈશાલીના યુદ્ધોદ્યાનમાં એ આવ્યો. ત્યાં ચારે તરફ આવેલા ભવ્ય મહાલયોના રત્નખચિત ઝરૂખાઓ જોતો જોતો તે વૈશાલીના વિશાળ મેદાનમાં આવ્યો. આજે વાતાવરણ બદલાયેલું જણાતું હતું. ક્યાંય સંથાગારના ઘર્ષણની વાત થતી ન હતી. બધે સનાતું હતું કે પ્રવેણી પુસ્તકનું માન રહ્યું છે. હજારો ઘોડેસવારો ને રથીઓ ત્યાં નિયમ-બદ્ધ રહીને અંધારામાં પણ ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતા દેખાયા.

પરદેશીઓ, સોદાગરો, સાર્થવાહો, દૂરદૂરના રાજકુમારો, નગર-શ્રેષ્ઠીઓ, આ લિચ્છવી જુવાનોને કૌતુકથી નિહાળતા ત્યાં ઊભેલા તેણે જોયા.

એક જગ્યાએ રથીઓની સ્પર્ધા ચાલતી હતી. બીજી જગ્યાએ હાથીઓ દ્વંદ્વયુદ્ધની તાલીમ લેતા હતા. રથીઓ જાંબુડી રેશમી દોરીથી વેગમાં દોડતા રથોને કાબુમાં રાખવા માટે તનતોડ મહેનત કરતા જણાતા હતા. રાજહંસ જેવા ધોળા સુંદર ઉતુંગ કામ્બોજ અશ્વો જોડેલા રથમાં બેસીને ક્યાંક ક્યાંક નગરશ્રેષ્ઠીઓ અને જેઠ્ઠકો આ બધું જોતા બેઠા હતા. નગરી આખી, આનંદ, વિનોદ, પ્રમોદ, ઉત્સાહ અને ઉલ્લા-સમાં હતી. ઘર્ષણ ટળી ગયાની હવા ફેલાઈ ગઈ હતી. પણ એટલે જ સિંહને ચિંતા થતી હતી કે હવે જો ઘર્ષણ પ્રગટશે, તો તે અગ્નિની જેમ નગરીને તરત ભરખી લેશે !

ઠેકાણે ઠેકાણે વ્યાયામ થતા હતા. ક્યાંક રથમાં બેઠેલા શ્રેષ્ઠી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓના હીરામાણિક્ય મૌક્તિકોનું તેજ જોવા લોકોનાં ટોળાં મળ્યાં હતાં. ક્યાંક વાતો થતી હતી. ક્યાંક વિનોદ ચાલતો હતો. એક જગ્યાએ એક માણસ તલવારમાં જોઈને માણસનાં ને નગરીનાં ભવિષ્ય ભાખતો હતો. એમાં એ મગધની નગરીનું ભવિષ્ય ભાખતો હતો. એનો વિનાશ હતો.

સિંહનાયક આ બધું જોતો જોતો આગળ વધ્યો. જ્યાં જુઓ ત્યાં સશક્ત સુંદર અશ્વિનીકુમારો જેવા, દેવના દીકરા હોય તેવા, રૂપાળા લિચ્છવી જુવાનો નજરે પડતા હતા. નગરીમાં કોઈ નિર્બળ ન હતું. કોઈ અકિંચન ન હતું. ક્યાંય કોઈ ક્ષુદ્ર કે ક્ષુલ્લક દેખાતું ન હતું. બધે જ શૌર્ય હતું તાલીમ હતી. નિયમ અને શિસ્તપાલન હતાં. વૈશાલી નગરીનો વિચાર આવતાં સિંહ નાયકની છાતી અભિમાનમાં ને ઉલ્લાસમાં ફૂલી રહી. ઘડીભર એને થયું કે આખા ભારતવર્ષનાં બધાં રાજતંત્રો ભલે ભેગાં થાય–વૈશાલી અજેય રહેવાની !

'આ લિચ્છવી જુવાનને કોઈ રોકી શકે ?' તેને વિચાર આવ્યો અને એ જ વખતે ધનુર્ધર મહાલ્લી સાંભરી આવતાં તેની આંખ ભીની થઈ ગઈ. અંધ ધનુર્ધરના અલૌકિક ત્યાગની ગાથા એના મનમાં રમી રહી. વૈશાલી માટે થઈને એણે વગર દલીલે એકાંતવાસ સ્વીકાર્યો હતો. અને છતાં ત્યાં બેઠાં પાંચસો લિચ્છવીઓને વિદ્યાતાલીમ આપવાની એને તાલાવેલી લાગી હતી !

તે નીલપદ્મસરોવરને કિનારે આવી પહોંચ્યો. સંધ્યાના રંગો પાણીને સોનેરી રંગથી છાઈ રહ્યા હતા. ને પોયણાં ચંદ્રને જોવા અરધું છાતું હસતાં હતાં.

સરોવરને કિનારે કિનારે અર્ધવર્તુલાકારમાં વૈશાલીનું વિલાસભવન 'પુષ્પવિહાર,' આવ્યું હતું. નીચે પાણીમાં સંગેમરમરની મંડપિકાઓના પડછાયા હાલતા હતા. જ્યાં ત્યાં મધુર કંઠની હેલી વરસી રહી હતી. દીપાવલિઓથી શોભતી અનેક જલનૌકાઓ સરોવરમાં રમવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે જતી દેખાતી હતી. સિંહનાયક ત્યાં એક પળભર થંભી ગયો. વૈશાલીના આ ભાગમાં સુંદરતાની અવધિ હતી. પાણી સુંદર હતાં. ભવનો સુંદર હતાં. *મરૂમ્મવેર્યાં રસ્તાઓ સુંદર હતા. ત્યાંના પુષ્પોની રંગબેરંગી છટા સુંદર હતી. નારીઓનાં જુથનાં જુથ સુંદરતાની સરિતા વહાવતાં હતાં. વૈશાલી નગરી એક અને અલૌકિક, ગંગનાંગણની કોઈ અપ્સરા જેવી, આંહીં દેખાતી હતી. સિંહ ત્યાં થંભી ગયો. આ બધું જોઈજ રહ્યો. થોડે દૂર જઈને તે પાછો ફર્યો. પણ તેની મુખમુદ્રા ઉપર હવે ચિંતાની રેખા આવતી હતી.

એના અંતઃકરણમાં એક ઊંડી ઊંડી ગ્લાનિની છાયા: જાગી ગઈ હતી. એના મનમાં પ્રશ્ન થતો હતો: ‘ આટલા બધા વૈભવ ને વિલાસને પરિણામે, પ્રજાનો નાશ કરનાર વસ્તુ તો આમાંથી નહિ જન્મે ? લિચ્છવીઓ સુંવાળા રેશમ માટે એમનું લાકડાનું કઠણ ઓશીકું તો નહિ છોડી દે ને ? ’

તેણે વિચાર કરતાં પોતાનો ઘોડો ત્યાં જ થંભાવ્યો. અને પછી એને છોડી દીધો. તાલીમ પામેલો અશ્વ ત્યાં શાંત ઊભો રહી ગયો. થોડે દૂર દેખાતા આમ્રપાલીના ‘ નીલપદ્મભવન ’ તરફ જવા માટે એ આગળ પગપાળો એકલો ચાલ્યો.

સિંહ ‘ નીલપદ્મભવન ’ પાસે પહોંચ્યો. આમ્રપાલીના કલાલક્ષી અત્યંત આગ્રહી સ્વભાવનું આજે એને નવું જ દર્શન થયું હતું. એને મનમાં હવે ચિંતા પેઠી હતી. એને ડર તો એ હતો કે જો મહાનમન વિચાર ફેરવી બેસશે, ને કોઈ પણ મહાન ધનુર્ધર સાથે આમ્રપાલી વિષે વાગ્દાન જેવું પણ કરશે, તો હજારો જુવાન લિચ્છવીઓ ધનુષનો ટંકારવ કરતા સામસામા પક્ષમાં તત્કાલ ફેરવાઈ જશે. અને એ એક જ ઘર્ષણ વૈશાલીને હણી નાખશે !

સિંહનાયક મનમાં આ દૃશ્યને જોતો હોય તેમ વ્યથાથી થોડીવાર થોભી ગયો. એ પાસેના એક આરસ ઓટલા ઉપર બેસી ગયો. શૂન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિએ રૂપભર્યાં 'નીલપદ્મભવન'ને નિહાળી રહ્યો.

તેના મનમાંથી શ્રદ્ધાભર્યો મોટો અવાજ અંતે ઉઠયો: 'વૈશાલી ! વૈશાલી ! સિંહનાયક તો પ્રાણ હશે ત્યાંસુધી તને અખંડ રાખવા ઝઝૂમશે જ ઝઝૂમશે. પરિણામ ગમે તે આવે. એ તો ઝઝૂમશે જ.' આ સંકલ્પથી નવું બળ મળ્યું હોય તેમ તે આગળ વધ્યો. આગળ 'નીલ-પદ્મભવન'ના દ્વારમાં પેસતાં જ એક કાંસ્યઘંટા વાગી. અને તરત કલ્પ-નાની મૂર્તિઓ સમી દાસીઓ ત્યાં સામે આવીને ઊભી રહી ગઈ. ઇંદ્રભવન જેવા અનેક સુંદર ખંડોમાં થઈને તે આમ્રપાલીના પોતાના ભવનમાં આવ્યો. આમ્રપાલી ત્યાં હીંડોળા ઉપર બેઠી હતી. તે કાંઈક વિચારમાં પડી ગઈ હોય તેમ જણાતું હતું. સિંહનાયકને જોતાં જ તે બેઠી થઈ ને સામે આવી. તેણે અભિવાદન કર્યું. પાસેના એક ચંદનના રત્નજડિત બાજઠ ઉપર સિંહ બેસી ગયો. તે વિચાર કરી રહ્યો. વૈશાલીને પોતાને એક મહાન કામ મળ્યું છે. અથવા એણે આગળ પડીને ઉપાડ્યું છે. ગણતંત્રોને સ્થિર કરવાનું. વૈશાલી નગરીએ એ માટે આમ્રપાલીને આમંત્રી છે. એ જો આંહીં જનપદકલ્યાણી હોય, તો ગણતંત્ર તરફ અનેકોને સદ્ભાવ જાગે. ગણતંત્ર સ્થિર થાય. રાજતંત્રો ઊડી જાય. આ વાત પણ આમ્રપાલીને હવે કરવી જ રહી. તે આમ્રપાલીને સામેના એક બીજા બાજઠ ઉપર બેસતી નહાળી રહ્યો.

તેણે ધીમા મક્કમ શાંત નિરુપદ્રવી અવાજે વાત શરૂ કરી:

'આમ્રપાલી ! હું કહેવા આવ્યો છું. તારી એ શરત ગણતંત્ર નહિ સ્વીકારે !'

આમ્રપાલી દૃઢતાથી તેને જોઈ રહી.

સિંહનાયક આગળ બોલ્યો: 'પણ જનતંત્રપરિષદ્ હજી એક વાત કબૂલે છે. આઠ દિવસની સૂચના આપ્યા પછી જ, તારું ભવન તપાસી શકાય. એટલે એક રીતે તારી શરત ગણતંત્ર માન્ય જ કરે છે. તારે

* વેણુ વેકુર. એ ફળીમાં વેરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે ગણતંત્રની ઇચ્છાને માન આપવું રહ્યું !'

'પણ હું તો સ્ત્રી છું ભન્તે સિંહનાયક ! હું આ દુષ્ટ નિયમ જ ફેંકી દઉં છું. હું એકલી સહસ્રો સામે ઊભી છું. તમારા આગ્રહને વશ થઈને જ મેં શરતો મૂકી હતી !'

'અને કાલે તેં કહ્યું હતું તે વાત શું હવામાં ઊડી ગઈ ?'

'ના. એ વાત છે. એ હવામાં ઊડી ગઈ નથી. પણ કાલે મને મારી કલાનું દર્શન થયું ન હતું. આજે મને એ સાંપડ્યું છે. મારી કલા જો તમારી દાસી બને, તો હું રૌરવ નરકમાં પડું. એવો જીવનદ્રોહ હું કરું—એના કરતાં તો જલસમાધિ લઉં, અગ્નિ પ્રવેશ કરું, કે છેવટે મારી વીણા તો મને મૂંગા સ્વરોની અંજલિ અર્પે ! વીણા અને એના તારો એ શું છે, એ મૂંગા તારોની અને મારી વચ્ચે શું ચાલી રહ્યું છે, એ જાણવાની તમારામાંથી કોઈનામાં જ તાકાત નથી. મારી વીણાને પોતાની સ્વતંત્ર મુક્ત હવા છે.. અને હું નારી, મારે પણ મારી હવા છે. હું તમારો આ ગણતંત્રનો આ દુષ્ટ નિયમ જ સ્વીકારતી નથી ! આવાં ગણતંત્રો કેટલા દી ?'

સિંહનાયક અપમાન ગળી ગયો. એ અપમાન કાંઈ ન હોય તેમ એણે આગળ ચલાવ્યું: 'આમ્રપાલી ! એવો વખત આવશે જ્યારે આ નિયમ જ ઊડી જશે !'

'ક્યારે ?'

'જો હમણાં તું વૈશાલીને બચાવશે તો...'

'પણ વૈશાલીને બચાવવા માટે હું શું મારો જીવનદ્રોહ કરું ? મારા સ્ત્રીત્વને અપમાનું ? મારી કલાને તમારી સત્તાની દાસી બનાવું ?

સિંહે પોતાનો શાંત અવાજ વધુ શાંત કર્યો. પણ એમાં અનોખી ગૌરવ વાણી દેખાતી હતી.

'પ્રજાઓના ઉદ્ધાર માટે એટલું સ્વાર્પણ કર્યે જ છૂટકો છે આમ્રપાલી ! વૈશાલી વતી એ હું માગી લઉં છું. વૈશાલી રહેશે, તો જ એનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ રહેશે. અને આ બધાં ગણતંત્રો તો જ ટકશે. તો આપખુદ ભયંકર રાજતંત્રો જશે. હું તારું, તારા સ્ત્રીત્વનું, તારી કલાનુ, અને તારા જીવનનું ગણે તો તારા જીવનનું, પણ કેવળ સ્વાર્પણ માગી લઉં છું. વૈશાલી વતી માગી લઉં છું. આમ્રપાલી ! તારી: કલા અમર રહો. તારું ગૌરવ અખંડ રહો. ત્યાં રૂપની, રસની, રંગની, સગીતની, જીવન-સૌરભની, શાંતમધુરતાની, જે હેલી વરસશે તે કૈકને જીવનભરના વૈશાલીના ગુનગાન કરતા કરી મૂકશે. વૈશાલીની મહત્તા ગણતંત્રને સ્થિર કરશે. આ કોઈ ક્ષુલ્લક રાજતંત્રનો પ્રપંચ નથી. તું વૈશાલીની છો. હું વૈશાલી માટે આ માગું છું. ગણતંત્રે જે શરત સ્વીકારી છે તેથી તારી કલાનું ગૌરવ હવે સચવાઈ રહે છે. તારે ત્યાં સાચો આવનારો કોઈ પણ સંગીતરસપિપાસુ આત્મા લેશ પણ ક્ષોભ નહિ અનુભવે. તારી કલા મુક્ત અને સ્વતંત્ર. સત્તાથી પર. અનિયન્ત્રિત. હું માત્ર વૈશાલી માટે, નહિ—પણ અત્યારની અને આવી રહેલી અનેક પ્રજાઓની મુક્તિ માટે તારી પાસે આ માગું છું. રાજતંત્રોએ અનેક અભાગી નારીઓને યાતના આપી છે. તેમાંથી જો સમસ્ત નારીમંડળનો ઉદ્ધાર કરવા માટે તું આગળ નહિ આવે, તો બીજું કોણ આવશે ? તું વૈશાલીને આજે ઉગારી લે. આમ્રપાલી ! તું એક વખત ભવિષ્યની વૈશાલીની મહા નારીનું પદ મેળવશે.' સિંહ પોતાના શબ્દોની અસર જોવા થોભ્યો. ફરી એણે કહ્યું :

'તેં કાલે શું કહ્યું હતું ? ધનુર્ધર મહાલીને શું પૃથ્વીની હવા અને પંખીનાં ગાન, અને સૂરજનો પ્રકાશ, અને પુષ્પોની વાતો, અને જળતરંગોની સ્વરલીલા, ધનુર્ધર મહાલીને શું એ ગમતું નહિ હોય ? પણ ના, વૈશાલીની ચારે તરફ દુશ્મનો છે. તેમાંનો કોઈ પણ જાણી જાય કે વૈશાલીનો મહાલી હવે મહાલી રહ્યો નથી, તો એના ભયંકર આઘાત પ્રત્યાઘાત ઊપડે. એટલા માટે એણે પોતે સામે પગલે ચાલીને કેવળ અંધકારવાસ સ્વીકારી લીધો ! મહાલી ક્યાં છે એ હવે કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ જાણે. અને તેથી જ એ અચાનક નીકળી આવશે, એ ભય બધા પાડોશી રાજતંત્રો સેવી રહેશે!' સિંહે જોયું કે એના શબ્દો ધારી અસર કરી રહ્યા હતા. એણે આગળ કહ્યું:

'મહાલીના આ ભવ્ય સ્વાર્પણનો જ્યારે પણ હું વિચાર કરું છું ત્યારે લાગે છે કે વૈશાલી મહાન હશે, મહાલી ધનુર્ધર તો મહાનોમાં પણ મહાન છે! અને તે પાંચસો લિચ્છવી જુવાનોને તૈયાર કરવાનો છે. ભલે પોતે અપંગ બન્યો, પણ પોતાની વિદ્યાનો વારસો તો વૈશાલીને મળતો જ રહેવો જોઈએ. અને એ અપંગ પણ કેમ કરતાં થયો?.. એ વાત..'

આમ્રપાલીએ સહેજ હાથ ઊંચો કર્યો. એના મોં ઉપર મહાલીના સંસ્મરણથી વિષાદની છાયા પથરાઈ ગઈ હતી. તેણે શોકભેરા અવાજે કહ્યું: 'ભન્તે નાયક! વૈશાલીના ઉદ્ધાર માટે, પ્રજાઓમાં ગણતંત્રની ભાવનાને ફેલાવવા માટે, શું અમૂલ્ય એવું નારીનું નારીત્વ જ ખપનું છે? બીજો કોઈ માર્ગ જ નથી?'

'મહાન બનનારનું સ્વાર્પણ આમ્રપાલી! મહાન હોય છે. કોઈ બીજો માર્ગ મને દેખાતો નથી!'

'વૈશાલીને મારો પ્રાણ આપું તો?...' આમ્રપાલી અત્યંત દુઃખથી બોલી.

'તો તો ભયંકરતા વધી પડશે અમ્બપાલી! જબરજસ્ત આંતર-વિગ્રહ જાગશે. મહાનમતને ઘા પડશે. એને લાગશે પુત્રીનો ભોગ અપાયો. એના પક્ષનાં તમામ ગણતંત્રને ધિક્કારતાં થઈ જશે. વૈશાલી તો તારું સ્ત્રીત્વ માગે છે, પાલી! પ્રજાઓના ઉદ્ધાર માટે તારા મૃત શરીરનો નહિ, જીવતા શરીરનો ખપ પડયો છે. હું વૈશાલી ગણતંત્રનો સિંહ સેનાપતિ—હજારો નારીઓ વતી, સેંકડો જનસંખ્યા વતી, આ ભોગ માગું છું!'

'ભન્તે નાયક! મારો જ આ માટે ખપ પડયો છે?' આમ્ર-પાલીના અંતઃકરણમાં હવે તો એક છેલ્લો ભયંકર ઘા થઈ રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તજવાની આ છેલ્લી પળે પોતે શું તજતી હતી, તેનો હવે ખરેખરો ખ્યાલ આવી રહ્યો હતો. પોતે ગમે તેટલું મહાન સ્વાર્પણ કરે, પણ જનસમાજની દૃષ્ટિએ એ આમ્રપાલી રહેતી ન હતી, જે અદ્‌ભુત આમ્રપાલી એ હતી, એ આમ્રપાલી જ આળસી જતી હતી! ઈશ્વરે એને અદ્‌ભુત સ્ત્રીત્વ આપ્યું હતું. આજે એ એને છોડીને હમેશને માટે જતુ રહેતું હતું!

તે અત્યંત દુઃખથી શોકઘેરા અવાજે બોલી: 'નાયક! મને ઈશ્વરે સ્ત્રી બનાવી છે. અને સ્ત્રી મટાડવી એ એક એના જ હાથમાં છે. હું સૌથી પહેલી અને છેલ્લી સ્ત્રી છું. બીજું બધું એની પછવાડે છે. હું સ્ત્રી; નાયક! હું સ્ત્રીત્વ નહિ છોડું!'

સિંહનાયક ખિન્ન થઈ ગયો: 'થયું ત્યારે આમ્રપાલી! આ વૈશાલી-નગરી હવે ગણતરીના દિવસોની અતિથિ બની રહે છે. જે વૈસાલી અત્યારે તક્ષશિલા, રાજગૃહ, શ્રાવસ્તી, અવંતી, કાશી, ચંપા, બધાને ટક્કર મારે તેવી છે, તે થોડા વખતમાં હતી ન હતી થઈ જશે. તારું સ્ત્રીત્વ અમર રહો આમ્રપાલી! હું જાઉં છું....' તે જવા માટે બેઠો થયો.

આમ્રપાલીના હૃદય સોંસરવો એક ઘા થઈ રહ્યો હતો. પોતે જ વૈશાલીના વિનાશનું કારણ બની રહી હતી. તે દુઃખિત હૃદયે બોલી ઊઠી: 'હાય રે! વૈશાલી! તું લઈ લઈને મારું સ્ત્રીત્વ લેશે? પછી મારી પાસે શું રહેશે?'

'લોકકલ્યાણ માટે સ્વાપર્ણ કરેલો દેહ, આમ્રપાલી! એ દેહ તો મહાન આત્માનું મંદિર બની જાય છે. આત્મા શરીરમાં નથી રહેતો. વિચારમાં રહે છે. ભાવનામાં રહે છે!'

આમ્રપાલી એક ઘડીભર શાંત થઈ ગઈ. થોડીવાર પછી તે દૃઢ દુઃખભર્યાં, શોકઘેરા અવાજે બોલી ઊઠી: 'નાયક! આ બધો તર્કવાદ ભયંકર છે. પણ વૈશાલી માટે થઈને હું મારું યૌવન, યશ, જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધું જ સમર્પણ કરું છું. આવતી કાલથી હું પુષ્પવિહારમાં રહેવા જઈશ જાઓ, પણ નાયક ! લિચ્છવીઓ વિલાસી બન્યા છે માટે તેમનો નાશ નજીક છે! આવતી કાલથી હું આમ્રપાલી, મહાનમનની પુત્રી, નીલપદ્મભુવનની અધિષ્ઠાત્રી, મારી અદ્ભુત વીણાના સપ્તતારની વાણી, કાલથી હું હવે વારાંગના અમ્બપાલી બની જાઉં છું. હવે મારી અદ્ભુત વીણાના સ્વરો દ્વારા જ જીવન સૌરભની ઝાંખી કરતી રહી ! ભન્તે નાયક ! આવતી કાલથી જ હું પુષ્પવિહારમાં રહેવા જાઉં છું . . . આજ આ છેલ્લો દિવસ છે. . . આવતી કાલથી . . . નગરઘોષ કરાવો . . . હું પુષ્પવિહારમાં હોઈશ . . .'

એટલું બોલતામાં એનો કંઠ રૂંધાઈ જતો લાગ્યો. તે વીજળીની ઝડપથી બેઠી થઈને અંદર દોડી ગઈ. અંદરના ખંડમાં જતાં જ એના દાબેલા રુદનનો અવાજ સિંહનાયકને કાને આવ્યો.

સિંહે જવા માટે પગ ઉપાડયો હતો તે ખંચાયો: 'દેવી ! વૈશાલી તો પ્રસન્નચિત્તે આપેલો ભોગ લે છે. આમ્રપાલી ! હું પોતે તને બંધનમુકત કરું છું. જા, હું નગરીના જનસંઘને કેસ વાળવો તે જોઈશ. આવો ભોગ વૈશાલીને ખપતો નથી. ન ખપે. એનું મહાન નગરીનું બિરુદ જોખમાય ! આંસુ સાથે આપેલો ભોગ વૈશાલીને ન ખપે અમ્બપાલી !'

'આંસુ ?' અમ્બપાલી એકદમ બારણામાં બહાર આવી. તેનો ચહેરો કડક અને ઉગ્ર હતો.

'આંસુ કયાં છે નાયક ?' તે સીધી ટટ્ટાર ઉન્નત બની ગઈ: 'આંસુ તો નાયક ! હવે શરીરમાં કયાંયે નથી, આત્મામાં છે. અને તે તો વહાલી વૈશાલી માટે હમેશાં ખરશે ! આવી નગરી . . અને આવી ?'

સિંહનો જવાબ સાંભળવા માટે ઊભી ન રહેતાં તે તરત જ અંદરના ખંડમાં દોડી ગઈ.

ચંદનના સુગંધી તેલથી મહેકતી સોનાની દીવીઓ પાસે થઈને નાયક ધીમે ભારે પગલે બહાર ચાલ્યો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯. વર્ષકારને પત્તો લાગે છે

વર્ષકાર મહાઅમાત્ય જે હેતુ માટે વૈશાલીમાં આવ્યો હતો તે હેતુ હવે પાર પડે તેમ ન હતો. આમ્રપાલી જનપદકલ્યાણી બને એ પ્રશ્ન ઉપર વૈશાલી વિભક્ત થતું બચી ગયું હતું. સિંહ નાયકની સમાધાન લાવવાની શક્તિનો એક વધુ પરિચય વર્ષકારને મળી ગયો. વૈશાલીના લિચ્છવીઓ બંધુલમલ્લના આહ્‌વાનને ઉપાડી લેવા વધારે સંગઠિત બનીને તૈયાર થઈ રહ્યા હતા. મંગલ અભિષેક પુષ્કરિણી એક પળ પણ રેઢી ન રહે એવો પ્રબંધ થઈ ગયો હતો. એક એક સહસ્ર લિચ્છવીઓની જાગ્રત ચોકી ચોવીસે ઘટિકા ત્યાં હાજર રહેતી હતી.

પણ વર્ષકારને નવાઈ એક વાતની જણાતી હતી. મહાધનુર્ધર મહાલી આ બધામાં ક્યાં હતો ? પોતાના સહપાઠી બંધુલમલ્લને મળીને ઘર્ષણ ટાળવા માટે શ્રાવસ્તી નગરીમાં ગયો હતો ? કે પછી અદૃશ્ય રહીને, છેવટની ઘડીએ પ્રગટ થઈ, બંધુલમલ્લ ઉપર મરણતોલ ઘા મારવાની કોઈ યોજના એ ઘડી રહ્યો હતો ? કે શું હતું ?

એણે એને છેલ્લે છેલ્લે સંથાગારમાં જોયો, ત્યાર પછી એ બિલકુલ દેખાયો ન હતો.

તેમ જ લિચ્છવીઓમાં પણ એની કોઈ વાત થતી ન હતી. આ ભેદી મૌનમાં શું રહ્યું છે એ જાણવું વર્ષકાર માટે મુશ્કેલ થઈ પડયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું. એ જાણ્યા વિના જવું એ કામને અપૂર્ણ રાખવા જેવું હતું.

કારણ કે શ્રાવસ્તીનો પ્રસેનજિત એ મગધનો વ્યવહારપક્ષે ઘણો નિકટનો સંબંધી હતો. એ ખરું, યુવરાજ રાજકુમાર અજાતશત્રુનો એ સગો મામો હતો, છતાં રાજદ્વારી સંબંધ પરત્વે એ કઈ બાજુ ઢળવાનું કરે એ કહી શકાય તેમ ન હતું. એ લિચ્છવીઓનો પ્રશંસક તો હતો જ.

શ્રમણ ગૌતમબુદ્ધના અસંખ્ય અનુયાયીઓ શ્રાવસ્તીમાં હતા. અને ધીમે ધીમે રાજા પ્રસેનજીતનું વલણ પણ ગણતંત્ર જેવુ રાજ-સ્થાપન કરવાનું થઈ જાય એ તદ્દન સ્વાભાવિક હતું. એને રાજકુમાર વિડ્ડુભમાં બહુ વિશ્વાસ ન હતો. તો બીજી બાજુ અજાતશત્રુના ઉચ્છૃંખલ અને સ્વતંત્ર સ્વભાવે એને મગધ પ્રત્યે કાંઈક ઉદાસીન પણ બનાવ્યો હતો.

આ સ્થિતિમાં લિચ્છવી મગધ લડે, તો પ્રસેનજીતનું સ્થાન એમાં ઘણું મહત્ત્વનું હતું. એ જે બાજુ ઢળે તે બાજુ છેવટે જીતી જાય એમ પણ બને.

આ બધી બાબતનો વિચાર કરતાં વર્ષકારને લાગ્યું કે બંધુલ-મલ્લનું આક્રમણ ઘણું જ મહત્ત્વનું થવાનું. એટલે મહાલી, બંધુલમલ્લ તરફ ઊપડી ગયો હોય તો નવાઈ નહિ.

આ પ્રમાણે મહાલીનો કોયડો ગૂંચવાયેલો હતો. એનો કાંઈક ઉકેલ 'સપ્તભૂમિપ્રાસાદ'માં મળી રહે તો મળી રહે, એમ ધારીને વર્ષકારે એક વખત સપ્તભમિપ્રાસાદને નિહાળવાનો નિશ્ચય કર્યો. વૈશાલી છોડતાં પહેલાં આ અદ્દ્ભુત સપ્તભમિપ્રાસાદને નિહાળી લેવાની તેને જરૂરિયાત જણાઈ. લિચ્છવીગણે ભવિષ્યમાં કેવાં પગલાં હવે લેવાં એ વિષે જે કાંઈ નિર્ણય સિંહનાયક અને ગોપાલ બન્નેએ કર્યો હશે, તેનો પણ કાંઈક ધ્વનિ, આ સપ્તભૂમિપ્રાસાદમાંથી મળ્યા વિના નહિ રહે.

આખા જમ્બુદ્વીપમાં આ પ્રાસાદ જેવો કોઈ પ્રાસાદ ન હતો. એના સપ્તમહાલયોને જ્યારે દીપશોભાથી અલંકૃત કરવામાં આવતા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે જોજનો ફરતી મેદની એ શોભા જોવામાં તલ્લીન બની જતી. આસપાસની સેંકડો પુષ્કરિણીઓમાં માણસોથી ભરેલી નૌકાઓ સ્થિર થઈ જતી. એનું સૌંદર્ય અદ્ભુત હતું. એની અંદર એવી એવી રચનાઓ હતી કે જે જોવામાં માણસ અરધી જિંદગી કાઢી નાખે તો પણ એ પૂરી જોઈ ન શકે! કહેવાતું હતું કે વૈશાલીના સીમાપ્રાન્તથી આવેલો ચાર અશ્વોનો રથ સીધો ત્યાં આવીને ઊભો રહે, એવો એક મહાન ભૂગર્ભપંથ પણ ત્યાં હતો! સ્ફટિકની અને આરસની અને પથ્થરની, રત્નોની, શંખની, માટીની, વનસ્પતિ વૃક્ષોની, પુષ્પોની, અરે! જલની, એટલી બધી વિવિધ રંગી જાતો ત્યાં ઠેરે ઠેર પથરાયેલી હતી કે એક વખત સપ્ત-ભૂમિપ્રાસાદમાં પ્રવેશ કરેલો માણસ, પોતે શા માટે આંહીં આવ્યો હતો એ મૂળ વાત જ ભૂલી જતો એમ પણ બનતું! બહાર નીકળીને વૈશાલીની પણ્યવીથિકાઓમાં એ પાછો ફરે ત્યારે તો એની સ્મૃતિ પાછી ફરે, કે એ સપ્તભૂમિપ્રાસાદમાં ગયો હતો: ને એનું કામ તો અધૂરું રહી ગયું!

આ સપ્તભૂમિપ્રાસાદ હવે તો આમ્રપાલીનું નિવાસ સ્થાન બની જતાં ત્યાંની રમણીયતા અનેક ગણી વધેલી હોવી જોઈએ.

વર્ષકાર મહાઅમાત્ય ત્યાં જવા માટે તૈયાર થયો. તેણે શ્રેષ્ઠીનો સ્વાંગ બરાબર સજ્યો. કંઠમાં એક મૌક્તિકમાળા નાખી. કાનના કુંડલમાં એક એવો હીરક લટકતો હતો કે માણસ હીરા રત્ન માણેકમાં પડયો રહેતો હોય તો પણ, આ હીરકનું તેજ નીરખતાં એના તરફ આકર્ષાયા વિના ન રહે. એક મુદ્રા ધારણ કરી. એમાં દુનિયાને લોભાવનારું કાળું મૌક્તિક હતું! એ શ્યામરંગ આ પૃથ્વી ઉપર કોઈ ઠેકાણે કોઈએ જોયો ન હતો. આ મૌક્તિકને જોનાર એના ઉપરથી નજર ઉઠાવી ન શકે એવી અજબ મોહિની એ એક મૌક્તિકમાં હતી. કેટલાંક અલભ્ય રત્નો પણ એણે સાથે રાખ્યાં.

વર્ષકાર મહાઅમાત્ય સપ્તભૂમિપ્રાસાદ તરફ ગયો. તે દિવસે વૈશાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નગરી પણ ઘેલી બની હતી. ‘ સબ્બ રતિ મહોત્સવ ’માં નાનાંમોટાં, આબાલવૃદ્ધ, ગરીબશ્રીમંત, બધાં જ એક હોય તેમ ભળી ગયાં હતાં. ઠેર ઠેર નૃત્યો થતાં હતાં. વાજિંત્રો વાગતાં હતાં. તંતુવાદ્યોની રમઝટ બોલતી હતી. હવાની લેરખીએ લેરખીમાંથી સંગીતની મનોહર સ્વરાવલિ ખડી થઈ રહી હતી. આનંદ, વિનોદ, પ્રમોદ, ઉત્સાહ, ઉલ્લાસ, એમણે અનેક રૂપો ધાર્યાં હતાં. લોકસમૂહ ઘેલો બન્યો હતો. અસંખ્ય માનવીઓના મહામેળામાંથી પોતાનો રસ્તો કાઢતો, મગધનો મહા-અમાત્ય વર્ષકાર, સપ્તભૂમિપ્રાસાદના આગળના અર્ધગોળ મહાન ભ્રમિ-પટને વીંધીને, પ્રાસાદના મુખ્યદ્વાર પાસે આવીને ઊભો રહ્યો. દ્વાર ઉપર સોનેરી દીપિકાઓમાં અત્તર મહેકતા દીપો પ્રગટી ચૂક્યા હતા.

નજરે થંભી જાય એવા મહાન સ્તમ્ભો ઉપર એણે દૃષ્ટિ કરી. મૂળથી ટોચ સુધી અદ્ભુત કારીગરી ભરેલા એ સ્તમ્ભોએ એની નજરને જ પકડી રાખી. છેક ટોચે ત્યાં સાચ્ચાં મૌક્તિકોનું તોરણ લટકતું હતું. વર્ષકાર આ સમૃદ્ધિ જોઈને છક્ક થઈ ગયો. પણ એ હજી એક પગલું આગળ વધે તે પહેલાં નતમસ્તકે ત્યાં ઊભેલી બન્ને દ્વારપાલિકાઓ ઉપર એની દૃષ્ટિ પડી.

એણે ધીમેથી કહ્યું: ‘ જનપદકલ્યાણીને મળવા આવ્યો છું. તામ્ર-લિપ્તિથી આવું છું. ત્યાંના રત્નશ્રેષ્ઠી આવેલ છે એમ ખબર આપો ! ’

દ્વારપાલિકા નમીને જરાક જ પાછી સરી. તેણે ત્યાં લટકાવેલી કાંસ્યઘંટા ઉપર રજતદંડનો એક પ્રહાર કર્યો.

વાતાવરણને રૂપેરી રણકાથી ભરી દેતા પડઘો મહાલયમાં જાણે રમવા જતો હોય તેમ અનેક ઘોષ પ્રતિઘોષ કરતો ધીમે ધીમે શમી ગયો.

પણ એ શમ્યો ન શમ્યો ને બે દાસ દેખાયા. શ્રેષ્ઠીને અંદર આવવા દેવા માટે સહેજ માથું નમાવીને તેમણે હાથનિર્દેશથી મહા-લયમાં જતી એક નાની હરિયાળી પગદંડી બતાવી.

વર્ષકાર આગળ વધ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સુંદર કમળવન ભરપૂર પુષ્કરિણી વચ્ચેથી પગદંડીનો સુંદર માર્ગ આગળ વધતો હતો.

વર્ષકાર એ શોભા નિહાળતો આગળ વધ્યો. સામેની એક વિશાળ અટ્ટાલિકા પાસે એ પગદંડી પૂરી થતી હતી. વર્ષકાર ત્યાં ઊભો કે તરત જ સુગંધીજલ ભરેલા એ તામ્રકુંભ લઈને ત્યાં ઊભેલી બે દાસીઓ એની નજરે પડી. એની બહુમૂલ્ય રત્નસંડિત મોજડીઓને એક બાજુ રાખીને પાદ પ્રક્ષાલન થયું. તરત જ બીજા રૂપેરી કુંભોમાં સુગંધી દ્રવ્યમિશ્રિત જલ લઈને બીજી બે દાસીઓ ઊભી રહી ગઈ હતી.

મહાનસાં મહાન સમ્રાટ્‌ને ત્યાં પણ ન મળે એવું આ સ્વાગત નિહાળતાં વર્ષકાર મહાઅમાત્ય આ સપ્તભૂમિપ્રાસાદના વૈભવની કલ્પના કરતાં ચકિત થઈ ગયો. એ જરાક આગળ વધ્યો. એક અદ્‌ભુત રૂપવતી રમણી, ત્યાં પ્રથમ સોપાન ઉપર જ, જાણે કોઈ પ્રતિમા ઊભી હોય તેમ ઊભી રહી ગયેલી એની દૃષ્ટિએ પડી. એના એક હાથમાં સોનેરી કુંભ હતો. બીજા હાથમાં રત્નમાણિક્ય જડિત જલપાત્ર હતું. જલપાત્રમાં એણે એવો તો આસવ રેડયો હતો કે આસપાસની હવામાંથી સુગંધી માદકતા ઊભી થતી હતી. માણસ આ મોહક વાતાવરણમાં પોતાની જાતને ભૂલી જાય એવી ખુશનુમા હવા આવી રહી હતી. કમળ-પત્ર જેવો દાસીનો હાથ આસવ ધરીને સહેજ જ લંબાયલો હતો.

વર્ષકાર મહાઅમાત્યે બે હાથ જોડીને માથું નમાવ્યું. આસવને સ્પર્શ કર્યા વિના જ એ આગળ વધ્યો.

પણ ઉપરિતલ ઉપર દોરી જનારી સોપાનપરંપરા નિહાળીને એ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. સોપાને સોપાને પ્રગટેલી સુવર્ણ-દીપિકાના પ્રકાશમાં આખી સોપાનશ્રેણી જાણે સોનેરી જલમાં નાહી રહી હતી! વર્ષકારને દરેકે દરેક સોપાન ઉપર પગ મૂકતાં ભ્રમ થતો હતો કે પોતે કયાંક કોઈ જલખંડમાં નીચે ઊતરી પડશે! એવી સુંદર સ્ફટિક સમી પારદર્શક સોપાન રચના ત્યાં હતી કે પ્રકાશના પરાવર્ત્તન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થી પોતે કોઈ મહાન જલશ્રેણીનાં સોનેરી સોપાન ચડી રહ્યો છે, એવું વર્ષકારને પળે પળે લાગતું હતું. અને એ પળે પળે થોભી જતો આગળ વધતો હતો !

દીપિકાઓની વિવિધ પ્રકાશરચના જોતાં આગળ વધવું કે હવે પાછળ જવું એવા ભ્રમમાં એ પડી ગયો. એક સ્થળે સુવર્ણપ્રતિમાના હસ્તમાં બેસારેલા શંખમાં દીપ પ્રગટ્યો હતો. બીજે સ્થળે એક કમળ-પત્રમાં સોનેરી દીપ પ્રગટ્યો હતો. એક સ્થળે રાજહંસના કંઠમાંથી સોનેરી દીપિકા નીચે લટકતી હતી. અને રહી રહીને થતા એના મીઠા કલરવથી વાતાવરણમાં કૈલાસની શોભા પ્રગટતી હતી !

વર્ષકાર મહાઅમાત્યને એક પળભર તો થઈ ગયું કે આ મહા-લયની રચના કેવળ એક મહાન ભ્રમણા હોવી જોઈએ ! આમાં કાંઈ જ સત્ય ન હોય ! એ ગમે તેમ જ પણ, નગરીમાં આવો મહાલય હતો, તે નગરીના વૈભવની કલ્પનાતીત સમૃદ્ધિ વિષે જ્યારે એને ખ્યાલ આવ્યો ત્યારે એક પળભર એ ઉદ્વિગ્ન થઈ ગયો. આ નગરી સામે પોતે જે શસ્ત્રોને આધારે યુદ્ધ કરવાની આકાંક્ષા રાખતો હતો તે, શસ્ત્રોને ક્યાંયનાં ક્યાંય ફેંકી દે એવાં શસ્ત્રો, આ નગરીમાં અત્યારે જ હોવાં જોઈએ.

તે સચિંત મને આગળ વધ્યો. એમ ને એમ એ ઉપરિતલ ઉપર આવ્યો, તો ત્યાં આગળ જવાનો નિર્દેશ કરતી બે દાસીઓ ઊભી હતી.

વર્ષકાર મહાઅમાત્યે જરાક થોભીને ચારે તરફ દૃષ્ટિ ફેરવી તો ચારે તરફના ખંડે ખંડમાં ચિત્રકારો બેસીને અનેક ભીંતિચિત્રોની કૃતિઓ કરતા એની દૃષ્ટિએ પડયા. એણે જરાક જ ત્યાં જોયું અને એ ચમકી ગયો. બરાબર સામેના ખંડમાં જ રાજા બિંબિસારની માનવ-માપ ચિત્રાકૃતિ ભીંત ઉપર ઊભી હતી. એની પાસે જ રાજા પ્રસેન-જીત હતો. બીજી તરફ વત્સરાજ, હાથમાં વીણા લઈને ઊભો રહી ગયો હતો !

વર્ષકારને નવાઈ લાગી. ચારે તરફના ખંડોમાં અનેક ભીંતિચિત્રો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં હોય તેવું તેને લાગ્યું. વધારે બારીકીથી નિહાળવાનો સમય ન હતો. તેણે એક અછડતી દૃષ્ટિ ત્યાં નાખી. ભારતવર્ષના સંખ્યાબંધ મહાઅમાત્યો, શ્રેષ્ઠીઓ, રત્નવ્યાપારીઓ, સાર્થવાહો, સેનાપતિઓ, ધનુર્ધરો એમનો જાણે એક મહાન મેળો ભરાયો હોય તેમ ઠેકાણે ઠેકાણે ભીંતો ઉપર ચિત્રો ઊભાં રહી ગયાં હતાં! અને હજી ત્યાં કામ ચાલતું હતું.

વર્ષકાર આ જોતાં જ ભડકી ગયો. પોતે પણ આમાં હોવો જોઈએ. અને તો તો એક પળના છઠ્ઠા ભાગમાં જ એની સાચી ઓળખ થઈ જવાની!

હવે પાછા તો ફરાય તેમ ન હતું. એને એક જ વાતથી જરા આશા જેવું લાગ્યું. હજી આ ભીંતચિત્રો થઈ રહ્યાં હતાં. કદાચ આમ્ર-પાલીના આવ્યા પછી જ આ વાતની શરૂઆત થયેલી હોવી જોઈએ. અને તો પોતે વખતે ઝડપાયો ન હોય—એમ પણ બને.

એ ગમે તેમ હોય, પણ હવે આગળ વધ્યા વિના છૂટકો જ ન હતો. આગળની સોપાન પરંપરા તરફ એને દોરી જતી એક રૂપરમણી એને નિહાળતી ત્યાં ઊભેલી જણાઈ. તે તરત આગળ વધ્યો.

આગળના બીજા ઉપરિતલ ઉપર પહોંચતાં તેના કાન ઉપર ચારે તરફથી આવી રહેલી મધુર સ્વરાવલિઓ સંભળાઈ! દૃષ્ટિ કરે છે તો ચારે તરફના ખંડોમાં સંગીતકારોના તંતુવાદ્યો બોલી રહ્યાં હતાં! અને એક જગ્યાએથી ગજબની મનમોહન મધુર સ્વર આપતી વીણા સંભળાતી હતી! રાજા ઉદયનની વીણાની અજબ મીઠાશ વિષે વર્ષકારે સાંભળ્યું હતું. પણ આંહીં સંભળાઈ રહેલી વીણા તો એણે મહાનમનના આમ્ર-કાનનમાં સાંભળી હતી તે જ મધુરપ ધારતી બોલી રહી હતી.

એને મનમાં એક વાત ઊગી નીકળી. આમ્રપાલી ભારતભરના તમામ નૃપતિઓને આંહીં એકી સાથે ઊભા રાખવા માટે આ કરી રહી ન હોય? આ વીણાવાદન એ પ્રકારનું છે. રાજા ઉદયન સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પર્ધામાં ઊતરે તેવું.

સિંહનાયક અત્યંત કાબેલ પુરુષ હતો, એ આ સપ્તભૂમિપ્રાસાદમાં આમ્રપાલીનો એવો કોઈ ઉપયોગ સાધી લે કે મગધ એકલું પડીને પોતાનો વિનાશ પોતે જ નોતરે! એમ પણ બને.

મગધનોઅમાત્ય હજી આગળ વધ્યો. પેલી રૂપરમણી દાસી એને દોરી રહી હતી. ત્રીજે ઉપરિતલે એ પહોંચ્યો, તો ત્યાં શિલ્પાકૃતિઓ તૈયાર થતી હોય તેમ લાગ્યું. વર્ષકાર સમજી ગયો કે આમ્રપાલીનું આ તો એક અદ્‌ભુત સ્વપ્નસમું સંસ્કારધામ સ્થપાયું છે. આખી વૈશાલીનગરીનું આ પ્રેરણાભવન થઈ જશે. એને તે વખતે જ લાગ્યું કે વૈશાલીનગરીનું અદ્‌ભુત સંગઠન પણ આંહીંથી જ ઘડાશે. અત્યાર સુધી એને મહાધનુર્ધર માહાલી વિષેની ચિંતા હતી. સિંહનાયક વિષેની ચિંતા હતી. વૈશાલી નગરીના અદ્‌ભુત સંગઠન વિષેની ચિંતા હતી. પણ આ વૈશાલીની પ્રેરણામૂર્તિ સમાન આમ્રપાલીનું ભવન જોયા પછી, એક નવી ચિંતા પ્રગટી. આમ્રપાલી જ લિચ્છવીઓની પ્રેરણા બની રહેશે. આમ્રપાલી જ મહાસંગઠનનો દોર હશે. આમ્રપાલી જ પરાક્રમની હવા પ્રગટાવશે. આમ્રપાલી જ અનેક લિચ્છવી વિરોધી રાજતંત્રોને શાંત કરી દેશે. મગધ એકલું પડશે. લિચ્છવીઓને હાથે મગધ માર ખાશે.

વર્ષકાર મહાઅમાત્ય આ બધી વાતનો વિચાર કરી રહ્યો હતો. ત્યાં પંચમ ઉપરિતલનો એક અદ્‌ભુત ખંડ એની દૃષ્ટિએ પડયો.

આખો ખંડ પ્રકાશના પરાવર્તનમાં જાણે નાહી રહ્યો હતો. તેની ભીંતોમાં જડેલાં રત્નોની પ્રભા એવી એક સુંદર તેજછાયાની વેલ પ્રગટાવતી હતી કે આખો ખંડ જાણે કોઈ સ્વર્ગીય વેલના પર્ણોમાં ઢંકાઈ ગયેલો દેખાતો હતો! અને તેમાં ઠેર ઠેર રત્નપ્રભાના જ સુભગમિલનથી પુષ્પો ખીલ્યાં હોય તેવો દેખાવ નજરે પડતો હતો! આંહીં નવી નવાઈની વાત તો એ હતી કે સુવર્ણદીપિકામાં કેવળ રત્નોનાં જૂથ પડયાં હતાં. અને તેનું સ્થિર, શાંત, અદ્‌ભુત તેજ આખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડને પ્રકાશ આપી રહ્યું હતું.

ત્યાં રત્નજડિત સુવર્ણના હિંડોળા ઉપર એક અદ્ભુત રમણીને બેઠેલી એણે જોઈ. વર્ષકાર સમજી ગયો. તે સચેત થઈ ગયો. આમ્રપાલી આંહીં જ હતી. તે શ્રેષ્ઠીને આવતો જોઈને તરત બેઠી થઈ ગઈ. તેના હાથમાં એક સુંદર મૌક્તિકનું બનાવેલું કમળ હતું. તેમાં સુગંધી તાંબુલ હતું. તે સહેજ શીર્ષ નમાવી અભિવાદન કરીને આગળ વધી.

પેલી દાસીએ બે હાથ જોડીને તેને કહ્યું: 'તામ્રલિપ્તિના રત્નશ્રેષ્ઠી!'

વર્ષકાર આગળ વધ્યો. તામ્રલિપ્તિનો જે રત્નશ્રેષ્ઠી પોતાને મળવા આવવાનો હતો તે આ છે, એમ આમ્રપાલી સમજી ગઈ.

તેણે રત્નવ્યાપારી તરફ એક દૃષ્ટિ કરી. નેત્રસંજ્ઞાથીજ પાસેનો એક સુંદર ચંદનનો બાજોઠ તેણે બતાવ્યો. વર્ષકાર તેના ઉપર બેસી ગયો.

'શ્રેષ્ઠીજી! ક્યાંથી તામ્રલિપ્તિથી આવો છો?'

'હા, હું તામ્રલિપ્તિનો છું!'

'આમ ક્યાં જશો?'

વર્ષકારને હવે જવાબ દેવાની હિમ્મત આવી. પોતાને કોઈ કળી શક્યું નથી, એ જાણીને એને પોતાનો વેષ બરાબર જાળવવાનો નિશ્ચય કરી લીધો.

'આમ હું જાઉં છું, શ્રાવસ્તી નગરી!'

'ત્યાં?'

'ત્યાં મૃગધર મહામંત્રીની કુલવધૂ વિશાખાના પ્રસાધનમાં એક રત્ન આપવાનું છે. એવું રત્ન તામ્રલિપ્તિ સિવાય બીજે ક્યાંય મળે તેમ નથી. એટલે એનો સંદેશવાહક આવ્યો હતો!'

'એવું કેવું રત્ન છે શ્રેષ્ઠીજી? છે આંહીં? તમારી સાથે છે?'

વર્ષકાર મહાઅમાત્યે કેડ ઉપર હાથ મૂકીને એક રત્ન કાઢ્યું. આમ્રપાલીએ કોઈ અદ્ભુત ચીજ જોવાની આશા રાખી હતી. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રત્નને જોતાં જ એ કાંઈક શંકામાં પડી ગઈ.

વર્ષકાર સમજી ગયો. પોતાના વિષે જ આમ્રપાલીને શંકા પડી હોય તેમ જણાતું હતું. તેણે ધીમેથી કહ્યું: 'દેવી! આ રત્નની કિમ્મત એમ જોવાથી ખબર પડે તેમ નથી. એને તમે તમારા લલાટ-બિંદુને સ્થાને મૂકી જુઓ. એનું સ્થાન ત્યાં છે!'

આમ્રપાલીએ રત્નને હાથમાં લીધું.

'રત્ન રત્નમાં ફેર છે દેવી!' વર્ષકાર બોલ્યો: 'આ રત્ન તમે કુંકુમ સેંથીની વચ્ચે મૂકી જુઓ! અને પછી એની શોભા નિહાળો!'

આમ્રપાલીએ રત્નને પોતાના લલાટબિંદુ ઉપર ગોઠવ્યું. સામે, રેતીથી ઘસીઘસીને સ્ફાટિક નિર્મળ બનાવેલી તેજસ્વી આરસભીંત ઉપર એણે દૃષ્ટિ કરી. જેમ રજતના દર્પણમાં માનવનું હુબહૂ પ્રતિબિંબ પ્રગટે તેમ આ સ્ફાટિકનિર્મલ આરસભીંતમાં આમ્રપાલીનું રેખા–શુદ્ધ પ્રતિબિંબ દેખાયું!

પણ એ પ્રતિબિંબ જોતાં જ એના આશ્ચર્યનો પાર રહ્યો નહિ!

એણે એવાં રત્નો વિષે સાંભળ્યું હતું કે જે શરીર ઉપર મૂકતાં પારદર્શક લાલ રંગ શરીરમાં જાણે પ્રવેશી જાય, અને એક અદ્ભુત શોભા પ્રગટાવે. આવાં પારદર્શક પોખરાજ ભૃગુતીર્થમાં અને નર્મદા નદીની ખીણમાં થતાં એવી વાત એને કાને આવી હતી.* પણ આ રત્ન કોઈ જુદી જ જાતનું હતું. એણે એ સેંથીમાં મૂકયું અને એણે પહેરેલાં તમામ મૂલ્યવાન હીરામાણેક મોતી, આ એક રત્નની પાસે, જાણે એક ખોટા શંખ જેટલી કિમ્મતનાં બની ગયાં!

પણ ખરી વિશેષતા જૂદી જ હતી. એ એક જ રત્ન ત્યાં આવતાં આમ્રપાલીના આખા દેહની શોભા, અવર્ણનીય રંગછટાઓ ધારણ કરી રહી હતી! જાણે એ પોતે કોઈ તેજસમુદ્રમાં પ્રવેશી હોય, તેમ એના આખા દેહમાં અનેક રંગોની તેજછાયા આવી ગઈ હતી. ઘેલછા લગાડે

* પ્લીની 'પેરીપ્લસ ઓફ ધ રેડ સી'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવા આછા જાંબુડિયા રંગમાં નહાતી કોઈ સ્વર્ગીય સુંદરી હોય, એવી એ બની ગઈ! પોતાના ઉપર પોતે મોહી પડે એવી અદ્ભુત મોહિની ત્યાં પ્રગટી હતી! આ દૃશ્યને એ જોઈ જ રહી!

'આ રત્ન અસલ ક્ષીરસ્ફટિક છે દેવી! એ ભાગ્યે જ મળે છે! નીલમણિ, જેને લોક શકુનદા કહે છે, તેનાથી પણ શુભ શકુન આપવામાં આ વધે! નીલમણિના સુંદર જાંબુડિયા રંગની તેજગુંથણી પણ આની પાસે પાણી ભરે!'

'આનું શું મૂલ્યાંકન છે શ્રેષ્ઠીજી?' આમ્રપાલી રત્નશોભાને હજી જોઈ રહી હતી.

'એનું મૂલ્યાંકન કેવળ શ્રાવસ્તી નગરી માટે જ છે. ત્યાં વિશાખાએ ચોપન કોટી હિરણ્ય શ્રમણ ગૌતમના સાધુઓના વર્ષાવાસ માટે ખરચ્યા છે. તે આના કાર્ષાપણ આપી શકશે. શ્રાવસ્તી સિવાય બીજી કોઈ નગરીનું એ કામ નથી!'

આમ્રપાલી સાંભળી રહી. એની મુખમુદ્રા ઉપર સહેજ જ સ્મિત ફરકીને અદૃશ્ય થઈ ગયું. વર્ષકાર સમજી ગયો. પોતે વાતચીતમાં માત્ર એક જ શબ્દ વધારે પડતો બોલશે, તો આંહીં તરત એ શબ્દનો ધ્વનિ પકડાઈ જાય તેમ છે. પોતે શ્રાવસ્તી નગરીની વાત કરી ત્યારે તેમાં રહેલા જરાક વિશેષ પડતા ભારનો ધ્વનિ આમ્રપાલીએ એક આછાં સ્મિત વડે પકડી પાડયો હતો! તે તરત જ પોતાના દરેક શબ્દનો ચોકીદાર થઈ ગયો.

'આનું મૂલ્યાંકન બરાબર *દસકોટિ સુવર્ણ છે!'

'દસકોટિ?'

'હા, મહાદેવી! દસકોટિ. પણ એની કિમ્મત ત્યારે થાય જ્યારે

* ક્ષીર સ્ફટિક બદલાયા કરે તેવા રંગનું જવાહિર છે. સામાન્ય જનો એને લસણિયો કહે. રોમના બાદશાહ એન્ટોનીઅસના પુત્ર પાસે દસકરોડ 'ડોલર'ની કિમ્મતનો એક અદ્ભુત ક્ષીરસ્ફટિક હતો, તેવો ઈતિહાસમાં એક ઉલ્લેખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ કટોકટીના રણક્ષેત્રમાં દેશના જયમંગલ ગજરાજના કંઠમાં એ પડે ! ત્યારે આ રત્નની કિમ્મત સમજાય. એનામાં એવી અદ્ભુત આકર્ષકતા છે. એને ધારનારો ગજરાજ અભેદ્ય બની જાય !'

'ખરેખર ?'

'દેવી ! રત્નમાણિક્યના શ્રેષ્ઠીઓ અસત્ય બોલશે ત્યારે રત્નો જ્યાંથી આવ્યાં છે, ત્યાં પાછાં જશે. રત્નો આકાશનું તેજ લઈને આવ્યાં છે !'

આમ્રપાલી કાંઈક વિચારમાં પડી ગઈ હોય તેમ લાગ્યું. વર્ષકાર મનમાં વિચારી રહ્યો; 'આની વૈશાલી–પ્રીતિ આની પાસે આ રત્ન ખરીદ કરાવશે જ. એનું રણભૂમિ મૂલ્યાંકન એને વધુ આકર્ષક લાગ્યું જણાય છે.' પણ એ જ વખતે વર્ષકારના મનમાં અચાનક એક બીજો વિચાર આવી ગયો.

પોતાને સ્ફુરેલા આ વિચારથી એ આનંદમાં આવી ગયો. એને એક વાતની કડી અચાનક જડી આવી હતી. મહાલી કદાચ તે દિવસ પછી માંદો જ પડી ગયો હોય ! અને તેથી જ અદૃશ્ય હોય !

તે બોલ્યો: 'આ ક્ષીરસ્ફટિક રત્ન મહાદેવી ! એક રીતે આકાશી ચીજ છે. એનું મૂલ્યાંકન જ ન હોય. રત્નોને જાણવાવાળા જાણે છે કે રત્નો એ રત્નો છે. મારી પાસે જ આ એક બીજું રત્ન છે .... નીલમણિ. પાર્શ્વ દેશમાંથી આવતો વૈદૂર્યમણિ કે નર્મદા કિનારાનો વૈદૂર્ય આની પાસે પાણી ભરે ! એનું મૂલ્યાંકન જ એક રીતે અપૂર્વ છે !' વર્ષકારે પોતાના હાથમાં પુષ્પરાગ બતાવતાં કહ્યું.

'એવું શું છે એમાં ?'

'એમાં ? ....' વર્ષકાર વિચાર કરતો જણાયો. પછી અચાનક જ વાત સ્ફુરી હોય તેમ તે બોલ્યો: 'દેવી ! આ નીલમણિનો સુંદર સમૃદ્ધ, આછો, ઝાંખો, મંદપ્રકાશ, સમુદ્રના અતળ ઊંડાણમાંથી ઉપર આવેલા આછા નીલા ઠંડા જલ સમાન છે. એને આંખ ઉપર હમેશાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખ્યા કરો. જન્માંધને દેખતા કરે એવી અપૂર્વ શકિત એનામાં છે!'

આમ્રપાલી વાત સાંભળતાં જ ચમકી ગઈ. એના ઉતાવળા ધીમા મધુર અવાજે વર્ષકારને પણ વિચાર કરતો કરી મૂક્યો:

'એનું મૂલ્યાંકન શ્રેષ્ઠીજી? આને અને.. આ મારી પાસે છે તેનું...? બન્નેનું બોલો. વૈશાલી નગરીમાં આ બન્ને જોઈએ!'

વર્ષકાર બોલતાં પહેલાં જરાક થંભ્યો. પછી એ ધીમેથી બોલ્યો: 'દેવી! શ્રાવસ્તી જવાનો રસ્તો ઘણો અટપટો અને વિકટ છે. અંગુલિમાલ લૂંટારાને હજી રાજા પ્રસેનજીતે વશ કર્યો નથી. વળી એમ સાંભળ્યું છે કે વિશાખાના મહામૂલ્યવાન નવકોટિ એક લક્ષ સુવર્ણનું પ્રસાધન, જ્યારે એ સાકેતનગરીના પિતૃગૃહેથી શ્વસુરગૃહે આવી, ત્યારે રાજકર્મચારીઓએ લાવી તેનો *કર વસૂલ કરવામાં કાંઈક અન્યાય કર્યો હશે, તેથી વિશાખાને એ અન્યાય ખૂંચી રહ્યો છે. એ સ્થિતિમાં મારું આ મહામૂલ્યવાન રત્ન હું રસ્તામાં જતાં વખતે ધૂળમાં જ ખોઈ બેસું, તે કરતાં એ ભલે વૈશાલીને શણગારતું આંહીં રહે. આંહીં રહે તો કોઈક દિવસ કોઈ રત્નશ્રેષ્ઠી એ જોશે. આવાં રત્નો હવે વિરલ બનતાં જાય છે. પણ મારી આ રત્નો આપવાની એક સરત છે!'

'શી?'

'આ બન્ને મૂલ્યવાન રત્નો હું તમને ન આપું. બેમાંથી એક લ્યો!'

'કયું એક?'

'તે તો દેવી! તમે નિર્ણય કરો. સ્વર્ગનું સૌન્દર્ય તો ક્ષીર સ્ફટિકમાં છે!'

આમ્રપાલી પોતાની સામેના પ્રતિબિંબને નિહાળી રહી. પોતે જાણે પોતે નથી એવી અદ્‌ભુત સૌન્દર્યભ્રમણાને એ જોઈ જ રહી. ત્યાં

* વિશાખાના મહામૂલ્યવાન પ્રસાધન વિષેના ઉલ્લેખમાં જણાવ્યા પ્રમાણે આ પ્રસાધન વેચીને એણે બંધાવેલું. આ પ્રસાધન ઉપર લેવાતા ભારે અન્યાયી કર વિષે પણ એણે શ્રમણ ગૌતમને કહ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદ્ભુત મોહિની હતી. અવર્ણનીય લાવણ્યછટા પ્રગટી હતી. પોતે પોતાના પ્રેમમાં પડી જાય એવી કોઈ અકલ્પ્ય પ્રતિમા એની સામે હસી રહી હતી! ક્ષીરસ્ફટિક ક્ષીરસ્ફટિક હતો! પળે પળે એની રંગછટા બદલતી હતી!

પણ ક્ષીરસ્ફટિક ને નીલમણિ બન્ને આપવાની શ્રેષ્ઠી ના પાડતો હતો.

'શ્રેષ્ઠીજી! મૂલ્યાંકન મૂકો. અને બન્ને રત્નો વૈશાલી લઈ લેશે!'

'પણ દેવાનું એક જ છે દેવી! રત્ન માણિકયના શ્રેષ્ઠીએ રત્નોની આજ્ઞાને ઉઠાવવાની હોય છે!'

'બન્ને નહિ?'

'ગમે તે એક લઈ લ્યો, દેવી!'

આમ્રપાલી સહેજ ધ્રૂજતી જણાઈ. તેના ચહેરા ઉપરથી એક આછી ફિક્કાશ આવીને સરી જતી દેખાઈ. તેણે એકદમ કહ્યું: 'આ નીલમણિ રાખું છું શ્રેષ્ઠીજી!' અને એણે કાંસ્યઘંટાનો ઘોષ કર્યો.

જવાબમાં તરત એક દાસી આવી પહોંચી.

'દસકોટિ હિરણ્ય લાવો. શ્રેષ્ઠીજીને આપવાના છે!'

થોડીવાર પછી દસકોટિ સુવર્ણને વહતા રથો સાથે અશ્વ ઉપર જઈ રહેલો વર્ષકાર મહામંત્રી અચાનક એક પુષ્કરિણીના કિનાર ઉપર કાંઈક ચિંતનમાં ઘોડો થંભાવતો અટકી પડયો. થોડીવાર પછી તે મોટેથી આનંદમાં બોલી ઊઠયો: 'આ હા! સમજાઈ ગયું! મહાલી ધનુર્ધરની આંખોને તે દિવસે ભયંકર નુકશાન થયેલું હોવું જોઈએ. આ અદ્ભુત સ્ત્રીએ પોતાના જાત સૌન્દર્યને જતું કરીને નીલમણિ લીધો...તેનો એ જ અર્થ છે! સમજાયું, સમજાયું, સમજાયું!' તે ઘેલાની પેઠે બોલી ઊઠયો.

પોતાને કોઈ સાંભળતું તો નથી નાં એ જોવા એણે એક દૃષ્ટિ પાછળ કરી. સુવર્ણભારને વહતા દાસો અને રથો આવી રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦. રાજા બિંબિસારનું દિવાસ્વપ્ન.

વર્ષકાર મહાઅમાત્ય ચંપાનગરીમાં પાછો આવી પહોંચ્યો. લિચ્છવી અને શ્રાવસ્તી બે બળવાન પાડોશી ગમે તે વખતે હાથ મિલાવી લે એવી સ્થિતિ હતી. અત્યારે લિચ્છવીગણને તોડવાનો પ્રયત્ન કરવો એ મૂર્ખાઈની પરિસીમા હતી. લિચ્છવીઓ એક હતા અને જાગ્રત હતા. અને શ્રાવસ્તીનો પ્રસેનજીત ગમે તે પળે ગમે તે તરફ ઢળે.

પણ તે ચંપાનગરી આવ્યો ને થોડા દિવસ થયા ત્યાં એક બીજા સમાચાર એને મળ્યા.

શ્રાવસ્તીનો સેનાપતિ બંધુલમલ્લ પાંચસો યોદ્ધાઓ સાથે વૈશાલીમાં આવ્યો હતો.

અને ખડી જાગ્રત ચોકીદારોની હાર વીંધીને એણે અભિષેક પુષ્કરિણીમાં પ્રવેશ કર્યો હતો.

માત્ર પસંદ કરેલા નવસો નવાણું–લિચ્છવીઓ જ્યાં સ્નાન કરી શકતા અને હજારમો કોઈ જ નહિ, એવો જ્યાં અવિચળ નિયમ હતો તે લિચ્છવીઓની મંગલ પુષ્કરિણીમાં બંધુલમલ્લ પોતે ઊતર્યો. પોતાની રાજરાણી જેવી પત્ની મલ્લિકાને સ્નાન કરાવ્યું. એની દોહદ ઇચ્છા પૂરી કરી. અને પછી વિજય ટંકારવ કરતો ચાલી નીકળ્યો.

એ સાંભળીને લિચ્છવી રથીઓ, યોદ્ધાઓ અને સવારો તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ દોડયા. પણ બંધુલમલ્લ, બંધુલમલ્લ હતો. એની વિદ્યા, એની વિદ્યા હતી. તક્ષશિલાથી આવીને, પહેલવહેલી એણે પોતાની યુદ્ધકલા મલ્લ ગણસંઘને જ્યારે કુશિનારામાં બતાવી હતી, ત્યારે સો સો લીલા વાંસની ભારીને તલવારથી એક ઝપાટે બે ભાગમાં વહેંચી નાખવાનો પ્રયોગ એણે કરી બતાવ્યો હતો. કહેનારા કહેતા હતા કે એ વખતે બંધુલ મલ્લે એંશી હસ્તમાપ પ્રમાણ કૂદકો લઈને એ પરાક્રમ કરી બતાવ્યું હતું! એ ગમે તેમ હો, સાચું ખોટું જે હો તે હો, પણ છેલ્લી લીલીવાંસ લાકડીમાં જ્યારે એની સમશેર કોઈ ખણણ અવાજ સાથે ભટકાણી, ત્યારે એ ચોંકી ગયો. 'અરે! આ તો બધા પોલા વાંસમાં લોહયષ્ટિઓ મૂકી લાગે છે!'

એની આંખમાં એ વખતે આંસુ આવી ગયાં! તક્ષશિલાની વિદ્યાના પ્રતાપે અને એની સમશેરના અદ્દભુત લોહપાણીને લીધે, એ આ પ્રયત્નમાં પાર તો નીકળ્યો હતો, પણ એના જે સ્વજનોએ, એની વિદ્યાને વાંઝણી બનાવવાનો આ હીચકારો પ્રયત્ન કર્યો હતો, તે સ્વ-જનો તરફ એને એટલી ઘૃણા થઈ આવી કે તેણે મલ્લગણતંત્ર જ છોડી દીધું! કુશિનારા તજી દીધું. રાજતંત્રમાં જઈને વસ્યો. શ્રાવ-સ્તીના પ્રસેનજીતનો એ સહપાઠી હતો. ત્યાં એ સેનાપતિ બન્યો.

આ બંધુલમલ્લે વૈશાલીની અભિષેક પુષ્કરિણીમાં ધરાર સ્નાન કર્યું, અને વિજયટંકારવ કરતો એ પાછો ફરી ગયો. એ સમાચાર જ્યારે વર્ષકારને મળ્યા ત્યારે તેને એક વાતની વધારે ખાત્રી થઈ ગઈ. ધનુર્ધર મહાલી ચોક્કસ રીતે એવો અંધ થઈ ગયેલો હોવો જોઈએ કે એ આ યુદ્ધમાં ભાગ લઈ શકે તેમ જ નહિ હોય! આમ્રપાલીએ તે દિવસે લીધેલા નીલમણિની વાત એને યાદ આવી. લિચ્છવીગણનું નાક કાપીને બંધુલમલ્લ ચાલ્યો જાય એ વાત, મહાલી હોય તો બને જ નહિ.

એ ગમે તેમ હોય. પણ વર્ષકારને આ સમાચાર જોઈતા હતા. શ્રાવસ્તી અને વૈશાલી તોફાને ચડે એવા આ સમાચાર હતા. તે વધુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાચારની રાહ જોતો બેઠો.

પણ આ સમાચારે જેમ એ ચોંકી ગયો હતો તેમ મગધમાં બેઠેલો ગોપાલ પણ ચોંકી ગયો હતો!

તે સમજી ગયો કે લિચ્છવી ગણતંત્રમાં નબળી કડી દેખાતી હતી. અત્યારે રાજા બિંબિસાર જો શ્રમણ ગૌતમને પંથે ઢળી પડશે તો રાજ અજાતશત્રુનું થઈ જશે. અજાતશત્રુ આવતાં જ મગધ યુદ્ધનો પંથ લેશે, અને ગણતંત્રો ઊગ્યાં તેવાં નાશ પામશે!

એટલે મગધમાં બેઠેલો ગોપાલ અને સિંહનાયક બન્ને ચિંતામાં પડચા. રાજા બિંબિસાર ભિખ્ખુ બનીને કયાંક શ્રમણ ગૌતમને પંથે ન પળે! બન્નેને માટે એ સમાન રસનો વિષય બની ગયો.

પણ ગોપાલને રાજા બિંબિસારની અનેક વાતો સમજાતી ન હતી. એ ઉદારમાં ઉદાર હતો. સાદામાં સાદો હતો. ધર્મ પ્રત્યેની એની જિજ્ઞાસા મહાન ભિખ્ખુને છાજે તેવી હતી. તો રાજ વધારવાની એની અભિલાષાને પણ કોઈ હદ ન હતી! યુદ્ધને એ જ્યાં હોય ત્યાંથી આમંત્રી લાવતો. તો ભિખ્ખુઓનાં ટોળાંને પણ નિમંત્રી લાવતો! ન્યાય, નિયમન અને ધર્મબંધન એનાં પોતાનાં જ હતાં, તો ગમે તે પળે, ગમે ત્યાં માનવ સુલભનિર્બળતાથી દોરાઈ જઈને સૌન્દર્યની ભીખ મેળવી લેવી, એ પણ એની પોતાની જ વિશિષ્ટતા હતી!

એ સંતોષી હતો, તો અતૃપ્ત આત્મા પણ એ જ હતો. એ સુખીમાં સુખી જીવડો હતો, તો આખી દુનિયાનાં ચિંતા અને દુઃખ એને આંગણે જ ધામા નાખીને પડયાં હતાં! એને પાંચસો રાણીઓ હતી. એમાંથી કેટલીકમાં ભારતવિખ્યાત રૂપ હતું. કેટલીકમાં વિશ્વ-વિખ્યાત રૂપ હતું. અને છતાં રાજા બિંબિસારના મનમાં બેઠેલું રૂપ કયાંય ન હતું!

રાજા હજી રૂપને શોધી રહ્યો હતો. અને રૂપ હજી રાજા માટે કોણ જાણે કયાં અરૂપ બનીને બેઠું હતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે વૈશાલી નગરીમાં આમ્રપાલી જનપદકલ્યાણી બન્યાની વાત પ્રગટ થઈ, ત્યારે રાજા બિંબિસાર પળ એ પળ નિમિલિત નયને કાંઈક સંભારી રહ્યો.

રાજાને એક વાત કોઈ દિવસ સમજાઈ ન હતી. દરેક સ્ત્રી જુદું જુદું રૂપ ક્યાંથી લાવે છે? જેમ દરેક પ્રભાતની વાદળી, આજે જે હોય તે કાલે હોતી નથી, તેમ કોણ જાણે ક્યા રૂપસાગરમાં આ સ્ત્રીઓ નાહીને આવી છે, પણ એ જે આજે હોય છે તે કાલે હોતી નથી!

રાજા બિંબિસાર પોતાના ખંડમાં એકલો બેઠો હતો. નીચેના ખંડમાં વાદિત્રકારો મધુર છટાથી સૂરાવલી છેડી રહ્યા હતા. દૂર દૂરના રાજાના વેણુવનમાંથી ગજબની મીઠાશભરી બંસીના મોહક સ્વર આવી રહ્યા હતા. ચારે તરફની તદ્દન સ્વચ્છ સાદી બેઠકોમાં હવે વૈભવશાળી રાજાને બદલે ધીમે ધીમે કોઈ ભિખ્ખુની ઝાંખી થઈ રહી હતી.

આમ દ્વિધાવૃત્તિને હીલોળે ચડેલો રાજા બિંબિસાર પોતાના મનની મુસાફરીમાં ચાલતો ચાલતો છેક ઉજ્જેની નગરીમાં પહોંચી ગયો હતો. પોતે એક શ્રેષ્ઠી હતો. ઉજ્જેન નગરીમાં હીરામાણેક લેવા આવ્યો હતો. પણ એને એક ખબર હતી. રત્નપણ્યવીથિકામાં જ ક્યાંક એક અદ્ભુત જનપદકલ્યાણી રહેતી હતી. તેનું નામ પદ્માવતી. એના રૂપની તોલે આવે એવું કોઈ રૂપ વિશ્વકર્માએ સરજ્યું ન હતું!

અને રાજા બિંબિસાર ત્યાં એ રૂપસાગરમાં દિવસો સુધી ખોવાઈ ગયો હતો!

રાજગૃહમાં ખબર પડી કે રાજા તો ઉજ્જેન નગરીમાં છે ત્યારે ઉજ્જેનના ચંડપ્રદ્યોતની જ્વાલામાંથી એને બચાવવા માટે ગોપાલ દોડ્યો હતો!

રાજા બિંબિસાર અત્યારે એવા જ એક બીજા દિવાસ્વપ્નમાં પડી ગયો હતો.

તે વૈશાલી નગરીમાં ચાલી રહ્યો હતો... તેણે સપ્તભૂમિપ્રાસાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ દૃષ્ટિ કરી અને તે જ્યાં હતો ત્યાં જ થંભી ગયો! ઉપરિતલની અટારિકામાં, જેમ આકાશમાં કોઈ દ્વાર ઊઘડે ને કોઈ અવર્ણનીય રમણી અચાનક દેખાય, ત્યાં એક અનુપમ સુંદરી રાજાની નજરે પડી!

રાજા એને મોટેથી બોલાવવા જાય છે ત્યાં તેની દિવાસ્વપ્નની આંખ ઉઘડી ગઈ. જુએ છે તો સામે મહામંત્રી ગોપાલ હાથ જોડીને ઊભો હતો.

'કેમ ગોપાલ! શું છે?'

'પ્રભુ! તોમરદેવ પંડિત વૈશાલીથી આવેલ છે!'

રાજા ચમકી ગયો. પંડિત શા માટે આવે તે તેના કળ્યામાં આવ્યું નહિ. પણ પોતાનું દિવાસ્વપ્ન હજી એના મનમાં રમતું હતું.

તેણે કાંઈક ઉત્સાહથી થોડી ઉતાવળથી પૂછ્યું: 'પંડિત કેમ આવેલ છે ગોપાલ? શું છે એને?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧. સૌન્દર્યની અભીપ્સા

ગોપાલે કહ્યું : 'મહારાજ ! એ તો બહુ અગત્યના કામે આવ્યા છે !'

રાજા બિંબિસાર તરત સ્વસ્થતાથી આસન ઉપર બેઠો. તેને મનમાં શંકા પ્રગટી કે કાં તો વૈશાલીએ પેલા બંદરની તકરાર માટે યુદ્ધનું કહેણ મોકલ્યું લાગે છે. તેણે ઉતાવળે ગોપાલને કહ્યું: 'કેમ શું છે? યુદ્ધનો સંદેશો લાવેલ છે ?'

'ના પ્રભુ ! આ તો એક નવી નવાઈની વાત છે. વૈશાલીમાં કોઈ મહામારીનો ભયંકર રોગ ફાટી નીકળ્યો છે. દિવસ ઊગે છે ને પાંચ પચીસ માણસો ઊપડી જાય છે !

'અરે ! ત્યારે તો આપણા રાજભિષગ્ આકાશગોત્રને બોલાવવા માટે આવેલ હશે ! આપણે એને મોકલીએ .. આવે વખતે મોકલવાની ના ન પડાય. માત્ર એમણે આકાશગોત્રને નિયમ પ્રમાણે આપવાનું મૂલ્યાંકન કબૂલવું પડશે. ને ભિષગ્વરને પણ કહેવાનું કે રાજને અરધા કાર્ષાપણ દેવાના. એ રીતે ભલે ભિષગ્વર આકાશગોત્ર જાય . . . . પણ તે પહેલાં . . . .'

ગોપાલે રાજાને બોલવા દીધો. હજી એની વાત અધૂરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે રાજાની વૃત્તિમાં હમણાં કેટલાક નવાઈ જેવા ફેરફાર જોયા હતા. પોતે રાજા હોય પણ રાજ પોતાનું ન હોય તેમ એ ઘણી વખત વર્તતો હતો. અત્યારે આ વાત મૂકી હતી, તેમાં પણ કદાચ એ પ્રમાણે જ એ વર્તશે. હરેક પ્રશ્નનો પ્રત્યુત્તર ચંપાનગરીમાંથી અજાતશત્રુ પહેલાં આવે એવો રાજાનો આગ્રહ રહેતો.

એટલે અત્યારે રાજાએ કહ્યું ખરું કે ભિષગ્વરને મોકલો પણ એ વાત હજી અધૂરી હતી. ગોપાલ રાજાને કાંઈ વધુ માહિતી આપે તે પહેલાં જ રાજા બોલી ઊઠયો: 'પણ રહે ગોપાલ! ચંપાનગરી તરફ એક અતિ ઝડપી સવાર મોકલી દે. યુવરાજકુમારની અનુજ્ઞા આપણે પહેલાં મેળવી લઈએ. કેમ બરાબર નાં?'

'પણ મહારાજ!' ગોપાલે કહ્યું: 'કોઈ આવો મહાસંકટનો પ્રશ્ન હોય, પાડોશીરાજ આપણી મદદ માટે દોડે—ત્યારે ના પાડવાનો સવાલ તો આવતો જ નથી. પછી બીજું શું પુછાવવાનું હતું? આ કોઈ રાજપ્રકરણનો પ્રશ્ન નથી. લડાઈની વાત નથી. વ્યાપારનો સવાલ નથી!'

'તે છતાં ગોપાલ! આપણે તો પુછાવવું. અજાતશત્રુનું આ રાજ છે. એને પૂછયા વિના પાણી પીવું એ પણ ચોરી છે. આપણે પૂછાવી જુઓ!'

રાજા બિંબિસારના આ જીવન પરિવર્તનની ગોપાલને ખબર હતી. મહત્ત્વાકાંક્ષી રાજકુમારને એ હરેક રીતે સંતોષવા માગતો હતો. શબ્દથી માંડીને રાજસિંહાસન સુધી. મગધ પ્રદેશને કોઈ ભયંકર દોષમાં કે લડાઈમાં એ સંડોવી ન દે, માટે રાજાએ તમામ સત્તા પણ એને સોંપી દીધી હતી. એની જવાબદારી મોટી કરી મૂકી હતી. એની મહત્ત્વાકાંક્ષા સંતોષ પામે તો એ કોઈ ખોટું કામ ન કરી બેસે, એવી ગણતરીથી રાજાની નીતિ દોરાઈ રહી હતી.

ગોપાલ આ જાણતો હતો. અજાતશત્રુના લોહીમાં એક મહાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચક્રવર્તી સર્વતંત્ર સ્વતંત્ર સમ્રાટપદની આકર્ષક કલ્પના એટી હતી. એને એવું સામ્રાજ્ય સ્થાપવાની ઉતાવળ હતી. એથી ઓછું એને ખપતું પણ ન હતું. અત્યારે તો વર્ષકાર મહાઅમાત્યે એને લડાઈમાં પડતો રોકયો હતો. નહિતર વૈશાલી મગધ યુદ્ધ અનિવાર્ય જેવું જ હતું.

રાજા બિંબિસાર કાં ગણતંત્ર જેવી કોઈ રચના કરી નાખે, અથવા તો અજાતશત્રુ કોઈ ઉતાવળું પગલું ભરી બેસે, તો જ વૈશાલી મગધને પહોંચે તેમ હતું. નહિતર પેલા બ્રાહ્મણ વર્ષકારની રાહ જુઓની નીતિ વહેલેમોડે વૈશાલીને ટાળી નાખે તેવી હતી. ગોપાળને એ જાણમાં હતું. પિતાપુત્રવર્ષણની તક એ ઝડપી લેવા માગતો હતો. પણ વર્ષકારને લીધે હજી સુધી ફાવ્યો ન હતો.

'પણ મહારાજ! આ તો વાત જ બીજી છે . .'

રાજા બિંબિસારના ચહેરા ઉપર એક વેદના ભરી રેખા દેખાઈ આવી. તે જાણે ભાવિના કોઈ મહાન ભયને જોઈ રહ્યો હોય તેમ શાંત, ધીમા, મક્કમ પણ ત્યાગની પરિસીમા બતાવતા અત્યંત વિનમ્ર સ્વરે બોલ્યો: 'ગોપાલ! જે અનિવાર્ય છે એને નિવારવા માટે, એક નાનકડા-માં નાનકડો પ્રયત્ન પણ આપણે જતો કરવો નથી. બીજા કોઈ કારણ માટે નહિ તો મારા અંતર સંતોષ માટે પણ, અજાતશત્રુની અનુજ્ઞા મંગાવો. કોણ જાય છે? ને રાજભિષગ્‌ને તૈયાર રહેવાનું કહો . . .'

ગોપાલે બે હાથ જોડયા: 'મહારાજ! પંડત તોમરદેવ રાજ-ભિષગ્ માટે આવ્યા હોત તો તો એ બંદોબસ્ત કરીને પછી જ હું મહારાજ પાસે આવ્યો હોત. પણ એ તો બીજા કામ માટે જ આવ્યા છે!'

'શું છે બીજું કામ?'

'મહારાજ! એ તો શ્રમણ ગૌતમને વૈશાલી લઈ જવા માટે આવેલ છે. ગૌતમની હાજરી એ જ મહા ઔષધ છે. વૈશાલીમાં એવી હવા ફેલાઈ છે. એ ઔષધોનું ઔષધ છે. તોમરદેવ શ્રમણ ગૌતમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈશાલી લઈ જવા માગે છે!'

'તો એમાં આપણને પૂછવાથી આપણે શું કહી શકવાના હતા? એવું હોય તો તો શ્રમણ ગૌતમને એ મળે!'

'શ્રમણ ગૌતમને મળીને પછી એ આંહીં આવેલ છે. શ્રમણ ગૌતમે એને કહ્યું કે આ બાબતમાં મહારાજ બિંબિસારની હા હોય તો જ હું આવી શકું!'

'ખરેખર?'

'હા મહારાજ! વાત તો એ પ્રમાણે જ બની છે. "એક વખત એમનું આતિથ્ય સ્વીકાર્યું છે, તો હવે આ પૃચ્છા, એમની પાસે પહેલાં જવી જોઈએ!"'

'એમ કોણ કહે છે?'

'શ્રમણ ગૌતમ પોતે!'

રાજા બિંબિસાર વિનયવિવેકની આ અત્યંત સૂક્ષ્મ રેખા વિષે મનમાં ને મનમાં વિચાર કરી રહ્યો. એ વિચાર કરી રહ્યો: 'ઓ હો! આ શ્રમણ ગૌતમ પાસે તો કોણ જાણે કઈ કલા છે, એને જીવનના સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવ જાણે નજર સમક્ષ દેખાય છે! એણે આમ કહ્યું છે એ વાત જાણતાં મારા હૃદય ઉપર જાણે કોઈ અમૃતનું સિંચન થઈ રહ્યું છે. મને લાગે છે એણે મગધના આતિથ્યનું બહુ મૂલ્યાંકન મૂકીને અમને બહુ માનના અધિકારી કર્યા. શ્રમણ ગૌતમની હાજરી લિચ્છવીઓને આશ્વાસન રૂપ બને, એ મહા પ્રસંગ, વખતે વૈશાલી મગધના મૈત્રી સંબંધને જ વધારનાર ન નીકળે? શ્રમણ ગૌતમની કેવી ઉત્કૃષ્ટ પ્રજ્ઞા! હવે એના સાન્નિધ્યમાં રહેવાનું મહાભાગ્ય મને મળે!'

રાજા બિંબિસારના દિલમાં આ વિચાર ચાલી રહ્યો હતો અને એ જ વખતે એનો મહામંત્રી ગોપાલ બીજા જ વિચારમાં ચડી ગયો હતો!

"રાજાને આટલો સહેજ પણ મીઠો સંબંધ વૈશાલી સાથે થશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો કોઈક દિવસ એ વૈશાલી પ્રતિ આકર્ષાશે !"

રાજાના જીવનમાં હજી જીવંત રસરંગની છટાને આમ્રપાલી સિવાય બીજું કોણ જગાડે તેમ હતું ?

વૈશાલી યુદ્ધની પહેલ કરે એ સમય ગયો હતો. મહાલી અંધ થઈ જતાં એનું બળ ઘટ્યું હતું. એવે વખતે હવે તો રાજા રાજપદે રહે, તો જ વૈશાલીને શ્વાસ લેવાનો સમય મળી રહે, તો અજાતશત્રુને હંફાવનારું મહાબળ વૈશાલી ઊભું કરી શકે : તો એક દિવસ મગધમાં ગણતંત્ર હોય, વૈશાલી સંઘમાં એ એક સદસ્ય બની જાય. '

ગોપાલ આ વિચાર કરી રહ્યો હતો. તેણે બે હાથ જોડીને રાજાને કહ્યું : ' મહારાજ ! શ્રમણ ગૌતમની વાત માત્ર મહારાજને એકને માટે છે. પંડિત તોમરદેવ પણ એ જ કહે છે. મહારાજ પોતે અનુજ્ઞા આપે. . . . '

' પણ તો તો. . .' રાજા બિંબિસાર દ્વિધામાં પડતો જણાયો.

ગોપાલ રાજાની વૃત્તિને કળી ગયો. એક જરા જેટલું કારણ પણ પોતાના ઉતાવળા આકરા મહત્ત્વાકાંક્ષી શૂરવીર પુત્રને ન આપવું એ એક જ વાત એને દોરી રહી હતી. આમાં અજાતશત્રુની અનુજ્ઞાનું કામ જ ન હતું. છતાં એ મેળવવી એવી એની ઇચ્છા હતી.

ગોપાલ એ સમજી ગયો. પોતાનો પુત્ર કોઈ ભયંકર પંથે ચડવાનું નિર્માણ છે એ ભયથી રાજા હરપળે કાંપી રહેતો જણાયો. ગોપાળને તેની દયા આવી.

' જુઓ મહારાજ ! યુવરાજ કુમારને શ્રમણ ગૌતમ માટે કેટલું માન છે તે દેશ આખો જાણે છે. એને આમાં પણ પૂછાવવું એટલે આખો દેશ વાતો કરે એવી હવા ઊભી કરવી. એને આ વાત જણાવીશું તો શ્રમણ ગૌતમને માટે પણ એ યોગ્ય નહિ ગણાય !'

' પણ ત્યારે ગોપાલ. . . . ? '

' શું મહારાજ ? આમાં ક્યાં આપણે કોઈ પરરાજ સાથે સંબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાંધીએ છીએ ?'

'તો આપણે શું કરવું ?'

'આપણે લિચ્છવીઓને કહેવરાવો. મહાન વૈભવશાળી રાજસવારીની જેમ શ્રમણ ગૌતમની સવારી ત્યાં આવે છે, તમે તૈયારી રાખજો. અમે અમારા દેશની હદ સુધી એને મૂકવા આવીએ છીએ !'

'પણ તો તો ગોપાલ ! આ રાજકીય. . .' બિંબિસારે કાંઈક દબાયલા સ્વરે કહ્યું.

'રાજકીય પ્રશ્ન બને એમ ? ના મહારાજ ! એ રાજકીય પ્રશ્ન બનતો નથી. બનશે તો હું જવાબ વાળીશ !'

'તું છે. વર્ષકાર છે. એ તો બરાબર છે. પણ ગોપાલ ! આપણે અજાતશત્રુને જ બોલાવીએ તો ?'

'મહારાજ ! આપણે આવી ઉહાપોહ કરીશું એ પહેલાં તો શ્રમણ ગૌતમને પસંદ નહિ પડે. બીજું પંડિત આપણી પરિસ્થિતિ વિષે જાણશે. ત્રીજું ચંપાનગરીને જાણ થશે. ચોથું નાહકનું નવું ઘર્ષણ આવશે.'

'આપણે વૈશાલીને કહેવરાવવું ખરું ?'

'ત્યારે નહિ ? પંડિત તોમરદેવ ખબર કરશે. શ્રમણ ગૌતમની સવારીમાં આપણે વૈભવી ઠાઠમાઠથી છેક મગધની સરહદ સુધી જવાના.'

'અને સામેથી એ આવે હેં ગોપાલ ?'

'હા મહાર.જ ! સામેથી એ આવે ! ભગવતી ગંગાનો કિનારો જયઘોષથી જાગી જશે. . !'

'હાં ગોપાલ ! એ તેં ઠીક કહ્યું.' રાજા બિંબિસારને ધ્યાન નથી, પણ એનું ઉપલું મન આમાં વૈશાલી મગધના સારા સંબંધનો પાયો જુએ છે.

જ્યારે એનું એક ઊંડું ઊંડું અંતરનું અજ્ઞાત મન, જે કવિતા જાણે છે, જે જ્ઞાની છે, જે સૌન્દર્યની સૃષ્ટિનું મહાભક્ત છે, તે સાચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત જાણે છે. એને એમ છે કે ત્યાં વૈશાલીના લિચ્છવીઓ વૈભવ દેખાડતા સામે આવશે. . . . અને તે વખતે પેલી અદ્ભુત જનપદ-કલ્યાણી . . . એ પણ ત્યાં હશે!

ગોપાલ રાજાની સામે જોઈ રહ્યો. વર્ષકાર મહાઅમાત્યે પિતા-પુત્રના ઘર્ષણને વારંવાર અટકાવી રાખ્યું હતું. આ પ્રસંગ વખતે ઘર્ષણ લાવે એવી આશા પણ ગોપાલને હતી. અને આ રીતે રાજાને વૈશાલી તરફ આકર્ષવાની પણ એની ઇચ્છા હતી. મગધ વૈશાલીની મિત્રતા વખતે ટકે. દરમ્યાન વૈશાલી તૈયાર થઈ જાય.

રાજાના અંતરમાં ઊંડે ઊંડે એક વાત જાગી છે.

એ પોતાની જાતને થોડો વખત ક્યાંય ખોઈ નાખવા માગે છે. એ થાક્યો છે. એને અજાતશત્રુનો જેટલો ભય નથી તેટલો અજાત-શત્રુના અસંતોષનો ભય છે. બધું આપી દીધું છતાં હજી યુવરાજને સંતોષ નથી.

કોઈક જગ્યાએ થોડો વખત બિંબસાર પોતાની જાતને ખોઈ નાખવા માગે છે. વૈશાલી! વૈશાલી! વૈશાલીની જનપદકલ્યાણી—એ કેટલી અદ્ભુત હશે?

તેણે ઉતાવળે જ કહ્યું: 'ગોપાલ! એ જ બરાબર છે. પંડિત તોમરદેવને તું જ કહી દેજે! અને શ્રમણ ગૌતમને કહેવા માટે હું જાતે જાઉં છું!'

ગોપાલને એક પ્રકારનો આનંદ થઈ ગયો. વર્ષકારને જણાવ્યા વિના રાજાનું લીધેલું હરેક પગલું, એને વિજયસમું જણાતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨. પૃથ્વીના દેવતાઓ

રાજા બિંબિસારે શ્રમણ ગૌતમ પ્રત્યેના પોતાના ભક્તિભાવને દર્શાવવા માટે છેક રાજગૃહથી ગંગાના કિનારા સુધીનો આખો રસ્તો અનેક રીતે શણગારી દીધો હતો.

શ્રમણ ગૌતમ ને એના એક સહસ્ર ભિખ્ખુઓ* આ માર્ગે નીકળવાના છે એ સમાચાર બધે ફેલાઈ ગયા હતા.

ઠેકાણે ઠેકાણેથી ટોળેટોળાં એ માર્ગે આવ્યાં હતાં.

આખો રસ્તો રાજાએ શણગાર્યો હતો. મંડપો ઊભા કર્યા હતા. તોરણો બાંધ્યાં હતાં. પુષ્પમાળાઓથી દ્વારોને શણગાર્યાં હતાં. રસ્તા વચ્ચોવચ્ચ ઠેકાણે ઠેકાણે સોનેરીરૂપેરી દ્વારો ઊભા કરીને સ્વર્ગની શોભાને પૃથ્વી ઉપર આણી મૂકી હતી.

વચ્ચે વચ્ચે આરામ લેવા માટે કામચલાઉ ઉદ્યાનો પણ ઊભાં કરી દીધાં હતાં.

રાજા બિંબિસાર પોતે, પાંચસો એની રાણીઓ, રાજ્યાધિકારીઓ, મંત્રીઓ, નગરજનો, ગ્રામજનો, એ પ્રમાણેનો હજારોનો સમૂહ જ્યારે આ રસ્તે નીકળ્યો, ત્યારે હર્ષઘેલા ગ્રામજનોએ વારંવાર શ્રમણ ગૌતમના જયઘોષથી આકાશને ગજવી દીધું.

પગેપાળા જતા આ જનસંઘ પાછળ મગધરાજના, ડુંગર

---

* ખરી રીતે ૧૩૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડુંગર જેવડા મહાન ધોળા હસ્તીઓ આવી રહ્યા હતા. સેંકડો રથોનો સમૂહ આવતો હતો. હજારો અશ્વો આવતા હતા. બળદગાડીઓ, બીજાં વિવિધ વાહનો, અને ભાર વહી જનારાં ખચ્ચરોથી ચારે તરફ જોજન વિસ્તાર ધરતીની તસુએ તસુ ઢંકાઈ ગઈ હતી.

શ્રમણ ગૌતમના નામના જયઘોષ થતા હતા. મગધરાજને નિરખવા મોટો કોલાહલ થતો હતો. રાજા ભિખ્ખુધર્મ ગ્રહણ કરવા જાય છે એવી ગપ્પ પણ કોઈએ ઉડાડી હતી. તો શ્રમણ ગૌતમને જ લૂંટી લેવા અંગુલિમાલ લૂંટારો આવવાનો છે એવી ગપ્પ પણ ચાલતી હતી. અનેક ગપ્પાંઓ, અનેક વાતો, અનેક કથાઓ, અનેક વિનોદ વાર્તાઓ આખે રસ્તે રેલાતી આવતી હતી.

જ્યારે ગંગાકિનારો એકાદ કોશ દૂર રહ્યો ત્યારે આખો સંઘ થોડીવાર ત્યાં થોભી ગયો.

રાજા બિંબિસારે ત્યાં અદ્ભુત દૃશ્ય ખડું કર્યું હતું.

ત્યાં ચારે તરફ રૂપેરી સ્તંભો ઉપર સોનેરી કમાનોની શોભા પ્રગટી હતી. કમાનોમાંથી મૌક્તિક ખચિત કમળોની માળાઓ લટકતી હતી. નાનાં, સુંદર, નાજુક અનુપમ ઉદ્યાનો ખડાં કર્યાં હતાં. તેમાં પંખીઓ ગાતાં હતાં. હરણાંઓ ફરતાં હતાં. વિવિધ પુષ્પો ખીલ્યાં હતાં. લતામંડપમાં જયયંત્રો જલ વહાવી રહ્યાં હતાં. એક ઘડીભર તો માણસ ભુલાવામાં પડી જાય કે આ જ સ્વર્ગ હશે!

પણ આ રૂપેરી સોનેરી દ્વારોમાંથી જ્યારે સંઘ આગળ વધ્યો ત્યારે તો પગલે પગલે એવી શોભા દેખાતી હતી કે આગળ જવાને બદલે પગને ત્યાં જ થંભી જવાનું મન થઈ આવે.

શ્રમણ ગૌતમ અને ભિખ્ખુસંઘને માટે રાજાએ ત્યાંથી ગંગા કિનારા સુધીનો આખો માર્ગ રેશમી વસ્ત્રોથી ઢાંકી દીધો હતો! રાજગૃહનાં તમામ *દુસ્તકોઠાગાર જાણે ખાલી કરીને આંહીં ઠાલવ્યા

* કાપડનું ગોદામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા ! બન્ને બાજુ ધ્વજાપતાકા અને પુષ્પમાળાઓ શોભી રહી હતી. ઠેકાણે ઠેકાણે મૌક્તિકોનાં ગુચ્છ લટકતાં હતાં.

પગલે પગલે રાજાએ અવનવી શોભા ઊભી કરી હતી.

જ્યારે ગંગાકિનારો દેખાયો ત્યારે શ્રમણ ગૌતમના નામનો મહા જયઘોષ ઊપડ્યો. રાજા બિંબિસારે કિનારાની આ પાર દૃષ્ટિ કરી તો એણે જે દૃશ્ય જોયું એ દૃશ્ય જોઈને એ થંભી જ ગયો.

લિચ્છવીઓ ત્યાં શ્રમણ ગૌતમને સન્માન આપવા માટે ભેગા થયા હતા.

સેંકડો અને સહસ્રો લિચ્છવીરથો આ પાર આવ્યા હતા. ઉત્તમોત્તમ કામ્બોજ અશ્વો થનગની રહ્યા હતા. ગંગાના જળમાં સેંકડો નૌકાઓ દેખાતી હતી. રાજાએ દૃષ્ટિ કરી તો શ્રમણ ગૌતમને સામે લેવા આવેલા લિચ્છવીઓએ મગધરાજની શોભાને ઢાંકી દે એવી શોભા ત્યાં સ્પર્ધામાં ઊભી કરી હતી. જેટલા રંગો પૃથ્વી ઉપર હતા તે બધા આંહીં દેખાતા હતા. અને જે રંગો પૃથ્વી ઉપર ન હતા તે પણ લિચ્છવીઓએ પ્રગટાવ્યા હતા ! આખી પ્રજા જાણે રંગઘેલી પ્રજા હોય તેમ ચિત્રવિચિત્ર ને અવનવા રંગોના શણગાર ત્યાં હતા. એમણે પોતાના રથયાનોમાં પણ સૌન્દર્યની હરીફાઈ માંડી હતી. કેટલાક રથો જાંબુડિયા રંગના હતા, તો એ રથોને હાંકનારા સારથીઓ પણ જાંબુડિયા રંગમાં શોભતા હતા. એ રથના ઘોડા પણ જાંબુડિયા રંગના. ધનુષો પણ જાંબુડિયા રંગનાં, શસ્ત્રઅસ્ત્ર પણ જાંબુડિયા રંગનાં. કેશ, વસ્ત્રાભૂષણ ને બધો જ શૃંગાર જાંબુડિયા રંગનો ! લાગે કે પૃથ્વી ઉપર એ એક રંગની અનુપમ શોભા ત્યાં ઊભી કરી દીધી હતી ! તો એવી જ શોભાવાળા લાલ, પીળા, લીલા, આસમાની, ઝાંખાવાદળી, ધટ્ટવાદળી, ધોળા, કાબરચિતરા, અનેકરંગી, દ્વિરંગી, ત્રિરંગી, સપ્ત રંગી, અને સહસ્રરંગી રથો પણ ત્યાં ઊભા હતા !

રથ, રથી, સારથિ, ઘોડા અને સાંગોપાંગ એની તમામ સામગ્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રંગની સાથે ભળી જતી હતી !

રાજા બિંબિસાર તો જોઈ જ રહ્યો. રંગોની આટલી વિવિધતા, આવી શોભા, આવી રચના અને આવું સૌન્દર્ય એણે ક્યાંય જોયું ન હતું !

લિચ્છવી જુવાનો પણ જાણે સ્વર્ગના દેવતા હોય તેવા શોભી રહ્યા હતા !

શ્રમણ ગૌતમે ભિખ્ખુઓને કહ્યું પણ ખરું, 'ભિક્ખુઓ ! ત્રાયસ્ત્રિંશ [દેવ] પરિષદ્ જુઓ, કે આ લિચ્છવી પરિષદ્ જુઓ !'

દેવતાઓની જેમ એમની શોભા પણ અનુપમ હતી.

આ સેંકડો શોભાભર્યા રથોમાંથી એક રથને બીજાથી શ્રેષ્ઠતાની દૃષ્ટિએ જુદો પાડવો એ પણ અશક્ય હતું ! દરેક રથ એવો હતો કે દૃષ્ટિને આકર્ષી રાખે ! એમાં કોણ કોનાથી શ્રેષ્ઠ, એ ઉત્તમમાં ઉત્તમ કલાકારની દૃષ્ટિ પણ કળી ન શકે. ને કળી શકે, તો નિશ્ચયપૂર્વક કાંઈ કહી તો ન જ શકે ! પણ રાજા બિંબિસારની દૃષ્ટિ એક રથ ઉપર ઠરી ગઈ. તેણે ગોપાલને કહ્યું: 'ગોપાલ ! પેલો એક રથ દેખાય છે, સૌથી આગલી હરોળમાં, એ તે સાચો રથ છે કે લિચ્છવીઓએ ઊભો કરેલો કોઈ ભ્રમ છે ? રાજા ઉદયનને બોલાવવા માટે જેમ અવંતીપતિએ કૃત્રિમ મહાગજરાજ ઊભો કર્યો હતો એવું તો કાંઈક એમાં નથી ?'

મહારાજ બિંબિસારે અંગુલિનિર્દેશ કર્યો હતો તે તરફ ગોપાલ થોડી વાર સુધી જોઈ રહ્યો.

ખરેખર એ રથ અદ્ભુત હતો. પણ એ રથનો શૃંગારરંગ એણે ક્યાંય જોયો ન હતો. એ રંગ આવ્યો હશે શી રીતે એ જ એક મોટો કોયડો હતો.

એણે સાંભળ્યું હતું કે તામ્રલિપ્તિમાં નદીના વાંસમાંથી રંગરેજો એવો અદ્ભુત જાંબુડિયો રંગ બનાવતા કે જેવો રંગ આકાશમાં પણ કોઈ દિવસ દેખાતો નહિ ! ત્યાંના રંગરેજોએ એક નવીન જ રંગ જાણે આંહીં સરજ્યો હતો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રંગમાં વસ્ત્રો રંગવાની હરીફાઈમાં પડેલા ત્યાંના રંગરેજોએ, આ રંગકલાને, એક ગુપ્તમાં ગુપ્ત વિદ્યા તરીકે પોતાને ત્યાં સાચવી હતી !

પણ કોઈક લિચ્છવી એ ગુપ્તવિદ્યાને પણ વૈશાલીમાં લાવ્યો હોય તેમ જણાતું હતું !

તે વિના આ રથમાં જે રંગ હતો, નીલમણિ જેવો સુંદર, સમૃદ્ધ જાંબુડિયો રંગ, તે પ્રગટ થાય ક્યાંથી ?

ગોપાલ કેટલીક વાર સુધી એ રથને નીરખી રહ્યો. એ એક એકલો પડી જતો હતો. એ રંગશોભા ક્યાંય ન હતી. એટલી વારમાં તો રથમાં બેઠેલ વ્યક્તિ તરફ એની દૃષ્ટિ ગઈ અને એ ચોંકી ગયો. જેને મહારાજની સમક્ષ લાવવા માટે એ ઇચ્છી રહ્યો હતો તેનો જ એ રથ હતો. તેણે ધીમેથી મહારાજને કહ્યુ: 'મહારાજ ! એ રથ કોનો છે જાણો છો ?'

બિંબિસાર રાજાએ ત્યાં દૃષ્ટિ કરી. એને કાંઈ સમજાયું નહિ. એણે ગોપાલ તરફ જોયું: 'ગોપાલ ! એ કોનો રથ છે ? ખરેખર અદ્ભુત છે. એમાં જે જાંબુડિયો રંગ છે તે કોણ જાણે કેમ સેંકડો રથોમાંથી કોઈ જ રથમાં નથી ! જાણે કે રંગની સૃષ્ટિમાં એક અભિનવ રંગ કોઈએ પ્રગટાવ્યો હોય ! તને ખબર છે એ કોનો રથ છે ?'

'મહારાજ ! એ રથ છે વૈશાલીની જનપદકલ્યાણી આમ્રપાલીનો !'

'હેં ! આમ્રપાલી ?'

રાજા બિંબિસાર ત્યાં જોઈ જ રહ્યો. એ રથ અદ્ભુત હતો. રથી અદ્ભુત હતો. રંગ અદ્ભુત હતો. પણ એમાં બેઠેલી આમ્રપાલી…? એણે કોઈ દિવસ પોતાની કલ્પનાની સૃષ્ટિમાં પણ આવી સુંદરતા જોઈ ન હતી !

આમ્રપાલી ત્યાં એ રથમાં અત્યંત શાંત રીતે બેઠી હતી !

દૂરથી જોનારને લાગે કે કોઈ શિલ્પી પ્રતિમા જાણે ત્યાં બેઠી છે !

રાજા બિંબિસાર ત્યાં જોઈ જ રહ્યો. એક પળભર એ શ્રમણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌતમને, રાજગૃહને, મગધને, વૈશાલીને, બધાને જાણે ભૂલી જ ગયો.

એની માનસસૃષ્ટિમાં કેવળ એ એક અદ્‌ભુત સ્ત્રી રમી રહી! એ અનિમેષ નેને એ સૌન્દર્યની રેખાએ રેખા જાણે પી રહ્યો! પોતાની જાતને કોઈક સૌન્દર્યસાગરમાં એ ખોઈ નાખવા માગતો હતો, એને ક્યાંક ક્યાંય—ક્યાં એ તો એ પોતે પણ જાણતો ન હતો,— પોતાનું પોતાપણું ગુમાવી દેવું હતું, એ ક્યાંક આજે એણે જોયું અને એ એમાં ક્ષણભર લીન થઈ ગયો. પણ જ્યાં એણે ગોપાલને કાંઈક પૂછવા માટે પોતાની ડોક પાછી ફેરવી ત્યાં કોઈ ભયંકર સર્પને જોઈને માણસ જેમ છળી પડે તેમ એ છળી પડ્યો.

એની પાછળ હમણાં જ આવીને ઊભા રહી ગયા હોય તેમ બે માણસો ઊભા હતા.

અને એ બન્ને જણા જાણે એની દરેકે દરેક હિલચાલને નીરખી રહ્યા હોય તેમ એમની દૃષ્ટિમાંથી એક પ્રકારની તીક્ષ્ણ વેધકતા પ્રગટતી હતી.

રાજા બિંબિસાર એમને આંહીં જોતાં જ છળી ગયો.

વર્ષકાર મહાઅમાત્ય અને અજાતશત્રુ ત્યાં ઊભા હતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૩. બે ખેલાડી

વર્ષકાર અને અજાતશત્રુને જોતાં જ, રાજા બિંબિસાર એક પળભર જાણે પોતે અપરાધી હોય તેમ ક્ષોભ પામી ગયો.

રાજાને કાનમાં હમેશાં એક અદૃશ્ય ધ્વનિ સંભળાયા કરતો હતો.

દૂર દૂરના ભૂતકાળમાં એની નજર ઠરતી અને એ છાનો અવાજ સાંભળતાં એ છળી ઊઠતો.

પેલા મહાન જ્યોતિર્ધર જ્યોતિષજ્ઞે એ વખતે એને શું કહ્યું હતું ?

"આ કુમારનું વીરત્વ અદ્ભુત હશે. એનું તેજ અદ્વિતીય હશે. એ 'દેવાનુપ્રિય'[1] પણ થશે. [2]કાશ્યપપુરથી તામ્રલિપ્તિ સુધી એની હાક વાગશે. એ આર્યાવર્તને આર્યાવર્ત બનાવશે. ભવિષ્યના કોઈ મહાન સામ્રાજ્યની મહાન નગરીનો પાયો એને હાથે નખાશે. . . માત્ર એની તેજસ્વિતા એ ભયંકર તેજસ્વિતા હશે. એ પિતૃઘાતક થશે. એ પિતૃ-હત્યા કરશે. એટલું જ નહિ એનો આ લોહીગુણ એક પેઢી નહિ, બે પેઢી નહિ, ત્રણ પેઢી નહિ, ચાર પેઢી નહિ, પાંચ પાંચ પેઢી ચાલશે, અને છેવટે એ ગુણને લીધે મગધરાજ[3] પડશે.'

---

૧. Political History of Ancient India. અજાતશત્રુએ આ ખિતાબ ધારણ કરેલો. ૨. કાશ્મીર.

૩. અજાતશત્રુએ રાજા બિંબિસારને હણ્યો. અજાતશત્રુને એ જ પ્રમાણે એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા બિંબિસારના કાનમાં જ્યોતિષજ્ઞના આ ગંભીર શબ્દના ભણકારા જાણે હમેશાં વાગતા હતા.

ઊઠતાં, બેસતાં, જાગતાં, ચાલતાં રાજાને આ ચિંતા હતી. એ પોતાના મહાન તેજસ્વી પુત્રને પિતૃઘાતથી ઉગારી લેવા માગતો હતો, એને એ દોષથી મુક્ત રાખવા માગતો હતો, મગધને નિષ્કલંક રાખવા મથતો હતો.

તેણે એ માટે અનેક ઉપાયો ચિંતવ્યા. અજાતશત્રુ શા માટે પિતૃહત્યા કરવા પ્રેરાય? એ વિચાર કરી રહ્યો.

કારણ કે એને રાજનો મોહ થાય, સત્તાનો શોખ થાય, એની આજ્ઞાને પહેલાને બદલે બીજું સ્થાન અપાય. એ એને ન ગમે. બિંબિસારે એને યુવરાજ ઠરાવ્યો. બધી સત્તા એને સોંપી દીધી. એનો શબ્દ રાજમાં સર્વોપરી બનાવ્યો. એ પોતે નામનો રાજા થઈ ગયો. એ રાજા રહ્યો, પણ રાજ વિનાનો.

એણે અજાતશત્રુના શબ્દને રાજઆજ્ઞા જેવો સર્વોપરી બનાવી દીધો. એને પૂછ્યા વિના પાણી પણ ન પિવાય એવું કરી દીધું. પોતે જાણે કાંઈ ન હોય, તેમ શાંત, વિનમ્ર, શ્રમણ ગૌતમના કોઈ ભિખ્ખુના જેવો અત્યંત વિનમ્ર બની ગયો.

છતાં કોણ જાણે કેમ હજી એ પોતાના યુવરાજને સંતોષી શકતો ન હતો.

એનું ચાલે તો એ શ્રમણ ગૌતમના સંઘમાં જ ભળી જાય, ભિખ્ખુ બની જાય. એક વખત એ વિચાર પણ એને આવી ગયેલો.

પણ વર્ષકારે એને કહ્યું હતું કે એ રસ્તે મહારાજ જાય એટલી

પુત્ર ઉદયભદ્રે હણ્યો. ઉદયભદ્રને એના પુત્ર મહામુંડે હણ્યો. મહામુંડને અનુરુદ્ધે. અનુરુદ્ધને નાગદાસે. પછી લોકોએ આવા પિતૃઘાતક વંશની સમાપ્તિ કરી. ઘણા પ્રસિદ્ધ મધ્યકાલીન રાજવંશોમાં આવો બળવો ચાલ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ વાર છે—આંહીં મગધનું રાજ પણ નહિ હોય, ને મગધરાજ પણ નહિ હોય! મગધને ખાતર એણે રાજા રહેવાનું હતું. અને એ જ મગધને ખાતર એને રાજા રહેવાનું ન પણ હતું. કેવી વિચિત્ર પરિસ્થિતિ?

અત્યારે વર્ષકારને અને અજાતશત્રુને બન્નેને આમ અચાનક આવેલા જોઈને રાજા બિંબિસારને થયું કે પોતે આમને ન કહેવરાવ્યું તે ઠીક નથી થયું. એ ભૂલ કરી બેઠો છે. પોતે શ્રમણ ગૌતમને આંહીંથી વૈશાલી જવાની હા પાડી, એમાં કાંઈ અયોગ્ય તો ન હતું, છતાં એટલી વાત પણ યુવરાજને કાને નાખવી રહી ગઈ તે ઠીક ન હતું. તેણે ગોપાલની સામે જોયું. ગોપાલ એનો ભાવાર્થ સમજી ગયો. મહા વિચિત્ર અને વિચક્ષણ વર્ષકાર તરફ ગોપાલે દૃષ્ટિ કરી. પોતાની ધોળી લાંબી દાઢી ઉપર હાથ ફેરવતો બ્રાહ્મણ મંત્રી મનમાં કાંઈક વિચાર કરી રહેલો જણાયો. તેણે ગોપાલને અચાનક જ પૂછ્યું:

'આ શિખામણ તેં આપી હશે, ગોપાલ?'

'કઈ શિખામણ?'

'મહારાજ પોતે, શ્રમણ ગૌતમને આંહીં સુધી વળાવવા આવે ....એ...'

'મેં નથી આપી મંત્રીશ્રેષ્ઠ! મહારાજની આર્યતા એને માટે જવાબદાર છે!'

ગોપાલના જવાબે વર્ષકારને મૂંગો બનાવી દીધો. પણ બીજાનું ધ્યાન ખેંચાય છે એ જોતાં એ મહારાજની નજીક સર્યો. એના કાનમાં એણે કાંઈક કહ્યું, અને મહારાજ ચોંકી ઊઠયા!

'હેં! ખરેખર? વર્ષકાર?' મહારાજ બોલી ઊઠયા.

કુમાર અજાતશત્રુએ તરત જરાક ઊંચા સ્વરે કહ્યું: 'મહારાજ! શ્રમણ ગૌતમે અનેકને ઘરબાર વિનાના કર્યા છે. આપણને એ રાજવિહોણા કરે એમ તમે ઈચ્છી રહ્યા છો? તમારે તમારા પુત્રો માટે શું રાજ નથી રહેવા દેવું?'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા બિંબિસાર અજાતશત્રુની નજીક સર્યો. તેના ખભા ઉપર તેણે પ્રેમથી હાથ મૂકયો. અત્યંત ધીમી પ્રેમવાણીથી તે બોલ્યો: 'બેટા! તારા જેવા તેજસ્વી પુત્રને કોઈ નહિ, ને હું પિતા થઈ ને, રાજવિહોણો બનાવીશ એમ? એ કદાપિ બને? બેટા! તને આવી કુશંકા આવી કયાંથી?'

પિતાપુત્રની વિશ્રંભકથા શરૂ થાય છે એ જોઈ ને ગોપાલ જરાક આઘો ખસી ગયો.

'કુશંકા ન આવે પિતાજી?' અજાતશત્રુ બોલ્યો: અને પછી ગોપાલ સાંભળે નહિ એવા અત્યંત ધીમે સ્વરે, માત્ર રાજા સાંભળે તેમ, તેણે કહ્યું: 'તમને મહાઅમાત્યે જે કહ્યું છે તે બરાબર છે મહારાજ! તમે એ જમીન ઉપર લિચ્છવીઓને ઊતરવા દીધા છે, જેની એક તસુ પણ, ખરી રીતે એમને જોવા માટે છે જ નહિ. હવે એમને તત્કાલ વિદાય આપો. ભલે એ શ્રમણ ગૌતમને પોતાને ત્યાં રાખીને બધાય કાષાય વસ્ત્રધારી બનતા. કેમ મહાઅમાત્યજી?'

'એ તો ઠીક છે.' વર્ષકારે વધુ પાસે સરતાં કહ્યું. 'આપણે હજી કાંઈ શરૂ કરેલ નથી. પણ આ સ્થળ તો અદશ્ય જ સારું.' રાજા, યુવરાજ ને મંત્રીશ્વર થોડી વાર સુધી કાંઈક વાતો કરતા ત્યાં ઊભા રહ્યા. ગોપાલને એમાંથી કાંઈ સંભળાયું નહિ. પણ એને લાગ્યું કે લિચ્છવીઓની નૌકાઓ વિષે મહાઅમાત્ય કાંઈક કહી રહ્યો હતો.

એટલીવારમાં શ્રમણ ગૌતમનો ભિખ્ખુસંઘ નૌકાઓમાં ગોઠવાઈ રહ્યો હતો.

છેલ્લે શ્રમણ ગૌતમ એક જ રહેલ છે, એ જોઈ ને રાજા બિંબિસાર, ગોપાલ, વર્ષકાર બધા વિદાયમાન આપવા માટે એ તરફ ગયા.

અજાતશત્રુ, ચારે તરફ નજર ફેરવતો ત્યાં ને ત્યાં ઊભો રહ્યો. એને લિચ્છવીઓની નૌકાઓ જોઈ ને કંઈનું કંઈ થઈ જતું હતું. જે જમીન ઉપર ભવિષ્યની મહાન નગરી રચાવાની યોજના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડાઈ રહી હતી, તે જમીન ઉપર લિચ્છવીઓએ પગ મૂક્યા તે એને ગમ્યું ન હતું. એનું ચાલે તો જેમ કપિલવસ્તુમાં, પ્રસેનજીત રાજાનો કુમાર વિડુડ્ભ આવ્યો, ત્યારે જેટલી જમીનમાં એ બેઠો હતો, ફર્યો હતો, તે બધી જમીન શાક્યોએ દૂધથી ધોવરાવી કાઢી હતી, તેમ લિચ્છવી સ્પર્શની આ બધી જમીનને, એ પણ, દૂધથી ધોવરાવી કાઢે ! એને લિચ્છવીઓ પ્રત્યે એટલી ઘૃણા હતી. એ બ્રાહ્મણદ્વેષીઓને હણીને એક વખત તો આર્યાવર્તમાં એકચક્રી મહા સામ્રાજ્ય સ્થાપવાની એને મહેચ્છા હતી. પણ એનો પરાક્રમી સ્વભાવ સ્થિરતા ધારે તે પહેલાં ભભૂકી ઊઠતો હતો. એને ઘા મારવાની ઉતાવળ હતી. એને તાત્કાલિક પરિણામ લાવવું હતું. એને વીજળીનો વેગ જોઈતો હતો. અને એવો જ ભયંકર વિનાશ પણ જોઈતો હતો. એ સમાધાનમાં માનતો નહિ. શત્રુને મૂળમાંથી ઉચ્છેદી નાખવાની એની રાજનીતિ હતી. વર્ષકાર મહાઅમાત્ય જેવાએ એ ઘડી હતી.

રાજા બિંબિસાર ને બધા શ્રમણ ગૌતમને વિદાય દઈને પાછા આવ્યા. એટલે તત્કાલ જ રાજાની સવારી પાછી લેવાની આજ્ઞા થઈ.

આ જમીન ઉપર કોઈ બહુવાર ફરકે એ વર્ષકારને ગમતી વાત ન હતી. લિચ્છવીઓની નૌકાઓ આવી એ એને બિલકુલ ગમ્યું ન હતું. તત્કાલ પાછા ફરવાની મહારાજે આજ્ઞા આપી દીધી. ગોપાલને એમાં કાંઈ સમજ પડી નહિ. એ પોતાની યોજનામાં પડ્યો હતો. રાજાને એ વૈશાલી લઈ જવા માગતો હતો. વર્ષકારની હાજરી એને ભયંકર જણાઈ, પણ એ પોતાની વાતને મનમાં ઘોળતો જ રહ્યો.

પહેલો મુકામ પડ્યો. પિતા અને પુત્રની વચ્ચે ત્યાં વધારે વાતચિત થઈ. અત્યાર સુધી અજાતશત્રુએ શાંતિ રાખી હતી. પણ એના સ્વભાવની ઉગ્રતા હવે બહાર આવતી હતી. ત્યાં એ વખતે શિબિરમાં કેવળ પિતા પુત્ર બે જ જણા હતા. ગોપાલ ને વર્ષકાર થોડે દૂર એક વૃક્ષ નીચે શિલા ઉપર બેઠા હતા. આજન્મ મિત્રો હોય તેમ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતોએ ચડયા હતા. પણ બ્રાહ્મણ મંત્રીને શંકા હતી કે ખંધા લિચ્છવીએ રાજાને ફરીને, એની જૂની સૌન્દર્ય અભીપ્સાનો પ્રવાસપંથ બતાવી દીધો લાગે છે. રળિયામણો અને મનોહર આમ્રપાલીનો રથ રાજાથી અજાણ્યો રહ્યો ન હતો. અને આમ્રપાલી પોતે? એ રૂપસાગરને જોયા પછી, રાજા બિંબિસાર ઘેલો થઈ ગયો ન હતો, એ જ એને નવાઈ લાગતી હતી. પોતે આવ્યો ત્યારે કાંઈક વાત થઈ રહી હતી. એ આમ્રપાલી વિષે જ હોવી જોઈએ. રાજાને એ જાણતો હતો. જવાની તક મળે તો રાજા બિંબિસાર વૈશાલી તરફ દોડયા વિના હવે ન જ રહે! સૌન્દર્ય એના લોહીમાંથી ઊભું થતું હતું. એ સુંદરતાનો જ એક કણ હતો. પૃથ્વીના કણેકણની સુંદરતાને જે રીતે એ જોઈ શકતો તે રીતે ભલભલા કવિઓ અને કલાકારો પણ જોઈ ન શકતા! સુંદર ફૂલ, સુંદર ઝરણ, સુંદર વૃક્ષ, સુંદર પંખી, સુંદર અભિનય, સુદર વાણી, અરે! કોઈક સુંદર પળ—રાજા બિંબિસાર જે રીતે આ સુંદરતાને અનુભવી શકતો, તે રીત એક અનોખી જ હતી. એ એની જ હતી. જો એ એ મગધનો રાજા ન હોત તો કવિ–કલાકારોનો રાજા થયો હોત. જો સાધુ થયો હોત તો સાધુતાને સુંદર બનાવી દેત. એ આત્મા જ જાણે સુંદરતાનો હતો, જેને કાંઈ અસુંદર ન ગમે. વાણીની જરાક કર્કશતા પણ જેને ઘાની જેમ વાગે! પણ એ ત્યાં સૌંદર્યમાં લીન થઈ જાય અથવા વૈશાલીમાં એ પકડાય, તો મગધને યુદ્ધે ચડવું પડેઃ અને અત્યારે મગધનો પરાજ્ય જ થાય.

ખંધા લિચ્છવીએ આવી રીતે આ વાત ઊભી કરી હોય તો ના નહિ. સિંહ ને એ બન્ને, આ બાબતમાં એક થઈ ગયા હોય. છેવટે તો એ લિચ્છવી હતો. રાજા કોણ જાણે કેમ એને અંગત મિત્ર માનતો. પણ એટલું પોતાને વધારે જાગ્રત રહેવાનું હતું, નહિતર મગધ સૂતું પડે તેમ હતું!

એ વિષે જ એ વિચાર કરી રહ્યો હતો. પણ વર્ષકારને જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત જાણતી હતી, તે જ વાત બંધા લિચ્છવીને છુપાવવી હતી. એટલે બન્ને જણા વાતો કરતા હતા, પણ વાત ન કરતા હતા. એમાં કેવળ પાણી–વલોણું થઈ રહ્યું હતું. બન્ને એકબીજાને જાણવા માટે મથી રહ્યા હતા.

જ્યારે આ તરફ ગોપાલને સિંહનાયકનો એક સંદેશો મળી ગયો હતો. વૈશાલીનું એક મહામૂલ્યવાન રત્ન ખોટું પડી ગયું હતું. હવે એ નવી પરિસ્થિતિ ઊભી કરે, ત્યાં સુધી એને કોઈ સાથે લડાઈ કરવી ન હતી. ન તો મગધ સાથે, ન તો વત્સ સાથે, ન તો પ્રસેનજીત સાથે.

એટલે ગોપાલની નીતિ ફરી ગઈ હતી. મગધ, વૈશાલીને અત્યારે લડાઈમાં સંડોવે, તે તેને ગમતું ન હતું. પણ એને ભય હતો કે વર્ષકાર વૈશાલી પહોંચ્યો હતો. અને જો મંત્રીશ્વરે આ વાત જાણી હશે તો કોઈ પણ પ્રકારે એ લડાઈ જગવવાનો જ! એને મંત્રીશ્વરનો એ ભય હતો.

અજાતશત્રુ ને એ બન્ને દોડયા આવ્યા એનો અર્થ સ્પષ્ટ હતો. લિચ્છવીઓ ગંગાની આ પાર ઊતરી આવે તો એમને તરત પાછા ધકેલી દેવાની તૈયારી રાખવી. પણ લિચ્છવીઓ અત્યારે લડાઈના તાનમાં જ ન હતા. પણ એમનું નૌકાબળ એમને ઈર્ષા કરાવી ગયું લાગ્યું.

'પેલો મહાલી કેમ દેખાયો નહિ ગોપાલ? કે મેં જોયો નહિ?' વર્ષકારે સીધી વાતમાં અચાનક પૂછ્યું.

'મહાલી? હા, એ નજરે પડયો નથી.' ગોપાલે સંભાળથી જવાબ વાળ્યો: 'કદાચ મને લાગે છે, એ શ્રાવસ્તી ગયો હોવો જોઈએ. રાજા પ્રસેનજીતે બોલાવ્યો હોય!' ગોપાલને શંકા હતી તે જ વાત ઉપડી હતી. તે બોલીને મંત્રીશ્વરની સામે જોઈ રહ્યો.

'ત્યાં શું કરવા જાય?'

'બંધુલમલ્લ લિચ્છવીઓનું નાક કાપી ગયો છે. એ નાક હવે પાછું આપવા માટે હોય!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અરે! હોય કાંઈ?'

'હા હા! એમ જ!' ગોપાલ ખોટું હાસ્ય હસ્યો. 'મને એમ જ લાગે છે. એ ડોસો પ્રસેનજીત હજાર વેષ ભજવે તેવો છે. પહેલાં નાક કાપે. પછી નાક ચોડે. પણ હવે જે ચોડશે, એ તો *લાખનું જ તો! પણ એ રીતે ડોસો વખતે સમાધાનનો પંથ દૃઢ કરે!'

'થયું, તો તો પછી મગધ ને વૈશાલી એ જ મેદાનમાં રહ્યાં!' વર્ષકાર બોલ્યો.

'કેમ એમ બોલ્યા? યુવરાજને તો મામાની વાતે હથિયાર ખખડાવતા કરી મૂકયા છે એમ સંભળાય છે, એનું શું? મહારાજને રાત દિવસ એ ચિંતા પણ થઈ રહી છે.'

'કઈ વાતની?'

'તમારાથી વાત કાંઈ અજાણી હશે? મામા પ્રસેનજીતે કાશીનગરી આપતાં તો આપી, મહારાણીમાના સુગંધસ્નાન ખર્ચ માટે, પણ તે વખતે શ્રાવસ્તીમાં મહાકોશલરાજ જીવતા હતા. એટલે કુમાર પ્રસેનજીતે એનના ભાગ માટે કાંઈ વાંધો ઉઠાવ્યો નહિ હોય. પણ હવે એણે દિશા બદલી લાગે છે. એનું કહેવાનું છે કે તમે ત્યાંથી કાર્ષાપણ ઉઘરાવી લ્યો.. પણ સત્તા તો ત્યાં કોશલની જ રહે! મહારાજ ઉપર જ સંદેશો આવ્યો છે. તમને મહારાજે મોકલાવ્યો નહિ હોય?'

વર્ષકાર વિચારમાં પડી ગયો. લિચ્છવીઓનું નાક બંધુલમલ્લ કાપી આવ્યો, એમાંથી વખતે લડાઈ જાગે, તો પોતે એમાં સંડોવાય, માટે રાજા પ્રસેનજીતે વૈશાલીને રાજી રાખવા સારુ તો આ કર્યું ન હોય? નહિતર આજ આટલાં વર્ષે આ નવી વાત કયાંથી ફૂટી નીકળે? સ્નાન ખર્ચ માટે કાશી આપી તે આપી. એમાં શું? પોતાને આ સંદેશો હજી રાજાએ કહેવરાવ્યો ન હતો એ પણ સૂચક હતું. કાં એ

* લાખનાં કૃત્રિમ નાક તે વખતે વપરાતાં એવો ઉલ્લેખ જાતકકથાઓમાં છે. વેષપલટામાં પણ એ બહુ ઉપયોગી નીવડતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાની શાંત થતી જતી પ્રકૃતિનું પહેલું મહત્ત્વનું પગલું હોય, કે પછી રાજા પાછો પ્રેમસાગરને પંથે ચડ્યો હોય! નહિતર રાજા બિંબિસાર, લડાઈની અને પ્રેમની એ બે વાત કદી છુપાવે નહિ; ને કર્યા વિના રહે પણ નહિ! પણ ગોપાલે કહેલી આ વાત દેખાતી હતી તેના કરતાં વધારે ભયંકર હતી. એમાંથી તો વૈશાલી અને કોશલ એક બની જાય!

તેણે ગોપાલને કહ્યું: 'મહારાજે આ વાતનો જવાબ વાળ્યો છે?'

'ના. તમને પૂછ્યા વિના ક્યાંથી વાળ્યો હોય?'

'વાળવાનો છે?'

'મહારાજના મનમાં બેસવાનું ભાગ્ય મને મળ્યું નથી!' ગોપાલે કાંઈક ફરિયાદ જેવા અર્થમાં કહ્યું.

'જો ગોપાલ! તું મહારાજનો માત્ર મંત્રી નથી, મિત્ર પણ છે....તું મહારાજનું મન ન જાણે એ ન બને.'

ગોપાલ હસી પડ્યો: 'અરે! અરે! આમ ને આમ તમે મને ક્યાંક પાછો વૈશાલી ભેગો કરી દેશો..ને તમે જાણો છો કે ત્યાં હવે મને કોઈ સંઘરે તેમ નથી! એટલે હું તો નહિ આંહીંનો, નહિ ત્યાંનો, નહિ ક્યાંયનો!'

'ગોપાલ! મહારાજનું મન શું જણાય છે? આ તો જાણે આપણે સીધા લડાઈની સન્મુખ જ ઊભા હોઈએ એવી વાત થઈ રહી છે!'

'લાગે છે તો એવું..' ગોપાલે ઠંડો જવાબ દીધો.

આજે જ વર્ષકારે લિચ્છવીઓની સેંકડો નૌકાઓ જોઈ હતી. એમાં એક વખત લિચ્છવીઓ ગંગા પાર કરે, પછી એમને ગંગા પાર ધકેલતાં વર્ષો ચાલ્યાં જાય! મગધને લિચ્છવીઓ ઉપર હુમલો કરતાં વાર લાગે તેવું હતું. જ્યારે લિચ્છવીઓ તૈયાર જણાતા હતા. વખતે આ નવો ફણગો ગોપાલે ખાસ લિચ્છવીઓના રક્ષણ માટે પોતે ઊભો કર્યો હોય તો પણ ના નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષકારને લિચ્છવી મહા ખંધો લાગ્યો હતો. હવે તો એ ભયંકર જણાયો. બિંબિસારને, એ પ્રેમસાગરને કિનારે હાથે કરીને દોરી ગયો હતો, એ ચોક્કસ હતું. અને બિંબિસાર ને પ્રેમસાગર, બન્ને એક–બીજાને દેખી જાય, પછી એ એક બીજામાં ડૂબી જાય એ અનિવાર્ય હતું, જ્યારે આ બાજુ કાશીની આ વાત કોશલરાજે ઊભી કરી હતી. બિંબિસાર વૈશાલી પજે—ને યુવરાજ, કોશલ સાથે રણમાં ચડે, એટલે વૈશાલી નિરાંતે પોતાનો માર્ગ કાઢી લે!

ગોપાલની દૃષ્ટિ આ જણાતી હતી. અથવા પેલો મહાલી હવે ન હતો, માટે એને થોડો વખત થોભી જવામાં રસ હતો. વર્ષકાર પોતાની શ્વેત દાઢી પંપાળતો વિચાર કરી રહ્યો. લિચ્છવીને પોતાને, પોતાની જાળમાં કેમ ધકેલી દેવા, એ એને માટે મોટો કોયડો થઈ પડ્યો.

થોડીવાર પછી તેણે ગોપાલને કહ્યું: 'ગોપાલ! મગધ, કોશલ સાથે તો ગમે ત્યારે પતાવી લેશે, પણ આટલી બધી નૌકાઓ વૈશાલીની આજે જોઈ. એટલે મને લાગે છે કે તું વૈશાલી જા!'

'હું? હું શું કરવા?' ગોપાલના અવાજમાં જરાક ગભરાટ દેખાયો.

વર્ષકારને રસ્તો સ્પષ્ટ થતો જણાયો. મગધ લડાઈ કરવા માગે છે, આ વાત કહેવાથી જ લિચ્છવી બહાર આવશે.

'કોઈકે જવું તો પડશે નાં ગોપાલ? તને જોઈને લિચ્છવીઓ પણ સમજશે. તારી વાત વખતે એ વધુ માનશે. આપણે પેલા બંદરની વાત સ્પષ્ટ કરી નાખવી છે. કાશીની વાત પછી.. હું મહારાજને એ કહેવાનો છું. યુવરાજ એમાં સંમત છે. તું શું ધારે છે?'

'હું?... હું શું ધારું?' ગોપાલે સહેજ ક્ષોભથી કહ્યું: 'આપણે એકી સાથે બે રણક્ષેત્રો ઉઘાડવાં છે એમ? એમાં ડહાપણ છે? મહારાજ એમાં સંમત નહિ થાય. બે રણક્ષેત્ર કેમ પહોંચાય?'

'તું કેમ બે રણક્ષેત્ર કહે છે?'

'એક આ વૈશાલી સામે. બીજું કોશલ સામે. કાશીની વાત અંતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો રણક્ષેત્ર જ જગાડશે!'

'હા, એ ખરું. પણ વૈશાલીનું જે બળ આજે આપણે જોયું તે લાંબો વખત ઉપેક્ષા કરવા જેવું નથી!'

'લાંબો વખત . . . એ બરાબર,' ગોપાલ બોલ્યો. વર્ષકાર સાંભળી રહ્યો. લિચ્છવી મનને બહાર લાવી રહ્યો હતો. ગોપાલ આગળ બોલ્યો: 'લાંબો વખત ઉપેક્ષા ન કરાય. પણ બીજું રણક્ષેત્ર જાળવવું હોય, ત્યારે થોડો વખત એને જાળવી લેવાય. શ્રમણ ગૌતમે મહારાજના અનુમોદનની પૃચ્છા કરી. એમાં પથ્થરો નાખવાનો કાંઈ અર્થ ન હતો. તો બીજું કાંઈ નહિ, અત્યારે એક શુભેચ્છા ભરી હવા તો ઊભી થઈ છે!'

'એ તારી વાત બરાબર.'

ગોપાલ બોલ્યો: 'અને શ્રમણ ગૌતમ વૈશાલીથી શ્રાવસ્તી જશે, ત્યાં મલ્લિકા રાણી એક વાત ઇચ્છી રહી છે!'

'શું?'

'વત્સરાજ ઉદયનના બોધિકુમારની પેઠે, એનો પુત્ર વિડ્‌ડુભ ધન્ય જીવનની સ્પૃહા કરે. ભિખ્ખુ બને. એના કુલને તારે.'

'આ તારું અનુમાન છે ગોપાલ?'

'હા. પણ વસ્તુસ્થિતિ ઉપર બાંધેલું!'

'શી રીતે?'

'વૈશાલીમાં જનપદકલ્યાણીનો મહોત્સવ થાય છે. શ્રાવસ્તીમાં વિશાખા મિગાર માતાનો ઉત્સવ થાય છે. એક સ્થળે નારી સૌંદર્યનો ઉત્સવ છે. બીજે સ્થળે નારીના માતૃપદનો. એમાંથી ઘણું સમજાય તેવું છે. એટલે બધે અંશે શ્રાવસ્તી, શ્રમણગૌતમમય બનેલ છે કે એ શ્રાવસ્તી ભલે ગર્જના કરે. પણ લડવાના તાનમાં નથી. થોડો વખત વૈશાલીને સાચવી લઈએ, તો કાશી કોશલ આપણા ખોળામાં ન પડે?'

'પડે પડે . .' વર્ષકારને વાત હવે સ્પષ્ટ સમજાઈ ગઈ હતી. મગધ ન લડે. વૈશાલી શ્વાસ લઈ લ્યે, એ વાત જ ગોપાલના મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. પોતાને પણ એ જ જોઈતું હતું. જો કે બન્નેનાં દૃષ્ટિબિંદુ જુદાં હતાં, પણ વાત એક હતી.

'તો પછી એમ ન કરીએ? પણ મને તો એક બીજો મોટો ભય છે, મંત્રીરાજ!'

'શું?'

'યુવરાજ શાંત રહેશે?'

વર્ષકારે ભય બતાવ્યો: 'ના, હવે શાંત નહિ રહે. લિચ્છવીઓ આ પાર ઊતરી આવ્યા એ એને ગમ્યું નથી. આટલી બધી નૌકાઓ એની પાસે છે એ પણ ગમ્યું નથી!'

આમ ને આમ આ પાણીવલોણું કેટલો વખત ચાલત તે કહી શકાય તેમ ન હતું. કારણકે બન્ને સમજી ગયા હતા કે હમણાં એમાંથી એકે લડાઈમાં પડવા માગતા નથી.

પણ ગોપાલના મનમાં મુખ્યત્વે એક બીજી વાત રમતી હતી, બિંબિસાર રાજાને વૈશાલી બતાવવાની.

વર્ષકારને એ અટકાવવી હતી. પણ એ કેવળ એક રીતે જ અટકે. બળથી. અને તો પિતાપુત્રનું ઘર્ષણ જાગે. જે વધુ ભયંકર હતું.

ગોપાલને ખબર હતી કે આ વાત એક રીતે જ લાવી શકાશે: કાં પિતાપુત્રના ઘર્ષણને આગળ કરવાથી, કાં મહારાજ ભિખ્ખુ થવાના છે એ ભય બતાવવાથી.

મહારાજ ભિખ્ખુ થાય તો તરત મગધમાં આંતર વિગ્રહ જાગે. પછી તો શું થાય તે કહેવાય નહિ. પણ એ આંતરવિગ્રહનો જોઈએ તેવો લાભ અત્યારે વૈશાલી ઉઠાવી ન શકે. માટે ગોપાલ પણ હમણાં એ ન થાય તેમ ઈચ્છી રહ્યો હતો.

પણ બિંબિસાર રાજા જો એના જૂના પ્રેમપંથે પળે ને વૈશાલી જાય, તો વૈશાલી સાથે વખતે મીઠો સંબંધ સ્થાપે.

વખતે એમાંથી યુવરાજ અજાતશત્રુ જ ટળે. હલ્લ વિહલ્લ કે કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો ફાવે. એ જે થાય તે. પણ એ એક જ માર્ગ હતો.

એમની વાત હજી ચાલી હોત, પણ એમણે મહારાજના શિબિર-માંથી પરિચારકનો એમને બોલાવતો અવાજ સાંભળ્યો.

બન્ને તરત મહારાજના સાન્નિધ્યમાં જવા માટે ઊપડ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪. બે મુત્સદ્દીઓની વચ્ચે

બિંબિસાર રાજાની પાસે પહોંચતાં ત્યાં જે દૃશ્ય જોયું તેથી બન્ને જણા ચમકી ગયા.

ત્યાં રાજા બિંબિસાર બેઠો હતો. ખિન્ન, ઉદાસીન, રસ્તો સૂઝતો ન હોય તેવા કોઈ વ્યગ્ર આદમી સમો. એની સામે યુવરાજ ઊભો હતો. ઉગ્રતાથી ભભૂકતો, વેગથી થરથરતો, આવેશથી રાતોતાતો થતો. એણે તલવાર કાઢી ન હતી. પણ એની આસપાસની હવામાં તલવારો દેખાતી હતી !

વર્ષકાર તો એ દૃશ્ય જોતાં જ છળી ઊઠ્યો. 'અરે !' એને થઈ ગયું. 'આવી વાત છે ? આ શું ?'

પોતે જે દૃશ્ય અટકાવવા માટે મથી રહ્યો હતો, તે દૃશ્યને આંહીં આમ પ્રગટ થયેલું જોઈને એ ઘડીભર તો ક્ષોભ પામી ગયો.

પણ પછી તરત એને સાંભર્યું. ગોપાલ તેની સાથે હતો. એની દૃષ્ટિ ગોપાલ તરફ ગઈ.

ગોપાલ જે ઇચ્છી રહ્યો હતો તે આવ્યું હતું, એ વિચારથી વર્ષકાર આકુળવ્યાકુળ થઈ ગયો. ગોપાલને આ દૃશ્યનું જ કામ હતું. મગધને છિન્નભિન્ન કરવા માટે આ પળની તો એ રાહ જોઈ રહ્યો હતો. એને માટે તો એ અનેક વાતો ફેલાવતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે ખંધો લિચ્છવી આટલી વાતના કૌભાંડ ઉપર તો કંઈક ઈમારતો ઊભી કરી દે. એ વિચાર આવતાં જ વર્ષકાર એકદમ કુમાર તરફ ગયો: 'કુમાર! શું છે? શી વાત છે?' તેણે ઉતાવળે આજ્ઞાવાહી સ્વરે પૂછ્યું અને પછી તરત ધીમેથી માત્ર એ સાંભળે તેમ ઉમેર્યું: 'અરે! મહારાજ મહારાજ! તમને ખબર છે તમે શું કરી રહ્યા છો? આપણો મહાન દુશ્મન ગોપાલ આંહીં જ છે એ ભૂલી ગયા કે શું? હજી વખત છે, ત્યાં એકદમ વાત ફેરવી તોળો કુમાર! નહિતર આપણું કર્યું કારવ્યું ધૂળમાં જાશે.'

અજાતશત્રુને વર્ષકારના શબ્દોએ જાગ્રત તો કરી દીધો, પણ એણે લીધેલું પગલું એટલું આગળ પડતું હતું કે હવે તેમાંથી કેમ પાછું ખસાય તે જાણવું તેની શક્તિબહાર હતું.

પણ વર્ષકાર તરત તેની મદદે આવ્યો: 'મહાલી સેનાપતિ વૈશાલીમાં દેખાતો નથી. તમે એ તકનો લાભ લેવા માટે અધીરા બન્યા છો. તમે મને એ વાત કરી પણ હતી. પણ યુવરાજ કુમાર! આપણી રાજનીતિ અત્યારે એક જ. મહારાજ જે ઘડી આપે તે. આપણને એ પૂછાવે તો આપણે મતદર્શન આપવાનું–મહારાજ શું કહે છે? હમણાં આપણે વૈશાલીને નથી છોડવું એમ? કે છેડવું છે?'

અજાતશત્રુ વર્ષકારના વચનને પામી ગયો. તે થોડોક લેવાઈ ગયો. એટલામાં ગોપાલને પણ ત્યાં જોતાં એ એકદમ જ અરધો શાંત જેવો થઈ ગયો. જાણે કોઈ પળે વેગમાં જ ન હોય! એનું આ પરિવર્તન અજબનું હતું.

વર્ષકારે આંખની પ્રસન્નતાથી, યુવરાજને આ વેષપલટા માટે એક હજાર અભિનંદન આપી દીધા. પણ યુવરાજને ઉત્તર શોધી આપવાનું એને માથે જ હતું. એ એ સમજતો હતો. તેણે તરત ઉમેર્યું: 'તમે મહારાજને સ્પષ્ટ રીતે સમજાવ્યું કે તમે લડાઈમાં ઊતરશો તો પછી પાછી પાની નહિ કરો. તમે એ રંગ બતાવતા હતા. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુવરાજકુમાર ! હજી શ્રમણ ગૌતમ હમણાં જ ત્યાં ગયેલ છે. એણે મગધમાં કૈકને મૂંડી નાખ્યા છે. તમારા મગધ સેનાપતિઓ પણ તેમાંથી મુક્ત નથી. તમારાથી એ ક્યાં અજાણ્યું છે ? એ જ પ્રમાણે વૈશાલીમાં એ જશે, થોડા ભિખ્ખુ બનશે, કોને ખબર છે બંધુલમલ્લ ને મહાલી જેવા પણ ભિખ્ખુપંથે નહિ પળે ? તે પછી આપણે રણક્ષેત્ર જગાડવું, એ વધુ ઠીક છે. ગોપાલની આ વાત છે. મહારાજની વાત પણ આ જ છે નાં ?'

અજાતશત્રુ ધીમેથી બોલ્યો: 'હા, વાત તો એ જ છે, આ રહ્યા મહારાજ ! પૂછોને એમને ! કેમ મહારાજ ? તમારી આ વાત છે નાં ?'

બિંબિસારે અત્યંત શાંતિથી, પણ હૃદય ધ્રુજાવી નાખે તેવી વેદનાથી ધીમા શબ્દોમાં કહ્યું: 'વર્ષકાર ! અજાતશત્રુ કહે છે તે બરાબર છે ! મારો આ અભિપ્રાય છે. તેનો મત જુદો છે. પણ હવે તું છે, ગોપાલ છે, નક્કી કરો: "પહેલાં કોણ ? કોશલ કે વૈશાલી ?"

આવી કોઈ વાત ન હતી એ વર્ષકાર સમજી ગયો. અજાતશત્રુએ મહારાજને લિચ્છવીઓ આવી ગયા તે વિષે જ, વેગભરી વાણીમાં કાંઈક કહેલું હોવું જોઈએ. અજાતશત્રુ એ જાણતો હતો. રાજા બિંબિસારને ખબર હતી. ગોપાલ પણ ભુલાવામાં પડ્યો ન હતો. છતાં ઉપર ટપકે જાળવેલા આટલા તાત્કાલિક ફેરફારે, તરત માટે વાતાવરણને તો ફેરવી નાખ્યું ! જાણે પિતાપુત્ર વચ્ચે કોઈ ઘર્ષણ જ ન હોય તેવું કરી દીધું ! વર્ષકારને એ બતાવવું હતું.

'મહારાજ ! મને તો એક બીજી વાત પણ સૂઝી હતી. કહેવી કે નહિ, તે હું વિચાર કરતો હતો !' ગોપાળ બોલ્યો.

વર્ષકાર બહુ જ ધ્યાનથી એને સાંભળી રહ્યો. ગોપાલના હવે આવનારા શબ્દોમાં આંતરિક રણક્ષેત્રની ભયંકરતા હોવી જોઈએ, એ એ તરત જ સમજી ગયો. ત્યાં તો ગોપાલ બોલ્યો: 'મને થતું હતું, કે મહારાજને કહું. મહારાજ પોતે ભલે થોડા દિવસને માટે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત, વૈશાલીનું વાતાવરણ જાતે જોઈ આવે! એમાંથી જ ઘણું ઘણું મળશે!'

'મારો બેટો!' વર્ષકારના મનમાં ધ્રાસકો પડ્યો: 'આણે રાજાના મનની વાત કરી નાખીને, પાછા પિતાપુત્રને સામસામે તલવાર ખખડાવતા કરી મૂક્યા હતા. રાજા વૈશાલી જાય — એટલે કાં ખોવાઈ જાય, કાં અદૃશ્ય થઈ જાય. અને નહિતર છેવટે . . . . . .' વર્ષકાર ધ્રૂજી ગયો: 'આ . . . . હા! આ લિચ્છવીએ પંદર વર્ષે પણ પિતા–પુત્ર પાછા ફરીને લડે, અને ત્યાં સુધી સતત લડતા રહે, એવી એક ભયંકર સોનેરી જાળ ઊભી કરવા ધારી છે! રાજા ત્યાં જાય, કોને ખબર છે મોહમાં ન પડે? એટલે મગધમાં એક નવું ઘર્ષણ વધે . . અને એ એવું ભયંકર હોય કે ન પૂછો વાત. જનપદકલ્યાણીના શિશુઓ, અનેક ઠેકાણે રાજાઓ થઈ પડયા હતા. તેમ આંહીં દાવો કરતા આવે. તે સમજી ગયો. લિચ્છવીએ સોનેરી જાળ જ પાથરી દીધી હતી.

તેણે ઉતાવળે કહ્યું: 'જો ગોપાલ! તું ઉત્સાહી છે. પણ તું હાથે કરીને સિંહની બોડમાં હાથ નાખવાનું મહારાજને કહે છે એ તને ખબર છે? તારી બુદ્ધિ . . . . .'

'તદ્દન ઠેકાણે છે મંત્રીરાજ! ગોપાલ બોલતો નથી. બોલે છે તો પાછો હઠતો નથી. મહારાજનો એક વાળ વાંકો થાય તો તમારી તલવાર ને મારું માથું!'

'તારા કહેવાથી?'

'ના, મારા કહેવાથી નહિ પ્રભુ! વૈશાલીની તસુએ તસુ જમીનનો હું જાણકાર છું, એમ હોવાથી!'

'એટલે તું શું કહેવા માગે છે?' વર્ષકારને માણસ ઘણો ભયંકર જણાયો. એની આ વાત તો અજાતશત્રુને પણ લડાઈ માટે આકર્ષે!

'વાત તદ્દન સહેલી છે. મહારાજને વૈશાલી પહોંચાડવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવા માટે. જાળવવા માટે. પાછા લાવવા માટે. મહારાજનો એક વાળ ખરે, તો મારા ધડ ઉપરથી માથું ખડે ! બસ ?'

લિચ્છવીએ રાજા બિંબિસારની નાડ બરાબર પકડી લીધી હતી. તેને ખબર હતી. રાજાને પ્રેમસાગરના કિનારા ઉપર પહોંચાડયો હતો. હવે એ સાગરની મુસાફરી વિના પાછો ફરે તે અશકય હતું ! રાજાના સ્વભાવની એને ખબર હતી.

બીજાનું ગમે તે હો — રાજા બિંબિસાર તો પ્રેમપંથનો મહાન મુસાફર હતો.

તે જેમ લડાઈમાં ખોવાઈ જતો, તેમ જ પ્રેમમાં પણ ખોવાઈ જતો ! એ લડાઈનો આત્મા હતો. પ્રેમનો આત્મા હતો. હમણાં હમણાં હવે નિર્મોહનો આત્મા થતો જતો હતો.

વર્ષકારે વાતને ડાંભવા માટે યત્ન કર્યો. 'વૈશાલી સાથે આપણે મૈત્રી નથી ગોપાલ ! તું એ જાણે છે. મહારાજ આંહીંથી ખસી શકે નહિ. આવું સાહસ તારા એકના શબ્દ ઉપર થઈ શકે નહિ. મહારાજની જવાબદારી ઘણી મોટી છે.'

ગોપાલ મોટેથી હસી પડયો. એનું હાસ્ય ભયંકર હતું. એમાં ઉપાલંભ હતો. ઉપેક્ષા હતી. બેપરવાઈ હતી. જાણે વાત એટલી સહેલી હતી — કે હસવા જેવી હતી, એવો ભાવ હતો.

'જુઓ મંત્રીરાજ !' તે શાંતિથી બોલ્યો: 'મહારાજ વૈશાલી જાય. ધોળે દિવસે જાય. સૌના દેખતાં જાય. અને છતાં મહારાજને કોઈ જુએ નહિ, કોઈ ટોકે નહિ, કોઈ રોકે નહિ, કોઈ પૂછે નહિ, કોઈ જાણે નહિ . . . તો કેમ ?'

'પણ મહારાજને વૈશાલી જઈને કરવું શું ?'

'વૈશાલી જઈને કરવું શું ? અરે ! ત્યાં તો હજાર વાત કરવા જેવી હશે. પણ છતાં રહો. હું શું જાણું શું કરવું ? એ વાત મહારાજ જ જાણે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિંબિસાર બોલ્યો: 'ગોપાલ કહે છે તેમ થતું હોય વર્ષકાર ! તો ખોટું નથી. આપણે વૈશાલી ઘણા વખતથી જોયું નથી. વહેલે મોડે એની સાથે ઘર્ષણ તો અનિવાર્ય છે. જાણ્યું હશે — તો મારે નહિ ને તમારે — પણ કોઈકને ખપમાં આવશે. આવું પ્રત્યક્ષ જાણવાનું મળે ક્યાંથી ? પણ ગોપાલ શી રીતે વાત કહે છે તે હજી હું બરાબર સમજ્યો નથી !'

'વાત સાવ સહેલી છે મહારાજ !' ગોપાલ બોલ્યો: 'હું એક જ આ વાત જાણું છું એટલે હિમ્મત કરું છું. બીજું કોઈ એ જાણતું નથી. ખુદ સિંહનાયકને પણ એ ખબર નથી. વૈશાલી બહારથી થોડે દૂરથી, એક રાજમાર્ગ અંદર જાય છે! આ રાજમાર્ગ ભૂગર્ભમાં છે. હજી કોઈએ એ દેખ્યો નથી. કોઈએ જાણ્યો નથી !'

'હેં ! ખરેખર ?' અજાતશત્રુ અચાનક બોલી ઊઠ્યો. તેને ગોપાલની વાતનું આકર્ષણ થઈ ગયું.

ગોપાલે એક વિજયી સ્મિત વર્ષકાર તરફ ફેંક્યું. વર્ષકાર શાંત ઊભો હતો. લિચ્છવીએ ભારે જાળ પાથરી હતી.

'તમે પણ ચાલો યુવરાજ !'

'એ વાત જવા દે ગોપાલ !' બિંબિસારે કહ્યું. 'આપણે બસ છીએ.'

ગોપાલ મનમાં હસી રહ્યો. પિતાપુત્રને, એકબીજાનાં માથાં કાપી નાખે તેવા વાતાવરણમાં પણ મૂકી શકાય તેમ છે. વર્ષકાર મહાઅમાત્ય ગોપાલની ભયંકર જાળને પામી ગયો. એ છેદવા જતાં હવે તો જબરજસ્ત ગેરસમજણ થાય તેમ હતી.

લિચ્છવીઓની નગરીનો અને વધુ તો એની જનપદકલ્યાણીનો સૌન્દર્યસાગર એણે મહારાજ માટે ઊભો કરી દીધો હતો. તો કુમાર માટે, તદ્દન સહેલી જીતનો ખ્યાલ ઊભો કર્યો હતો. એ આગળ વધ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મહારાજ! આ રાજમાર્ગે આપણે નિરાંતે ઘોડાં લઈ જઈએ* આખી નગરી જોઈએ. ઠેકાણે ઠેકાણે ફરીએ. પુષ્કરિણીઓ દેખીએ. નીલપદ્મભવન નિહાળીએ . . . સપ્તભૂમિપ્રાસાદ દેખીએ . . .'

'ગોપાલ!' વર્ષકારે અચાનક અવાજ ફેરવીને કહ્યું.

પણ ગોપાલ જાણે એ જાણતો હોય તેમ શાંત જ રહ્યો. એને વિશ્વાસ હતો. બિંબિસાર રાજાને વૈશાલી લઈ જ જવાનો છે—અને એ આવવાનો છે. આ બ્રાહ્મણશ્રેષ્ઠ ભલે ગમે તેટલી વિરુદ્ધ વાત કરે.

'ગોપાલ! મહારાજ મગધરાજના અને યુવરાજના સાન્નિધ્યમાં આવી વાત હવે કોઈ ન કરે એવી રાજાજ્ઞા છે તે તને ખબર લાગતી નથી!'

'મને ખબર છે પ્રભુ! . . .'

'તો પછી?'

ગોપાલે બિંબિસાર સામે જોયું. રાજાના મનમાં ઊભી થયેલી ગડભાંગ તેણે જોઈ લીધી. રાજા એને પાછળથી બોલાવવાનો જ છે—તે સમજી ગયો. તેણે બે હાથ જોડયા: 'ત્યારે મહારાજ! હું રજા લઉં? મહામંત્રીને આ વાત ગમતી નથી!'

એના મનમાં હતું કે એ અત્યારે ખસી જશે તો કાં પિતાપુત્ર લડી પડશે!

અથવા અમાત્ય અને રાજકુમાર લડશે. રાજકુમારને પણ ભૂગર્ભની વાત આકર્ષી ગઈ હતી. એને થતું હતું કે આ તો વૈશાલી સાથે લડાઈ કરવી એ છોકરાંની રમત છે! હાથમાંનું આમળું ખાવા જેવી વાત છે!

એટલે તેણે અત્યારે ખસી જવામાં પોતાનો વિજય દીઠો.

તે બે હાથ જોડીને રાજાને નમીને તરત જ બહાર નીકળી ગયો.

*Dulva પ્રમાણે તો ચાર અશ્વના રથની વાત છે. એટલો વિશાળ ભૂગર્ભ માર્ગ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫. છેવટે રાજા તે રાજા

રાજા, રાજપુત્ર અને મહાઅમાત્ય ત્રણ જણ ત્યાં રહ્યા. પણ લિચ્છવી કામ કરીને ગયો હતો. રાજા દ્વિધામાં હતો. એને વૈશાલી જવું હતું. ત્યાં જવા જેવું લાગ્યું હતું. એણે ઘણી લડાઈઓ કરી. હવે એ લડાઈમાં માનતો ન હતો. એને જીવનમાં કોઈક આધાર જોઈતો હતો. કોઈકની છાયા જોઈતી હતી. જ્યાં બધું ભૂલી જવાય તેવું કાંઈક એ શોધી રહ્યો હતો. અજાતશત્રુના મહત્ત્વાકાંક્ષી વિચારોથી એ ધ્રૂજતો હતો.

અજાતશત્રુને પણ ઘણી અસર થઈ ગઈ હતી. એને લાગ્યું કે વૈશાલી આમ જીતી લેવાય! ગોપાલ રસ્તો બતાવે તેટલી જ વાર! કાં તો મહાઅમાત્ય વર્ષકાર એ વાતને જાણી જોઈને લંબાવતો હોવો જોઈએ.

ખરી ચિંતા મહાઅમાત્ય વર્ષકારને હતી. તે વાત સમજી ગયો હતો. ગોપાલે એક જબરજસ્ત મિથ્યાભ્રમણા ઊભી કરી દીધી હતી.

હવે એની આસપાસ ત્રણે જણા ગમે તેમ ફરે, પણ એ સામ-સામે આથડે જ આથડે!

ગોપાલને તો દૂરથી માત્ર એ જોવાનું જ હતું.

રાજા બિંબિસાર છેવટે તો રાજા હતો. અને તે પણ જેવો તેવો રાજા ન હતો. વૈભવ, સૌન્દર્ય, પ્રેમ, જીવનરંગ એ બધાં હજી એનામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવંત હતાં. એ કુમારને સત્તા સોંપી દે. રાજ સોંપી દે. સમૃદ્ધિ સોંપી દે. પણ જીવનસૌન્દર્યની વાતમાં નમતું આપે એ અશક્ય હતું. સુંદરતા એતું જીવન હતું, બળ હતું, એ જ એનો આત્મા હતો.

જ્યારે આ તરફ અજાતશત્રુને સહેલી જીતનો લોભ લાગી ગયો હતો. તે ગોપાલ તરફ ઢળી પડે એવી સંભાવના હતી. રસ્તો કાઢવાનું વર્ષકાર માથે હતું. ગોપાલે તો પોતાનું કામ સાધી લીધું હતું.

એક ઘડીભર તો શું બોલવું તે ત્રણેમાંથી કોઈને સૂઝ્યું નહિ. રાજાએ છેવટે કહ્યું: 'વર્ષકાર! તને ગોપાલ વિષે મનમાં કાંઈ શંકા છે? આપણે એને ઘણી વખત નાણી જોયો છે. દરેક વખતે એ સુવર્ણ નીકળ્યો છે.'

'મહારાજ! શંકા કુશંકાની વાત નથી. આપણે ઉજ્જેનના ચંડપ્રદ્યોતની રમત ક્યાં જાણી નથી? શાક્યોએ પ્રસેનજીતને છેતરી લીધો અને આજે એના કાશી કોશલમાં એ જ મોટો પ્રશ્ન થઈ પડ્યો નથી? વિડુડ્ભનો પ્રશ્ન ત્યાં મોખરે નથી? આપણે ત્યાં એવો કોઈ ભયંકર પ્રશ્ન ઊભો કરવા માટે, આ લિચ્છવી ગોઠવણ કરી રહ્યો હોય તો? મહારાજ! મગધને આંતરઘર્ષણો તો હતું ન હતું કરી નાખે!'

અજાતશત્રુ વર્ષકારની વાતનું આવું ઊંડાણ સમજતાં ચમકી ગયો:

'એટલે લિચ્છવીએ ત્યાં મહારાજને રાખી લેવા એમ ગોઠવણ કરી હોય?' તે બોલ્યો.

'પણ ગોપાલ આવો તદ્દન રહસ્યભર્યો રસ્તો બતાવી દે છે તેનું શું?' બિંબિસાર બોલ્યો: 'તમે મથી મથીને મથશો, પણ એ વાત કોઈ દી નહિ પામો!'

'અને દગો હોય તો પણ — મૂડી ઉઘાડી નાખ્યા પછી એ શું કરવાનો હતો?' અજાતશત્રુ બોલ્યો.

'એનો દગો નથી મહારાજ! એની આ માયા છે! તમારા ઉપર મગધની જવાબદારી છે. તમે મહારાજ! મગધને ઘડ્યું છે. તમારે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંતરઘર્ષણ બન્ને પાર વિનાનાં છે. તમે હવે મગધ છોડી શકતા નથી.' અને પછી કાંઈક દૃઢતાથી પણ ધીમા અવાજથી વર્ષકાર મહારાજને સમજાવતો હોય તેમ બોલ્યો: 'ઉજ્જૈનની વાત ફરી ફરીને કરવા જેવો આ સમય નથી મહારાજ! તે સમય જુદો હતો.'

બિંબિસાર આ સ્પષ્ટ "ના"થી લેવાઈ ગયો. પોતે રાજા હતો, પણ નહિ જેવો. એને આમાં કાંઈ સમજાતું ન હતું, એણે હજારોનાં દળ દોર્યાં હતાં. સેંકડો સંગ્રામો ખેલ્યા હતા. એની પ્રેમવાર્તાઓ ભારતવર્ષની શ્રેષ્ઠ પ્રેમવાર્તાઓ બની ગઈ હતી. હજી એને એ વાતાવરણમાં સ્વર્ગની શોભા નજરે પડતી હતી. અને એ રાજા હતો — છતાં અત્યારે એ રાજા તરીકે વર્તવા માટે સ્વતંત્ર ન હતો — આ રાજ કેવું? આ શા માટે? વર્ષકાર કહે છે તેવું શું ફરી ગયું હતું? એણે તો સંબંધો બાંધી બાંધીને શાંતિ સ્થાપી હતી. આ એક વધુ સંબંધ હતો.. આમાં ખોટું શું હતું?

'મહારાજ! તમે વૈશાલી જશો એટલે નવો પ્રશ્ન ઊભો થશે ને થશે. એ પ્રશ્નનો સામનો કરવાનો આવશે. મારે કાંઈ નથી. તમારે કાંઈ નથી..' વર્ષકારે હાથ લાંબો કરીને અજાતશત્રુ તરફ અંગુલિ નિર્દેશ કર્યો: 'યુવરાજ કુમારને મગધ જાળવવું મુશ્કેલ થઈ પડશે. વૈશાલી જીતવાની વાત તો એક બાજુ રહી.'

ગોપાલે બતાવેલી સહેલી જીતની માયા અજાતશત્રુ છોડી શકતો ન હતો. તો વર્ષકારની દીર્ઘદૃષ્ટિ માટે એના મનમાં પ્રશ્ન રહ્યો ન હતો. તે વર્ષકારનું દૃષ્ટિબિંદુ સમજી ગયો. એક વધુ લિચ્છવી રાજવંશી ભવિષ્યમાં રાજમાં આવે — એટલે ભયંકર ઘર્ષણ ઊભું થાય ને થાય. ને તે વખતે લિચ્છવીઓ એને મદદ કરવા દોડે! ગોપાલની રમત હવે એના મનમાં આવી ગઈ હતી. છતાં મધઝરતી વાણીમાં ગોપાલે બતાવેલી સહેલી જીત, એના મનમાંથી હજી એકદમ બહાર નીકળતી ન હતી!

હજારોનું દળ વૈશાલીના ચોકમાં જઈને સીધું ઊભું રહે — એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકર્ષક વાત કોને ન ગમે ?

'બોલો કુમાર ! તમારે હવે કાંઈ કહેવાનું છે ?' વર્ષકારે યુવરાજને પૂછ્યું.

'તમે કહ્યું તે જ.' અજાતશત્રુએ જવાબ વાળ્યો : 'મહારાજ રાજગૃહ છોડી શકતા નથી. વૈશાલી જઈ શકતા નથી. એમને ઠીક પડે તો ભલે રાજગૃહમાં એક જનપદકલ્યાણી સ્થાપે !'

'એ તો સ્થાપી શકાય તેમ છે. શાલવતીના જેવી કોઈ સુંદરી મગધભરમાં નથી !'

'તો પછી મહારાજ રાજગૃહ છોડી શકતા નથી !' અજાતશત્રુ દૃઢતાથી બોલ્યો.

'પણ કોના કહેવાથી ? તમારા કહેવાથી ?' બિંબિસારના અવાજમાં રાજાનું મૂળ તેજ આવી ગયું. 'વર્ષકાર ! તું ભૂલી જાય છે. સહસ્રોનાં દળ દોરનારો એક વખત હું હતો. તમે નહિ. તમે તે વખતે ક્ષિતિજમાં ક્યાંય દેખાતા પણ ન હતા ! તમે કોને આજ્ઞા આપો છો ખબર છે ?'

'મહારાજ !' વર્ષકારે અવાજ બદલાવ્યો.

'હજી પણ દળ તમે દોરી શકો છો. પણ તમે ગમે તેટલા બળવાન હો, એક ચક્રી હો, સર્વ સત્તાધીશ હો, તમે મગધના કરતાં મહાન નથી મહારાજ ! અમારે મગધ ઊભું કરવું છે. તમારી પાસે પાંચ પચીસ વર્ષની વાત છે. અમારી પાસે તો એક સહસ્ર વર્ષની વાત છે. તમે જ્યાં લિચ્છવીઓને પ્રવેશ કરાવ્યો ત્યાં તો મહારાજ ! એક સહસ્ર વર્ષ ચક્રવર્તી થઈને રહે, તેવું નગર થવાનું છે. અમારા ભવ્ય સ્વપ્ન પાસે તમારી સૌન્દર્ય ઘેલછાનું કોઈ સ્થાન જ નથી. તમે મહારાજ ! રાજગૃહ છોડી શકતા નથી !'

'અને છોડું તો ?...'

'તો ?.. મહારાજ !....' વર્ષકારને શબ્દ મળ્યો નહિ.

પણ એટલામાં ભયંકર જણાતો અજાતશત્રુ વચ્ચે જ બોલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો : 'તો મહારાજ! તમારા માથા ઉપર માથું નહિ હોય. મગધ મહાન છે. તમે નહિ!...'

'અરે! અરે! અરે! કુમાર! મહારાજ! તમારાથી મગધ નહિ છોડાય!' વર્ષકાર કુમારના શબ્દથી છળી પડયો હતો. તેને ભયંકર નિર્માણનો પડછાયો દેખાઈ ગયો.

'હું છોડવાનો જ છું, વર્ષકાર!'

'તો મહારાજ! એક વાત નોંધી લો. વર્ષકારનું સ્વપ્નું અફળ થવા જન્મ્યું નથી. એ સ્વપ્ન અફળ જાય તો થઈ રહ્યું. પછી વર્ષકાર આહીં રહી શકતો નથી!'

'ત્યારે?'

'મહારાજ! મને પણ જલસમાધિ લેતાં આવડે છે. મહાન મગધ છે, તમે નહિ. મગધની મહત્તા લુપ્ત થઈ જાય, એવું પગલું મહારાજ ભરે, એની સાથે જ વર્ષકાર મંત્રીએ, પણ લુપ્ત જ થવાનું હોય. પછી તમને ઠીક પડે તેમ કરો. તમે ગમે તે પગલું લેવા સ્વતંત્ર છો!'

વર્ષકારની વાણીમાં ક્યાંય ઉગ્રતા ન હતી. આવેશ ન હતો. પણ એની મગધ પ્રત્યેની અથાગ પ્રીતિનો સચ્ચાઈભર્યો રણકો તેમાંથી ઊઠતો હતો.

મગધે જીવવું હોય તો એણે મારો શબ્દ સ્વીકાર્યે જ છૂટકો છે, એવો આત્મભાન ભર્યો, પણ દૃઢ શ્રદ્ધાથી ભરેલો વર્ષકારના શબ્દોનો રણકો, જાણે વાતાવરણમાંથી હજી ઊઠતો હતો.

બિંબિસાર રાજા વિચારમાં પડી ગયો. વર્ષકારને તે સારી રીતે જાણતો હતો. એ પોતાનું ધાર્યું કરવાનો જ. અને નહિતર દેહ પણ આપતાં પાછો ન પડે. એને જલસમાધિ લેતાં એક પળ પણ ન લાગે, એવી દૃઢ એની મગધપ્રીતિ હતી. મગધને મહાન બનાવવાના પ્રયત્નોમાં એણે જાતને હોમી દીધી હતી, અત્યારે એ બોલતો ન હતો. એની મગધપ્રીતિ બોલી રહી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ અત્યારે આ વાતને વધુ ન ખેંચવામાં સાર જોયો.

એટલામાં અજાતશત્રુ બોલ્યો: 'મહાઅમાત્યજી! વૈશાલી હું જઈશ. ગમે તે જોખમે ભલે હો. ગોપાલ સાચો છે કે ખોટો એ તરત ખબર પડી જશે! પછી કાંઈ વાંધો છે?'

વર્ષકાર અજાતશત્રુ સામે જોઈ રહ્યો. સહેલા વિજયની ગોપાલે લગાડેલી મોહિની કુમારના દિલમાંથી હજી નીકળી ગઈ ન હતી. તેને આ ભ્રમણા ભયંકર વિનિપાત કરનારી લાગી. વૈશાલીને નમાવતાં હજી તો દિવસે તારા દેખાશે, એ વાત જ મનમાં હોવાની જરૂર હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬. ગોપાલની યુક્તિ

બિંબિસાર રાજા વર્ષકારના શબ્દોથી ક્ષોભ પામી ગયો હતો. બ્રાહ્મણ મંત્રીની વાણીમાં રહેલો સચ્ચાઈનો પડઘો જોતાં વિચારમાં પડી ગયો હતો.

સૌ જોતા રહે ને વર્ષકાર જલસમાધિ લઈ લે એવી એની શક્તિ હતી. મગધના રાજ્યને મહાન બનાવવાની એની તાલાવેલી પાસે નમતું જોખ્યા વિના છૂટકો જ ન હતો. રાજાએ ધીમેથી કહ્યું: 'અજાતશત્રુ ! તારા શબ્દો મને મૂળમાંથી હલાવી નાખે છે. તું કહેશે તો હું વૈશાલી નહિ જાઉં. બસ ?'

'પણ આપણે જે કામ છે—તે માટે તો હું વૈશાલી જવા તૈયાર છું !'

'વર્ષકારે કહ્યું તે તેં સાંભળ્યું નથી ? આ તો હજી મહાન જોખમ છે. એ ખેડવું હોય તો મારે ખેડવું જોઈએ. હું તને જોખમમાં મોકલી શકું નહિ. મારું અંતઃકરણ મને પછી કોઈ દિ જંપવા ન દે !' બિંબિસારે પ્રેમભરી અત્યંત શાંત દૃઢતાથી કહ્યું.

'જુઓ કુમાર ! સામે કોણ છે તે સમજી લ્યો. સામે વૈશાલી છે. નર્યું લોહ. આપણે દિવસે તારા દેખવાના છે. માર્ગ, જે આપણે લીધો છે, તે એક જ માર્ગે રસ્તો નીકળશે. બીજી બધી ભ્રમણા નીકળવાની છે. છતાં હું ના પાડતો નથી. તમને અનુભવ મળશે. ભલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ કરો. મહારાજ શું કહે છે?'

'હું શું કહું વર્ષકાર? મેં તો કહ્યું. તું જાણે છે કે મેં મગધના રાજને વર્ષો સુધી ભોગવ્યું છે. હજી પણ હું ભોગવું છું. જે કામમાં સૌથી વધારે જોખમ જણાતું હોય, ત્યાં દોડવાનું મારે જ હોય. અજાતશત્રુને નહિ. હું રાજા આળસી શકતો નથી. તેમ હું પિતા ઊઠીને પહેલો પુત્રને જોખમમાં મૂકું? કુમાર જોખમ વહોરે ને હું બેઠો બેઠો જોયા કરું એમ? તો તો દુનિયા મારી તારી ને મગધની પણ હાંસી કરશે! જોખમ હોય તો તો એ વહોરવાનું મારે જ હોય. પણ જોખમ જેવુ આમાં છે શું? તને શા માટે જોખમ લાગે છે? આ રીતે તો કદાચ વૈશાલી ને મગધ વધારે નજીક ન આવે? લડાઈની હવા જ ઊડી જાય. એ વધારે સારું નહિ? તું વિચાર કરી જો! મારી તો આ નીતિ રહી છે.'

'મેં વિચાર કરીને જ વાત કરી છે મહારાજ! મગધ ને વૈશાલી એને માટે આ ધરતી નાની છે. અને મહારાજ અત્યારે ત્યાં જાય એમાં સો એ સો વાતનું જોખમ છે. પહેલાં તો ગોપાલ ઉપર એટલો બધો વિશ્વાસ ન મૂકાય. આપણે એને નાણી જોયો છે છતાં. બીજું આવો મહાન માર્ગ રેઢો પડ્યો હોય? તે સંભવિત છે? અને છતાં તમે ત્યાં પહોંચ્યા, તો તમે ત્યાં છો તે લિચ્છવીઓ જાણ્યા વિના રહેવાના? અને પછી વૈશાલી તમને છટકવા દે? છટકવા જ ન દે. તો લડાઈ અનિવાર્ય બને. એ લડાઈનું પરિણામ અત્યારે સ્પષ્ટ છે. મગધ ધરતી ઉપર ક્યાંય ન હોય. આપણે લડાઈ આપણે સમયે કરવાની છે, અત્યારે નહિ. હવે તમને ઠીક પડે તે કરો. મગધને તમારે ધરતી ઉપર રહેવા દેવું હોય તો રસ્તો મેં બતાવ્યો છે તે જ છે. બીજો કોઈ નથી.'

'અત્યારે આપણે આ વાત મૂકી જ દો વર્ષકાર! પછીની વાત પછી!'

'પણ હાથે કરીને આપણે કોઈ તક ગુમાવી તો નથી રહ્યા ને?' અજાતશત્રુ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મને એ ભય તો છે!' બિંબિસારે કહ્યું, 'પણ વર્ષકારનું મન માનતું નથી.'

પિતા પુત્ર બન્નેનાં વૈશાલી જવાનાં દૃષ્ટિબિંદુ જુદાં જુદાં હતાં. આ નીતિમાં રહેલો ગોપાલનો વિજય વર્ષકારને ખૂંચી રહ્યો.

વર્ષકારે વાતને અત્યારે જેમ હતી તેમ છોડી દેવામાં ઘર્ષણનો અંત જોયો.

તેણે કહ્યું: 'મહારાજ! આપણે નિર્ણય પછી લઈશું. ભલે!'

બીજે દિવસે મુકામ આગળ વધ્યો. ગોપાલે મહારાજ બિંબિસારના મિત્રનું પદ મેળવ્યું હતું. તે અમસ્તું ન હતું. મહારાજે જ એને વિશ્રંભવાર્તા માટે બોલાવ્યો.

ગોપાલ એ જાણતો જ હતો.

'ગોપાલ!' રાજા બિંબિસારે આતુરતાથી ગોપાલને જોતાં જ કહ્યું; 'તું ભણે ગોપાલ! પળ બે પળ માટે સારો મંત્રી છે એ વાત જ ભૂલી જા. એ પળને માટે તું સારો મિત્ર થઈ જા. મારું મન સમજી લે. મારી વાત જાણી લે. મને રસ્તો બતાવ. હું થાક્યો છું. મારે હવે આરામની જરૂર છે. હું કોઈક ઠેકાણે જંપી જવા માગું છું. જેમાંથી જાગ્રત ન થવાય એવું કોઈ સ્વપ્નું તારા ધ્યાનમાં છે ગોપાલ? હોય તો મને એ સ્વપ્નું દે ભાઈ! મારે બીજું કાંઈ જોઈતું નથી, મગધ ભલે અજાતશત્રુ લઈ લે, સત્તા ભલે વર્ષકાર લઈ લે, સમૃદ્ધિ તારે જોઈતી હોય તો તું લઈ લે. પણ મને તું એક અખંડ સ્વપ્નું દે!'

ગોપાલ રાજાની વાણી સાંભળી રહ્યો. રાજાની વેદનાની એને જાણ હતી. એ રૂપસાગરનો ઘેલો મુસાફર હતો. અને એ મહાન મુસાફરીના દરેક મુસાફરની પેઠે એના દિલમાંથી હવે રૂપની એવી એવી અશક્ય રૂપમૂર્તિઓ ઊભી થતી હતી કે કાં તો રાજાએ કવિતાને નોતરવી રહી. નહિતર ઘેલછાને બોલાવવી રહી. ત્રીજું કોઈ એની વાતને સમજે તેમ ન હતું. પણ કવિતા રાજા પાસે આવતી ન હતી. અને ઘેલા થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટેની એની તૈયારી ન હતી.

એટલે એ કોઈ રૂપરાણીની છાયામાં જાતને એવી રીતે મૂકી દેવા માગતો હતો કે ન એ આ સંસારનો રહે, ન સંસાર એનો રહે! ગોપાલ રાજાની મનોદશાને જાણતો હતો. યુવરાજ અજાતશત્રુની સત્તા–ઘેલછા ભૂલી જવા માટે પણ રાજાની પાસે આ એક જ માર્ગ હતો. એને હવે બધું ભૂલી જવું હતું. જાતને પણ ભૂલી જવી હતી. કેવળ કોઈ રૂપસાગરની તરંગમાળામાં તરીને એને સામે પાર જવું હતું. એની મનોવેદના કાં કોઈ સુંદરી, કાં કોઈ સાધુ—ત્રીજો કોઈ જ સમજી શકે તેમ ન હતું!

ગોપાલે ધીમેથી કહ્યું: 'મહારાજ! અનેક મંત્રીપદો મારી રાહ જોતાં બેઠાં છે. જ્યારે કેવળ મહારાજના મિત્રપદની હું રાહ જોઉં છું. તમારો મંત્રી નથી મહારાજ! મારે મંત્રી રહેવું પણ નથી. હું તો તમારો મિત્ર છું. આપણે જ ઉજ્જેન સાથે ગયા હતા તે મહારાજ ભૂલી ગયા?'

'આહા ગોપાલ! એ દિવસો યાદ આવે છે ને કાંઈનું થઈ જાય છે. કેવા એ દિવસો હતા? અને કેવાં એ માણસો હતાં? અને કેવો વૈભવ, કેવાં યુદ્ધ, કેવી સુંદરીઓ, કેવી વાતો! બધું જ જાણે સ્વપ્નું થઈ ગયું. સ્વપ્નું પણ ન રહ્યું ગોપાલ! ભણે મિત્ર! મારી વાત તું સાંભળ. આ મહત્ત્વાકાંક્ષી બ્રાહ્મણ એ સમજે તેમ નથી. યુવરાજ અજાતશત્રુ એમાં માને તેમ નથી. પણ તું મારો મિત્ર છે. બોલ, તું મિત્રની જેમ ઉત્તર આપવાનો છે?'

'હા મહારાજ! હું તમારો મિત્ર હતો. મિત્ર છું. મિત્ર રહેવાનો છું. મને પણ મહારાજ! હવે કંટાળો આવ્યો છે. આ તે શી વાત છે? લડાઈ, લડાઈ, ને લડાઈ!'

'શ્રમણ ગૌતમ બરાબર કહે છે, વૈરથી વૈર ન શમે. જો ગોપાલ! મગધને એક જ મહાન દુશ્મન છે. વૈશાલી. એ વૈશાલીને આપણે જીતી લઈએ એટલે પછી લડાઈ રહે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ના. તો પછી લડાઈ ન રહે!'

'ત્યારે એ માટે હું વૈશાલી આવવા માગું છું!' રાજાએ વાત કરી. જો કે દેખીતી રીતે જ એ પોતાની જાતને થોડી ઘણી છેતરી રહ્યો હતો. ગોપાલને એ વાતનું કાંઈ કામ ન હતું.

'મેં આજ દિવસ સુધી પ્રેમસંબંધો બાંધીને મગધને મજબૂત બનાવ્યું છે. વૈશાલીને જીતવાનો રસ્તો એ છે. પણ આ બ્રાહ્મણ મંત્રી એ વાત થવા દે તેમ નથી.' રાજા આગળ વધ્યો: 'અને યુવરાજ અજાતશત્રુ બ્રાહ્મણ આપે તેટલું પાણી પીએ છે!'

'પણ મહારાજ! એનો ઉપાય તો સાવ સહેલો છે!'

'શું?'

'મહારાજ! શ્રમણ ગૌતમના સંઘમાં ભિખ્ખુ થઈ જવાની વાત ઉપાડો. મહામંત્રી પણ ઠેકાણે આવી જશે. અને યુવરાજ પણ...'

ગોપાલ બોલીને રાજાની સામે જોઈ રહ્યો. રાજા, વૈશાલી આવવાના કારણને રાજનીતિના રંગથી રંગે, તો જ વર્ષકાર ને યુવરાજ વાંધો ન લે. માટે વાતને રાજા રાજનીતિનો રંગ આપી રહ્યો હતો. એનું અંદરનું મન તો પ્રેમઘટાની છાયામાં બેસી જવા માગતું હતું. ગોપાલની આ વાત નવા પ્રકારની હતી. રાજાને એ ગમી ગઈ.

'અલ્યા હા! ગોપાલ.. એ તારી વાત સાચી છે હો. અમસ્તું બધું છોડયું તો છે. આટલું વધારે.'

પણ ગોપાલને તો જાણવું હતું કે મગધ લડાઈ માટે ખરી રીતે તૈયાર છે કે તૈયાર નથી? વર્ષકાર માત્ર વાતો કરે છે કે લડાઈ લાવવાનો જ છે? અને બીજી વાત પણ હતી. દેશભરમાં અજાતશત્રુની કીર્તિ કડક રાજનીતિના પક્ષકાર તરીકેની સ્થપાઈ ચૂકી હતી. તે લડવૈયો હતો. તે પિતાને પણ, યુદ્ધક્ષેત્રનો પોતે સેનાપતિ હોય તેમ જ, વાતો કહેતો. મગધની આસપાસના તમામ રાજતંત્રો અને ગણતંત્રો એને રાજા થયેલો જોવા માટે રાજી ન હતાં. ગોપાલને તો બીજો પણ સંદેહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. કદાચ બિંબિસાર રાજા પોતે પણ મનમાં એને રાજ સજે તેમ ઇચ્છતો નહિ હોય. પણ મહાઅમાત્ય વર્ષકાર, મહા સેનાપતિ સુનીધ અને અજાતશત્રુ પોતે અને એની એક તદ્દન જ ગુપ્ત પણ ભયંકર સૈન્યશ્રેણી—એના સિંહવાદ સૈનિકો–જે સિંહનો પંજો મુદ્રાલેખ તરીકે રાખતા એ બધાના સમગ્રબળ પાસે બિંબિસાર અવશ જેવો બની ગયો હતો. એ ઘર્ષણ ટાળવા માગતો હતો. એને પોતાના ભાવિનો ભય હતો. દેશની અપકીર્તિનો ભય હતો. એટલે તેનું મન એક તરફ શ્રમણ ગૌતમ તરફ ઢળી રહ્યું હતું. તો બીજી તરફ કોઈ પ્રેમભરી ઘટામાં જાતને જ ભૂલી જવા મથતું હતું.

તે ઉત્સાહમાં આવી ગયો: ‘ગોપાલ! તારી આ વાત તદ્દન સાચી છે હો! અજાતશત્રુને બધું સોંપવાથી સંતોષ થતો નથી. બધું તજવાથી કદાચ થાય. મારે વૈશાલી પણ નથી જવું. મારે તો શ્રમણ ગૌતમના ભિખ્ખુ થઈ જવું છે!’

ગોપાલે ભયંકર કુનેહથી કહ્યું: ‘અને મહારાજ! શ્રમણગૌતમ હમણાં વૈશાલીમાં રહેશે એ વાત પણ અકસ્માત બની છે! એટલે આપણે વૈશાલી જઈ રહ્યા છીએ બસ.’

‘હા, એ વાત પણ અકસ્માત થઈ છે. બરાબર વૈશાલીમાં શ્રમણપંથી બનો કે બીજો બનો. ભિખ્ખુ માટે તો બધું સરખું છે. મારે ભિખ્ખુ થવું છે ગોપાલ! એ જ સાચી વાત છે! તેં એ ઠીક અત્યારે સંભારી દીધી!’

ગોપાલની બતાવેલ યુક્તિ રાજાને ગમી ગઈ હતી. એમાં વાત સ્પષ્ટ થતી ન હતી. તેમ જ અસ્પષ્ટ પણ કહેવાય તેવી ન હતી. પોતે બધું જ ત્યાગ કરવાની વાત કરે, એટલે કોઈને કાંઈ કહેવાનું હતું નહિ.

ગોપાલ સાથે થયેલી આ વિશ્રંભકથા પ્રમાણે રાજાએ એક રાતે મહામંત્રી વર્ષકારને અને અજાતશત્રુને બોલાવ્યા. અને આ વાત મૂકી. સાંભળીને બન્ને ઘડીભર ક્ષોભ પામી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭. પિતા અને પુત્ર

'**અજાતશત્રુ !** દીકરા ! તને ખબર નથી,' બિંબિસાર બોલ્યો: 'પણ આ મગધને મહાન ચક્રવર્તી બનાવવા માટે મેં પણ રાત-દિવસ યુદ્ધની જ વાતો કરી હતી. મારી પાછળ ચાલનારું સૈન્ય ભારતભરમાં અદ્વિતીય ગણાતું. આજે હવે એ બધાં સ્વપ્ન, બધી સમૃદ્ધિ, બધો વૈભવ, બધી વાતો, બધી શકયતાઓ, હું તને સોંપી દઉં છું. મારું પોતાનું કહેવાય તેવું કાંઈ જ હું રાખવા માગતો નથી. તું કેમ બોલતો નથી ? તને વાત ગમતી નથી ? વર્ષકાર ! તું પણ કેમ મૂંગો છે ? મેં તમને બન્નેને અત્યારે એ વાત કહેવા માટે જ બોલાવ્યા છે. આવતી કાલથી હું મગધપતિ નથી. રાજગૃહનો રાજા નથી. હું ભિખ્ખુ છું. શ્રમણ છું. શ્રમણ ગૌતમની વાત મને ગમે છે. હું એને શરણે જવા માગું છું. તમે મને અનુમતિ આપો !'

રાજાના શબ્દો સાંભળતાં બન્ને જણા એક પળભર વિચારમાં પડી ગયા. પોતે રાજાને જે કહ્યું હતું તેનો આ પ્રત્યાઘાત છે, એ સમજતાં વર્ષકારને વાર ન લાગી. પણ બિંબિસાર રાજા અત્યારે રાજગાદી ત્યાગે એટલે મગધની શી દશા થાય — ખાસ કરીને અજાતશત્રુની કેવી વલે થાય — એ તો એનાથી અજાણ્યું ન હતું.

એ સમજી ગયો. રાજાનો આ પ્રત્યાઘાત ગોપાલે પ્રેર્યો હોવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. એ ગમે તેમ હોય. પણ એને તો આમાંથી રસ્તો કાઢયે જ છૂટકો હતો. અજાતશત્રુ નવું:વર્ષણ ઊભું કરી દે — એ વસ્તુ અટકાવવાની હતી. રાજાને આ રસ્તો લેતાં અટકાવવાનો હતો, અને એ વૈશાલી ન જાય એ પણ જોવાનું હતું. તે વિચારમાં પડી ગયો.

'મહારાજ !' તેણે બે હાથ જોડયા: 'મગધ ચક્રવર્તીનું સ્વપ્ન અમારું નથી. એ તો તમારું છે. શ્રેષ્ઠ સેનાપતિનું બિરુદ તમારું છે. હમણાં તમે મહારાજ ! ભિખ્ખુપંથ સ્વીકારો, એનો અર્થ એટલો જ થાય કે મગધ હતું ન હતું થઈ જાય !'

'વર્ષકાર ! ભિખ્ખુપંથ સ્વીકારવાનું, કોઈ સમય ઉપર મુલતવી રખાય તેવું હોતું નથી. એ તો જ્યારે મન જાગ્યું . . ત્યારે જ એને રંગી નાખવાનું હોય. પછી તો એ મન છે. આપણને બનાવી જાય !'

'મહારાજ ! તમારી જ્ઞાનવાર્તા હું સમજું છું. પણ તમને ખબર છે તમે શું કરી રહ્યા છો ?'

'શું ?'

'તમે મગધને જ વિનાશને પથે દોરી રહ્યા છો. એ વાત સમજવા જેવી છે. વૈશાલી પડે તો મગધ એકલું, છેક ગાંધારથી તામ્રલિપ્તિ સુધી, અને શાકયોના કપિલવસ્તુથી વિંધ્ય સુધી, એક મહાન ચક્રવર્તી સત્તા સમાન બની જાય તેમ છે. એની આડે પછી માત્ર એક જ જણ રહે છે. અવંતીનો ચંડપ્રદ્યોત. એની વાત જોઈ લેવાય. તમે મહારાજ ! અમને સ્વપ્નું આપ્યું છે. એ સ્વપ્નું હવે અમે છોડી શકતા નથી. હવે તો કાં એ સ્વપ્નું પૂરું થવું જોઈએ, અથવા દેહ પડવો જોઈએ.'

વર્ષકારને ભિખ્ખુની વાત પણ માન્ય નથી. રાજાએ એ જોયું. હવે તો સાચી વેદનાકથા મહાઅમાત્યને કહેવાથી કદાચ કાંઈક વળે.

એણે ધીમેથી કહ્યું: 'વર્ષકાર ! આપણે વર્ષો સુધી આ સ્વપ્ન સાચવ્યું છે. એ સ્વપ્ન છિન્નભિન્ન થાય તેમ હું પણ ઈચ્છતો નથી !'

'તો તો મહારાજ ! અમે જે એક મહા પ્રયત્ન કરી રહ્યા છીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને સાથ આપો. સુનીધ સેનાપતિ ભયંકર શસ્ત્રો શોધે છે. એ શોધ પૂરી થાય પછી ભલે વૈશાલી લડવા આવે !'

રાજા આ વર્તમાનથી ચમકી ગયો. એને ઠેકાણે ઠેકાણે લોહીની નદીઓ વહેતી દેખાઈ. એને પોતાના ભાવિ કરતાં પણ વધુ ભયંકર ભાવિ, આ બ્રાહ્મણ મંત્રીની કલ્પનામાં રમતું દેખાયું. અને એમાં દેશો અને પ્રજાઓ સંડોવાતી દીઠી. બ્રાહ્મણની મહત્ત્વાકાંક્ષા યુવરાજ જેટલી જ ભયંકર હતી. તે ધ્રૂજી ગયો.

પણ એમાંથી કોઈજ માર્ગ ન હતો. બ્રાહ્મણ મંત્રી ઘણો મક્કમ હતો. કેવળ પોતે નિવૃત્તિ લઈ લે કે જાતને ક્યાંક ગુમાવી દે — એ સિવાય ત્રીજો કોઈ જ રસ્તો પોતાને માટે એને દેખાતો ન હતો.

'આમ વાત છે વર્ષકાર ! આ મને ખબર નથી !'

'મહારાજ ! કુમારની ઉગ્રતા એટલા માટે હતી. અમારો વૈશાલી ન જવાનો આગ્રહ આટલા માટે છે.'

એટલામાં બહાર કોલાહલ થયો. અજાતશત્રુનો ભયંકર હાથી રત્નપાલ છૂટો થયો હતો.

એ ઘોષણા થતાં જ અજાતશત્રુ ઉતાવળો બહાર દોડ્યો ગયો.

બિંબિસારે વર્ષકાર તરફ એક અર્થભરી દૃષ્ટિ નાખી. વર્ષો પહેલાંના વિશ્વાસુ મૈત્રી ભાવને ફરીને યાદ કરી રહ્યો હોય તેમ રાજા બોલ્યો : 'વર્ષકાર ! હું તને હવે સારી અંતરની વાત કહું. તને પેલી વાત સાંભરે છે ? આ દેશ ઉપર કેવું ભયંકર ભાવિ લટકે છે ? તું એ નથી જાણતો ? તું એ જાણે તો છે.' રાજાની વાણીમાં હવે વેદના હતી. જે વાત આવવાની હતી, તેનો ઘેરો કાળો પડછાયો જાણે એને દેખાતો હતો.

વર્ષકાર રાજાની વેદના વાણી સાંભળી રહ્યો. જે મહાન રાજા બિંબિસારે, હજારોનાં દળ દોર્યાં હતાં તેને આવી વેદના વાણી બોલતો સાંભળવો એ દૃશ્ય હૃદય હલાવી દે તેવું હતું.

વર્ષકાર, એક ઘડીભર રાજાની વાણીથી દ્રવી ગયો. તે બોલ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના મૂંગો મૂંગો સાંભળી રહ્યો.

'આંહીં જરાક નજીક આવ વર્ષકાર! મારે તને મારી પોતાની વાત હવે કહેવી છે! એ બીજા કોઈ માટે નથી.'

વર્ષકાર તેની વધુ પાસે ગયો.

વર્ષકાર રાજાની સામે જોઈ રહ્યો. રાજાના દિલમાં વર્ષોજૂની વાતની યાદ આવી ગઈ હતી.

'વર્ષકાર! તું ભૂલી ગયો? આ કુમાર અજાતશત્રુ શું મારો દુશ્મન છે? હું એને મગધરાજના મહા સ્વપ્નમાં મદદ કરવા કેમ ન દોડું? પણ તારાથી ક્યાં અજાણ્યું છે? તને ખબર છે હું હવે મગધમાં હોઉં એમાં આપણા કોઈ માટે સારી વાત નથી!'

'મહારાજ! કુમાર આપણા હાથમાં છે..'

'તારા હાથમાં હશે. એમ વાત દેખાય છે ખરી, વર્ષકાર! પણ એના લોહીનો બળવો હું જોઈ શકું છું. આંહીં જ તેં એક દૃશ્ય ન જોયું? સારું થયું તે તેં ફેરવી તોળાવ્યું, નહિતર દેશભરમાં અત્યારે એની અપકીર્તિ થઈ ગઈ હોત. કોશલનો પ્રસેનજિત જ એનો પહેલો લાભ ઉઠાવત. એની પાછળ વૈશાલી દોડત. વત્સ દોડત. અવંતી દોડત. અને બીજું કોણ ન દોડત? મગધ જેવું રાજ વહેંચવા માટે કોણ ન દોડે? અજાતશત્રુ જો નિષ્કલંક રહી જાય, મગધદેશ પણ એક આ મહાદોષમાંથી ઊગરી જાય, તો એટલું જ હવે ઘણું છે, વર્ષકાર! હું હવે જાઉં—ગમે ત્યાં જાઉં. જાતને ભૂલી જવા માટે નીકળી પડું. એ એક જ રસ્તો મગધને ઉગારવાનો છે. અજાતશત્રુને નિષ્કલંક રાખવા માટેનો છે. મહા સતી વૈદેહીને બચાવવાનો એ માર્ગ છે. અત્યાર સુધી તેં મને ઘણું કહ્યું—પણ હું તને શું કહું? મારે જે કહેવાનું હતું એ તને એકને જ કહેવાનું હતું. નિર્માણના આજ્ઞાવાહી ઘોષથી ઉચ્ચારેલો જ્યોતિષાચાર્યનો શબ્દ હજી ગગનમાંથી જાણે આવી રહ્યો છે. તું એ સાંભળે છે? ના, તું એ નહિ સાંભળે. પણ હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ હંમેશાં સાંભળું છું.' શૂન્યમાં દૃષ્ટિ ફેરવતો હોય તેમ રાજા થોડીવાર થોભ્યો, પછી આગળ બોલ્યો :

'વર્ષકાર ! તું બધું જ જાણે છે. ફરી ફરીને કહેવાથી કેવળ નવાં નવાં વ્રણ ઊઘડે. હવે તારે કાંઈ કહેવાનું છે ? મારી વેદના મને કોરી ખાય છે. એ ક્યાંય કહેવાય તેવી નથી. કોઈને કહેવાય તેવી નથી. અને સહેવી પડે તેમ તો છે. જેણે ભારતનાં શ્રેષ્ઠસૈન્યો વિજયી રણક્ષેત્રમાં દોર્યાં હતાં, જેના નામનો કીર્તિધ્વજ એક વખત આખા ભારતવર્ષને એકચક્રી શાસન નીચે લાવવા માટે બહાર પડયો હતો, જેની પાસે આખા ભારતવર્ષને દોરવાની કલ્પના અને તાકાત હતી, જેણે જીવનમાં એટ—એટલા રંગ નિહાળ્યા હતા, કે એટલા રંગ નિહાળવા માટે બીજાને તો સો અવતાર પણ પૂરા ન પડે, તે મગધના રાજા બિંબિસારને તું આજે સ્વપ્ન કહેવા નીકળ્યો છે, એનાથી વધુ કરુણતા બીજી કઈ ? ને આ ગઈ કાલનો જુવાન છોકરો એને યુદ્ધ શિખવાડવા નીકળ્યો છે—એનાથી વધુ મોટી મશ્કરી બીજી કઈ ? પણ એ બધું જ વર્ષકાર ! મેં મનમાં ઉતારી દીધું છું. કારણ કે એ મનમાં ઉતારવાનું હતું. ગોપાલ વિષે હું કેટલુંક જાણું છું. એ મારો વિશ્વાસ-ભંગ કદાપિ નહિ કરે એ ચોક્કસ. મને થાય છે હું હવે ક્યાંક લુપ્ત થઈ જાઉં, વર્ષકાર ! શા માટે ? તું એ જાણે છે, છતાં વધારે જાણી લે.' વર્ષકાર રાજાની વેદના વાણી સાંભળી રહ્યો. રાજાની વેદના એની મુખમુદ્રા ઉપર સ્પષ્ટપણે દેખાતી હતી.

'હું હવે ક્ષેત્રમાં હોઉં એ આ મહત્ત્વાકાંક્ષી પુત્ર સહી શકવાનો નથી. એનો લોહીગુણ ભયંકર છે. આજ નહિ તો—એક દિવસ, એ એને કોઈ ભીષણ કૃત્ય તરફ દોરી જશે–દોરી જ જશે. એમાં નિર્માણનું બળ છે. છતાં એની સામે થઈને મારે, વર્ષકાર ! મારે—મારા પુત્રને પુત્ર રહેવા દેવો છે. મગધ ઉપર નિષ્કલંક રાજવી રહેવા દેવો છે. એને ઉત્તમ માગધી રહેવા દેવો છે. એના નામ ઉપર તિરસ્કાર વરસે, એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામને કલંક લાગે, મગધની ધરતી પ્રેમવિહોણી ભયંકર ધરતીમાં ખપે, ભારતભરમાંથી મગધના નામ ઉપર માણસો થૂંકે, એક જરાસંધના નામે આજે પણ એ તિરસ્કારને પાત્ર છે, બીજી વખત મારા પુત્રને નામે બને, એ મારે થવા દેવું નથી. એ થવા દેવું નથી. અજાતશત્રુને ઉગારી લેવો છે. મગધને મહાન બનાવવાની તારી શક્તિમાં મને પૂરો વિશ્વાસ છે. તું મહાન બનાવી શકે. હવે તું જ એનો પિતા છે. મને હવે વિદાય આપો.. મને જવા દો . . મારે તારી પાસે એટલું જ માગવાનું હતું ! . .'

વર્ષકાર રાજાની વેદનાવાણી સાંભળતાં દ્રવી ગયો. એની વાત સાચી હતી. અજાતશત્રુને માત્ર અજાતશત્રુ જ વશ રાખે તેવું હતું. પોતાના પુત્ર અજાતશત્રુને આવો તેજસ્વી, આવો પરાક્રમી, અને આવો ભયંકર આવેશવાળો જોઈને—રાણી વૈદેહીનું હૃદય વલોવાઈ જતું હતું. પિતા–પુત્રની વચ્ચે એ એક સતી સાધ્વી જ બેઠી હતી. એણે અજાતશત્રુને હજી પુત્ર રાખ્યો હતો. રાજાને રાજા રાખ્યો હતો.

વર્ષકારની નજર સમક્ષ એની સુંદર, પવિત્ર, કરુણ મૂર્તિ આવી ગઈ. એની સાથે તુલના કરવા એણે કેવળ જાનકીને સંભારવી રહી.

તેણે આ મુશ્કેલીમાંથી એનો આધાર લઈને તરી જવાનું શક્ય દીઠું. વૈદેહીના નામે રાજાને પણ ડોલી જતો એણે ઘણી વખત જોયો હતો.

રાજાને પોતે જે વાણીમાં વાત કરી હતી, તે વાણી વાપરવી હવે નિરર્થક હતી. સમજાવટ નકામી હતી. રાજાની થકાવટ એટલી બધી અંતરગત વસ્તુ બની ગઈ હતી કે કોઈ સમજણ ત્યાં ઊભી શકે તેમ ન હતું. રાજાની પાસે મોટામાં મોટી સમૃદ્ધિ જ હવે એની વેદના હતી. તેણે બે હાથ જોડ્યા: 'મહારાજ! તમારું સ્વપ્ન જ અંતે મગધને મહાન બનાવશે. મગધ મહાન બનવાનું જ છે. કુમાર અજાતશત્રુના હાથે સહસ્ર વર્ષો ટકે એવી ભવ્ય રાજકીર્તિ ઊભી થવાની છે. એ પ્રયત્ન થઈ રહ્યો છે. સવાલ માત્ર સમયનો છે. આપણે સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચવવાનો છે. શ્રમણ ગૌતમે અનેકને ભિખ્ખુ કરી નાખ્યા છે. પણ મહારાજ તમે ભિખ્ખુ બનો, એની તો એવી વ્યાપક અસર મગધમાં થઈ જાય, કે પછી મગધ એ મગધ જ ન રહે. પણ મહારાજ ! મને હવે લાગે છે કે આ વિષે તમને કહેનાર હું કોણ ? કેવળ મહાસતી જેવાં મહારાણી વૈદેહી જ આ માટે શબ્દ બોલવાનાં અધિકારી છે. બીજું કોઈ નહિ. મહારાજ ! આપણે રાજગૃહ પહોંચ્યા પછી જ આ વાતને હવે સ્પર્શીએ.'

રાજા બંબિસાર કાંઈક જવાબ આવા જતો હતો પણ તેટલામાં અજાતશત્રુએ પ્રવેશ કર્યો. એટલે એ બોલ્યો નહિ. વર્ષકારે પણ એને જ મૂંગી સંમતિ માની લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૮. વૈદેહી રાણી કોશલાદેવી

ભવ્ય મહાલયોની શૂન્યતાઓ, એકાકી ભયંકર ખડકો, અરણ્ય-સમાં વૃક્ષવિહોણાં ભેંકાર જંગલો, અને મહાન નગરોનાં ખંડેરો, આ બધાં કરુણ દૃશ્યો, માનવને આંસુ આપે છે, પરંતુ સાથે સાથે જીવ-નનો અર્થ પણ આપે છે. પણ અર્થવિહોણું, શૂન્ય, ન સમજાય તેવું, ન સહી શકાય તેવું જીવન, એ નથી આંસુ આપતું કે નથી કોઈ મર્મ આપતું.

એ લંબાવાની ખાતર લંબાય છે. વહેવાની ખાતર વહે છે. હેતુ વિના ચાલ્યા કરે છે! એ જીવન છે એમ મનાય છે. અને એ હરપળનું મૃત્યુ હોય છે.

વૈદેહી રાણી કોશલાદેવીનું જીવન અત્યારે મગધરાજના ભવ્ય મહાલયમાં આવું એકાકી, હેતુ વિનાનું, ન સમજાય તેવું, ન સહી શકાય તેવું, કેવળ વહેવાની ખાતર વહી રહ્યું હતું!

પાણીને કોણ કહેવા જાય છે કે તું વહે, છતાં એ વહ્યા જ કરે છે!

પણ એના વહેવામાં કેટલો આનંદ છે? કેટલી સ્ફૂર્તિ છે? કેટલી ગતિ છે? કેટલું ગાન છે?

કોઈકનું જ જીવન એમ ઝરણાંની માફક ગાન કરતું વહે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાકી તો જીવન વહે છે, કારણ કે એ વહેવા માટે છે !

રાણી વૈદેહીનું જીવન તો આમ વહેવા માટે પણ ન હતું, એ તો પળ પળની શૂન્યતા સમું વેદના ભર્યું હતું.

રાણી વૈદેહીને જ્યારે અજાતશત્રુ ઉદરમાં હતો ત્યારે એવો દોહદ થયો હતો જાણે કે એના અંદરના જીવનની ન ઉલ્લંઘી શકાય તેવી આજ્ઞા મળી હતી કે એણે રાજાનું લોહીમાંસ ખાવું. ત્યારે એ શરમની મારી, પોતે જે જીવન વહી રહી હતી તેની ભયંકરતાથી ધ્રૂજી ગઈ હતી !

જન્મ્યા પહેલાં જ જે શત્રુ હતો તે અજાતશત્રુ ત્યારે આવ્યો. માબાપે એને તજ્યો અને સ્વીકાર્યો. સ્વીકાર્યો ને તજ્યો એમ ચાલ્યા કર્યું. પ્રેમ છેવટે જીત્યો. પુત્ર મોટો થયો.

પણ કેટલો તેજસ્વી એ પુત્ર હતો ? એની કાંતિ દેવોને શરમાવે તેવી. એનું રૂપ રૂપધરોને લજાવે તેવું. એનો પ્રભાવ ઇંદ્રને ઊભો રાખે તેવો. એનો પ્રતાપ ભલભલાના હાથમાંથી હથિયાર છોડાવી દે તેવો !

કોણ જાણે કેમ, એના હૃદયમાં ક્યાંકથી આવતું હતું—આખી પૃથ્વીનું રાજ મળે તો પણ અસંતોષ રહે તેવું એક ગાન, નિત્ય આવતું હતું !

એ જ એના જીવનનું નિયામક બળ હતું. અદૃશ્યની આજ્ઞાની જેમ અજાતશત્રુ પોતાની સ્વેચ્છાની આજ્ઞા ઉઠાવતો. અને એમાં જે કોઈ વચ્ચે આવે તેની ભસ્મ કરીને એ ભસ્મને પણ એ ઉડાડી મૂકતો ! એ વિદ્યુત્નો બન્યો હતો. વિદ્યુત્મય હતો.

રાજા બિંબિસારે આ જોયું. એનું અપાર બળ નિરર્થક દીઠું. એ શોકમાં ઘેરાઈ ગયો. રાજના અનેક વિદ્વાન ગુરુઓએ એની પરીક્ષા કરી. મહાન કહેવાય તેવા તપસ્વીઓએ એને ઉપદેશ આપ્યો. બધું શિલા ઉપરથી વહેતા પાણીની જેમ વહી ગયું.

અજાતશત્રુ અજાતશત્રુ જ રહ્યો. એને વશ રાખવાનું બળ એની પોતાની પાસે જ હતું. બીજા કોઈની પાસે એ ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે મહામંત્રી વર્ષકારે એને સત્તા, યશ, વૈભવ, મહેચ્છા, મહત્ત્વાકાંક્ષા, મહાન યુદ્ધો, મહાન ચક્રવર્તીપદો, અને એવી એવી જીવન-રસાયનની અનેક ઔષધીઓ આપી આપીને, એના આવેગ, આવેશ, ક્રોધ, અપાર ગતિ, વીજળીની સ્ફુર્તિ, એ બધાંને, વર્ષોના પ્રયત્નને અંતે સફળતા મળે એવા કોઈ એક મહાન સ્વપ્નમાં, ફેરવી નાખ્યાં !

અજાતશત્રુ અત્યારે એ સ્વપ્નમાં હતો. પોતાના એ સ્વપ્નમાં એ ડૂબી ગયો હતો. એના એ સ્વપ્ન આડે આવવા મથનારને એ ઘડીના છઠ્ઠા ભાગમાં ઉડાવી દેવામાં માનતો. પછી એને આડે આવનાર ગમે તે હોય. માતા, પિતા, ગુરુ, મંત્રી કે ગમે તે હોય. શ્રમણ ગૌતમને માન આપવાને બહાને લિચ્છવીઓ ગંગા નદીમાં નૌકાઓ લાવ્યા, અને રાજા પણ ત્યાં હતો, એ વાત ઉપર તો એણે રાજાને લગભગ તલવાર નીચે ડોક જેવી સ્થિતિમાં મૂકી દીધો હતો. એવી એની સ્વપ્નઘેલછાની ઉગ્રતા હતી.

એ કોઈક વખત મૃદુ બની જતો, તો કેવળ એક જ ઠેકાણે.

એની મા વૈદેહી પાસે. કોશલાદેવી પાસે. એની માનો એક નાનકડો શબ્દ, એની વીજળી વેગ જેવી ગતિને, કોણ જાણે ક્યાંની ક્યાં લુપ્ત કરી દેવાની તાકાત ધરાવતો હતો.

બીજું પણ એક સ્થળ હતું. એ મહા અમાત્ય વર્ષકાર પાસે નમ્ર બની રહેતો. પણ એમાં તો ઘણાં કારણો હતાં. વર્ષકાર પાસે કાંઈક એવું હતું જે એને પણ ઉડાડી મૂકે તેવું હતું. એ પ્રીતિ માનની હતી. શક્તિની હતી. ભયની હતી. જ્યારે રાણી વૈદેહી તરફની એની પ્રીતિ, એ કેવળ પ્રીતિ હતી.

રાજગૃહ બધા પાછા ફર્યાં ત્યાં સુધી કોઈ વાત થાળે બંધાઈ ન હતી. છતાં રાજા મક્કમ હતો. ગોપાલ મક્કમ હતો. વર્ષકાર પણ મક્કમ હતો. અજાતશત્રુ મક્કમ હતો. એ બધાની મક્કમતા રાજગૃહના રાજમહાલયના આંગણે આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણી વૈદેહીને મળવા માટે સૌથી પહેલો અજાતશત્રુ ગયો.

રાણીએ પુત્રને જોયો અને એને દુઃખ થયું. અને સુખ પણ થયું.

મગધ સામે કોઈ નજર ન કરી શકે એવો પ્રતાપી એનો પુત્ર હતો. પણ એ માત્ર પ્રતાપી રહ્યો હોત!

પિતા–પુત્રની વચ્ચે આ સાધ્વી નજર રાખીને બેઠી હતી. ગમે તેવું નજીવું કારણ એમની વચ્ચે ઘર્ષણ જન્માવવા માટે પૂરતું હતું. જાણે કે દૈવ એ બન્નેની વચ્ચે વેરનું નિર્માણ જ હોય! પિતાને પુત્ર ભયંકર રીતે બળવાન લાગતો. પુત્રને પિતા નિર્માલ્ય રાજનીતિ રાખનારો જણાતો. રાણી વૈદેહીને રાતદિવસ આ બન્નેની ચિંતા રહેતી.

અત્યારે પણ એ આ જ ચિંતામાં હતી. ત્યાં અજાતશત્રુએ પ્રવેશ કર્યો. એ ઉતાવળમાં હતો. ચંપા નગરી ઊપડી જતાં પહેલાં આંહીં આવ્યો હતો.

'ભન્તે મા!' તે આવતાં વેંત બોલ્યો: 'હવે તમે રાજાને વારો છો કે પછી હું વારું?'

રાણીનો રૂપાળો દુઃખભર્યો ચહેરો કુમારની સામે એક પળભર જોઈ રહ્યો. તેની સુંદર વિશાળ આંખોમાં એક પ્રકારની વિશિષ્ટ જાતની કરુણતા વસી રહી હતી.

તેનું સપ્રમાણ સુંદર નાજુક શરીર જૂઈના ફૂલની કોમળતા બતાવતું હતું. તે ચિંતામાં હતી છતાં, સામેના પાંજરામાં બેઠેલા એક સુંદર પંખીને એ જોઈ રહી હતી. પ્રેમભર્યાં એ પંખીને જોઈને એને જીવનમાં કાંઈક જીવવા જેવું લાગતું હતું. કોઈક ઠેકાણે પ્રેમ છે એવું જણાતું હતું. પણ અત્યારે તો એના મનમાં એક બીજો જ વિચાર આવી ગયો હતો. આ પંખીને આંહીં કોણે મોકલ્યું હશે? શા માટે એ આવ્યું હશે?

એમાંથી તો એ બીજા જ તરંગ ઉપર ચડી ગઈ. માણસને કોણ આંહીં મોકલે છે? અને શા માટે મોકલે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ ન હોય—તો ધરતીનું એવું શું નિકંદન નીકળી જવાનું હતું ?

એની આ તત્ત્વચર્ચા એને ક્યાંય દોરી જવાની ન હતી. પણ રાજા જનકની નગરીની હવા જાણે એનામાં પ્રવેશી ગઈ હતી. એનું અંદરનું મન પોતાને ત્યાં અજાતશત્રુ જેવો પુત્ર શા માટે ? એ વાતનો તાગ લેવા જાણે મથી રહ્યું હતું. તેમાંથી જ આ પ્રશ્ન ઉદ્‌ભવ્યો હતો.

અજાતશત્રુને જોતાં જ એ એની ઉગ્રતાને પામી ગઈ. એને રાજા સામે ફરિયાદ કરવાની હતી. રાજા નિર્બળ હતો. એની નીતિ નિર્બળ હતી. એની ઇચ્છા નિર્બળ હતી. એનામાં તક પકડવાની શક્તિ ન હતી. એ મગધને નિર્માલ્ય બનાવી રહેલ છે. એણે હવે ખરી રીતે વિદાય લેવી જોઈએ—એમ છતાં રાજકાજમાં હોય તેમ રહેવું જોઈએ. આમ રહેવું અને ન રહેવું, એ રાજાને વલોવી નાખનારું હતું અને છતાં અજાતશત્રુને એ કરાવવાનું હતું રાજાની સામે એની હમેશની આ ફરિયાદ હતી. વૈદેહી એ જાણતી હતી.

'શું છે અજાત ? તારે તો જ્યારે જોઈએ ત્યારે કાંઈ ને કાંઈ ફરિયાદ જ કરવાની હોય ! તું બેટા ! ક્યારે હસતો હસતો બોલીશ ? તારે શું કોઈ દિવસ હસવાનું જ નથી ?'

'કારણ કે મા ! હું સમજું છું કે મગધ દેશે રહેવું હોય તો એણે જાગ્રત રહેવું જોઈએ !'

'ઓ હો હો ! નહિતર તો જાણે મહારાજ, મહાસેનાપતિ, અમાત્ય વર્ષકાર કોઈ જ જાગ્રત નહિ હોય !'

'એ બધાય જાગે છે મા ! પણ એમાંના દરેકને મૃદુ થવું છે. દરેકમાં કાંઈક નિર્બળતા બેઠી છે. અરિ એ અરિ છે—એ સમજવાની જાણે કોઈને પડી જ નથી !'

'અજાત ! બેટા ! એ માણસ જીવંત છે, જે મૃદુ છે !'

'ના મા ! એ મરેલો છે. અથવા એ મરવાનો છે. તમારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરિ—તમારી મૃદુતા જોવા માટે રોકાવાનો નથી. એ તો ઘા જ મારવાનો છે. જે પહેલો ઘા મારતો નથી મા! તે પછી કોઈ દિવસ ઘા મારતો જ નથી. તે ઘા ઝીલતો જ રહે છે. અત્યાર પહેલાં મહારાજે ધાર્યું હોત તો એ વૈશાલીને સાફ કરી શક્યા હોત. વૈશાલીને સાફ કરી નાખવાની જરૂર હતી!'

'પણ શી રીતે અજાત? વૈશાલી પણ બળવાન છે. મહારાજના બિરુદની તને ખબર લાગતી નથી?'

'શ્રેણીક છે તે—એ બિરુદનો કાંઈ અર્થ નથી, મા! મહારાજે અત્યારે તો બધાને ધૂળ ભેગા કરી દીધા હોત. આપણા મામાને જો જો, હું સ્વાદ ચખાડવાનો છું તે!'

'શું છે અજાત? શું છે મામાની વાત?'

'મામાને કાશી પાછું જોઈએ છે!'

'તે આપી દે!'

'આપી દે! વાહ! શી વાત છે? આ જ રાજનીતિ રાજાની છે! પણ જુઓ, હું તમને એક વાત કહેવા આવ્યો હતો. જે સ્થળમાં ખરી રીતે એક પણ લિચ્છવી ફરકવો ન જોઈએ ત્યાં મહારાજની ધર્મ-ઘેલછાને કારણે, અમે લિચ્છવીઓની સેંકડો નૌકાઓ જોઈ! ખરી રીતે એમાંની એક પણ પાછી જવી જોઈતી ન હતી. અમે જ્યારે મહારાજને આ વિષે કહ્યું ત્યારે મહારાજ કહે છે મારે શ્રમણ ગૌતમના ભિખ્ખુ સંઘમાં જવું છે, તમે મને જવા દો. આવું મગધ જેવું ભારતવ્યાપી થવા નિર્માયેલું મહારાજ્ય, કેવળ આ નબળી નીતિને લીધે આજે ખાડે પડ્યું છે. હું તમને એ કહેવા આવ્યો હતો ભન્તે માતા! કે જો મહારાજ ભિખ્ખુસંઘમાં ભળશે, તો શ્રમણ ગૌતમના એક પણ ભિખ્ખુને પછી હું મગધમાં ફરકવા નહિ દઉં!'

'પણ મહારાજ એવી વાત ન કરે, અજાત!'

'ને કરે તો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કરે તો મારા માથા ઉપર, બસ ? તું તારે નિરાંતે ચંપાનગરી જા. મહારાજ અહીં જ રહેવાના છે ! એને જાળવનારી હું આંહી બેઠી છું મહારાજ એકલા ભિખ્ખુ ન બની શકે. હવે તો કહે છે શ્રમણ 'ગૌતમે ભિખ્ખુણીઓનો પણ સંઘ કરવાની અનુજ્ઞા આપવા ધારી છે !'

'શ્રમણ ગૌતમ ન કરે તેટલું ઓછું, પણ એ જે કરે છે તે મગધના લાભમાં છે માટે ભલે કરે. પણ મેં બીજું સાંભળ્યું છે મા ! પેલો ગોપાલ મંત્રી મહારાજને વૈશાલી લઈ જવા માગે છે. મહારાજ જવા માગે છે. એમાંથી કાંઈ સાચું ખોટું પરિણામ આવે તો અમારે માથે કેટલી આફત આવશે, તેનો મહારાજને કાંઈ ખ્યાલ છે ખરો ?'

'અજાત ! બેટા ! મહારાજ એ મહારાજ છે. એ બધું સમજે છે. રાજા છે, વખતે આરામ લેવા ક્યાંય જાય, તો એમાં પણ પ્રતિબંધ મૂકવાનો એમ ? ત્યારે તો કહેને કે, તું એને ભોંયરામાં ભંડારી દેવા માગે છે ?'

'જ્યારે માણસ કાંઈ જ ન કરે, ને કેવળ નુકશાન કરે, ત્યારે ભોંયરું ખોટું નથી માં !'

રાણી કોશલાદેવી અજાતની વાણી સાંભળતાં ચમકી ગઈ. એ પુત્રની વાણીથી ધ્રૂજી ઊઠી. જન્મ્યા પહેલાં આ કુમારે જે વૈરભાવ બતાવ્યો હતો તેનો જાણે આ પડઘો હતો. એ શોકમાં પડી ગઈ. આ કુમાર માત્ર આ બોલવાની ખાતર બોલતો હતો તેમ ન હતું. એને કાર્યમાં મૂકવાની નિષ્ઠુરતા ધરાવતો હતો. આ નિષ્ઠુરતા જોઈને રાણી વિકળ થઈ ગઈ. પણ તેણે મૃદુતા ભરેલી દૃઢતાથી તરત કહ્યું: 'અજાત ! મહારાજનો વાળ વાંકો ન થાય તેની ગોપાલ ખાત્રી આપે છે ?'

'ખાત્રી તો આપે છે, મા !'

'તો હું તને કહું છું. તું તો એનો પુત્ર છે. તને એના જીવનની આંટીઘુંટીમાં શું રસ હોઈ શકે ? પણ હું એનું જીવન જાણું છું. ગોપાલે ખાત્રી આપી હશે તો મહારાજ વૈશાલી જશે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અને એમને . . . .'

'અને એમને કાંઈ નહિ અજાત ! જે માણસે જીવનભર હજારોનાં સૈન્ય દોર્યાં છે તેને હવે આજ્ઞા આપનારા તમે કોણ ? બેટા ! અજાત ! શાંત થા. ધીરો થા. તારો વેગ એ બળ નથી, ગતિ એ શક્તિ નથી, આવેશ એ પરાક્રમ નથી. એ બધાંને તું થોડીવાર મનમાં પૂરી દે– અને વેગ બળ બની જશે. ગતિ શક્તિ થઈ જશે. આવેશ પરાક્રમમાં ફરી જશે. જા બેટા ! જા. તું તારે નિરાંતે ચંપા નગરી જા. આ રાજ તારું છે. સત્તા તારી છે. બધું જ તારું છે. કેવળ મારા જેવી તારી મા, તારી પાસે ખોળો ધરીને આવું, કાંઈક માગે ત્યારે ના ન પાડતો. જા, બેટા ! તુ નિરાંતે જા. મહારાજ વૈશાલી જશે તો આઠ દિવસમાં પાછા રાજગૃહમાં આવી જાય તે રીતે જવાનું વેણ એની પાસેથી હું લઈશ. એ મારું વેણ નહિ ઉથાપે, મારા જેવી પરમ ભાગ્યવાન સ્ત્રી કોણ કે જેના શબ્દોને મગધના બબ્બે મહારાજાઓ તો માન આપે છે ! અજાત ! જા તું તારે, જા ! ત્યાં ચંપા નગરીમાં અને ' એટલું બોલીને વૈદેહી શૂન્ય જેવું હાસ્ય હસી રહી. અજાતશત્રુના દિલમાં પ્રેમ જગાડવો એ કેટલું મુશ્કેલ હતું એ વાતની એને જાણ હતી. એનું આ હાસ્ય પરાણે કરેલું હાસ્ય હતું. એના મનમાં એક અસહ્ય શોક :છવાઈ ગયો. આ પુત્રની કઠિન કર્કશતા તો ઠીક, પણ થોડીવાર મૃદુ બનાવનાર કોઈ સ્ત્રી જ જો ક્યાંય નહિ હોય, તો તો નારીજગતની એ જેવી તેવી અવહેલના નહિ હોય ! એણે ધીમેથી કહ્યું: ' ત્યાં તો બધું ઠીક છે નાં ? ત્યાં તો તું બેઠો છે !'

રાણી વૈદેહીને ખબર હતી કે જો આ કુમાર ફર્યો તો એ તો મહારાજને પણ રસ્તેથી પાછા વાળે તેવો હતો. જે પાણીએ મગ ચડે તે પાણીએ મગ ચોડવી લેવામાં જ મજા હતી.

અજાતશત્રુ કાંઈક બોલવા જતો હતો, પણ એ કાંઈ બોલી શક્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે એણે કહ્યું: 'મા ! ત્યારે હું જાઉં છું. વર્ષકાર મહા-અમાત્ય બે દિવસ પછી આવવાનો છે, તમને એ મળશે. તમે એને જે કહેવું હોય તે કહેજો.'

'એને હું કહીશ અજાત ! મહારાજ પણ આંહીં જ આવશે ના ? એને પણ કહીશ. તું આ બાબતમાં જરા જેટલી ચિંતા ન કરતો, કે ઉગ્ર ન થતો. મહારાજ જાણે છે કે ક્યાંય રાજગૃહ થવું નથી. ક્યાંય આ મહાલય થવો નથી. ક્યાંય મગધ મળવાનું નથી. ધરતીને ચારે ખૂણે ફરીને મહારાજ આંહીં જ આવવાના છે. આ તને નવી નવાઈનું લાગે છે, અમને તો આ વાત કોઠે પડી ગઈ છે, જા, તું તારે નિરાંતે જા . . .'

વૈદેહી રાણીના શબ્દોથી કાંઈક શાંત થયેલો અજાતશત્રુ ત્યાંથી ચંપાનગરી જવા માટે નીકળ્યો.

રાણી એને જતો જોઈ રહી. જ્યારે એ અદૃશ્ય થયો ત્યારે તે ભારે હૈયે પાછી ફરી. એ વખતે પેલું પંખી મધુર ગાન ગાઈ રહ્યું હતું. રાણી તે સાંભળી રહી. એ શોકમાં પડી ગઈ. એ ગાન મધુર હતું, પણ એને એ કરુણતાની સીમાસમું સંભળાતું હતું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯. ગોપાલ અને રાજા

વર્ષકાર મહાઅમાત્ય રાજગૃહમાં આવ્યો. એને વૈદેહી રાણીની વાતની ખબર પડી. એ સમજી ગયો. રાણીએ પણ રાજાનાં થાક, નિરાશા, અને દુ:ખ, એ જ જોયાં હતાં. પોતાના તેજસ્વીમાં તેજસ્વી પુત્ર અજાતશત્રુને, લગભગ અનાર્ય કહી શકાય એવો વારસો મળેલો જોઈને જે દુ:ખ મહારાજને થતું હશે, તેની કલ્પના રાણી વૈદેહીને આવી ગયેલી હોવી જોઈએ. રાણીએ પોતાની જાતને એ માટે વધારે જવાબદાર ગણેલી હોવી જોઈએ, લોકમાં એની કુખની નિંદા થવાની. એ વિદ્વાન હતી. અને વળી મિથિલાનગરીનું તત્ત્વજ્ઞાની વાતાવરણ જાણે કે એને વારસામાં મળ્યું હતું. તેની પ્રેમભરી મૃદુતા, એ તો અદ્વિતીય જ હતી. વર્ષકારે એ જોઈ હતી. એટલે રાણીએ આપી દીધેલો નિર્ણય એના સ્વભાવને અનુરૂપ હતો. હવે એને ફેરવવામાં કોઈ મોટો લાભ વર્ષકારે જોયો નહિ. એટલે 'એ તો પછી દેખી લેવાશે' કરીને, વર્ષકારે પણ એ વાતને ન સ્પર્શવામાં જ રાજનીતિનો વિજય જોયો.

વળી એનું એક બીજું કારણ પણ હતું. અજાતશત્રુની તેજસ્વિતાનો દોર હજી એના હાથમાં હતો એ ખરું, પણ એ તેજસ્વિતા ક્યારે ભીષણરૂપ પકડી લેશે તે કળવું ઘણું જ મુશ્કેલ હતું. એના અમરંગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વભાવનો કાંઈ ભરોસો જ નહિ. એને પોતાને કુમારનો નાનપણનો એક પ્રસંગ બરાબર યાદ હતો. અજાતશત્રુ તે વખતે નાનો હતો. રાજા બિંબિસાર જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં પુત્ર પ્રેમથી પ્રેરાઈને પોતાના આ તેજસ્વી પુત્રને પણ આંગળીએ વળગાડી જતો. એની તેજસ્વિતા વિષે એને મનમાં અજબ ખ્યાલ હતો.

એક વખત એ પ્રમાણે રાજા મહાકોશાધિપતિ જ્યોતિષકનો સપ્ત-ભૂમિ મહાપ્રાસાદ જોવા માટે ગયો હતો. એની સમૃદ્ધિ જોઈને રાજા તો છક્ક થઈ ગયો. નાનકડા અજાતશત્રુને આવો વૈભવ જોતાં નવી નવાઈ લાગી. છેક સપ્તમભૂમિ ઉપર રાજાને મહાકોશાધિપતિએ ભોજન આપ્યું. જ્યારે ભોજનમાં પહેલું ભાતનું ×ઓસામણ આવ્યું, ત્યારે એની સુગંધ અને એની સુંદર સજાવટ જોઈને, રાજાએ એને જ મુખ્ય ભોજન માન્યું. પણ ત્યાં જ્યોતિષકે જ કહ્યું: 'મહારાજ! ભાત ને બીજી વાનીઓ હવે આવે છે. આ તો એનું ઓસામણ છે. આપના સૈનિકોને હું આ ભોજન જ આપું છું!'

ત્યાર પછી ભાત આવ્યો. ને બીજી વાનગીઓ પણ પીરસાઈ. પણ એ બધી સમગ્ર રસોઈ એટલી સ્વાદિષ્ટ અને સુંદર હતી કે રાજાનો તૃપ્તિ વિષેનો ખ્યાલ જ ઊડી ગયો. છેવટે મહાકોશાધિપતિએ પોતે જ એ હાથ જોડીને વિનતિ કરી કે 'મહારાજ! આપ નિત્ય નિત્ય આંહી પધારો ને આપને માટે હું આવું ભોજન તૈયાર રખાવું. પણ આજે હવે આ વસ્તુ ઉપર સંયમ રાખવો ઘટે. આપને કે કુમારને કાંઈ થશે, તો લોકમાં મારા ભોજનની નિંદા થશે ને મારા ઉપર મોટું દોષારોપણ આવશે એ વધારામાં!'

આટલી સમૃદ્ધિ જેને ત્યાં દરેકેદરેક રચનામાં હતી, તે મહા-કોશાધિપતિ જ્યોતિષકનો સપ્તભૂમિ મહાલય જોઈને, રાજા અને રાજ

× આ ઉલ્લેખ Buddhist Legends Vol 30, Harward Oriental Series માંથી લીધેલ છે. Jotika and J'atila.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુમાર જ્યારે પાછા ફર્યા, ત્યારે મહાઅમાત્ય વર્ષકાર તેમને સામે લેવા ગયેલો. તેને જોતાં જ કુમાર તેને વળગી પડયો હતો. અને તેના કાનમાં તેણે કહ્યું હતું, 'આ માણસનો મહાલય તો ઘણો ઘણો સુંદર છે. આપણે જે પ્રાસાદમાં રહીએ છીએ તે તો આની પાસે ઝૂંપડી જેવો દેખાય! પિતાજી રાજા થઈને આવી મૂર્ખાઈ કેમ કરતા હશે?'

'અરે! કુમાર! કુમાર!' વર્ષકારે ઉતાવળે ઉતાવળે કહ્યું: 'એ માણસ મહાસમર્થ કોશાધિપતિ છે. એને ત્યાં કરોડો કાર્ષાપણ છે!'

'પણ હું રાજા થઈશ ત્યારે તો આંહીં રહેવા આવીશ. આને આંહીંથી કાઢી મૂકીશ. પિતાજી એ ઝૂંપડી જેવામાં પડયા રહે. આપણે એ મૂર્ખાઈ નથી કરવી. આ મૂર્ખાઈ જ કહેવાય નાં?'

વર્ષકારે તે વખતે તો એને હસતાં હસતાં મોંએ હાથ મૂકીને બોલતો બંધ કરી દીધો હતો.

પણ કુમારના દિલમાં તે વખતે જે વાત હતી તે જ હજી ત્યાં હતી.

એટલે એને વૈભવમાં, સમૃદ્ધિમાં, સત્તામાં, મહા વિશાળ ચક્રવર્તી રાજમાં રાચવું હતું. એ એનું સ્વપ્ન હતું.

અને એ સ્વપ્ન સિદ્ધ કરવા એ ગમે તે કરે. વર્ષકારને તો ભય હતો કે દુનિયામાં ભાગ્યે જ બને એવું, માતૃહત્યાનું પાપ વહોરવું પડે તો એ વહોરીને પણ અજાતશત્રુ આગળ જ વધવાનો. રાજા બિંબિસારને પણ એ જ ભય હતો. એટલે તો રાજા ભાગતો હતો. અજાતશત્રુ એને ગમે તે પળે ગમે તે કરી બેસે, એ ભય એણે દર્શાવ્યો પણ હતો. અત્યારે એ માતાનું વેણ માની ગયો એ જ નવાઈની વાત હતી. કારણ કે એની પાસે તો ધ્યેયમાં ધ્યેય એક જ ધ્યેય હતું. આગળ જવું. આગળ ધપવું. અને આગળ જવું એટલે અઢળક સમૃદ્ધિ મેળવવી. અપાર સત્તા મેળવવી. કયાંય કોઈ રોકી શકે નહિ એવું મહાન ચક્રવર્તી રાજસ્થાપન કરવું. એમાં જે વચ્ચે આવે કે વચ્ચે આવતા લાગે, તે તમામને સાફ-સૂફ કરી નાખવા. કુમારની આ બધી મનોલીલા ભયંકર હતી. પણ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોકાય તેમ ન હતો. જાણે કે એ સિદ્ધ કરવાને જ જન્મ્યો હતો. વર્ષકારના દિલમાં રાજકુમાર વિષે હવે આ મહાન ભીતિ આવી ગઈ હતી. અને એ ન હોય તો મગધ નષ્ટ થવાની પણ ભીતિ હતી.

રાજા બિંબિસારના દુઃખને વર્ષકાર સમજી ગયો હતો. એટલે જ એણે ગોપાલને આ વિષયમાં હવે છુટ્ટો હાથ આપી દીધો. જે પરિણામ આવે તે ભલે આવે. એને ગમે તેમ પહોંચી વળાશે. એ ચંપાનગરી તરફ ચાલ્યો ગયો.

વર્ષકાર ગયો એટલે રાજા અને ગોપાલ મિત્રની જેમ વિશ્રંભ-વાર્તામાં પડી ગયા. રાજાની વેદનાનો ગોપાલે ઉપાય બતાવ્યો હતો. વૈશાલીનગરી તરફ જવાનું નક્કી થયું. એક વહેલી પ્રભાતે રાજા અને ગોપાલ બન્ને ઘોડેસવાર થઈને વૈશાલી નગરી તરફ ચાલી નીકળ્યા.

એક દિવસ તે વૈશાલી નગરી બહાર આવી પહોંચ્યા. સંધ્યાનો સમય હતો. હજારો મહાલયોના લાખો દીપો પ્રગટતાં જાણે પૃથ્વી સાથે આકાશ રમવા આવ્યું હોય તેવો દેખાવ વૈશાલી નગરીનો લાગતો હતો! એક અદ્‌ભુત ભવ્ય દૃશ્ય ત્યાં ખડું થતું હતું.

ગોપાલ ને રાજા બિંબિસાર મહાન નગરીનું આ દૃશ્ય જોઈ જ રહ્યા!

એ વખતે ગોપાલની આંખમાં એક અદૃશ્ય આંસુ આવી ગયું. રાજાને એ જોઈને નવાઈ લાગી. એને થયું કે આ માણસના દિલમાં કોઈ ને કોઈ વાત અત્યારે ચાલી રહી છે. અને એના મનમાં શંકા આવી. પોતાનો વિનાશ કરવા માટેનું કોઈ કપટ તો એ રમતો નહિ હોય? વર્ષકારે પણ કહ્યું હતું કે છેવટે તો એ લિચ્છવી છે!

રાજાએ એને તરત પૂછ્યું: 'ભણે ગોપાલ! તારી આંખમાં અત્યારે આંસુ કેમ આવ્યાં? આ નગરીમાં તું બાળપણમાં રમ્યો હતો તે યાદ આવ્યું, કે સત્તા ખોઈ ને મગધમાં વિદેશવાસ ભોગવવો પડે છે તે યાદ આવ્યું કે કોઈ ત્રીજી જ વાત તારા દિલમાં અત્યારે ચાલી રહી છે? તું વૈશાલીનો છે એ હું જાણું છું. પણ તું મારો છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હું જાણું છું. ભણે ગોપાલ! સાચું બોલજે. શી વાત છે? તારા મનમાં અત્યારે જે વાત ચાલતી હોય તે કહે!'

ગોપાલ થોડીવાર મહારાજની સામે જોઈ રહ્યો. તે રાજાનો સાચો મિત્ર હતો એ ખરું. પણ વૈશાલી તો એને માટે પ્રાણરૂપ હતી. વૈશાલી નગરી વિનાનું એ પોતાનું જીવન જ કલ્પી શકતો ન હતો. તેણે બે હાથ જોડયા: ધીમેથી કહ્યું: 'મહારાજ! હું તમારો મિત્ર છું એ ખરું પણ આ નગરી એ તો જાણે મારું જીવન છે. એ નગરી વિનાની પૃથ્વી હું કલ્પી શકતો જ નથી. આ નગરી વિના ભારતવર્ષ પણ કાંઈ ન હોય. આવી આ મુક્ત, સ્વતંત્ર, સર્વતંત્ર સ્વતંત્ર, તેજસ્વી, ઉદાર, વિશાળ, નગરીને ભસ્મીભૂત થતી જોવી—એ વિચાર આવતાં મારી આંખમાં આંસુ આવી ગયાં!'

'ભસ્મીભૂત થતી જોવી એટલે? એને કોણ ભસ્મીભૂત કરે તેમ છે ભણે ગોપાલ? હું તો આ નગરી કરતાં વધારે બળવાન કોઈ રાજ જોતો નથી. એક વખત મગધને મહત્ત્વાકાંક્ષા હતી. પણ એ સમય ગયો. મારું મન ભણે ગોપાલ! હવે એવી મહત્ત્વાકાંક્ષામાં રસ લેનારું રહ્યું નથી. તું એ જાણે પણ છે. પછી તું કોના ભયની વાત કરે છે?'

ગોપાલ બોલ્યો: 'મહારાજ! આપણે આ છેલ્લી અને પહેલી રાજકીય વાત કરી લઈએ. આપણે જ્યાં જવું છે ત્યાં પછી આ વાત તો નહિ થાય પણ આવી કોઈ વાતનો સ્પર્શ સુદ્ધાં નહિ થાય. એવું છે મહારાજ! તમે ગમે તેમ પણ બહાદુર સેનાપતિ છો. તમે સૈન્ય લઈ ને આવવાના. સામે મોંએ લડવાના. એવા રણક્ષેત્રમાં એક પણ લિચ્છવી પાછો હઠે એ ન ભૂતો ન ભવિષ્યતિની વાત થઈ. એના ભલે રાઈ રાઈ જેવડા ટુકડા થઈ જાય પણ વૈશાલીનો લિચ્છવી સામે મોંએ લડતાં પાછો નહિ હઠે!'

'ત્યારે પછી તને શાની ચિંતા છે?'

'મને એની જ ચિંતા છે મહારાજ! વૈશાલીનો રાજકુમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજાતશત્રુ એક દિવસ ભસ્મીભૂત કરી નાખશે. એનું નામ નિશાન નહિ રહેવા દે. આ નગરી આંહીં હતી એવું બતાવનારો એક પથરો પણ નહિ રહે. આવી આ વિશાળ, સુંદર, સ્વતંત્ર, મુક્ત સૌન્દર્યધામ સમી નગરી, કુમાર અજાતશત્રુના આતતાયી જેવા સિંહપાદ સૈનિકોને હાથે હતી ન હતી થઈ જશે! . . . . . અને એ વખતે . . . . .' ગોપાલ વધુ બોલી શક્યો નહિ. તેનો કંઠ રૂંધાઈ ગયો. અત્યારે એ પોતાની રાજનીતિની કુશળતા ઉપર મદાર રાખનારો રાજદ્વારી પુરુષ જ જાણે રહ્યો ન હતો. વૈશાલીને જોતાં એ લિચ્છવી થઈ ગયો. રાજાને મિત્રભાવે એ સાચી વાત કહી રહ્યો હતો.

રાજા બિંબિસાર તેની પાસે સર્યો. તેણે તેના ખભા ઉપર હાથ મૂક્યો. 'મિત્ર! ભણે ગોપાલ! હું તને કહું. અજાતશત્રુ એટલો ઉતાવળો છે, એવો વેગીલો છે, એટલો આવેશ ભર્યો છે, કે જેટલું છે તેટલું એ સાચવી રાખે તો પણ ઘણું છે. વૈશાલીને તો એ કાંઈ કરી શકવાનો નથી. જેટલું છે તેટલું પણ સાચવવાનો નથી!'

'એ તો હું પણ જાણું છું!' ગોપાલે કાંઈક સ્વસ્થ થતાં કહ્યું: 'રાજકુમાર એકલાથી વૈશાલીને કાંઈ થાય તેમ નથી. પણ મહારાજ! મહામંત્રી વર્ષકાર—એના લલાટમાં, મને તમામ ગણતંત્રોનો વિનાશ-લેખ લખાયેલો દેખાય છે તેનું શું? એ બ્રાહ્મણ નથી. સાક્ષાત્ યમદેવ છે. એ વૈશાલીનો ચોક્કસ નાશ કરી નાખશે. એનો મોટામાં મોટો ભય મને એ છે કે, એની પાસે નથી શસ્ત્ર, નથી અસ્ત્ર, નથી યુદ્ધનો રસ, નથી રણક્ષેત્રનો પ્રેમ, નથી રણભૂમિની કોઈ વ્યૂહકુશળતા, નથી ક્ષત્રિય-ધર્મની ઉદાત્તકલ્પના, અને છતાં તમામને સંહારવાની શક્તિ એનામાં છે.'

રાજા ગોપાલની વાત સાંભળતાં ચમકી ગયો. વર્ષકારે ભયંકર શસ્ત્રોની વાત કરી હતી તે તેને સાંભરી આવી. આ ગોપાલ પણ એ જાણે છે કે શું? તે શંકામાં પડી ગયો. પણ એટલામાં ગોપાલ આગળ વધી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એની વાણી ભયંકર છે. વૈશાલી, શ્રાવસ્તી, વત્સદેશ, અવંતી છેક તક્ષશિલા સુધી કોઈ એની સામે સલામત નથી. એ પણ ઠીક. પરંતુ આવતાં સેંકડો વર્ષ સુધી, કોઈ ગણતંત્ર માથું પણ ન ઊંચકે, એવી ભયંકર સામ્રાજ્ય રચનાનો પાયો એને હાથે નખાવાનો છે. . . મને ભય આ છે. એ એક સામ્રાજ્યવાદી પરંપરા મૂકી જશે. . અને આ નગરીએ સ્થાપેલી તમામ ગણતંત્ર કલ્પના રાખોડી થઈને ઊડી જશે!'

'ભણે ગોપાલ! એટલી બધી નિરાશા શા માટે? કોઈ ને કોઈ વિરલ માનવ આંહીં આવતો જ રહે છે!'

રાજા તો આ વાક્ય સહજ જ બોલ્યો હતો, પણ ગોપાલના મનમાં એક અદ્ભુત આશાબિંદુનો સંચાર થઈ ગયો. તેને લાગ્યું કે પોતે જે માટે આંહીં આવ્યો છે, તેમાં પ્રધાન વાત તો રાજાનું મન બહલાવવાની હતી અને છે. પણ કોને ખબર છે? ઇતિહાસ એ દ્વારા પણ પોતાનું કામ ન કરે? એના દિલમાં આશાનો અંકુર ફૂટતાં જ એ ઉત્સાહમાં આવી ગયો. તેણે રાજાને કહ્યું: 'મહારાજ! આપણે બહુ નજીક આવી પહોંચ્યા છીએ. આપણે આપણા અશ્વોને સંભાળીને લેવા પડશે!'

'આપણે ક્યાં છીએ ગોપાલ?'

'આપણે જે માર્ગ વિષે મેં તમને કહ્યું હતું તેની સમીપમાં આંહીંથી ત્યાં જનારો માર્ગ મળી રહે છે. પછી ભૂગર્ભમાર્ગ દ્વારા આપણે છેક નીલપદ્મભવનના સપ્તભૂમિપ્રાસાદ પાસે જ નીકળવાના!'

'છેક ત્યાં? ખરેખર?'

'હા, મહારાજ! એમ જ છે. નહિતર તો આપણી આવવાની વાતની વૈશાલીમાં ખબર પડતાં જ આપણું આવી બને!'

'ભણે ગોપાલ! વૈશાલીમાં ગયા પછી શું એ ખબર નહિ પડે?'

'તે વાતની ચિંતા મહારાજ છોડી દે. વૈશાલીની નગરકલ્યાણી કેટલી પ્રભાવશાળી છે એની આપણને ત્યારે પ્રતીતિ થશે. એટલે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતની ચિંતા નથી!'

'આપણે કઈ બાજુ જવું છે?'

'આપણે પેલાં ઝાડનાં ઝુંડ દેખાય છે ત્યાં. પણ થોડું અંધારું વળે એટલે આપણે ઊપડીએ. ત્યાં સુધી આ દૃશ્ય જોઈએ... કદાચ હવે એ જોવા નહિ મળે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦. વૈશાલી નગરીમાં

રાજા અને ગોપાલ ત્યાં થોડીવાર થોભ્યા. અંધારું થયું એટલે એ આગળ ચાલ્યા. રસ્તામાં ગોપાલે કહ્યું : 'મહારાજ ! આપણે જે રસ્તે પ્રવેશ કરીએ છીએ, તે દેવને, દાનવને કે માનવને કોઈને પણ ધ્યાનમાં નથી. વૈશાલી નગરીમાં કોઈને એ રસ્તાની માહિતી નથી ! કેવળ જૂના વખતમાં નગરીની કોઈ નગરકલ્યાણીએ એ તૈયાર કરાવેલો. ને હજી સુધી એના એકના જ ખ્યાલમાં આ રસ્તો રહ્યો છે !'

રાજા બિંબિસાર આશ્ચર્યથી સાંભળી રહ્યો. તેના મનમાં કંઈક તરંગો આવી ગયા. * આવો આ રસ્તો છતાં પોતે એનો કોઈ દિવસ લાભ ઉઠાવી શક્યો નહિ, એ વિષે થોડો પશ્ચાત્તાપ પણ એને થઈ ગયો !

પરંતુ એટલામાં જ ગોપાલે કહ્યું: 'મહારાજ ! આપણું મન પવન જેવું છે. એ ક્યારે સુગંધ વહશે એનું જેમ ઠેકાણું નથી, તેમ એ ક્યારે દુર્ગંધ વહશે, એનું પણ ઠેકાણું નથી. મગધ ને વૈશાલી બન્ને એક બીજા પ્રત્યે હજી દ્વેષ ધરાવે છે. એ દ્વેષ ટાળવાનો જ આ પ્રયત્ન છે. છતાં હજી એ પ્રયત્નની શરૂઆત છે. પરિણામ તો આવે ત્યારે. હું ગમે તેમ પણ વૈશાલીનો છું. અને તમારો પણ છું. જેમ તમે

* આ વિષે Tibetan Tales, Trubner's Oriental Series માં ઉલ્લેખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારામાં વિશ્વાસ મૂકયો છે, તેમ આ રસ્તા પૂરતો તો જનપદકલ્યાણીએ પણ મારામાં વિશ્વાસ મૂકયો છે. આપણે એક કામ કરવું પડશે, રસ્તામાં પ્રવેશ કરતા પહેલાં જ બંધન સ્વીકારવું પડશે !'

'બંધન ?' રાજા ભડકી ગયો: 'મને બંધન ? ભણે ગોપાલ ! શાનું બંધન ?'

ગોપાલ હસી પડયો: 'મહારાજ ! આપણે અત્યારે કયે રસ્તે જઈ રહ્યા છીએ તેની લેશ પણ યાદી આપણા મનમાં રહેવી ન જોઈએ ! એ યાદી રહે તો કોઈક દિવસ એ ભયંકર બને !'

'એ તો બરાબર !'

'ત્યારે એ જ વાત છે દેવ ! તમારી આંખ કાંઈ ન જુએ, ને કાન કાંઈ ન સાંભળે, એવું આપણે કરવું પડશે. હું આ બંધન લાવ્યો છું !'

રાજા વિચારમાં પડી ગયો. એટલામાં તો ગોપાલે સજબૂત શ્યામ વસ્ત્રપટીઓ કાઢવા માંડી.

કાનમાં પૂરવા માટે રૂ પણ કાઢયું. રાજા બિંબિસારને થયું કે જેમ મોહમાં પડેલો માણસ લાભ અલાભ જોતો નથી, તેમ પોતે હાથે કરીને મૂર્ખ તો બનતો નહિ હોય ?

પોતે નાશ પામે એ કાંઈ બહુ મહત્ત્વનો પ્રશ્ન નથી. પણ મૂર્ખાઈથી નાશ પામે, તો જગતમાં પોતાનું નામ હમેશને માટે કલંકિત રહી જાય.

અને વળી કદાચ આ બનાવને લીધે અજાતશત્રુ ઉતાવળે લડાઈ માંડી બેસે તો રાજગૃહ પણ નાશ પામે.

પોતાના આ એક જ પગલા ઉપર મગધનું ભાવિ લટકતું હતું. તે ઘડીભર દ્વિધામાં પડી ગયો.

'ભણે ગોપાલ !' રાજા ધીમેથી બોલ્યો: 'તને મારામાં પણ વિશ્વાસ નથી ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મહારાજ !' ગોપાલે બે હાથ જોડયા: 'તમારા પ્રત્યે મારો અવિશ્વાસ હોય તો મારા જેવો પાતકી કોણ ? જ્યારે વૈશાલીના ભયથી કોઈ મને આશ્રય આપવા તૈયાર ન હતા, મોટાં મોટાં રાજ્યો પણ વૈશાલીના નામે ધ્રૂજતાં હતાં, ત્યારે મહારાજ ! તમે મને આશ્રય આપ્યો હતો. તમે જ મને મંત્રીપદે સ્થાપ્યો. તમે મને મોટો કર્યો. તમે મારામાં ભાઈ જેવો વિશ્વાસ મૂકયો. હૃદયની વેદના, જે માણસ કોઈને ન કહે, તે તમે મને કહી. અને હું તમારામાં વિશ્વાસ ન મૂકું એ મહારાજ ! બને ખરું ?'

'તો ભણે ગોપાલ ! બંધનની વાત જવા દે. મારી આંખ જે જોશે તે મારું મન જ જાણશે. ને મારું મન જે જાણશે, તે મારી આંખમાં જ રહેશે. મારે કયારેક જીભ હોતી જ નથી ગોપાલ !'

'મહારાજ ! એ પણ હું જાણું છું !'

'તો ?'

'મહારાજ !' ગોપાલે બે હાથ જોડયા: 'પેલો બ્રાહ્મણ મંત્રી વર્ષકાર આ જાણે છે, તમારી પાસેથી આ રસ્તાની વાત એ મેળવે જ મેળવે !'

'પણ શી રીતે મેળવે ? બોલવાવાળો હું બોલું તો મેળવે કે મારા બોલ્યા વિના પણ મેળવે ?'

'આકાશગોત્ર ભિષગ્વરને મહારાજ કયાં જાણતા નથી ?' ગોપાલે બે હાથ જોડયા.

'એનું શું છે ગોપાલ ? એનું આંહીં શું છે ?'

'આકાશગોત્ર એવી ઔષધીઓ જાણે છે, જે માણસને ઊંઘમાં ને ઊંઘમાં એની અંતરંગની વાત બોલતો કરી દે છે !'

બિંબિસાર રાજાને આકાશગોત્રની શક્તિની ખબર હતી. પણ આ વાત આવતાં તો એ ચોંકી ગયો.

'અને મહારાજ ! વર્ષકાર મહાઅમાત્ય, આકાશગોત્રને સુવર્ણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢાંકી દેવાની શક્તિ ધરાવે છે!'

'હા . . . અરે! ગોપાલ! . . .'

'અને રાજકુમાર અજાતશત્રુ, કોશાધિપતિ જ્યોતિષકને ત્યાં મહા વિચક્ષણ ચોરોને મોકલવાની ને અઢળક સુવર્ણ મેળવી લેવાની જુક્તિ કરી જાણે છે . . .!'

'ગોપાલ! ગોપાલ! . . .'

'મહારાજ! હજી એક વાત છે. પ્રેમસાગર તરફ જે માણસ પોતાની જીવનનૌકા લઈ ને મુસાફરીએ નીકળે છે, એ મુસાફર, નથી હોતો રાજા, નથી હોતો મુત્સદ્દી, નથી હોતો સંસારી, નથી હોતો મહત્ત્વાકાંક્ષી. એ તો માત્ર પ્રેમી હોય છે. ને પ્રેમ સિવાયની બીજી કોઈ હવાને એ સહી પણ શકતો નથી. નગરકલ્યાણી પણ મહારાજ! પ્રેમને ઓળખે છે. ત્યાંની હવામાં બીજી કોઈ વાતને સ્થાન જ નથી!'

'* ભણે ગોપાલ! તારે જેટલાં બંધન બાંધવા હોય તેટલાં બાંધી લે. પણ પછી પ્રકાશ તો તું આપશે નાં?'

'મહારાજ! સૌથી મોટો પ્રકાશ કેવળ પ્રેમ જ આપી શકે છે!'

* આ સંબોધન 'ભણે!' હજી પણ સૌરાષ્ટ્રમાં ચારણોમાં જળવાઈ રહ્યું છે. બગસરા પાસે પીપળીના ચારણોમાં વપરાતું સાંભળ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૧. પુષ્પવિહાર

રાજાને રસ્તો પસાર થઈ ગયો છે તે ખબર ન રહી. પણ જ્યારે ગોપાલે તેની આંખ ઉપરનો વજ્જરબંધ ઢીલો કર્યો, ત્યારે એણે પોતાની સામે જે દૃશ્ય જોયું એ જોઈને એ ભ્રમમાં પડી ગયો. એને થયું કે એ દૃશ્ય ઊભું કરેલું હોવું જોઈએ. એ પોતે જેવા તેવા દેશનો મહારાજ ન હતો. એનું રાજગૃહ, રાજગૃહ જ એટલા માટે કહેવાતું કે ત્યાં દરેકે દરેક ભવન, જાણે રાજાના મહાલય સમાન ભવ્ય હતું. કોશાધિપતિ જ્યોતિષકનો સપ્તભૂમિપ્રાસાદ અદ્‌ભુત ગણાતો. એણે એ જોયો હતો. એણે શ્રાવસ્તી નગરી અને એનાં ઈંદ્રભવન જેવાં મહાલયો જોયાં હતાં. એણે કૌશાંબી જોઈ હતી. અવંતી જોઈ હતી. ચંપાનગરી તો એની પોતાની જ હતી. તક્ષશિલા સુધી એ ફર્યો હતો. પણ જે સૌન્દર્ય અત્યારે આંહીં એની દૃષ્ટિએ પડ્યું તે સૌન્દર્ય ખરી રીતે આ પૃથ્વીનું ન હોય, પણ કોઈક માયાનગરી સામે ખડી કરી હોય, એવો એને ઘડીભર ભ્રમ થઈ આવ્યો. પોતે જ્યાંથી આવ્યો હતો એ દિશા તરફ જોવાનું પણ એ ભૂલી ગયો. સામેના ગગનચુંબી 'પુષ્પવિહાર'ને એ જોઈ જ રહ્યો. એણે વૈશાલી નગરીની રંગરંગીન સૃષ્ટિ ગંગાકિનારે જોઈ હતી. પણ આ 'પુષ્પવિહાર' તો જાણે રંગની વર્ષાહેલીમાં નહાવા માટે કોઈ અપ્સરા આવી હોય, તેમ એ આખું ભવ્ય મહાલય, રંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરેલી માયાસૃષ્ટિમાં નાહી રહ્યું હતું !

રાજા બિંબિસારે ત્યાં નજર ઠેરવી. કોણ જાણે ક્યાંથી ને કેવી રીતે પણ કળી ન શકાય તેવા પ્રકાશનાં પરિવર્તનોથી ચારે તરફ રંગ રંગ રેલાઈ રહ્યો હતો ! મેઘધનુષી રંગોની જાણે કે આકાશથી પૃથ્વી સુધી હેલી વરસતી દેખાતી હતી ! અને એ હેલીમાં આખું પુષ્પવિહાર એઠું હતું !

'ભણે ગોપાલ ! આપણે ક્યાં આવ્યા છીએ ? આ સામે શું દેખાય છે ? આટલી બધી આ રંગવર્ષા ક્યાંથી આવે છે ?'

'મહારાજ ! આપણે જ્યાં આવવાના હતા ત્યાં જ આવી પહોંચ્યા છીએ, 'પુષ્પવિહાર' માં.'

'ને આ રંગની વર્ષા ?'

'મહારાજ ! પાર્શ્વદેશના કલાકારોએ સ્ફટિકમણિના કણકણમાંથી આ પ્રકાશ પરિવર્તન સરજ્યું છે !'

બિંબિસાર રાજા તો આ સાંભળીને છક્ક થઈ ગયો. એણે વૈશાલીના લિચ્છવીઓને રંગ શોખીન પ્રજાજનો તરીકે જાણ્યા હતા. પણ આ 'પુષ્પવિહાર'ની રચનામાં જે રંગરંગ વાદળિયાં રમતી હતી તે તો કોઈની કલ્પનામાં પણ ન આવે એવી અદ્‌ભુત વસ્તુ હતી.

'ભણે ગોપાલ ! આમ્રપાલી આંહીં રહે છે ?'

'હા મહારાજ ! જનપદકલ્યાણીનું આટલું આ 'રાજ' છે, એમ જ તમે કહી શકો.'

'હું કાંઈ સમજ્યો નહિ ગોપાલ ! 'રાજ' છે, એટલે શું ?'

'આંહીં આ સ્થાનમાં વૈશાલી ગણતંત્રની સત્તા પણ ચાલતી નથી !'

'ગણતંત્રની પણ સત્તા ચાલતી નથી ?'

'હા મહારાજ ! આંહીં ગણતંત્રની, નાયકની, સેનાપતિની, રાજાની કોઈની સત્તા ચાલતી નથી. આંહીં કોણ આવ્યું છે એની કોઈ પૃચ્છા કરી શકતું નથી. આંહીં કોણ રહે છે એની કોઈને જાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતી નથી. આંહીંથી કોણ ક્યારે જવાનું છે એ માહિતી કોઈને અપાતી નથી. આંહીં જે કોઈ અતિથિ આવે તે 'પુષ્પવિહાર'નો બની જાય છે !'

'ભણે ગોપાલ ! આપણે આંહીં આવ્યા છીએ એ લિચ્છવીઓને શું ખબર જ નહિ પડે ?'

'આપણે લીધેલો માર્ગ મહારાજ ! આપણે જ જાણીએ છીએ !'

'આપણે કઈ દિશાએથી આવ્યા ભણે ગોપાલ ?'

'મહારાજ !' ગોપાલે બે હાથ જોડયા: 'આપણે આ સ્થાનમાં કોઈ જ વાત કરી શકતા નથી !'

એટલામાં સપ્તભૂમિપ્રાસાદના છેક છેલ્લા માળની ચંદ્રશાલામાં સેંકડો દીપાવલિઓની વચ્ચે જાણે નભોમંડલમાં અચાનક કોઈ અપ્સરા દેખાય તેમ એક સુંદરી રાજાની દૃષ્ટિએ પડી.

'ભણે ગોપાલ !'

'મહારાજ ! એ જ આમ્રપાલી છે. આપણે આવવાના છીએ એ એને ખબર છે ! તમે એના અતિથિ છો.'

'તો તો ગોપાલ ! તું જા. જઈને કહે કે મગધરાજ તમને મળવા આવવા માગે છે !'

એક કળી ન શકાય તેવું આછું કટાક્ષ જેવું સ્મિત ગોપાલના મોં ઉપરથી પસાર થઈ જતું રાજાએ જોયું. ગોપાલે બે હાથ જોડીને નમન કર્યાં. તે રાજાનો સદેશો આમ્રપાલીને આપવા માટે અદૃશ્ય થઈ ગયો.

રાજા પુષ્પવિહારને જોતો ત્યાં ઊભો રહ્યો. એણે ચારે તરફ એક નજર કરી.

જે દિશામાં એ જોતો તે દરેક દિશાને પોતાનું એક અનોખું જ સૌન્દર્ય હતું !

એણે જોયું કે ત્યાં જેમ રંગની વર્ષા હતી, તેમ સુગંધની પણ હેલી વરસતી હતી. લાખો દીપોમાંથી ચારે બાજુથી સુગંધ સુગંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રહી હતી. એણે જરાક કાન દીધો, અને અત્યંત મનોહારી સ્વરોની શાંત જાની હેલી વરસતી એણે સાંભળી. એટલામાં અનિલની એક લેરખી એક તરફથી આવી, અને એને થયું કે એ જ્યાં ઊભો છે ત્યાં જ, કાં તો એમ ને એમ ક્યાંક કોઈ દિવ્ય સ્વપ્નમાં પડી જશે!

આટલો અઢળક વૈભવ વૈશાલી નગરીમાં ક્યાંથી આવ્યો હશે.. .. એવો જરાક ખ્યાલ એને આવ્યો ન આવ્યો, ત્યાં ગોપાલના અવાજે એ જાગી ગયો:

'મહારાજ! આમ્રપાલીએ કહેવરાવ્યું છે કે મગધરાજ કોણ છે એ આંહીં કોઈ જાણતું નથી!'

'અરે! ગોપાલ! ભણે ગોપાલ! પણ તેં કહ્યું નહિ કે મગધ-રાજ—મહાન મગધ દેશનો રાજવી, તે તમને મળવા માગે છે!'

'મેં કહ્યું મહારાજ!'

'પછી?'

'પછી આ જે મેં જવાબ આપ્યો તે જવાબ મને મળ્યો!'

'હાં હાં, ભણે ગોપાલ! તું સમજ્યો નહિ હોય. એને શંકા પડી કે મગધરાજ તો બરાબર... પણ કોણ મગધરાજ? આંહીં વૈશાલીમાં તો અજાતશત્રુના નામની વધારે વાતો આવતી રહેતી હોય એટલે વધારે ચોક્કસ માહિતી મેળવવા માટે આ પ્રત્યુત્તર હોય. તું પાછો જા, ગોપાલ! કહે કે રાજા બિંબિસાર પોતે આવેલ છે. ને તમને મળવા માટે આવેલ છે!'

ગોપાલ ન સંભળાય તેવું જરાક નાનું હાસ્ય હસતો જણાયો. પણ તે તરત જ રાજાનો સંદેશો આપવા માટે ઊપડી ગયો.

થોડીવાર પછી તે પાછો દેખાયો. 'મહારાજ! એક નવી નવાઈની વાત પ્રત્યુત્તરમાં મળી છે. દાસી જવાબ આપી ગઈ, કે રાજા બિંબિ-સાર કોણ છે તે આંહીં કોઈને ખબર નથી!'

'અરે! અરે! ભણે ગોપાલ! આ તો તું નવી નવાઈનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યુત્તર લાવ્યો છે. રાજા બિંબિસાર કોણ છે તે તો આખું ભારતવર્ષ જાણે છે. અને વૈશાલીની જનપદકલ્યાણીને એ ખબર નથી? પણ તારે વધારે ખુલાસો માગવો હતો ને?'

'ખુલાસો મેં માગ્યો પ્રભુ!'

'શું ખુલાસો મળ્યો?'

'આટલો જ 'અજ્ઞને આંહીં કોઈ સ્થાન નથી, ભણે! નાગરિક ગોપાલ!'

જવાબ સાંભળતાં રાજા બિંબિસાર વિચારમાં પડી ગયો. મગધરાજને આંહીં કોઈ જાણતું ન હતું. રાજા બિંબિસારને કોઈ ઓળખતું ન હતું. વૈશાલીની જનપદકલ્યાણી આમ્રપાલી, એ કાંઈ જેવી તેવી નારી ન હતી. એ અવિવેકી પ્રત્યુત્તર ન મોકલે. આ પ્રત્યુત્તરમાં જ કાંઈક છે. ને એ કાંઈક એણે શોધવું રહ્યું. રાજા વિચાર કરી રહ્યો.

અચાનક એને આવતાં પહેલાં ગોપાલે કહેલું વાક્ય સાંભરી આવ્યું. 'સૌથી મોટો પ્રકાશ કેવળ પ્રેમ જ આપી શકે છે!'

'ભણે ગોપાલ! આમ્રપાલીના આ પ્રત્યુત્તરમાં તને શું દેખાય છે?'

'મહારાજ! મને તો લાગે છે કે એ પ્રત્યુત્તરમાં એને કાંઈક કહેવાનું છે!'

'મને પણ એ જ લાગે છે. તું મારો એક વધુ સંદેશો એને આપી આવ!'

'શું સંદેશો છે મહારાજ?'

'એક પ્રેમીજન આવ્યો છે. એને આંહીં પ્રેમસાગરને કિનારે પોતાની જીવનનૌકા નાંગરવી છે! એ બધું ભૂલી જવા માટે આવ્યો છે. એને આંહીંથી કાંઈ લેવાનું નથી. મૂકવાનું છે. ભૂલવાનું છે. આપવાનું છે.'

ગોપાલ હસતો હસતો ચાલ્યો ગયો. થોડીવારમાં જ બે દાસીઓ ત્યાં અભિવાદન કરતી સુગંધી જલના સોનેરી કુંભ લઈને ઊભી હતી.

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મહારાજ! નાગરિક ગોપાલ ત્યાં દ્વાર ઉપર આપની રાહ જુએ છે. અમને જનપદકલ્યાણીએ મોકલેલ છે. સ્વામિનીએ કહેવરાવ્યું છે મહારાજ! કે જીવનનૌકામાં પ્રેમની વસ્તુ સિવાય બીજી કોઈ વસ્તુ હશે તો એ પોતે ડૂબશે ને તમને ડુબાડશે. આંહીં તો કેવળ પ્રેમની જ હવા વહે છે. પ્રેમનું આંહીં રાજ છે, રાજન! પધારો...'

બિંબિસાર પુષ્પવિહારમાં જવા માટે ઊપડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૨. પ્રેમસાગરનો કિનારો

કહે છે કે માણસ જ્યાં જાતને ઓળખતો નથી, ત્યાં પ્રેમ-સાગરનો કિનારો છે! તો વળી બીજા એમ પણ કહે છે કે જે સાગરને કિનારો જ હોતો નથી, તે પ્રેમસાગર હોય છે! આમાંથી કઈ વાત સાચી ને કઈ વાત ખોટી એ જાણવાનું કામ કાં કવિઓનું છે, કાં પ્રેમીઓનું છે. નહિતર પછી છેવટે પાગલોનું તો છે જ. કેટલાક કહે છે કે પ્રેમને અને મોહને હજાર જોજનનું અંતર છે. તો વળી બીજા એમ પણ કહે છે કે એમની વચ્ચે તો એક રૂપેરી વાદળરેખા જ માત્ર વસી રહી છે! જે એ રેખાને ઓળંગી ગયો, તે પ્રેમસાગરને કિનારે રત્ન ઉદધિમાં પહોંચી ગયો. જે ત્યાં જ કાંકરા વીણતો ઊભો, તે કાંકરા વીણતો જ રહ્યો!

આમ પરસ્પરવિરોધી વાતો ઉપરથી જ પ્રેમ વિષે કહેવાયું હશે કે મૌન એ એક જ એની ભાષા છે! એ જે હો તે હો, પણ આ સૃષ્ટિ જ્યારથી ઊભી થઈ ત્યારથી સ્ત્રી પુરુષ ને પ્રેમ એ કોણજાણે શું છે જૂનાં થતાં નથી ને જતાં પણ નથી!

રાજા બિંબિસાર આમ્રપાલીને મળવા તો ચાલ્યો, પણ ત્યાં જતાં એણે ખંડે ખંડે જે જોયું તે સાચું હતું, ભ્રમ હતો, ખોટું હતું કે ન જ હતું : એની જ સ્વપ્નછાયામાં એ પડી ગયો! એને ખબર ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી પણ જેમ જેમ એ એક એક ઉપરીતલ ઉપર જતો ગયો, તેમ તેમ જાણે કે હવા બદલાતી હતી!

સપ્તમભૂમિપ્રાસાદના છેક ઉપરીતલના ચંદ્રશાલા ભવનમાં આમ્રપાલી રાજાની રાહ જોતી દ્વારમાં ઊભી હતી.

રાજાની દૃષ્ટિએ એ પડી અને રાજા બિંબિસાર જાણે બધું જ ભૂલી ગયો. એ પોતાની જાતને પણ ભૂલી ગયો. સામે રૂપ રૂપ અને રૂપના સાગરની જાણે ભરતી આવી હોય તેમ, ત્યાંની તમામ વસ્તુઓમાં, દીપિકાઓમાં સોનેરી કુંભોમાં, સુવર્ણમઢી ચંદનપાટોમાં, હવામાં, સઘળે આમ્રપાલીની રૂપછાયાના પડછાયા ઊઠતા હતા! દરેક દરેક વસ્તુ ત્યાં પોતાનું વિશિષ્ઠ રૂપ લઈ ને ઊભી હતી, અને એ દરેકના રૂપમાં આમ્રપાલીની રૂપછાયા પડી હતી!

આમ્રપાલીનો શૃંગાર જોતાં રાજા ઝંખવાણો પડી ગયો. સુવર્ણમઢયાં ઝવેરાતનાં નૂપુરો એના પગમાં શાંત પડયાં હતાં, પણ જાણે એમને પ્રેમની આંખો હોય તેમ એ પ્રકાશી રહ્યાં હતાં! કેશમાં, કંઠમાં, કર્ણમાં, બાહુમાં, ઠેક ઠેકાણે જે મૌક્તિકો એઠાં હતાં, તે જાણે ભાષા બોલવાને આતુર હોય તેમ, એમની આસપાસ પ્રેમકવિતાની હેલી વરસી રહી હતી. આંહીં બધે જ કવિતા હતી, પ્રેમ હતો, સુંદરતા હતી, રૂપ હતું. હવાના કણે કણમાં રૂપરાશિની રેલંછેલ હતી. રાજા તો આ હવામાં જાણે પોતે તરતો હોય તેમ અવશ બની ગયો. સામે ઊભેલી આમ્રપાલી હજી એક શબ્દ બોલી ન હતી. પણ એની આંખમાંથી એવી તો ગજબની પ્રેમભાષા વરસી રહી હતી, કે રાજાએ આગળ વધવા માટે પગલું ભર્યું.

પણ જેવું એણે પગલું ભર્યું તેવું જ એનું પગલું પાછું પડયું!

એણે પોતાના અને આમ્રપાલીના રૂપસાગરની વચ્ચે એક મહા ભયંકર જાણે સો હસ્ત ઊંડો મહાન ગર્ત હોય તેવો એક ગર્ત જોયો અને એ છળી ગયો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એટલામાં સેંકડો રાજહંસોના નિનાદ સમું એક છુટ્ટું, મુક્ત, મધુર, પ્રેમભરપૂર હાસ્ય સંભળાયું !

રાજાએ આવું સુંદર, સુરીલું, પ્રેમની તમામ મધુરતાને વ્યક્ત કરતું, કોણ જાણે કઈ દુનિયામાંથી આવતું હોય તેવું, હાસ્ય કદી સાંભળ્યું ન હતું. એણે અનેક સુંદર ગુણવાન સ્ત્રીઓને હસતાં જોઈ હતી. પણ આ હાસ્ય . . . એને લાગ્યું કે આ હાસ્ય, આ દુનિયામાં જન્મીને એણે પહેલી જ વખત સાંભળ્યું !

રુદન યાદ રહે, પણ કોઈનું હાસ્ય માણસની સ્મૃતિમાં ભાગ્યે જ જડાઈ રહે !

પણ આ હાસ્ય એટલું સૂરીલું, મધુર હતું કે રાજાને એ યાદ રહી ગયું. કોણ અને શા માટે આ હાસ્ય કરે છે, એ જાણવા એણે જરાક દૃષ્ટિને ખેંચી તો સામેથી આમ્રપાલી જ હસતી હસતી બોલી રહી હતી: 'મહારાજ ! આંહીંની હવા જ એવી છે કે એમાં પ્રેમ સિવાય બીજું કોઈ જન્મ જ લેતું નથી. તમને દેખાય છે એ તો મહારાજ! પ્રેમસાગરના અતળ ઊંડાણની રત્નછાયા માત્ર છે! આંહીં જીવનનૌકા લાવનારા જ્યારે બીજો ત્રીજો ભાર લાવે છે ત્યારે જ માત્ર એ પોતે ડૂબે છે ને બીજાને ડુબાડે છે ! આ રત્નછાયા તમને આમંત્રે છે મહારાજ ! સઘળું ભૂલવા માટે, દુનિયાની બધી જ વાત ભૂલી જવા માટે, આવો મહારાજ !

'ત્યાં પ્રેમસાગરનો કિનારો છે મહારાજ ! જ્યાં જાત નથી !'

રાજા બિંબિસારે તરત આગળ જવા માટે પગલું ભર્યું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૩. નગરીને જગાડનારા

મગધનો રાજા બિંબિસાર નગરીમાં છે, એ સમાચાર વાયુ-વેગે વૈશાલીમાં ફેલાઈ ગયા. પવનનો સંચાર થાય તો એ પણ અદૃશ્ય ન રહે એવી વૈશાલી નગરીના નગરજનોની ખડી ચોકી હતી. પણ રાજા બિંબિસારને, ગોપાલનાયક જ, આમ્રપાલીના 'પુષ્પવિહાર'માં લાવ્યો છે, એ વાત ફેલાતાં નગરજનોના કોપનો પાર ન રહ્યો. રાતોરાત વૈશાલીમાં વાત ફેલાઈ ગઈ કે ગોપાલનાયક આવ્યો છે—અને એ જ આ વાતના મૂળમાં છે. નગરીમાં બિંબિસારને પ્રવેશ કરાવનાર એ છે.

એ સમાચાર ફેલાતાં નગરીમાં મોટી હિલચાલ મચી ગઈ. ગોપાલનાયક પ્રત્યે લોકોને રોષ હતો. તેને વૈશાલીમાંથી લોકોએ જ બહાર કાઢયો હતો. પણ તે લિચ્છવી થઈ ને મગધરાજને આંહીં લાવ્યો, એ વાત તો અસહ્ય હતી. પરંપરાદ્વારા, વૈશાલીની જનપદકલ્યાણીને, ભૂગર્ભમાર્ગની માહિતી ખાસ હક્ક તરીકે મળતી રહેતી. એને ત્યાં એ રીતે આવનારા સુરક્ષિત રાખવાની પ્રથા ચાલતી હતી. પરંતુ, રાજા બીજે ક્યાંયથી પ્રવેશ મેળવી શકે તેમ ન હતો એટલે એ માર્ગની ગોપાલને પણ જાણ હોવી જોઈએ. એ વિચાર આવતાં તો ઘેર ઘેર એને અને બિંબિસારને હવે બહાર જ જવા ન દેવા જોઈએ એવી વાત ચાલતી થઈ ગઈ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખી રાત લિચ્છવીઓની ધમાલ ચાલુ રહી. શસ્ત્ર સજીને નીલપદ્મભવનને ઘેરો રાખવાની વાત કોઈ કરતા હતા. કોઈ ગોપાલને નીકળતાં વેંત બંધનમાં જકડવાની વાત કરતા હતા. જનપદકલ્યાણીને પૃચ્છા કરવા કોઈએ જવું જોઈએ, એવી સૂચનાઓ થતી હતી. તો આમ્રપાલીને હવે પૂછવાવાળા આપણે કોણ? એ ચર્ચા પણ ચાલતી હતી. જે હક્ક આપણે આપ્યો છે તે વિષે હવે પૃચ્છા કરવી નકામી છે એમ એક જૂથનો મત હતો.

ગમે તેમ પણ લિચ્છવી જુવાનોનાં ટોળેટોળાં વહેલી પ્રભાતમાં ભેગાં થઈ ગયાં. એમણે આખી નગરીને આ વાતની જાણ કરવાનો ને આવી રહેલા ભય પ્રત્યે સૌને જાગ્રત કરવાનો સંકલ્પ કર્યો હતો. કેટલાકે મૃદંગ, ઢોલક, ત્રાંસાં, કાંસ્ય થાળ લીધા. બીજાઓ જુદાં જુદાં રણવાદ્યો લાવ્યા. ટોળાને અગ્રભાગે એક મહા બળવાન લિચ્છવી નૃત્ય કરતો ચાલ્યો. પોતાના માથા ઉપર તેણે એક તાંબાનો મોટો કુંભ મૂક્યો. એ કુંભ ઉપર એક બીજો લિચ્છવી ચડી ગયો. તે ત્યાં ઊભો ઊભો નૃત્ય કરતો હતો. ને કુંભવાળા લિચ્છવીના તાલ સાથે તાલ મેળવી રાખતો હતો. એનું એ નૃત્ય અદ્દ્ભુત હતું. જરાક તાલ-ભંગે તે નીચે ગબડે. પણ એનામાં અજબની સ્ફુર્તિ હતી. પાછળના ટોળામાં લિચ્છવી જુવાનો વૃંદગીત ગાતા આવી રહ્યા હતા. તેમના ગીતના પડઘા વૈશાલીની વીથિકાઓને જગાડતા હતા. એક જણ ગવ-રાવતો હતો. બીજા ગાન ઝીલતા હતા.

'હો! જાગો! લિચ્છવી જુવાનો!
આતતાયી કો આવ્યો નગરમાં, જાગો જુવાનો! જાગો
હો! લિચ્છવી જુવાનો જાગો!

'જુઓ જુઓ! સાંભળો. . . .' ચારે તરફથી અવાજ આવી રહ્યા હતા. વૃંદગાન ગાનારા આગળ વધી રહ્યા હતા. એ પક્ષમાં વહે-ચાઈને આખી નગરીને જગાડનારું ગાન ગાતા તે આગળ વધ્યા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વૃંદે ઉપાડ્યું:

'હાલક ડોલક નગરી હાલે, હાલે સરવર નીર,
દેખું દુશ્મન નગરી મધ્યે, લાગે હવા ગંભીર

બીજું વૃંદ બોલ્યું:

'હો ! જાગો ગણજન ! જાગો !

વળી પહેલું વૃંદ બોલ્યું:

'જાગો જુવાનો, જાગો જુવતીઓ, જાગો ડમરુ વાગે,
જાગો ભૈરવ બોલે હુંકે, અંકાશી ભય આગે,
હો ! જાગો લિચ્છવી જુવાનો !

'દુશ્મનનાં દળ ઓરાં આવ્યાં, થળ થળ થાણાં નાખે,
જાગો જુવાનો ! જાગો ગણજન ! વૈશાલી માં માગે
હો ! જાગો જુવાનો ! જાગો !

વૈશાલી મા માગે જુવાનો, ઘેરો નાદ જ આવે,
સૂતા સૌ કો જાગો જાગો, દુશ્મન આવ્યો લાગે,
હો ! જાગો જુવાનો જાગો

જાગો જુવાનો, જાગો જુવતીઓ, જીવે જે કો જાગે,
સૂતેલા સૌ ચાંપી દેવા, દુશ્મન આવે આગે,
એનાં છાનાં પગલાં વાગે,
હો ! જાગો જુવાનો ! જાગો.

લિચ્છવીઓની પણ્યવીથિકાઓ માણસોના ઘસારાથી ઉભરાવા માંડી. ઠેર ઠેર જુવાનોનાં, જુવતીઓનાં ટોળેટોળાં જાગીને, એક બીજાને પૂછવા માંડ્યાં.

મગધનો રાજા બિંબિસાર અત્યારે આ નગરીમાં બેઠો છે, એ સમાચાર વધુ ને વધુ ફેલાવા માંડ્યા.

હજી તો વહેલી પ્રભાતનો અનિલ, નીલપદ્મસરોવરને કિનારે શાંત રીતે વહી રહ્યો હતો, ત્યાં તો ચારે તરફથી સેંકડોની સંખ્યામાં નીલપદ્મભવનને જ જાણે ઘેરી લેવું હોય તેમ, સશસ્ત્ર લિચ્છવીઓ દેખાવા માંડ્યા. એમાંના કેટલાક અશ્વો ઉપર હતા. બીજા રથો લાવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. પગેપાળાની સંખ્યા તો સુમાર વિનાની હતી. સ્ત્રીઓ પણ સજ્જ થઈને આવી હતી.

થોડીવારમાં તો ત્યાં નીલસપદ્મભવનની તસુએ તસુ જમીન ઉપર લિચ્છવી જુવાનોની જાગ્રત ચોકી મંડાઈ ગઈ.

'પુષ્પવિહાર' માંથી કોઈ નીકળીને ચોકી વટાવ્યા વિના બહાર જઈ શકે તેવું રહ્યું નહિ.

આખું નીલપદ્મભવન જાગી ગયું. શું થયું છે એ હજી ત્યાં કોઈને બરાબર સમજાતું ન હતું. ગવાક્ષોમાં, જાળીઓમાં, ગોખમાં, મંદિરમાં, ચંદ્રશાલામાં જાણે સેંકડો ચંદ્રો દેખાઈ રહ્યા હોય તેમ વારાંગનાઓનાં રૂપમઢ્યાં વદન ત્યાં દેખાવા માંડયાં. એક રૂપસૃષ્ટિ જાગી ગઈ. પણ હવે દર પળે ઘર્ષણ વધી જવાનો ભય ઊભો થઈ રહ્યો હતો. 'પુષ્પવિહાર'માં આ વાતની ખબર પડી. લિચ્છવીઓ ભેગા થયા છે એ વાત આમ્રપાલીને એક દાસીએ આવીને કહી.

રાજા બિંબિસારને લાગ્યું કે કાંઈક નવાજૂની ચોક્કસ બનશે. તે નિઃશસ્ત્ર હતો. આસપાસની ભીંતો ઉપર એની નજર સહજ જ જાણે શસ્ત્રો શોધતી હોય તેમ ગઈ. પણ ચારે તરફની રૂપાળી સ્ફટિક સ્વચ્છ દિવાલોમાંથી આસપાસની રૂપસૃષ્ટિનું પ્રતિબિંબ ઊઠતું હતું. ત્યાં કોઈ શસ્ત્ર દેખાતું જ ન હતું. પણ આમ્રપાલી રાજાનો હેતુ કળી ગઈ. તેણે વિશ્વાસથી કહ્યું: 'મહારાજ! આ પુષ્પવિહારમાં ખુદ ઈંદ્રદેવ પણ મારી રજા વિના પ્રવેશ પામી શકતો નથી. તમારે નચિંત રહેવાનું છે મહારાજ! આ સ્થાન કોઈ પણ શંકાથી પર છે. આંહીં આવનાર આંહીંનો છે. તું શું કહે છે અલી નીલાંગના? શું છે એમને? લિચ્છવીઓ ભેગા થયા છે? હવે શું છે એમને . . .? એમને શું જોઈએ છે?'

'એમની રણભેરીમાં 'મગધરાજ બહાર આવે'ની સૂરાવલી વાગી રહી છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મગધરાજ બહાર આવે એની સૂરાવલી વાગી રહી છે? જા જા, ઘેલી! કહેવરાવી દે એમને, કે રણભેરી આહીં વાગી શકતી નથી. બંધ કરો. નહિતર બંધ થઈ જશે!'

'કોણ બંધ કરાવશે?' બિંબિસારે સહજ પૂછ્યું.

'કોણ? અલી નીલાંગનાં! મારું પેલું ચાપ લઈ આવ તો.. જેમાંથી સહસ્ર બાણો એકી સાથે વરસે છે. જા દોડ!...'

બિંબિસાર આશ્ચર્યથી એની સામે જોઈ રહ્યો. આ નારી ખરેખર અદ્ભુત હતી. એક દિવસના એના પરિચયમાં તો એણે એના વ્યક્તિત્વનાં હજારો રૂપો બતાવ્યાં હતાં. આ રૂપ તદ્દન જ નવું હતું. તે કાંઈક સંભારી રહ્યો. એણે આ રૂપ, આ પ્રેમ, આ મધુરતા, અને આ વીરતા—ક્યાંય એકી સાથે જોયાં હોય તેવું યાદ ન હતું. એક વખત કોઈ બ્રાહ્મણે કહેલી ...કામરૂપદેશની ચિત્રાંગદાની વાત એને યાદ આવી ગઈ! કહે છે કે એ આવી હતી. નારી, મોહિની, રૂપધરા, કલાસ્વામિની, વીરોચિતા, અને વીરાંગના! એક જ નારીમાં આટલી સ્ત્રીઓ વસેલી એણે ક્યાંય જોઈ ન હતી. કવિઓએ પણ કલ્પી ન હતી. પણ આજે એણે એ પ્રત્યક્ષ જોઈ

એટલામાં પેલી દાસી ચાપ લઈને ત્યાં આવી.

'તું દોડ જા ... બધાને મારો સંદેશો પહોંચાડી દે!'

'શું કહું સ્વામિની?'

'બીજું શું કહેવાનું હતું? કહે કે તમે 'પુષ્પવિહાર' સામે ઊભા છો. વૈશાલીની 'જનપદકલ્યાણી' આંહીં વસે છે. વૈશાલીની જનપદકલ્યાણી તમામ શંકાથી પર છે. દેશના ભય સામે એ પોતે જ એક મહાન દુર્ગ સમાન છે, તમે આ જાણો છો, તમે એના અધિકાર પીછાન્યા છે, તમે એના અધિકાર જાણો છો, આ બધી રણભેરી ને ઘોષણા બંધ કરો, નહિતર હમણાં બંધ કરાવી દેવાશે!'

નીલાંગના નમીને ચાલતી થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આપણે ચાલો, ચંદ્રશાલામાં ઊભા રહીએ. ત્યાંથી બધું બરાબર દેખાશે. સારું ચાપ હું લઈ લઉં છું, તમે એને ન અડતા મહારાજ !'

બિંબિસાર આશ્ચર્યચકિત થતો થતો ચંદ્રશાલા ઉપર જવા માટે સોપાન પરંપરા તરફ ચાલ્યો.

પણ ત્યાં દેખાતી સ્ફટિકની સોપાન પરંપરા પાસે શી રીતે પહોંચવું એ એને મન એક મોટો કોયડો થઈ પડ્યો.

તે ત્યાં ઊભો રહી ગયો હતો. કાચ નિર્મળા જલવિહારમાં ત્યાં સુવર્ણ મત્સ્યો ફરી રહ્યાં હતાં, અને જલમાં રમ્મત માંડી બેઠાં હતાં. જલવિહારમાં ઊતર્યા વિના સામેની સોપાન પરંપરા તરફ જવાનો બીજો કોઈ રસ્તો ન હતો.

રાજા ત્યાં ઊભો ઊભો સોનેરી મત્સ્યોની રમત નિહાળી રહ્યો હતો. એટલામાં તેને કાને પેલું આમ્રપાલીનું મનોહારી, મધુરું સૂરીલું હાસ્ય સંભળાયું ! એ ક્યાંથી આવ્યું એ જ સમજાતું ન હતું. કંઠમાંથી, હૃદયમાંથી, કલ્પનામાંથી, પ્રેમમાંથી કે હવામાંથી ? એ હાસ્ય જ એક જાતનું ગજબનું રૂપ લાવતું હતું !

વળી પોતે કાંઈ ભૂલ્યો છે કે શું એ જાણવા માટે રાજાએ ડોક ફેરવીને પાછળ આવતી આમ્રપાલી તરફ જોયું. ત્યાં આમ્રપાલી હસતી હસતી જ બોલી: 'મહારાજ ! તમારી મુદ્રિકા તમને તારશે !'

બિંબિસારે તરત પોતાની રત્નમઢી મુદ્રિકા કાઢીને ત્યાં જલમાં ફેંકી. ખાસ્સો રણકો આપતી તે હતી તેમ જ પડી રહી. 'ઓત્ તારીની ! આ તો આ પણ ભ્રમ છે ! અરે ! પણ આ મત્સ્યો ?'

'એ પણ મહારાજ ! એ જ જલનાં મીન છે. ને પાણીમાં તરસ્યાં ફરે છે ! આંહીં દિવસ કે રાત્રિ એમાંથી એકે સત્ય નથી. સત્ય કેવળ એક જ છે. જે સનાતન છે. સ્ત્રી પુરુષ ને પ્રેમ ! ચાલો ! મહારાજ !'

રાજા બિંબિસાર આગળ તો ચાલ્યો, પણ હજી એને લાગતું હતું કે ક્યાંક એ પાણીમાં જ ગબડી પડશે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ આમ્રપાલી હસતી હસતી આવી રહી હતી. પણ રાજા એ હાસ્યને સાંભળતાં જ કોણ જાણે કેમ છેક કામરૂપ દેશમાં જતો હતો. અને પેલી અદ્‌ભુત નારી ચિત્રાંગદાને જાણે નજરો નજર જોતો હતો !

ચંદ્રશાલામાં એ પહોંચ્યા. પણ ત્યાં કોણ જાણે શું થયું હતું, કોઈએ જાદૂઈ લાકડી ફેરવી હોય તેમ, સેંકડો ને હજારોની મેદની તદ્દન શાંત થઈ ગઈ હતી. ચિત્રમાં ચિતરેલા માણસોની જેમ બધે સ્થિરતા હતી. શું થયું હતું તે આંહીંથી કાંઈ સમજાતું ન હતું. પણ રણભેરી, કાંસ્યઘંટા, શંખ, ઝાલર બધાં બંધ થઈ ગયાં હતાં.

આનું કારણ જાણવા માટેની આતુરતા વધતી જતી હતી, એટલામાં નીલાંગના જ દેખાઈ.

'સ્વામિની !' તે એ હાથ જોડીને બોલી: 'તમારો સંદેશો આપવો જ ન પડ્યો. બધે શાંતિ છવાઈ ગઈ છે !'

'કેમ ?'

'ત્યાં સિંહનાયક આવેલ છે. એનો અવાજ પણ આ સંભળાય, જુઓ ત્યાં પેલા શ્યામ ઉત્તુંગ અશ્વ ઉપર એ ફરે !'

આમ્રપાલીએ ત્યાં દૃષ્ટિ કરી, તો સિંહનાયક ટોળામાં ફરી રહ્યો હતો. એના શબ્દો પકડવા એ એક કાન થઈ ગઈ.

સિંહનો એક મોટો પ્રચંડ અવાજ સંભળાયો. એના શબ્દો પકડાતાં રાજા બિંબિસાર તો મૂર્છિત જેવો થઈ ગયો. ગોપાલ ઉપર લટકતી તલવાર એણે જોઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૪. સિંહનાયક આવ્યો

સિંહનાયકનો બુલંદ, ગંભીર, ઉચ્ચ, સિંહસમો નાદ આકાશ-માર્ગેથી આવતો હતો: 'ગોપાલનું નામ કોણે લીધું ?' તે બોલી રહ્યો હતો. 'તમારામાંથી કોણ કહી રહ્યું હતું કે ગોપાલે દગો કર્યો છે? વિશ્વાસઘાત કર્યો છે? લિચ્છવી દ્રોહ કર્યો છે? વૈશાલીને એ બેવફા નીવડેલ છે? કોણ એમ બોલતું હતું? કોણ એ બોલતું હતું? જે બોલતું હોય તે આગળ આવી જાય. મારી સામે આવી જાય. મારે એને ખુલાસો આપવો છે! મારે ખુલાસો આપવો ઘટે છે!'

થોડીવાર સુધી આખી મેદની પથ્થરની મૂર્તિ જેમ શાંત થઈ ગઈ. એક ચકલીનો ચીંચીં અવાજ સંભળાય એવું મૌન વ્યાપી ગયું. પણ કોઈ આગળ આવતું દેખાયું નહિ.

'ભણે લિચ્છવીજનો! જે કોઈ આ બોલ્યું હોય તે આગળ આવે!'

હજી પણ મેદનીમાં હતી તેવી જ શાંતિ રહી. કોઈ ફરકતું લાગ્યું નહિ.

અસંખ્ય ઘોડેસવારો ચારે તરફ ઊભા હતા. તેમની તરફ સિંહ-નાયકે દૃષ્ટિ કરી. એમાંથી કોઈ ફરકતું લાગ્યું નહિ.

સિંહનાયકે રથીઓ ઉપર નજર ફેરવી. રાશને હાથમાં રાખીને ચિત્રમાં બેઠા હોય તેમ રથીઓ પણ શાંત બેઠા હતા. એમાંથી કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરકતું કે હાલતું ન હતું.

'ભણે લિચ્છવીજનો ! ગણતંત્રમાં ગમે તે સામાન્ય જનને પણ પોતાનો છંદ બોલવાનો અધિકાર છે. એ અધિકાર વાપરવાને સૌ કોઈ મુક્ત છે. જેણે ગોપાલ વિષે આ મત ઉચ્ચાર્યો છે, તેણે લિચ્છવી જનગણમાં એક શંકા ઊભી કરી છે. ગોપાલ મારો ભાઈ છે. મારો મોટો ભાઈ છે. તમે સૌ એ જાણો છો. પણ એ પહેલો તો લિચ્છવી છે. હું પણ પહેલો લિચ્છવી, પછી ગોપાલનો ભાઈ. આ આપણો સ્થાપિત સિદ્ધાંત છે. મારે ખુલાસો આપવો છે. શંકા કરનારને ખુલાસો લેવાનો અધિકાર છે. એ પોતાનો અધિકાર વાપરે. એ આગળ આવે. એ આગળ ન આવે–તો હજારોના દિલમાં શંકા ઉત્પન્ન કરવાનો મહા જનદ્રોહ એ કરે છે. વહેલે મોડે રાજકર્મચારીઓ એને પ્રકાશમાં લાવશે જ લાવશે. અને તે પહેલાં આંહીથી જ કોઈ એને પ્રકાશમાં લાવશે. બોલનાર આગળ આવે. સ્થાન ઉપરથી અવાજ આપે !'

જવાબમાં એક સુંદર રથ ઉપર એક જુવાન ઊભો થઈ ગયો. તેના ખભા ઉપર મહાબળવાન ધનુષ પડ્યું હતું. કેડે તલવાર લટકતી હતી. તેનો દેખાવ શાર્દુલ સમાન નીડરતા ભર્યો હતો. તેણે મોટા બુલંદ અવાજે સૌ સાંભળે તેમ કહ્યું: 'ભન્તે સિંહનાયક ! આખી વૈશાલી નગરી જાણે છે કે એક ચકલીનું પોટું પણ લિચ્છવીઓની ખડી જાગ્રત ચોકી વટાવીને વૈશાલીમાં પ્રવેશ મેળવે તેમ નથી. બંધુલમલ્લ, લિચ્છવીઓને બનાવી ગયો ત્યાર પછી તો, આ પ્રતિહારીઓની જાગ્રત ખડી ચોકી વટાવવી એ દેવદૂતો માટે પણ અશક્ય છે. તો માનવનો તો ભાર શું છે કે એ વટાવી શકે ? અને આખી નગરી જાણેછે કે મગધનો બિંબિસાર ગુપચુપ વૈશાલીમાં પેસી ગયો છે. તે સામેના 'પુષ્પ વિહાર'માં છે. છે શું એ ઊભો ! એની ધૃષ્ટતા તો જુઓ, એ ત્યાં ઊભો રહી શકે છે !'

'ભણે નગરજન ! તમને જે શંકા થઈ છે તે વાત પહેલી કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી આડી અવળી વાત હમણાં કરશો તો મૂળ તંતુ રહી જશે. બિંબિસાર ત્યાં કેમ ઊભી શકે છે, તે આખી નગરીને જાણીતી વાત છે. તમે તમારી શંકાની વાત કરો!'

'ત્યારે ભણે નાયક! હું ગોપાલને લિચ્છવીઓનો દ્રોહ કરનાર ગણું છું. એણે જ રાજાને આંહીં આણ્યો છે!'

'તે વાત પણ આખી નગરી જાણે છે!'

'તો પછી રાજાને લાવ્યો શી રીતે?'

'ભણે નગરજન! જનપદકલ્યાણીને ત્યાં કોઈ કોઈ અતિથિ કેમ આવે છે, ને તેમને શી રીતે લાવવામાં આવે છે તે પણ નગરીને કે લિચ્છવીઓને અજાણ નથી! જનપદકલ્યાણી શંકાથી પર છે! તમે જ એ અધિકાર એને આપ્યો છે!'

'પણ ભન્તે નાયક! રાજા જે માર્ગે આવ્યો, તે માર્ગ એણે જાણ્યો તો હશે નાં?'

સિંહનાયક ગૂંચવાતો જણાયો. એને પણ લાગ્યું કે આ તો જબરજસ્ત વાવંટોળ ઊભો કરનારી વાત છે. પણ તેને આમ્રપાલીની ભવ્યતાની જાણ હતી. એણે કોઈ ક્ષુલ્લક પગલું ભર્યું જ ન હોય. તેણે તરત વિશ્વાસથી જવાબ વાળ્યો:

'ભણે નગરજન! જનપદકલ્યાણી એ પોતે જ વૈશાલીની મહાનમાં મહાન દુર્ગરેખા છે. એ ગમે તે રીતે આવ્યો હોય, એના આવવામાં વૈશાલીનો દ્રોહ હોય, તો જનપદકલ્યાણીના ચાપની તોલે આવે એવું કોઈ ચાપ વૈશાલીમાં નથી!'

'પણ ભન્તે નાયક! મારો સવાલ અનુત્તર રહે છે. રાજાને લાવનાર ગોપાલ હતો. એ એ માર્ગનો જાણકાર હોવો જોઈએ.'

'હોવો જોઈએ નહિ.... એ જાણકાર છે જ. પણ એ લિચ્છવી છે!'

'પણ છતાં હજી મારો સવાલ અનુત્તર રહે છે ભન્તે નાયક!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા બિંબિસાર લિચ્છવી નથી. એ માગધી છે !'

સિંહ ફરીને જરાક વિચારમાં પડયો. ત્યાં તો આખી મેદની-માંથી એક મહાઘોષ ઊઠયો:

'એ માગધી છે. એ આતતાયી છે. એ પાછો નહિ જઈ શકે! ગોપાલે દેશદ્રોહ કર્યો છે. ગોપાલે લિચ્છવીદ્રોહ કર્યો છે !'

સિંહનાયક પોતાના ઘોડાની પીઠ ઉપર ઊભો થઈ ગયો. સૌ સાંભળે તેવા પ્રચંડ અવાજે એણે ઘોષણા કરી: 'ભન્તે નગરજનો ! સાંભળો, સાંભળો !'

'સાંભળો, સાંભળો, નાયક બોલે છે, સાંભળો !' ચારે તરફથી અવાજ આવ્યા.

'અમારે નાયકને સાંભળવાના છે. નાયકને સાંભળવાના છે ! નાયક બોલે છે, સાંભળો !' કોઈકનો ટાઢા ટમકલા જેવો ધીમો પણ ભયંકરતામાં બધાને ચડી જાય તેવો અવાજ આવ્યો :

'સાંભળો ! સાંભળો ! ગણજનો ! ગોપાલનો ભાઈ બોલે છે !'

'સિંહનાયક બોલે છે, સાંભળો !'

થોડી વારમાં ફરીને શાંતિ સ્થપાઈ ગઈ. સિંહનાયકનો નીડર, સર્વશંકાથી પર, બુલંદ પ્રચંડ અવાજ મેદની ઉપર ફરી વળ્યો :

'ભન્તે નગરજનો ! ભન્તે વૈશાલી ગણજનો ! સાંભળો. ગોપાલે વૈશાલીદ્રોહ કર્યો હોય તો એને ઊભો ને ઊભો વીંધી નાખવા માટે હું આંહીં આ ચાપ લઈને આવ્યો છું. પુષ્પવિહારમાંથી એને અત્યારે ને અત્યારે બોલાવો ! ગોપાલ લિચ્છવી છે. ને લિચ્છવી કદી અલિચ્છવી થતો નથી ! વજ્જિપુત્તક ! તમે પોતે અને તોમરમલ્લ પંડિત બન્ને જાઓ. ગોપાલને બોલાવો. એ કાંઈ પુષ્પવિહારનો અતિથિ નથી. અતિથિ તો રાજા બિંબિસાર છે. જાઓ, બોલાવો ! એને કહો કે સિંહનાયક બોલાવે છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫. લિચ્છવી હોય ત્યાં વૈશાલી

આખી મેદિની ચકિત થઈને ઊભી રહી હતી. ગોપાલ જ રાજા બિંબિસારને આંહીં લાવ્યો હતો એ નક્કી હતું. જો રાજા બિંબિસાર એ માર્ગ દેખી ગયો હોય તો, એણે અને ગોપાલે બન્નેએ, આંહીં જીવનપર્યંતનું કાં બંધન સ્વીકારવું જોઈએ, કાં એમણે જીવનમાંથી જ વિદાય લેવી જોઈએ. ત્રીજો કોઈ માર્ગ જ ન હતો. જો રસ્તો જાણીતો થઈ ગયો હોય તો વૈશાલીની અભેદ દુર્ગાવલિ એક મિથ્યા કાર્ષાપણ જેટલી પણ મૂલ્યવાન રહેતી ન હતી!

સિંહનો ચહેરો ચિંતાભર્યો હતો. એની આંખમાં મહાભય બેઠો હતો, પણ એની મુખમુદ્રા તો શાર્દૂલનો જ દેખાવ ધારી રહી હતી. આખી મેદનીની નજર એના ઉપર હતી. એકએક પળ એકએક યુગ સમાન જણાતી હતી. જનપદકલ્યાણી ગોપાલને પણ આવવા દેવાની ના પાડશે તો? તો શું થશે? એ વાતની ચિંતા હવામાં દેખાઈ આવતી હતી. બધા સ્થિર જણાતા હતા, પણ અસ્થિર હતા. બધે મૌન લાગતું હતું, પણ સેંકડો શંકાઓ પ્રગટી હતી. બધે શાંતિ જણાતી હતી, પણ નીચે અશાંતિનો સાગર ઘૂઘવી રહ્યો હતો.

એટલામાં તોમરદેવ પંડિત ને વજ્જિપુત્તક આવતા દેખાયા. બધાના શ્વાસ અધર ચડી ગયા. પણ તેમની તરત પાછળ, ધીમે શાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગલે જમીન સરસી નજર રાખીને ગોપાલ આવતો દેખાયો. અને બધાના શ્વાસ, આશ્વાસન પામ્યા હોય તેમ, જરાક શાંત થયા.

ગોપાલ ત્યાં આવ્યો. આખી મેદની એને આવેલો જુએ માટે વજ્જિપુત્તક પોતાનો રથ લઈને આગળ આવ્યો. એના રથને આવવા માટે વચ્ચે તરત જગ્યા થઈ ગઈ. લિચ્છવીઓ એક વ્યવસ્થિત પંક્તિમાં ગોઠવાઈને ઊભા રહી ગયા હતા.

ગોપાલ તરત ત્યાં દેખાયો. તેને વજ્જિપુત્તકે પોતાના રથ ઉપર લઈ લીધો. સિંહ નાયકથી થોડે દૂર વજ્જિપુત્તકનો રથ સ્થિર થઈ ગયો.

હવે શું થાય છે તે જોવા માટે બધાની ઉત્કંઠા વધી ગઈ.

સિંહનાયકે પોતાના ખભા ઉપરથી ધનુષ ઉઠાવ્યું.

એની એ ક્રિયા જોતાં આખી મેદની ગંભિર, સ્થિર, શાંત, ચિંતાભરી બની ગઈ.

'વજ્જિપુત્તક ! ગોપાલને રથ ઉપર ઊભો થવાનું કહે. આખી મેદની એને જોવા ઈચ્છે છે !'

ગોપાલ વાતને સમજતો લાગ્યો. તે તરત રથ ઉપર ઊભો થઈ ગયો. આખી મેદની એને જોઈ રહી. એ આખી મેદનીને જોઈ રહ્યો. પોતે વૈશાલી માટે શું નું શું કરી રહ્યો હતો, છતાં આંહી લિચ્છવીઓ હજી અનેક શંકાની ભયંકર દૃષ્ટિથી એને જોતા હતા, એનો ખેદ એના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાતો હતો.

'ભન્તે ગોપાલ !' સિંહ નાયકનો સોનેરી રણકા જેવો અવાજ બધે સંભળાયો. એકદમ મૂંગામાં મૂંગી અને એમાં પણ મૂંગી એવી શાંતિ વ્યાપી ગઈ.

'ભન્તે ગોપાલ ! જે સત્ય હોય તે બોલવાનું છે !'

'લિચ્છવી કદી અસત્ય બોલતો નથી, ભન્તે નાયક !' ગોપાલનો જવાબ આવ્યો.

'રાજા બિંબિસારને આંહીં લાવનાર કોણ ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું, ભન્તે નાયક !'

'કયે રસ્તે લાવ્યા ?'

'જનપદકલ્યાણીના અભેદ્ય માર્ગે !'

'ભન્તે ગોપાલ ! એ માર્ગ તમારો જાણીતો છે ?'

'હા, ભન્તે નાયક !'

'તમને ખબર છે, એ માર્ગ લિચ્છવીઓને મન અમૂલ્ય છે ?'

'—અને પવિત્ર પણ છે !'

'એ માર્ગ બીજાને બતાવનાર માટે ....'

'—વધની શિક્ષા છે, એ મને ખબર છે !'

'તમે રાજાને એ માર્ગે લાવ્યા ?'

'મેં હા કહી દીધી છે !'

'રાજાને એ માર્ગની જાણ થઈ છે ?'

'હા !'

સિંહનાયકની વ્યથાનો પાર રહ્યો નહિ. પણ આખી મેદની એની એ વ્યથાને જોઈ રહી હતી. તેણે તરત પોતાના ઉપર કાબૂ મેળવી લીધો.

'ભન્તે ગોપાલ ! એ માર્ગ રાજા જાણે છે એમ તમે કહ્યું ?'

'ભન્તે નાયક ! એ માર્ગની રાજાને જાણ થઈ છે, એમ મેં કહ્યું છે. રાજા એ માર્ગ જાણે છે, એમ મેં કહ્યું જ નથી. રાજા એ માર્ગ જાણતો નથી !'

'જાણતો નથી ?' સિંહના અવાજમાંથી એક જબરજસ્ત આશ્વાસનનો સ્વર સંભળાયો: 'જાણતો નથી એટલે? તમે વધારે સ્પષ્ટતાથી વાત કરો. શું રાજાએ એ માર્ગ દેખ્યો નથી ?'

'ના, દેખ્યો નથી. રાજાએ એ માર્ગ પગ તળે જાણ્યો છે !'

'આ . . . હા ! ત્યારે તો . . .'

'ભન્તે નાયક ! જ્યાં જ્યાં એક લિચ્છવી વસે છે, ત્યાં ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન વૈશાલી નગરી વસે છે. રાજાની નજરને અંધારઘેરી વસ્ત્રપટ્ટીઓથી આચ્છાદિત કરવામાં આવી હતી !'

સિંહના મોં ઉપર તેજ આવી ગયું. આશાના અંકુર આવ્યા એણે આશ્વાસનનો શ્વાસ લીધો. પણ ત્યાં રથી વજ્જિપુત્તક બોલ્યો:

'ભન્તે નાયક ! આમ થયું હતું તેની પ્રતીતિ શી ?'

'હા, તેની પ્રતીતિ શી ?' બીજાએ કહ્યું.

'બરાબર છે ! પ્રતીત શી ?' ત્રીજાએ કહ્યું.

સિંહે ગોપાલ સામે જોયું. 'ભન્તે ગોપાલ ! તમે રાજાને અંધારઘેરી વસ્ત્રપટ્ટીમાં આચ્છાદિત કરીને લાવ્યા એ બરાબર. પણ તેની પ્રતીતિ શી ?'

ગોપાલ જરાક ગૂંચવાતો જણાયો.

એટલે તો પ્રશ્નો ઉપર પ્રશ્નો આવવા માંડયા.

'હા, પ્રતીતિ શી ?'

'પ્રતીતિ આપો !'

'શી પ્રતીતિ આપો છો ? અમારે શી રીતે માનવું ?'

'તમે કહો તે જ સત્ય એમ ?'

'ભન્તે ગોપાલ ! લિચ્છવી કદી પણ અલિચ્છવી બનતો નથી. લિચ્છવીઓને એની પ્રતીતિ કરાવો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૬. ગોપાલનો પ્રત્યુત્તર

ગોપાલ એક ક્ષણભર વિચારમાં પડી ગયો. પોતાના શબ્દનું કોઈ મહત્ત્વ લિચ્છવીઓમાં ન હતું. સિંહ એનો પક્ષ લઈ શકતો ન હતો. કુશંકા જન્મી તે સમૂળગી નાશ ન પામે, તો એ ભેદ જન્માવીને જ રહે. એ મનમાં વિચાર કરી રહ્યો. ગણતંત્રોની નબળાઈમાં નબળી કડી જો કોઈ હોય તો તે આ હતી. ત્યાં દરેક માણસ શંકાથી ભરેલો હતો. દરેક વાંકા ઠરડા પ્રશ્ન લઈને ઊભો હતો. દરેક પોતાના સિવાય બીજાને સામાન્ય ગણતો હતો. કોઈ વસ્તુ અસામાન્ય ન હતી. કોઈ વ્યક્તિ વિશિષ્ટતા ધરાવતી ન હતી. ગણતંત્રની આ મહાન નબળાઈ ગોપાલને ધ્યાનમાં હતી. પોતે પોતાની સચ્ચાઈ માટે ગમે તેટલું કહે કે કરે પણ તે માનવાવાળા લોક જ જો ન હોય, તો પોતે બોલે તે બધું વ્યર્થ હતું. છતાં એને ખબર હતી. આમ્રપાલીને જે અધિકારો ગણતંત્રે આપ્યા હતા તે અધિકારોને વૈશાલીના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ શ્રેયસ્ અર્થે જ આમ્રપાલી વાપરવાની. અથવા એવો કોઈ હેતુ ન હોય, ત્યારે કેવળ પ્રેમની હવાને મહત્ત્વ આપવાની. વૈશાલીના ગૌરવને લેશ પણ હાનિ પહોંચાડે એવી કોઈ વાત જનપદકલ્યાણી કરે જ નહિ—જનસમૂહના એ વિશ્વાસ ઉપર જ આ વહાણ નભે તેમ હતું. એ ધારે તો પણ મગધની બધી વાત કરવાનું શક્ય ન હતું. લોકહિતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ ન હતું. એટલે એણે દૃઢતાથી અને આત્મવિશ્વાસથી કહ્યું:

'ભન્તે ગણનાયક! અને ભણે લિચ્છવી જનો! ગોપાલ કોઈ દિવસ અલિચ્છવી નહિ થાય—એટલી ખાત્રી રાખજો. તમે મને બધું બોલાવશો તો તેમાં તમને જ હાનિ હશે. પણ એક વાત સૌ સમજો. મગધ શું છે—એ શું કરી શકવાની શક્તિ ધરાવે છે—એ જાણવા માટે, તમે શ્રમણ ગૌતમની સમક્ષ થોડીવાર બેસતાં શીખો. હમણાં તો એ કપિલવસ્તુ ગયેલ છે. પણ એનું ચંક્રમણ આ તરફ થશે, ત્યારે તમે એને રાજગૃહ વિષે પૂછજો. મગધ વિષે પૂછજો. યુવરાજ અજાતશત્રુ વિષે કાંઈક જાણજો. મહાઅમાત્ય વર્ષકારની પિછાન મેળવજો.

'આ હું તમને કહું છું નગરજનો! આવતાં વર્ષો ગણતંત્ર તમામ માટે, ભયાનક હશે. હું જે જાણું છું તે બધું કહી શકું નહિ. પણ જે કહું તેટલામાંથી તમે દોરને પકડી લેજો. જુઓ, સાંભળો. વર્ષકાર મહાઅમાત્ય કોઈ સામાન્ય માણસ નથી. અજાતશત્રુ યુવરાજ કોઈ સામાન્ય માણસ નથી. રાજા બિંબિસાર પણ કોઈ સામાન્ય માણસ નથી. આજે એ મહાન સેનાપતિઓનો સેનાપતિ શ્રમણ ગૌતમને નામે રાજગૃહના વેણુવનમાં દિવસોના દિવસો ગાળે છે. એ ભિખ્ખુ સમાન જ છે. પણ મગધના મહાઅમાત્યને આ વાત કેવી રીતે વાળવી એની જ લગની હોઈ શકે.

'એને પરિણામે આજે હું આવી શક્યો છું. વૈશાલીની જનપદકલ્યાણીના જીવનમાં જે સૌન્દર્ય છે એને પરિણામે હું તમારી સમક્ષ ઊભો છું. એ વસ્તુમાં નથી લિચ્છવીઓનો દ્રોહ. નથી વૈશાલી તરફનો વિશ્વાસઘાત. નથી દેશપ્રેમની ખામી. સમજો તો એમાં જ વૈશાલીનો ઉદ્ધાર છે. આથી વિશેષ હું તમને અત્યારે શી રીતે કહી શકું? શી રીતે કહું? તમે જ કહો, તમને શી રીતે સમજાવું? કેટલીક વખત, ભણે લિચ્છવીજનો! ન બોલવામાં બોલ છે, ને બોલમાં ન બોલ છે, અથવા કુ બોલ છે. એ સમજવા જેવું છે. મારી આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ છે. છતાં હું તમને કાંઈક કહું. સાંભળો, મને સમજો. મને સમજો...'

ગોપાલે પોતાનું ગળું સ્પષ્ટ કર્યું. તે ધીમેથી મક્કમ રીતે આગળ વધ્યો.

ગોપાલ શું પ્રત્યુત્તર આપે છે તે સાંભળવા માટે આખી મેદની જાણે એકકાન થઈ ગઈ. સિંહનાયક પોતાના વડીલભાઈ તરફ જોઈ રહ્યો. 'લિચ્છવી અલિચ્છવી બનતો નથી' એ મહાન વિચારનો પડઘો જનતાને સ્પર્શી ગયો હતો. અને ગણજનો એના એ એક જ વિચાર ઉપર મુગ્ધ બન્યા હતા. પણ ગોપાલ પ્રતીતિજનક ખુલાસો આપી ન શકે, તો હજી મહાન વાવંટોળનો ભય હતો. પોતાને આંગણે એક પણ વિદેશી રાજપુરુષને એક પળને માટે પણ સહન ન કરવાની વૈશાલીની રાજનીતિનો અમલ કરવો જ પડે તેમ હતું. સિંહનાયક ગોપાલના મોં તરફ જોઈ રહ્યો.

ધીમા, શાંત, મક્કમ, પણ ગંભીર અવાજે ગોપાલે પ્રત્યુત્તર વાળ્યો: 'લિચ્છવીજનો! મેં જ્યારે એમ કહ્યું કે 'લિચ્છવી અલિચ્છવી બનતો નથી,' ત્યારે એ વાત તમારી સમક્ષ મેં મારા જીવન અનુભવમાંથી લાવીને મૂકી છે. તમે ભલે મને ભૂલી ગયા. વૈશાલી નગરી ભલે મને ભૂલી ગઈ. પણ હું વૈશાલીને ભૂલી શકતો નથી. રાત ને દિવસ મને વૈશાલીનાં સ્વપ્નાં આવે છે. તમને મગધના મહાઅમાત્ય વર્ષકારનો પરિચય નથી. મને એ પરિચય છે. તમે ગમે તેટલા બળવાન હો, આ નગરીને એ હતી ન હતી કરીને જ જંપવાનો છે!'

ગોપાલના શબ્દોની ઘેરી ગંભીર અસર થઈ ગઈ. ઘણાને એ મહાન લિચ્છવી જણાયો, બીજાને અન્યાય પામેલો મહાન વૈશાલીપુત્ર લાગ્યો. કેટલાયને થયું કે વૈશાલીના આ પુત્રને ફરીને વૈશાલીમાં આવવાનું માન આપવું જોઈએ. સિંહનાયક, ગોપાલની ગંભીર વાતનો શબ્દેશબ્દ મનમાં ઉતારી રહ્યો હતો.

'હું સમજું છું' ગોપાલ આગળ વધ્યો: 'તમારામાંના ઘણાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા પ્રત્યે પ્રીતિ છે. હું આંહીં આવીને હવે વસું એમ પણ ઘણાના મનમાં આવી ગયું હશે . . . પણ હું જે કામ માટે, મારી જાતને ત્યાં રાખી રહ્યો હતો, તે કામ હવે જ શરૂ થાય છે. તમે સૌ જાણો છો કે મગધના મહારાજ બિંબિસારની મહત્ત્વાકાંક્ષા, એક વખત વૈશાલીને જીતી લેવાની હતી. એ જીતી શક્યો હોત તો વૈશાલીને આજે એણે એક મહાન રાજતંત્રના કેન્દ્રસ્થાને મૂકી દીધી હોત. ગમે તેમ પણ વૈશાલી નગરીને એ જીવવા દેત. પણ એનો સમય હવે પૂરો થયો છે. એનો મહા તેજસ્વી પુત્ર અજાતશત્રુ આ તમારી નગરીને ભસ્મીભૂત કરવાનો છે! . . .'

મેદનીના કાને આ શબ્દ પડતાં મોટો કોલાહલ થઈ ગયો.

'વૈશાલી ભસ્મીભૂત થશે, તે પહેલાં અમારામાંનો દરેકે દરેક ધૂળમાં રગદોળાઈ જશે ગોપાલ!' સિંહનાયકે લોકમાનસ સમજીને ગોપાલને કહ્યું.

'તે થશે. એ હું કબુલ કરું છું. લિચ્છવી કદી પણ અલિચ્છવી બનતો નથી. પણ ભન્તે નાયક! શ્રમણ ગૌતમ આંહીં આવીને હમણાં કપિલવસ્તુ તરફ ગયેલ છે. એ જ્યારે આ બાજુ પાછું ચંક્રમણ કરે ત્યારે એને મળજો. એ રાજગૃહના વેણુવનમાં ઘણો વખત રહેલ છે. એ તમને કહેશે, વર્ષકાર મહાઅમાત્ય અને અજાતશત્રુ એ બે છે ત્યાં સુધી એક પણ ગણતંત્ર ધરતી ઉપર ટકી શકશે નહિ!

'ભન્તે લિચ્છવીજનો! આ બધી વાતનો અત્યારે તમે ટૂંકામાં સાર સમજી લો. મારો આટલો ખુલાસો જ તમને પૂરતો લાગે એમ હું ઇચ્છું છું!'

'પણ ખુલાસો શું છે એ તો હજી તમે બોલ્યા જ નથી!' સિંહે કહ્યું.

'ભણે લઘુબંધુ! વૈશાલી નગરીની જનપદકલ્યાણી એ પોતે જ શું મહાનમાં મહાન લિચ્છવી નથી? એ નગરી વિઘાતક કોઈ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવૃત્તિને એક પળ માટે પણ ચલાવી લે ખરી? એવું તમે માની કેમ શકો છો? એના માટે શંકા કરવી એ જ અલિચ્છવીની વાત નથી? હું વધારે પ્રતીતિ આપું છું લિચ્છવીજનો! સાંભળો.

'રાજા બિંબિસારને હું જાણું છું. એનો આત્મા કોઈ મહાન માગધીને માટે ઝંખી રહ્યો છે. એવો કોઈ મહાન માગધી જન્મે, જે વિરલ હોય, અદ્વિતીય હોય, અદ્ભુત હોય. જે પોતાના સ્વતેજથી મગધને મહાન બનાવે. એને ક્ષુલ્લક થતું અટકાવે. એને ભય છે કે અજાતશત્રુને હાથે ભલે મગધપ્રદેશ રાજકીય દૃષ્ટિએ વિશાળ—અતિ વિશાળ બને, પણ એ વિજય ક્ષુલ્લક હશે. ક્ષુદ્ર હશે. પરાજય કરતાં પણ ભૂરો હશે. મગધને હમેશને માટે કલંકિત કરી જનારો હશે.

'એની સૌંદર્યની અને પ્રેમની વાતો હું જાણું છું.

'એ આંહીં બધું જ ભૂલી જવા માટે આવેલ છે. અને હું એને આંહીં લાવ્યો છું. લિચ્છવીઓ! કોને ખબર છે, કઈ રત્નગર્ભા નારી કયે વખતે કઈ ભેટ ધરતીને ધરી દેશે? આ એક જ મારું સ્વપ્ન છે. એ સ્વપ્ન ફળે તો મગધને તમે ભવિષ્યમાં જુદા જ રૂપે જુઓ. ત્યાં અજાતશત્રુના માર્ગને રૂંધનારું અભિનવ બળ જન્મે. એ બળ વૈશાલીમાંથી આવનારું હોય. જનપદકલ્યાણીની વૈશાલીને એ મહાન ભેટ હોય!'

સિંહનાયક ગોપાલની વાત સમજતાં જ ડોલી ગયો. આ વાતને વધારે સ્પષ્ટ કરવામાં હવે ભય હતો. તે ઉતાવળે જ બોલી ઊઠ્યો: 'ભણે નગરજનો! ગોપાલબંધુની વાત પ્રતીતિજનક છે. એ રસ્તો દીર્ઘદૃષ્ટિવાળો છે. ઘણો જ બળવાન છે. મગધને વિભક્ત કરી દેનારો છે. નગરીને વિઘાતક રીતે આંહીં કોઈના પ્રવેશ કરવાની વાતને એક પળને માટે પણ ચલાવી લે, એવી જનપદકલ્યાણી માટે શંકા જ ન સંભવે. ગોપાલબંધુએ તમામ રીતે નગરીની વાત જાળવી છે. આજથી સાતમે દિવસે એ આંહીં નહિ હોય. રાજા પણ નહિ હોય. આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિથી વિખરાઈ જાઓ, બોલો, વૈશાલીનગરીની જનપદકલ્યાણીનો વિજય હો !

'જનપદકલ્યાણીનો વિજય હો !' લિચ્છવીઓનો બુલંદ અવાજ એમને થઈ ગયેલી પ્રતીતિનો સૂચક હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૭. વિદાયવેળાએ

લિચ્છવીઓને ગોપાલની અમુક અમુક વાત તો સ્પર્શી ગઈ હતી. એ બધા એક વાત જાણતા હતા. આમ્રપાલી આમ્રપાલી હતી. ત્રણ ભુવનના લોભે પણ વૈશાલીની પ્રતિષ્ઠાને તે જરા જેટલી કદી પણ ઝંખવાવા ન દે. રાજા બિંબિસાર વૈશાલીની કોઈ ગુપ્ત વાત લઈને એને ત્યાંથી જાય. . . એ કદી બને જ નહિં. એ પ્રેમના સાગર પાસે પ્રેમનો સાગર હતી. લેશ પણ દગાખોરી પાસે એ અચૂક બાણ સમાન હતી. એટલે જ્યારે મેદનિ વીખરાઈ, ત્યારે ઘણાના મનનું તો સમાધાન થયું હતું, ગોપાલની અત્યંત દીર્ઘદૃષ્ટિને પરિણામે મગધ કસોટીમાં મૂકાય એવી વાત ઊભી થતી હતી. એમાંથી તો અજાતશત્રુ વૈશાલીનું નામ લેવાની ખો વખતે ભૂલી જાય એમ પણ બને. ગમે તેમ ગોપાલનો વૈશાલીપ્રેમ જ્વલંત હતો. એના કથનની અસર થઈ ગઈ. બધા શાંતિથી વીખરાયા, છતાં કોઈનામાં શ્રદ્ધા નહિ એવા પાંચસોએક સ્વતંત્ર જુવાન લિચ્છવીઓ પોતાનો જુદો જ સંકલ્પ કરી રહ્યા હતા. એમણે ગોપાલને અને બિંબિસારને તળ રાખવાનો નિર્ણય લીધો. એ પોતાના બળ ઉપર મુસ્તાક હતા. ગોપાળની પાછળ એ પડવાના હતા.

બધા વીખરાયા પણ એ વિચાર કરતા ત્યાં બેસી રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંહનાયકની નજર તેમના તરફ હતી. એ સમજતો હતો કે એક વખત પણ વિદેશમાં વાત ફેલાય કે વૈશાલીની જનપદકલ્યાણીના વેણુની વૈશાલીમાં જ કાંઈ કિમ્મત નથી, તો દેશભરમાં વૈશાલીના વચનભંગની અપકીર્તિ થાય. બધે લિચ્છવીઓની હાંસી થાય! ગણતંત્રોમાં અવિશ્વાસ જન્મે. જનપદકલ્યાણી બધે જ શંકાથી પર ગણાતી હતી. અને વૈશાલીમાં તો આમ્રપાલીએ એ શરત બધા પાસે કબૂલ પણ કરાવી હતી. એટલે એને ત્યાંથી અભય પામેલા એ વિદેશીઓ ઉપર આ પ્રમાણે પાંચસો લિચ્છવીઓ હુમલો કરે, તો તો વૈશાલી ઉપર એક કાળું કલંક આવે! એ વાત બની શકે જ નહિ.

સિંહનાયક જાગ્રત થઈ ગયો. એણે જાતે જ વાતની ચોકી રાખવા માંડી.

એને એક વાતની પ્રતીતિ થઈ ગઈ હતી. ગોપાલનો વૈશાલીનો પ્રેમ જ રાજા બિંબિસારને આંહીં લાવ્યો હતો. રાજાને, જનપદકલ્યાણીની પ્રેમહવા, હમેશને માટે વૈશાલી સાથે સંબંધ રાખતો કરી મૂકે. એમાંથી વૈશાલી અને મગધ મિત્ર થઈ જાય. અજાતશત્રુ હજુ યુવરાજ હતો. વર્ષકાર મહાઅમાત્ય હજી તૈયારી કરી રહ્યો હતો. રાજા બિંબિસાર ધારે તો વૈશાલી મગધ વચ્ચે પ્રેમહવા સ્થાપી શકે તેટલો શક્તિશાળી હજી તો હતો જ. એટલે ગોપાલની આ દીર્ઘદૃષ્ટિ માટે સિંહનાયકને એક રીતે માન થયું હતું.

પરંતુ ગોપાલની ખરી વાત, જે ઘણા તો સમજ્યા જ ન હતા, એના વિષે જ્યારે સિંહનાયકે ચિંતન કર્યું, ત્યારે તો એને લાગ્યું કે આ એનો મોટો ભાઈ, ભલે એક વખત વૈશાલીમાંથી દેશવટો પામ્યો હોય, અત્યારે તો એના જેવો બીજો મહાન વૈશાલીપુત્ર કોઈ જ ન હતો! પોતે પણ નહિ!

આમ્રપાલી વૈશાલીને શી ભેટ ધરશે? એ કોણ કળી શકવાતું હતું? એ અદ્ભુત નારી હતી. ગોપાલે એનામાં મહાભારતના જમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાની ચિત્રાંગદા જેવી શકયતા જોઈ હતી. એવી નારી વખતે કોઈ એવા વિરલ રત્નની ભેટ ધરે—કે જે મગધ વૈશાલી અને આખા ભારતવર્ષને પોતાના અનુપમ તેજથી છાઈ દે!

ગોપાલની આ ભવ્ય કલ્પના વિષે સિંહ નાયકે જેમ જેમ વધારે વિચાર કર્યો, તેમ તેમ એને લાગ્યું કે આમ્રપાલીને પણ ખરી રીતે તો એક ગોપાલ જ સમજી શકયો હતો! વૈશાલી નગરીએ તો એને વેગમાં ને વેગમાં 'જનપદકલ્યાણી' બનાવી હતી એટલું જ! આમ્રપાલીના ખંડેખંડમાં અદ્ભુત દરશો ઊભાં કરનારો ચિત્રકાર ચિત્તપતિ સિંહને યાદ આવ્યો.

એ પણ નહોતો કહેતો કે જે સૌન્દર્ય એણે કયાંય જોયું ન હતું, તે સૌન્દર્ય આમ્રપાલીની એક હાસ્યછટામાં રમતું દેખાતું. એના સહજ અભિનયમાં પ્રગટ થતું. એની કજ્જલઘેરી શ્યામ આંખમાં આવી જતું. એના એક સહેજ ઓષ્ટ મરડાટમાં બેઠું હતું. એના ઊભા રહેવામાં એ હતું. એના ચાલવામાં એ હતું. એના બોલવામાં પણ એ હતું. એની કઈ વાતમાં એ ન હતું.. એ જ એક કોયડો મોટો હતો. એ પોતે રૂપમૂર્તિ હતી. અને બધાં રૂપ એની પાસે અ રૂપ હતાં. ચિત્તપતિ કહેતો હતો કે આવું સૌન્દર્ય કેવળ રમવાની ખાતર પૃથ્વીમાં રખડવા મોકલે એવી કાંઈ કુદરત ઘેલી ન હતી!

એ તો કલાની ભારે જાણકાર હતી. કલાની કરકસરને સમજનારી હતી. આવા સૌન્દર્યમાંથી કોઈ વખત જે ઉદ્ભવે તે પૃથ્વીની આખી સૂરતને જ પલટાવી નાખે! શ્રમણ ગૌતમ, એ કયાંથી આવ્યા હતા? ચિત્તપતિની વાત સિંહને સાચી જણાઈ.

આમ્રપાલી વૈશાલીને નવો ઇતિહાસ આપશે. મગધને નવી દૃષ્ટિ આપશે. ચિત્રકાર ચિત્તપતિ એ કહેતો હતો. ગોપાલ પણ એ જ કહી રહ્યો હતો. એ ગમે તેમ હોય, કેવળ કલ્પના હોય, પણ સિંહને પણ એવી પ્રતીતિ થતી જતી હતી. ગોપાલનો ખરો વિજય જ એ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈશાલી જેવી નગરીમાં કેટલી મહાન શકયતા હતી ? એને ત્યાં–બીજે કયાંય નહિ ને એને ત્યાં, બીજા શ્રમણ ગૌતમનાં પગલાં પડે. બીજા મહાન શ્રેણિકના પગલાં પડે. શું થાય તે કેવળ સમય કહી શકે. પણ એવા ઇતિહાસની આગાહી કરનાર ગોપાલનો આ જેવો તેવો કલ્પના-વિજય ન હતો. સિંહે નિશ્ચય કર્યો. રાજા બિંબિસાર વિદાય લે તે વખતે એના મનમાં વૈશાલીના વચનભંગની લેશ પણ ભીતિ ન જ રહેવી જોઈએ.

રાજા બિંબિસારને ખબર ન રહી. પણ એક મધુર સ્વપ્નની જેમ એના સાત દિવસ વહી ગયા. ત્યારે હજી તો એને એમ થતું હતું કે મગધ છોડયાં એને સાત જ પળ થઈ છે !

આમ્રપાલીના મહાન કલ્પનાતીત સુંદર 'પુષ્પવિહાર' ને રાજા વિદાયની ઘડીએ જોઈ જ રહ્યો. ઘડી બે ઘડીમાં એને આંહીંથી હવે વિદાય લેવાની હતી. હવે એ આંહીં એક પળ પણ થોભી શકતો ન હતો. ચારે તરફથી પંખીનાં મધુર ગાન આવી રહ્યાં હતાં. મૂંગી વીણાઓમાંથી જાણે કે સ્વરની રમ્ય હેલી વરસી રહી હતી. આમ્રપાલીના જે વીણાવાદને રાજા દુનિયા ભૂલી જતો, તે અદ્‌ભુત વીણા ત્યાં લટકતી હતી. રાજા ચારે તરફ એક દૃષ્ટિ કરી રહ્યો. એણે આવી મનોરમ સુંદર સૃષ્ટિ કયાંય જોઈ ન હતી. આ સૃષ્ટિ છોડતાં એનો જીવ કળીએ કળીએ કપાતો હતો. આજે પહેલી જ વખત એને લાગ્યું કે જે સ્વર્ગની લોકો વાતો કરે છે, તે સ્વર્ગ કદાચ ખોટી કલ્પના હશે. અને આ પૃથ્વીમાં જ સ્વર્ગ રહેતું હશે. એ ગમે તેમ હોય, પણ એને એક વાતની પ્રતીતિ થઈ ગઈ. પ્રેમની સૃષ્ટિ પાસે સ્વર્ગ તુચ્છ—અતિ તુચ્છ છે !

છેવટે તે જવા માટે તૈયારી કરવા માંડયો. ગોપાલને બોલાવ્યો હતો. તેના આવવાની રાહ જોવાતી હતી.

પાસેના ખંડમાંથી ધીમા શાંત પગલે આમ્રપાલી આવી. તેના ચહેરા ઉપર એક પ્રકારની મધુર ઉદાસી છવાઈ ગઈ હતી. તેણે આવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ હાથ જોડી રાજાને અભિવાદન કર્યું.

મહારાજ બિંબિસારે ઊભા થઈને સામે અભિવાદન કર્યું.

એ પળ ત્યાં શાંતિ ફેલાઈ ગઈ. કોઈ કાંઈ બોલી શકતું ન હતું. થોડીવાર પછી આમ્રપાલીનો મધુર અવાજ મહારાજને કાને આવ્યો:

'મહારાજ ! મહાભારતના જમાનાની કોઈ ચિત્રાંગદા મહારાજને યાદ છે ખરી ?'

બિંબિસાર રાજા મહા વિચક્ષણ હતો. ગોપાલ પણ કાંઈક ચિત્રાંગદાની વાત કરતો હતો. એનામાં અદ્ભુત નારીત્વ હતું એમ ગોપાલે કહ્યું હતું. એવું નારીત્વ જે પુરુષના તેજને એક સહસ્રગણું અધિક બનાવીને પોતાનામાંથી પ્રગટ કરવાની શક્તિ ધરાવતું હોય ! એ કુદરતદીધી અદ્ભુત વસ્તુ હતી. એ વિરલ હતી. પેલી ચિત્રાંગદાએ અર્જુનને નહોતું કહ્યું: 'રાજકુમાર ! તમારું જે સત્ત્વ હું સાચવી રહી છું, તે તમને સહસ્રગણું અધિક પાછું સોંપું, ત્યારે મારા નારીત્વે વિજય મેળવ્યો છે કે પરાજય તે ખબર પડે !'

ચિત્રાંગદાની વાત સંભારીને આમ્રપાલી શું કહેવા માગતી હતી તે સમજતાં રાજા બિંબિસારને વાર ન લાગી. તે તરત જ બોલ્યો: 'જનપદકલ્યાણી ! પુત્રી હોય તો — એ ભલે તમારો વૈશાલી વારસો જાળવે !'

'ને પુત્ર હોય, તો મગધમાં એ વારસો લેવા આવે. એને મોકલો ત્યારે આ મુદ્રિકાનું કંઠે નિશાન કરજો. આ મહા મૂલ્યવાન વસ્ત્ર ધારણ કરવાનું એને કહેજો. તમારે એથી વિશેષ કાંઈ શબ્દ મોકલવાની પણ જરૂર પછી રહેતી નથી. જેનો જે વારસો છે તેને તે વારસો મળશે જ મળશે ! જે વારસાને લાયક છે, તેનો વારસો છીનવી લેવાનો કોઈને અધિકાર નથી. મગધની અવિચળ નીતિ છે અને તે અક્ષરશઃ પળાશે. એ વિષે તમે નચિંત હો !'

રાજાએ એક મહા મૂલ્યવાન મુદ્રિકા સામે ધરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ્રપાલી બોલ્યા વિના રાજાની મુદ્રિકા લઈ ને અભિવંદી રહી.

એટલામાં નીચેથી આવી રહેલા ગોપાલનાં પગલાં સંભળાયાં. હવા ભારે થઈ ગઈ. હવાના કણેકણમાં ઉદાસી આવી ગઈ. રાજા આમ્રપાલી સામે જોઈ રહ્યો. આમ્રપાલી રાજા સામે જોઈ રહી. મૌન જ બોલ થઈ ગયું. મૌનમાંથી શબ્દો સંભળાતા હતા. વિદાયવેળાનાં પ્રેમગીતનું એમાં દર્દ હતું.

બન્નેને ખબર હતી. એક પળનો પણ હવે વિલંબ થાય તેમ ન હતો.

એટલામાં તો ગોપાલનો અવાજ આવ્યો : 'મહારાજ ! આપણો સમય થઈ ગયો છે ! આપણે ચાલવાનું છે. હું આંખ આચ્છાદન માટે શ્યામ વસ્ત્રપટ્ટીઓ લાવ્યો છું. આપણે મહારાજ ! આંહીંથી જ આચ્છાદન કરીને આગળ વધીએ !'

આમ્રપાલી આગળ વધી. તેણે મહારાજનો હાથ હાથમાં લીધો. ગોપાલ રાજાને વસ્ત્રપટ્ટીઓનું બંધન બાંધવા આગળ આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૮. રસ્તે જતાં !

સિંહનાયક જાણતો હતો. વૈશાલીના પેલા લિચ્છવી જુવાનો રાજાને એમ ને એમ જવા નહિ દે. ગોપાલ ને રાજા જે રસ્તે જવાનો સંભવ હતો તે રસ્તે તેઓ આડે પડવાના કે પાછળ દોડવાના.

ગોપાલે રાજાને અંધારવસ્ત્રપટ્ટીઓનું આચ્છાદન કર્યું. થોડીવાર પછી તે બહાર નીકળ્યા. રાજાએ પોતે ક્યાંથી પ્રવેશ મેળવ્યો તે વિષે પણ એ તદ્દન અજ્ઞાન હતો. આખે માર્ગે પણ એ ગાઢ અંધકારમાં કેવળ પગ વડે ચાલી રહ્યો હતો એટલું જ! બહાર નીકળ્યો એ પણ તેણે હવાના આધારે જાણ્યું. બહાર નીકળ્યા પછી પણ કેટલાક અંતર સુધી એ વસ્ત્રપટ્ટીઓના આચ્છાદનને લીધે, અંધકારમાં જ અશ્વને ચલાવી રહ્યો હતો !

જ્યારે ગોપાલે તેનો વજ્જરબંધ ઢીલો કર્યો, ત્યારે કોઈ મહા જંગલની વચ્ચોવચ્ચ તેઓ ઊભા હતા. ત્યાં કોઈ રસ્તો દેખાતો ન હતો, કે કોઈ રસ્તો હોવાનું નામનિશાન પણ ન હતું !

રાજા ચારે તરફ જોઈ રહ્યો. ગાઢ ભયાનક ઘેરા જંગલની વચ્ચે થઈને એમનો રસ્તો આગળ જતો જણાયો.

‘ ભણે ગોપાલ ! ’ તેણે ગોપાલને કહ્યું: ‘ આપણે ક્યાં છીએ ? ’

‘ આપણે મહારાજ! ગંગા કિનારા તરફ જતારા મહા માર્ગે જઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યા છીએ !'

'વૈશાલી પાછળ રહી ગઈ?'

'વૈશાલી તો ક્યારની ગઈ મહારાજ! આપણે હવે આ રસ્તે જતાં, ગંગા નદી પાર કરીને સીધા રાજગૃહના માર્ગે ચડી જવાના!'

રાજાને આ અવનવા માર્ગનું કાંઈ જ જ્ઞાન હતું નહિ. ગોપાલે આપેલી સૂચના પ્રમાણે તેને વર્તવાનું હતું.

તે બોલ્યા વિના આગળ વધ્યો.

ગોપાલ તેની પાછળ આવી રહ્યો હતો. પણ તે પળે પળે સાવધ હતો. જ્યારે ગુપ્તમાર્ગેથી તે બહાર નીકળ્યા, ત્યારે ત્યાં મૂકેલાં શસ્ત્રો અત્યારે તેમની સાથે હતાં. અને એ જેવાં તેવાં ન હતાં. વળી ગતિને માટે તેમના અશ્વો વિખ્યાત હતા. અદ્વિતીય જેવા હતા. પાછળ ભલેને જેને પડવું હોય તે પડે. એમની ગતિને કોઈ પહોંચે એ વાત અશક્ય. તે છતાં ગોપાલને ભય તો હતો જ. તે લિચ્છવીઓને જાણતો હતો. કોઈ ને કોઈ ચોક્કસ એવા નીકળવાના કે જે એમને પડકાર્યા વિના જવા દેવામાં લિચ્છવીઓ માથે કલંક આવવાનું માનતા હોય! પોતે ખુલાસો કર્યો હતો. સિંહનાયકની પણ આજ્ઞા હતી. છતાં, કોઈ ને કોઈ એવા નીકળવાના જ. જીવનને હાથમાં રમાડનારા જુવાન લિચ્છવીઓ બીજા કશાની ખાતર નહિ, તો કેવળ મગધરાજની અને ગોપાળની ઉતાવળી, ગભરાટભરી દોટ જોવા માટે પણ, પાછળ દોડવાના! એમને માટે એ રસભરી ગમ્મત બની રહેવાની!

એટલે ગોપાલ પળે પળે સાવધ હતો. તેની નજર આગળ પાછળ આસપાસ બધે ફરતી રહેતી હતી. એને એમ અસ્વસ્થ થતો જોઈને રાજા બોલ્યોઃ 'ભણે ગોપાલ! અંગુલિમાલ લૂંટારાનો આંહી કોઈ ભય છે કે શું? કે કોઈ બીજો લૂંટારો નિકટમાં ભટકી રહ્યો છે? તું કેમ ચારે તરફ જોયા કરે છે?'

'મહારાજ! લિચ્છવીઓને હું જાણું છું. એમાં કોઈ કોઈ, કોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ન ગાંઠનારા પડ્યા છે. એમને હમેશનું હમેશ, મૃત્યુના સાન્નિધ્યમાંથી પાછું ફરતું જીવન જોઈએ! તે વિના જાણે કે એમને જીવન જ ન લાગે! એટલે આપણે આજે નીકળવાના એની પ્રતીક્ષા થતી હોવી જોઈએ. આપણે લીધેલો આ માર્ગ એકદમ જ અજાણ્યો છે એ ખરું, છતાં આઠે પહોર ને સાઠે ઘડી કેવળ જંગલમાં જ ભટક્યા કરવાના શોખીન લિચ્છવીઓ માટે, એ અજાણ્યો રહ્યો હોય તે સંભવિત નથી. એટલે કોઈ ને કોઈ આપણે માર્ગે ચોક્કસ દેખાવાના! અંગુલિમાલ લૂંટારો તો ત્યાં શ્રાવસ્તીમાં પડ્યો છે. ને ધોકો ને ધડકી લઈને રાજા પ્રસેનજીતને હંફાવી રહ્યો છે. એનો આંહીં કાંઈ ભય નથી!'

'પણ એ કેવો વિચિત્ર લૂંટારો ભણે ગોપાલ! કે માણસની આંગળી જ કાપી લ્યે? એની માળા ડોકમાં રાખે. આ કઈ જાતની ઘેલછા?'

'મહારાજ! એને એ ઘેલછા ધારવી પડી છે, તે કેમ ભૂલો છો!'

'ધારવી પડી છે એટલે?'

'એ તક્ષશિલા મહાવિદ્યાલયનો તેજસ્વીમાં તેજસ્વી વિદ્યાર્થી. પણ એનું તેજ જ એને હાનિકારક નીવડ્યું. તેજોદ્વેષથી પ્રેરાઈ ને ગુરુને કોઈએ કાન ભંભેરણી કરી. ગુરુજી હતા કાચા કાનના. એમણે માન્યું કે આ દુષ્ટે એના પોતાના ઘરને જ અપવિત્ર કર્યું છે. એની શિક્ષા તો દેહાંત-દંડ છે. પણ એ આપે તો તક્ષશિલા વિદ્યાલયની કીર્તિ ઉપર કાળી ટીલી ચડે. એટલે ગુરુએ એનું બીજાને હાથે નિકંદન કઢાવવા એક વિચિત્ર ગુરુદક્ષિણા માગી!'

'શું?'

'અત્યંત વિચિત્ર ગુરુદક્ષિણા માગી. એમણે કહ્યું: ' ભણે બ્રાહ્મણ-પુત્ર! મારે ગુરુદક્ષિણામાં એક સહસ્ર ખૂન ખપે! એક સહસ્ર ખૂન!'

'પણ કોનાં?'

'ગમે તેનાં. એટલે તો એ લૂંટારો થયો. જે આવે તેને લૂંટે. ખૂન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે. એની આંગળી કાપે. એવી નવસોનવાણું અંગુલિઓની માળા એણે ડોકમાં ધારી છે. એ અંગુલિમાલ લૂંટારો હમણાં તો જેતવનમાં ભટકે છે. શ્રમણ ગૌતમ આવે તો એને ભેટવાના એને કોડ છે!'

'અરે! અરે! ભણે ગોપાલ! તો તો ભારે થશે. રાજા પ્રસેનજીતે એને પકડી લેવો જોઈએ!'

'રાજા તો આકાશપાતાળ એક કરે છે. પણ અંગુલિમાલ ક્યાં ઓછો છે? વળી સાંભળ્યું છે કે, બીજાં રાજ્યોને એ ઇષ્ટાપત્તિ લાગે છે. એટલે થોડો વખત પોતાને ત્યાં આ લૂંટારો આવી જાય તો કોઈ કાંઈ બોલતા નથી!'

બિંબિસાર વિચારમાં પડી ગયો લાગ્યો. તેણે કાંઈક નિર્વેદથી કહ્યું: 'ભણે ગોપાલ! હવે ભારતવર્ષમાં ક્યાંય રાજા નહિ રહે!'

'રાજા નહિ રહે? એમ કેમ બોલ્યા પ્રભુ?'

'તું જોતો નથી રાજાનાં કામ? એમાં રાજા ક્યાંથી રહે? પરશુરામે નિઃક્ષત્રી પૃથ્વી કરી. હવે એ અ–રાજન્ય થશે. ભારતવર્ષમાં બધે જ ગણતંત્રો હશે!'

'મહારાજ! વાત તો તમારી સાચી છે. આપણે પણ એંશી-હજાર ગ્રામીણોની પરિષદ્ ભરી ત્યારે ઘણાને એ લાગ્યું હતું કે મગધ પણ ગણતંત્ર પંથે ઢળ્યું લાગે છે. પણ જ્યાં સુધી વર્ષકાર મહાઅમાત્ય છે—ત્યાં સુધી ચક્રવર્તી શાસનની બોલબાલા રહેવાની છે. એ પોતે, મને તો લાગે છે એક મહા ચક્રવર્તીઓની પરંપરા મૂકતો જશે. એવી પરંપરામાં એ પ્રથમ લાગે છે!'

રાજા અને ગોપાલ આ પ્રમાણે કોણ જાણે ક્યાં સુધી વાતો કરતા ઊભા રહેત. પણ એટલામાં એમને કાને જબ્બર ધનુષના ટંકારવ આવ્યા અને એ સફાળા જાગી ઊઠ્યા.

જે દિશામાંથી ટંકારવ આવતા હતા તે દિશામાં તેમણે જોયું તો કોઈ પાંચસોએક લિચ્છવી સવારો આવતા દેખાયા. તેમના અશ્વો ઉતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી ગતિથી આવી રહ્યા હતા. તે સશસ્ત્ર હતા. યુદ્ધ માટે જ આવતા હોય તેમ જણાતું હતું. તેમના ધનુષના ટંકારવોથી આકાશ નીચે પડે તેવી ગર્જનાઓ થઈ રહી હતી. જંગલને માર્ગેથી તે આવ્યા એટલે છેક પાસે આવ્યા ત્યારે જ ખબર પડી કે એ આ તરફ આવી રહ્યા છે.

રાજા બિંબિસાર તરત તૈયાર થઈ ગયો. તેણે પોતાનું ધનુષ ઉપાડ્યું. પણ ગોપાલે ઉતાવળે ઉતાવળે કહ્યું: 'મહારાજ! નહિ નહિ, હમણાં નહિ. એમને હજી પાસે આવવા દો. તમે જે માર્ગે છો તે માર્ગે આગળ જ વધો. એમને રોકવા માટે હું આંહીં ઊભો છું!'

'પણ ગોપાલ! આ તો ટોળેટોળાં આવે છે!'

'ભલે ગમે તેટલા આવે મહારાજ! તમે એક પળ પણ ગુમાવો નહિ. મારે માથે દોષ ચડશે દેવ! તમે આગળ વધો. અશ્વને મારી મૂકો. હું બધાને રોકી પાડીશ. એક પણ છટકી નહિ શકે!'

'ભણે ગોપાલ! આપણે સાથે યુદ્ધ કરીએ!'

'ના મહારાજ! ના, આપણે સાથે યુદ્ધ કરવું નહિ પડે. તમે મહારાજ! અશ્વને ઉપાડી મૂકો....'

'ભણે ગોપાલ! હું એકલો સલામતી માટે...'

'અરે! મહારાજ! મહારાજ!... અત્યારે વાતનો ક્યાં વખત છે? તમે સલામતી માટે મને છોડી ગયા એવી વાત તમારા જેવા શ્રેષ્ઠ સેનાપતિ વિષે કોણ માનવાનું હતું? પણ મહારાજ! મારા ઉપર કલંક ન આવે, વૈશાલી નગરી ઉપર કલંક ન આવે, માટે હું જ એ હાથ જોડીને તમને કહું છું કે મહારાજ! તમારા અશ્વને મારી મૂકો. એ જ રસ્તે આગળ ગંગાકિનારો દેખાશે. હું આંહીં, જુઓ... આમને ...જરા...સ્વાદ...'

ગોપાલે પોતાના ધનુષ ઉપર એક બાણ ચડાવ્યું. એના ટંકારવે પૃથ્વી ધણેણી ઊઠી. પાંચસો લિચ્છવીઓ જે વેગભર્યા દોડ્યા આવતા હતા, તે આ ટંકારવ સાંભળતાં જ વિચારમાં પડી ગયા. તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગયું કે સામે ઊભેલો લિચ્છવી તો છે. પણ લિચ્છવીઓમાં પણ ન મળે તેવો મહા ધનુર્ધર છે. તે વૈશાલીમાં હતો તે વખતની તેની શારીરિક શક્તિઓ વિષેની અનેક દંતકથાઓ ચાલતી હતી તે સૌને સાંભરી આવી. એ એકલો પાંચસો ધનુર્ધર સામે જુદ્ધ કરવાનું બળ રાખતો હતો. તેમનો વેગ જરા મંદ પડ્યો લાગ્યો. ગોપાલે તે જોયું. તેણે તરત એક બીજું બાણ ચડાવ્યું. લિચ્છવીઓની પાછળ દેખાતા એક મહાન વૃક્ષને એણે નિશાન કર્યું. બાણ તેના ઉપર ફેંક્યું !

કોઈ ગગનમાંથી છૂટેલો અગનગોળો જેમ હવામાં જાય, તેમ બાણ સડેડાટ કરતું લિચ્છવીઓના માથા ઉપરથી ચાલ્યું ગયું !

એ ક્યાં ગયું તે જોવા માટે લિચ્છવીઓએ ઉતાવળે પાછળ દૃષ્ટિ કરી તો થોડે દૂર એક ભયંકર આગ લાગી ગઈ હતી. અને એક મોટું વૃક્ષ તેમાં ભડભડ સળગી રહ્યું હતું !

ગોપાલે લિચ્છવીઓને ખંચકાતા જોયા. તે તરત રાજા પાસે ગયો. 'મહારાજ ! તમે સીધાવો, તમે સીધાવો, આ સામે ઊભા છે તે...'

તે બોલતાં થંભી ગયો. લિચ્છવીઓની પાછળથી કોઈ સવાર મારતે ઘોડે આવી રહ્યો હતો. તે હાથ ઊંચો કરીને કાંઈક કહેવા માગતો હોય તેમ જણાતું હતું. તેનો સાદ સંભળાતો હતો, પણ શબ્દ સમજાતો ન હતો. ગોપાળે આંખ ખેંચીને તેને ઓળખવાનો પ્રયત્ન કર્યો. સિંહ નાયક આવતો દેખાયો.

'મહારાજ ! પણ તમે સીધાવો. હવે જો આ સિંહના વાર્યા વળે છે તો હું બે ઘડીમાં તમને મળું છું. અને જો સિંહ પણ એમનો નાયક બનીને આવ્યો હશે, તો અમારા બન્ને ભાઈઓના જુદ્ધમાં આપ સાક્ષી હો તે ઠીક નહિ. માટે પણ તમે ઘોડો મારી મૂકો મહારાજ ! સિંહ એમને કાંઈક સમજાવતો લાગે છે. તમે ઊપડો પ્રભુ !...'

ગોપાલના વારંવારના કહેવાથી પરાણે રાજાએ પોતાના ઘોડાને જંગલમાર્ગે હંકારી મૂક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રાજા હજી દસ ડગલાં માંડ ગયો હશે, ત્યાં તો એકી સાથે હજારો બાણ છૂટયાનો ભયંકર અવાજ એને કાને આવ્યો. શું થયું છે તે જોવા માટે તે તરત પાછો ફરી ગયો. ગોપાલ દેખે નહિ તેમ એક મોટા વૃક્ષ આડે ઊભો રહ્યો.

લિચ્છવીઓએ ગોપાલના એ એક ભયંકર બાણના જવાબમાં હજારો બાણો એકી સાથે છોડયાં હતાં!

સિંહનાયકનો અવાજ ફાટી જતો હતો. તે ઉર્ધ્વબાહુ થઈને સૌને વારી રહ્યો હતો. તે આમથી તેમ અશ્વને કુદાવતો બધે ફરતો દેખાતો હતો. પણ હવે શાંત ઊભું રહેવું એ ગોપાલને આપઘાતસમાન લાગ્યું હતું. તેણે અત્યંત ત્વરાથી અને કોઈ સમજી પણ ન શકે એટલી ઝડપથી, તરત 'નારાચ' નામે નાનાં પણ આડીકાપ આપવામાં ભયંકર બાણો છોડી મૂકયાં. એ બાણોએ લિચ્છવીઓનાં સહસ્ર બાણોના બબ્બે કટકા કરી નાખ્યા. કેવળ મલોખાં હોય તેમ એ નીચે જઈ પડયાં!

સિંહે એ જોયું. ગોપાલ એટલે શું એ એ સમજતો હતો. અને યુદ્ધનો ગોપાલ એટલે શું એ પણ એ જાણતો હતો. તેણે હાથ ઉંચા કરીને મોટે અવાજે કહ્યું: 'લિચ્છવીઓ! પાછા વળો, પાછા વળો, તમે તમારા જ એક માણસને હણીને વધારે નિર્બળ બનો છો. પાછા વળો. શક્તિ સંગ્રહો. આ બધું સાચવો. જુદ્ધ તો હવે આવવાનું છે. પાછા વળો, ગોપાલ જુદ્ધના રંગે ચડી જાય તે પહેલાં, પાછા ફરો. વળી આપણા અભય વેણનો વિચાર કરો. વૈશાલી ઉપર જે કલંક આવશે તેનો વિચાર કરો. અને ત્યાં જુઓ તો ખરા ... ત્યાં કોણ છે?'

'કોણ છે?' લિચ્છવીઓમાંથી પડઘો ઊઠયો.

'એકલો ગોપાલ! મગધરાજ તો ભાગી છૂટયો છે. હવે તો પાછા ફરો!'

લિચ્છવીઓ પણ તેમનાં સહસ્રબાણોને ગોપાલે એક ક્ષણમાં ફોફાં કરી નાખ્યાં તે જોઈને વિચારમાં ને વિમાસણમાં પડી ગયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે માનભેર પાછા હઠવાનું સિંહનું આ વેણ તેમને ગમી ગયું. તેમને લાગ્યું હતું કે ગોપાલ એકલો જ વધારે ભયંકર છે. બિંબિસાર સાથે હોત તો તેઓ લાભ મેળવી જાત.

'એકલો ગોપાલ જ છે?' તેમાંના અનેક બોલી ઊઠ્યા: 'અને પેલો?'

'અલ્યા હા! આ તો એકલો ગોપાલ છે. આપણે એને છોડો. એ પોતાના ખાડામાં પોતે જ પડવાનો છે. એને જવા દો! ચાલો, પાછા ફરો. પેલો છટકી ગયો લાગે છે! પાછા ફરો! ખરી હાકલ તો એને આપવાની હતી. ચાલો, પાછા ફરો!'

થોડીવારમાં જ લિચ્છવીઓ પાછા ફરતા દેખાયા. સિંહ એમની સાથે હતો.

ગોપાલ એમને જતા જોઈ રહ્યો. તે દેખાતા બંધ થયા, એટલે એ વૈશાલીની દિશામાં કેટલીયે વાર સુધી, પ્રેમભરી એક દૃષ્ટિ નાખતો ઊભો રહ્યો. અને પછી એક લાંબા મોટા નિઃશ્વાસ સાથે તે પણ રાજાની પછવાડે જવા માટે જંગલ ભણી વળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૯. થોડાં વર્ષ પછી

ગોપાલની રાજા બિંબિસાર પ્રત્યેની ભક્તિ અચલ હતી. તો એની વૈશાલી પ્રત્યેની પ્રીતિ પણ એવી જ અચલ હતી. એમાં દેખીતો વિરોધ જણાતો હતો, પણ ખરી રીતે એમાં સંવાદ હતો. રાજા બિંબિસાર સમાધાનકારી રાજનીતિનો હવે ઉપાસક હતો. એની રાજનીતિમાં આક્રમણકારી તત્ત્વ નામશેષ થઈ ગયું હતું. પણ યુવરાજ અજાતશત્રુ અને વર્ષકાર મહામાત્ય એ બન્ને વૈશાલીના વિનાશની રાહ જોતા બેઠા હતા. એ આ બધો વખત તૈયારી જ કરી રહ્યા હતા. એટલે ગોપાલે રાજા બિંબિસાર દ્વારા જ આ બન્નેને વશ રાખવા રહ્યા.

ગોપાલ સમજતો હતો કે મગધનો કોયડો અજાતશત્રુને રોકી રાખે એવો અટપટો રહેશે, ત્યાં સુધી અજાતશત્રુ આક્રમણકારી જુદ્ધને નોતરશે નહિ.

એવી કોઈને કોઈ સ્થિતિ મગધમાં હોવી જોઈએ કે જે સ્થિતિને વશ રાખવા માટે અજાતશત્રુને રાજગૃહ તરફ જોતું રહેવું પડે.

રાજા બિંબિસારે બધી જ સત્તા એને સોંપી હતી. એ મગધનો ખરો રાજા બન્યો હતો. છતાં પિતા પુત્ર વચ્ચે એક જાતની ભયંકર હવા વહેતી જ રહેતી હતી. પિતાને પોતાના જ જીવનનો ભય લાગતો હતો. પુત્રને ભય હતો કે ડોસો ગમે તે પળે એકાદ એવું પગલું અચા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નક લઈ લેશે કે એને માટે એ મુશ્કેલ કોયડો થઈ જશે. મગધનો વિસ્તાર વધારવો તો એક બાજુ રહ્યો, એનો છે તેટલો વિસ્તાર જાળવવા માટે પણ એણે મગધમાં જ આંતરિક કલહોનો સામનો કરવો પડશે. રાજા બિંબિસારના એવા કોઈ ને કોઈ અચાનક પગલાનો એને સતત ભય હતો. શ્રમણ ગૌતમના સંસર્ગ પછી તો એ ભય વધ્યો હતો. શ્રમણ ગૌતમ એક રીતે વૈશાલીના ગણતંત્રની પ્રશંસા કરનાર. એની જ રાજનીતિ હોય તો સારું એમ ઇચ્છનાર. વળી બ્રાહ્મણોની જન્મજાત શ્રેષ્ઠતામાં એ માને નહિ. જાતિશ્રેષ્ઠતા ટાળવામાં એ માને. એટલે અજાતશત્રુ વર્ષકાર બહુ સત્તા પ્રાપ્ત કરે એ એની ઇચ્છા વિરુદ્ધ. રાજા બિંબિસાર કોઈ એવું પગલું લે કે અજાતશત્રુની સત્તા નામશેષ થઈ રહે તો આંતરિક કલહ જાગે. તો જ વૈશાલી બચી જાય. આ ભય અજાતશત્રુને હજી હતો. એટલે તો એ રાજગૃહ ઉપર જાગ્રત નજર રાખીને રહેતો હતો.

ગોપાલ જાણતો હતો. અજાતશત્રુની આંધળી દોટને રાજા બિંબિસાર જ રોકી શકે. એટલે એની રાજાની પ્રીતિ ભક્તિમાં ને વૈશાલીભક્તિમાં એક પ્રકારનો સંવાદ હતો.

આ તરફ મગધ ને વૈશાલી એક બીજાના બળનું માપ કાઢતાં હતાં. એ શાંત બેઠાં હતાં. પણ એમની શાંતિમાં ભયંકર અશાંતિના પ્રવાહો વહેતા હતા.

અજાતશત્રુ પહેલાં કોશલ કાશીને ઉપાડી લેવા માગતો હોય તેમ જણાતું હતું. એમ થાય તો વૈશાલીને લગભગ ચારે તરફથી, મોટો ઘેરો નાખીને પડ્યું હોય, તેમ મગધનું રાજ ફેલાઈ જાય.

કોશલ કાશીના સંદેશવાહકો ચંપામાં અવારનવાર આવતા જણાતા હતા. ગોપાલ એની પ્રતીક્ષા કરી રહ્યો હતો.

ચંપાનગરી તરફ એક બ્રાહ્મણની હિલચાલ વધતી જતી હતી.

એ બ્રાહ્મણ વિડૂડૂભનો મંત્રી હતો. વિડૂડૂભ કોશલાધિપતિ પ્રસેનજીતનો યુવરાજ. એની મહત્ત્વાકાંક્ષા અજાતશત્રુ જેવી. એને શ્રાવસ્તીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના એકચક્રી શાસનનો લોભ લાગ્યો હતો. પ્રસેનજીતને એ પદ-ભ્રષ્ટ કરવા માગતો હતો. એનો મંત્રી ચંપાનગરીમાં આવે જાય એનો અર્થ સ્પષ્ટ હતો. કોઈ ને કોઈ વાત આ સંબંધે ચાલતી હોવી જોઈએ. ગોપાલે એમાં વૈશાલી ઉપર આવનારી ભયંકર આપત્તિનો પડછાયો દીઠો.

પિતાપુત્રના ઘર્ષણમાંથી અજાતશત્રુ કોશલ કાશીમાંથી કાંઈ ને કાંઈ લાભ ઉઠાવી લ્યે. વર્ષકારની એ જ વાત હોઈ શકે. તો વૈશાલી ફરતો લગભગ એક મોટો ઘેરો મગધે નાખ્યો હોય, એવી મગધની રાજ-વિસ્તારી રચના થઈ જાય.

ગોપાલ ચેતી ગયો. એ વાત રોકવી હોય તો મગધમાં એક નવો કોયડો ઊભો કર્યે જ છૂટકો. આમ્રપાલીનો રાજા બિંબિસારનો પુત્ર ત્યાં વૈશાલીમાં હતો. એ હવે મોટો થયો હોવો જોઈએ. રાજા બિંબિ-સારને પોતાના આ સૌથી નાના પુત્ર પ્રત્યે કુદરતી રીતે જ વિશેષ પ્રીતિકારણ જન્મવાનું. વળી રાજા વૃદ્ધ. પુત્ર નાનો. રાજા એના ઉપર વધારે ઢળવાનો. એનો વારસો એ જાળવવાનો. એટલે એ આંહીં હોય તો અજાતશત્રુ માટે એક કોયડો ઊભો થઈ જાય. એની આંહીં તહીં થતી દોટ રોકાઈ જાય. બિંબિસાર તરફ એ ધ્યાન રાખતો થઈ જાય.

એક દિવસ ગોપાલનો સંદેશો સિંહનાયકને મળ્યો. રાજા બિંબિ-સારના પુત્રને હવે રાજગૃહમાં મોકલો. એનો ખરો વારસો આંહીં છે: ત્યાં નહિ.

સિંહના હૃદય ઉપર આઘાત થઈ ગયો. પણ તે સમજતો હતો. વૈશાલીને જીવતું રહેવું હોય તો આ એક જ રસ્તો હતો. મગધનો આંતરિક કલહ જ માત્ર મગધના બળને તોડી શકે. બીજું કોઈ મગ-ધને પહોંચી ન શકે. એ તૂટે તો અંદરથી તૂટે.

એ વિચાર કરી રહ્યો.

રાજા બિંબિસાર આંહીં આવ્યો હતો, ગોપાલ એને લાવ્યો હતો. એ વખતે ગોપાલે જે દીર્ઘદૃષ્ટિ વાપરી હતી, તેનો હવે જ સિંહનાયકને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરો ખ્યાલ આવ્યો. આ મહાન વૈશાલીપુત્રને વૈશાલીએ દેશવટો આપ્યો. પણ એણે તો વૈશાલીને ત્યાં બેઠાં મહાન સેવા આપી!

રાજા બિંબિસાર આવ્યો હતો, એ વાતને અત્યારે તો સાત આઠ વર્ષ વીતી ગયાં હતાં. ભાગ્યે જ કોઈના સ્મરણમાં એ વાત રહી હશે. ઘણાખરાની યાદીમાંથી સરી ગઈ હતી. ત્યારપછી રાજા પણ કોઈ દિવસ દેખાયો જ ન હતો. અને દેખાય તો હવે લિચ્છવીઓ એને જીવતો જવા દે તેવી સ્થિતિ ન હતી. મગધ વૈશાલી વચ્ચે આ સમયમાં તો એટલે બધે અંશે વૈર વધી ગયું હતું. એમાંથી એક જ જીવી શકે— એ લગભગ નિશ્ચિત જેવું મનાતું થઈ ગયું હતું. મગધ આક્રમણ કરતું ન હતું. કારણ કે એ તૈયારીમાં પડ્યું હતું. કારણ કે ત્યાં હજી રાજા બિંબિસાર જ હતો. કારણ કે વૈશાલીના ખરા સામર્થ્યનું માપ હજી વર્ષકારને જણાતું ન હતું. વૈશાલી આક્રમણ કરતું ન હતું. કારણ કે વર્ષકારનાં કોઈક ગુપ્ત શસ્ત્રોનો એને ભય હતો. મગધમાં જ સળગાવવાની એની નેમ હતી.

પણ આ પ્રતીક્ષા હવે લાંબો વખત ચાલે તેમ લાગતું ન હતું. કોઈક પહેલો ઘા કરશે જ કરશે, એમ હવા કહી રહી હતી.

કોશલરાજના યુવરાજ વિડૂડ્ભના પ્રશ્નમાં અચાનક રસ લેવાની મહાઅમાત્ય વર્ષકારની રાજનીતિ ભયંકર હતી. એને અચાનક વિડૂડ્ભમાં કયાંથી રસ જાગી ગયો તે મોટો કોયડો હતો.

અજાતશત્રુ ને વિડૂડ્ભ બન્ને સ્વભાવ પરત્વે એક જેવા હતા. બન્નેમાં રાજશાસન ચલાવવાની અદમ્ય ઇચ્છા જન્મી હતી. રાજા બિંબિસારે ચંપાનગરીમાં અજાતશત્રુને રાખીને એ ઇચ્છા ઉપર કાંઈક સંયમની પાળ રહે એવી ડહાપણભરી યોજના કયારની કરી લીધી હતી. પણ પ્રસેનજીતે એવું કાંઈ કર્યું ન હતું. એ અશકય વસ્તુ ઇચ્છી રહ્યો હતો. એનો વિડૂડ્ભ શ્રમણપંથે પળે તો—કોશલની કીર્તિનો ધ્વજ કેવો દશેદિશામાં લહેરાતો થાય! પોતે નહિ, પોતાનો પુત્ર શ્રમણપંથે ચડે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રાવસ્તીની ખ્યાતિ થાય ! એવી અશક્ય આદર્શોની સૃષ્ટિમાં એ પડ્યો હતો.

પણ વિડૂડભ કાંઈ ફીકલો ન હતો. એ વળી પોતાની યોજના ઘડી રહ્યો હતો. એનો મંત્રી અંબરીષ વર્ષકાર પાસે આવતો જતો થયો હતો. પ્રસેનજિત રાજાના ભાવિ વિષે વધારેમાં વધારે રસ જો કોઈને હોય તો તે મગધને જ હોઈ શકે. એટલે અજાતશત્રુ અને વર્ષકારને સાધવા એ મથી રહ્યો હતો.

આ નવી પરિસ્થિતિનો ખ્યાલ સિંહનાયકને પણ હતો. ગોપાલના સંદેશાનો મર્મ પકડતાં એને વાર ન લાગી.

એક દિવસ તે ભારે હૈયે નીલપદ્મભવન તરફ ચાલ્યો. એણે આમ્રપાલીને ક્યારનું કહેવરાવ્યું તો હતું. રાજા બિંબિસારના પુત્રને હવે એક પળ પણ લિચ્છવીઓ વૈશાલીમાં સહન નહિ કરે. એણે એને તજી દેવા માટે તૈયાર થવું જ રહ્યું.

આમ્રપાલીના ભવનમાં સિંહનાયક આવ્યો ત્યારે ત્યાં જે દૃશ્ય એણે જોયું તે જોઈને એના હૈયામાં આંસુની સરિતા ચાલી. પણ એણે કઠણ હૈયું કરીને જ આંહીં ઊભવાનું હતું.

તે ત્યાં શાંત ગંભીર ઊભો રહ્યો. સોનેરી હિંડોલ ઉપર નાનો કુમાર સૂતો હતો. એ નિદ્રામાં હતો. વહેલી પ્રભાતે કોઈ જાગે કે જાણે તે પહેલાં જ એને વૈશાલી નગરી બહાર મોકલી દેવાની ગોઠવણ હતી. સિંહનાયક ત્યાં બહાર શાંત ઊભો રહ્યો

આમ્રપાલી ત્યાં ખંડમાં હિંડોલ ઉપર બેઠી હતી. તે એકી નજરે પોતાના પુત્રને જોઈ રહી હતી. બે પળ પછી એને એ તજી દેવાની હતી. 'પોતે જનેતા ઊઠીને બાળકને તજી દેવાની હતી' એ ખ્યાલે એ ધ્રૂજી રહી હતી. એના ચહેરા ઉપર ભારે વેદના પથરાઈ ગઈ હતી.

દીપકો મંદ પ્રકાશ જણાવા લાગ્યા. બહાર પક્ષીઓ બોલતાં જણાયાં. કૂતરાંઓ ભસવા લાગ્યાં. પ્રભાત ઝડપથી આવી રહ્યું હતું. સમય જાણે કે દોડતો હતો. આમ્રપાલી બે હાથથી માથાને દબાવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે મોંએ ત્યાં શાંત બેઠી હતી. સિંહનાયક એની સાથે શું બોલવું ને કેમ બોલવું એ સમજી શકતો ન હતો. એટલે એ બોલ્યા વિના કેવળ ત્યાં ઊભો જ રહ્યો હતો.

થોડીવારે દાસી આવી. તેણે દ્વાર ખોલ્યું. આમ્રપાલીએ બેદરકારીથી ઊંચે જોયું. નીલાંગના ત્યાં હાથ જોડીને ઊભી હતી.

'ભોજલ કહે છે રથ તૈયાર છે!' તેણે અત્યંત ધીમા અવાજે કહ્યું.

આમ્રપાલી બોલી શકી નહિ. તેણે હાથવતી એને જવાની માત્ર નિશાની કરી. અને પોતે પાછી હતી તેમ નીચે મોંએ પુત્રને જાણે જીવનભરને માટે આજે જ જોઈ લેવા માગતી હોય તેમ તેના મોં ઉપર નજર રાખીને બેઠી રહી!

બેઠી જ રહી! એ પુત્રને છેવટે એક પળ તો એક પળ, પણ એક પળ વધારે જોઈ લેવા માગતી હતી!

'એ ઘટિકા રાત્રિ રહી છે સ્વામિની!' નીલાંગના જતાં જતાં બોલી: 'અને સિંહનાયક પણ આંહીં કયારના આવી ગયેલ છે'

અને થોડી વારમાં જ સિંહ નાયકનો અવાજ સંભળાયો: 'આ મ્ર પા લી!'

આમ્રપાલી એ અવાજ સાંભળતાં જ સડાપ બેઠી થઈ ગઈ. ધૂળ ખંખેરે એવી રીતે તેણે વેદના ખંખેરી નાંખી. એનો ચહેરો કડક, તીવ્ર અને દૃઢ બની ગયો.

'આવો સિંહનાયક!' તેણે શુષ્ક, મક્કમ, માણસને ઊભો ને ઊભો થીજાવી દે તેવા ઠંડા અવાજે કહ્યું.

સિંહનાયક આ નારીનું વીરત્વ જોતાં છક્ક થઈ ગયો. માત્ર એ પળ પહેલાંની એની વેદના જોઈને એ પોતે જ ધ્રૂજી ગયો હતો. અત્યારે આ અવાજ સાંભળીને એ થીજી ગયો. આ એક નારીમાં કેટ-કેટલી સ્ત્રીઓ વસી રહી હતી? એની કલ્પના કરતાં એ આશ્ચર્યમાં ડૂબી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કુમાર સૂતેલ છે ?' તેણે ધીમેથી પૂછ્યું. એજ અવાજ સંભળાયો: 'હા, પણ હવે રથ તૈયાર છે. જવાની તૈયારી છે. પણ નાયક! તમને ખાત્રી છે કે કુમાર તેના મગધના સ્થાને જાય તેમાં જ વૈશાલીનું હિત રહ્યું છે? શું બીજો કોઈ જ માર્ગ નથી? તમે કહેવરાવ્યું એટલે વૈશાલીના હિત ખાતર કુમારે જવું રહ્યું. હું તેમ કરવા તૈયાર પણ છું. પણ આમાં જ વૈશાલીનું હિત છે? તમને એની ચોક્કસ ખાત્રી છે?'

'હા. એમાં જ વૈશાલીનું હિત છે. વૈશાલીમાં લિચ્છવીઓ એને સહી નહિ શકે. જ્યારે ત્યાં મગધમાં એના જવાથી એને વારસાનો હક્ક મળશે. મગધમાં બે પક્ષ થશે. રાજાના યુવરાજ સામે આ મહાન પ્રતિસ્પર્ધી ઊભો થશે. વૈશાલી ઉપર આંધળી દોટ મૂકવા દોડતા અજાતશત્રુને, આ એક નાનકડો કુમાર ઘડીભર વિચાર કરતો કરી મૂકશે. કોને અને ખબર છે? કદાચ એના ઉપર રાજાની પ્રીતિ ઊતરશે, તો વૈશાલીને માટે એ દિશામાંથી ભય નહિ રહે. અને એ નહિ ફાવે—તો વૈશાલી એને સંઘરશે!'

'પણ એવી રાજખટપટમાં આ કુમાર જીવી શકશે? જીવી શકે? નાયક! આ વિશ્વાસમાં સૂતેલા કુમારને હાથે કરીને આવો ઝેરનો પ્યાલો આપતાં છાતી ધ્રૂજે છે! પણ વૈશાલીનું શું આમાં જ હિત રહ્યું છે? નાનકડા શિશુને ઝેરનો પ્યાલો આપવામાં જ?'

'રાજા બિંબિસારનું શું વચન નથી કે એ પુત્રને પાળશે જ પાળશે?'

બહાર રથમાં જોડેલા અશ્વો જવા માટે ખોંખારી રહ્યા હતા. આમ્રપાલી એ ઘડી દુ:ખથી કાંઈ બોલી શકી નહિ.

'હા, વચન તો છે!'

'ત્યારે એ બસ છે આમ્રપાલી! રાજા એક વચની છે. એ ભલે વૈશાલીનો દુશ્મન હોય—પણ એનું વચન એ એનું વચન છે. અને ત્યાં પણ રાણીવાસમાં વૈશાલીનું શું કોઈ નથી? કુમારને એ બધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાણીઓ સાચવે તેવી છે. વળી ગોપાલ પોતે જ ત્યાં છે.'

કુમાર પડખું ફર્યો. તેના ચહેરા ઉપર દીવાનો પ્રકાશ પડતો હતો. આમ્રપાલી એ જોઈ રહી.

'એ બધા થઈને નાયક! એક માતા ન બની શકે. એક સહસ્ર પુરુષોનું રક્ષણ, અને એક માતાનું રક્ષણ, માતાનું રક્ષણ ક્યાંય ન થાય! તમે પુરુષો નારીને સમજી શકતા હશો. માતાને સમજવા માટે તો કોઈ જુદી જ કલ્પના જોઈએ'

સિંહનાયક તરત ચેતી ગયો. આ વીર જણાતી નારીનું માતૃત્વ—એને એક પળમાં ફેરવી નાખશે. તેણે ઉતાવળે જ કહ્યું: 'આમ્રપાલી! વૈશાલી આ માગે છે. આપણે આપવાનું છે. બીજો કોઈ જ ઉપાય નથી. હવે માંડ દોઢેક ઘટિકા રાત્રિ હશે. હવે બહાર નીકળી જ જવું જોઈએ!'

આમ્રપાલીએ અવશપણે દાસીને નિશાની કરી. તે તરત અંદર આવી. તે ધીમેથી કુમારને તેડવા લાગી. તેને હાથથી આઘે ખેસવીને આમ્રપાલીએ પોતે કુમારને ધીમેથી તેડી લીધો. તેણે નિદ્રામાં જ માના ખભા ઉપર ડોકું નાખી દીધું. અદ્ભુત વિશ્વાસના પ્રતીક સમી એ ક્રિયા હતી. ખભાને એનો સ્પર્શ થતાં જ આમ્રપાલીની આંખમાંથી, એણે મહા પ્રયત્ને રોકી રાખેલાં આંસુ હવે ખર ખર ખર ખરવા લાગ્યાં. તે એમ ને એમ બળ કરીને આગળ વધી.

બહાર મેદાનમાં રથ તૈયાર હતો. સુંવાળી ગાદી ઉપર તેણે ધીમેથી હજી સૂઈ રહેલા કુમારને મૂકી દીધો. આમ્રપાલી તેની પાસે બેઠી. બે દાસીઓ એની પાછળ રથમાં ચડી.

'સાથે કોણ જાય છે?' સિંહે પૂછ્યું.

'વાસવી ને મલ્લિકા. હું થોડે જઈને પાછી ફરી જઈશ!'

રથીએ શિથિલ દોરીને જરા દૃઢ કરી. ઘોડા ઊપડું ઊપડું થઈ ગયા. સિંહ નાયક આમ્રપાલીની સામે જોઈ રહ્યો હતો. એ પળ પહેલાં જે કરુણતાની મૂર્તિ સમી હતી, જે નારીની આંખમાં અત્યારે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંસુની સૂકી ધાર દેખાતી હતી, તેની મુખમુદ્રા ઉપર શાર્દૂલના હૃદયને પણ વીસરાવી દે એવી વજ્જર છાયા જોઈને, સિંહનાયક ડોલી ગયો. તેને આમ્રપાલીના બધા ત્યાગ યાદ આવી ગયા. આ વીરનારી માટે એના દિલમાં અતિશય માન થઈ આવ્યું. રથ જવાની તૈયારીમાં હતો, ત્યાં અચાનક ભડકી ઊઠી હોય તેમ આમ્રપાલી, પોતાની બેઠક ઉપરથી જરાક આઘી ખસી ગઈ: 'અરે! નાયક! નાયક! સિંહનાયક! આ તમે શું કરો છો?'

સિંહનાયક આમ્રપાલીના ચરણમાં માથું નમાવી રહ્યો હતો. તેની રેશમી મોજડીને એણે માથા ઉપર ચડાવી હતી.

'આમ્રપાલી! તું સ્ત્રી નથી.' નાયકનો અવાજ ગળગળો બની ગયો. 'તું સ્વાતંત્ર્યની દેવી છે. તું જ વૈશાલીની મૂર્તિ છે. કુમારને લેશ પણ હરકત કોઈ તરફથી થાય તો મગધને પિંખી નાખવા જેટલી વૈશાલીમાં મેં તૈયારી રાખી છે હો! એની ચિંતા છોડી દેજો. હવે સુખેથી સિધાવો!'

સિંહનાયકે સૂતેલા કુમાર ઉપર હેતથી હાથ ફેરવ્યો: 'બેટા! મગધમાં પણ મહાજનસત્તા સ્થાપવા માટે ચિરંજીવ થજે હો...!'

તે વજ્ર પુરુષની છાતીમાં ડૂમો આવ્યો. આનંદથી કિલકિલાટ હસતા, નિર્દોષ માતાના વિશ્વાસ ઉપર સૂતેલા બાળકને, ઊંઘમાં ને ઊંઘમાં પોતે આજે વિદેશ— છેક મગધ જેવા શત્રુદેશમાં, એકલો, અનાથ, આધાર વિના રહેવા માટે મોકલતો હતો, એ વિચાર આવતાં એની આંખ ભરાઈ ગઈ.

રથ ઊપડ્યો ને તે એ હાથ જોડીને નમન કરતો ત્યાં ઊભો રહ્યો.

રથ ચાલતો થયો. અંધારામાં એનો અવાજ કાંઈક કર્કશ લાગતો હતો. નાયક અંધારામાં ને અંધારામાં એકલો આંસુ લૂછતો લૂછતો પાછો વળી ગયો. આમ્રપાલીના રથનો અવાજ એને કાને હજી આવી રહ્યો હતો. તે મંદ ને વધુ મંદ થતો જતો હતો. છતાં એ મંદ પડતા અવાજને,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે એ કોઈ જીવંત બોલ હોય તેમ, નાયક કાન દઈને સાંભળતો જ ચાલી રહ્યો હતો.

વૈશાલીનો સિંહનાયક સિંહપુરુષ હતો. તો એની કોમળતા એની હતી. તે એક ઠેકાણે ઊભો રહી ગયો. ધીમા પડતા જતા ઘોડાના ડાબલાના અવાજને એ સાંભળી રહ્યો!

હમણાં એ અવાજ સાવ ડૂબી જશે એ કલ્પના જાણે કે એનાથી સહી જતી ન હતી.

આશાનો દોર ભલે ગમે તેટલો લાંબો હોય, તો પણ છેવટે જે જવાનું છે તે તો જવાનું જ છે. અવાજને ડૂબવાનું હતું. મંદ–વધુમંદ –અતિમંદ થતાં થતાં છેવટે એ ડૂબી ગયો. તદ્દન ડૂબી ગયો. લુપ્ત થઈ ગયો. સિંહનાયક એકદમ શાંત સ્થિર થઈ ગયો. કાન દઈને સાંભળવા મથી રહ્યો. પણ અવાજ હવે બિલકુલ જ સંભળાતો ન હતો.

પણ સિંહની આંખની સમક્ષ હજી પણ આમ્રપાલીની મૂર્તિ તર્યા કરતી હતી. તે મનમાં વિચાર કરી રહ્યો : 'વૈશાલીમાં જ્યાં સુધી આવી સ્ત્રીઓ છે, ત્યાં સુધી તો વૈશાલી અજેય છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦. હવે શું આપું વૈશાલી?

રથ જ્યારે સીમાડે પહોંચ્યો ત્યારે મોંસૂઝણું થતું આવતું હતું. આછા ઉજાસમાં કુમારનો ચહેરો જરા જરા દેખાવા લાગ્યો હતો આમ્રપાલીએ તેને એક વખત ધીમેથી ખોળામાં લીધો, ને કપાળ ઉપરથી વાળ ખેસવી ચુંબન કર્યું. ફરી ચુંબન કર્યું. અતૃપ્ત આત્માને સંતોષવા હજી પણ એક વધુ ચુંબન કર્યું. એ વખતે કુમારે ઊંઘમાંથી આંખ ઊઘાડી! પણ 'માં!' એટલું જ બોલીને એ તો પાછો તરત સૂઈ ગયો.

થોડી જ વારમાં સિંહના મોકલેલા સવારો ત્યાં આવ્યા.

'રથના રક્ષણ માટે અમારે જવું એવી નાયકની આજ્ઞા થઈ છે!' તેમણે આમ્રપાલીને કહ્યું. અને તે રથની સાથે સાથે આગળ વધ્યા.

હવે એક પળ થોભાય તેવું ન હતું. કુમાર જાગી ઊઠે તે પહેલાં પાછા ફરી જવું જોઈએ. આમ્રપાલીનું હૈયું ભારે થઈ ગયું. પણ તે વજ્જર દિલ કરીને કુમારને નિહાળતી રથમાંથી નીચે ઊતરી. ઊતરતાં ઊતરતાં પણ એક વખત એણે કુમારને છેલ્લું છેલ્લું ચુંબન લીધું!

તે રથમાંથી નીચે ઊતરી. થોડીવાર થોભી. 'પહોંચો કે તુરત ગોપાલને ત્યાં જજો હો ભોજલ! અને વાસવી! મલ્લિકા! જીવથી જ્યાદે એને જાળવજો. એક પળ રેઢો મૂકતા નહિ. અને....'

દાસીઓના દેખતાં આંસુ દોડી ન નીકળે તો ઠીક, એમ વિચારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ્રપાલીએ મોં ફેરવી લીધું. આવી રહેલાં આંસુને લૂંછી નાખ્યાં.

'ગોપાલને બધી વાતની ખબર છે, એટલે કાંઈ વાંધો નથી, વાસવી ! મલ્લિકા ! . . . પણ તમે એને જાળવજો. જીવથી જયાદે જાળવજો. ત્યાં બધે જ ભય હશે. કુમારને . . . .'

'દેવી ! અમારા જીવ પેઠે એને જાળવીશું. તમે લેશ પણ ચિંતા ન કરો.'

'રાજમહાલના દ્વારે પહોંચીને તરત જ રાજાને કહેવરાવજો. અને આંહીં સમાચાર કહેવરાવતા રહેજો અનેક સાર્થવાહો આંહીં આવતા હશે. અને કદાચ રાજા આને ન ઓળખે તો મેં આપી છે, તે મુદ્રાની નિશાની એને આપજો. આ મહામોલું વસ્ત્ર કુમારને ઓઢાડજો. અને પેલું વાકય કુમારને શિખવાડજો. વાસવી ! મલ્લિકા ! વાકય યાદ છે ?'

'હા સ્વામિની !' પોતે કાંઈક કહી રહી છે, એ કરતાં પોતાનો આશાદોર હજી હાથમાં છે, પાસે છે, એ વાતમાંથી જાણે આમ્રપાલી આશ્વાસન લઈ રહી હતી.

'કદાચ રાજા એમ બોલે કે આ શિશુ કોણ છે ? આ શિશુ ભય વિનાનો લાગે છે, તો કુમારને તમે શિખવાડજો એમ જવાબ વાળે કે પુત્રને પિતા પાસે જતાં ભય કેવો ? યાદ રહ્યું બરાબર ?'

'હા, સ્વામિની ! હા દેવી !'

'અને મલ્લિકા ! તરત ખબર કહેવરાવજો !'

બન્ને દાસીઓએ હાથ જોડયા.

પણ હવે કહેવાનું કાંઈ ન હતું. આમ્રપાલીના હાથમાંથી છેલ્લો આશાનો તંતુ જતો રહેતો હતો, તેની છાતીમાં ફફડાટ થતો હતો.

એટલામાં તો થોડે છેટે ઝાડ ઉપર કાગડા બોલવા માંડયા. પ્રકાશ વધવા લાગ્યો. આમ્રપાલીએ એક વખત નેણ ભરીને કુમારને નીરખવા ત્યાં શાંત સ્થિર દૃષ્ટિથી રથમાં જોયું. વિશ્વાસની ગાઢ નિદ્રામાં સૂતેલા કોઈ ગુલાબ પુષ્પના સમી એની નિદ્રા હતી. પોપચાં ઉપર પ્રેમ બેઠો હતો. મુખમુદ્રામાં માતૃશ્રધ્ધા સૂતી હતી. એની મા એની પડખે જ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવી અજબ શાંત સ્વસ્થતા ત્યાં હતી. આમ્રપાલી એ વધુ વખત જોઈ શકી નહિ. કાંઈ બોલી પણ શકી નહિ. તેણે માત્ર હાથ હલાવીને બોલ્યા વિના જ રથને આગળ જવાની આજ્ઞા કરી દીધી. દાસીઓએ એ હાથ જોડી પ્રણામ કર્યા. રથ આગળ ચાલતો થયો. આમ્રપાલી પથ્થરના પાળિયાની માફક જોતી જ રહી. ત્યાં ને ત્યાં થંભી ગઈ. રથને જોતી જ રહી.

રથ દેખાતો બંધ થયો. તેનો અવાજ પણ બંધ થયો. તેણે પાછળ ઉડાડેલી ધૂળ માત્ર રહી. આમ્રપાલી એ ધૂળને એકી નજરે જોઈ રહી! જ્યારે એ પણ બંધ થઈ ગઈ, ત્યારે તે અત્યંત શોકથી પાછી ફરી. એની સામે હવે વૈશાલીનાં મહાલયો શોભી રહ્યાં હતાં. કાનની બૂટ પાસે આંગળી મૂકી તે આ મહાલયોને જોઈ રહી. એ જોતાં એના મનમાં એક મનને વીંધી નાખે એવો પ્રશ્ન ઊભો થઈ ગયો: 'મને કોણ વહાલું છે? કોણ વધારે વહાલું છે? આ વૈશાલી નગરી કે મારો કુમાર?'

અત્યંત બળથી દાબેલી ઉગ્રવેદના તેના ચહેરા ઉપર ફરી ફરીને દેખાવા માંડી. એનો દૃઢ નિશ્ચય પ્રેમના તાપમાં ઓગળી ગયો.

તે ગાંડીની માફક એકદમ જ રથને રસ્તે પાછળ દોડી! સૂરજનાં કિરણો ફૂટતાં હતાં. ઉષાએ આવીને રજનીની ચાદરને ક્યારની સંતાડી દીધી હતી. આમ્રપાલીના મનમાં ઊગેલી વેદનાની ભાષા એની પાસે મોટેથી બોલાવી રહી હતી: એ મોટેથી પોતે જ પોતાને કહી રહી હતી: 'હાય! હાય! અંતે સવાર થયું. અત્યારે એ હવે જાગ્યો હશે; એ પૂછતો હશે, મારી મા ક્યાં છે? મારી બા ક્યાં છે? ઓ! મારા ફૂલ!'

તે ત્યાં જંગલમાં ઘાસ ઉપર પડી પડી રડી. ખૂબ રડી. એના આર્ત્તસ્વરના રુદનથી, જંગલને હૃદય આવી જાય, એમ એ જંગલને બોલાવી રહી. છેવટે આંસુ પણ ખૂટ્યાં. તડકો વધતો ગયો. તે નિરુપાયે ઊભી થઈ. શોકઘેરા હૈયે પાછી ફરી. ફરીને એની નજરે વૈશાલી નગરી દેખાણી. તેના સુવર્ણ કળશો, રૂપેરી કળશો, તાંબાના કળશો, તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસંખ્ય ધ્વજો, તેના સપ્તભૂમિ ભવ્ય મહાલયો, તેના ગગનચુંબી પ્રાસાદો દેખાવા માંડ્યા. કુમાર વિનાનું પોતાનું જંગલ જેવું નીલપદ્મભવન તેની નજરે ચડ્યું. વેદનામાં ને વેદનામાં તે ધબ દઈને નીચે જ બેસી ગઈ. તેના હૃદયમાંથી અત્યંત દુઃખભર્યા શબ્દો આવવા માંડ્યા : 'વૈશાલી ! વૈશાલી ! ઓ વૈશાલી ! તને મેં મારું સ્ત્રીત્વ આપ્યું; માતૃત્વ આપ્યું. હવે શું જોઈએ છે બોલ ? વૈશાલી નગરી ! બોલ, હવે શું આપું ?'

વૈશાલી ! હવે શું આપું ?'

—ચારે તરફથી જાણે જંગલ બોલતું હોય તેમ લાગ્યું: 'તારો પ્રાણ !'

—અને એક બુલબુલ ગાતું ગાતું ઊડી ગયું : 'પ્રાણ અર્પ્યા વિના, કોઈ કોઈને પ્રાણવાન બનાવી શકતું નથી !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે પછી,

આના અનુસંધાનમાં

આગળ વધતી,

નવલકથા

વૈશાલી!

[છપાય છે]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂમકેતુની 'યુગદર્શન ગ્રંથમાળા'

તુષારબિંદુ

શ્રી. ધૂમકેતુની અનેક રંગભરી રસ કથનિકા-ઓનાં અવનવાં રૂપ આમાં જોઈ શકાશે લગભગ ૫૫ કૃતિઓ. ત્રણ રૂપિયા

મેઘબિંદુ

શ્રી. ધૂમકેતુની શૈલીના ઉચ્ચતમ શિખરો નિહાળવા માટે આ પુસ્તક જોઈ જવું જોઈએ. એમાં કાવ્યમય વાણીમાં ઐતિહાસિક નવલિકાઓ આવે છે. ત્રણ રૂપિયા

પદ્મરેણુ

દ્વિરંગી છપાઈમાં પ્રગટ થયેલ અભિનવ રજકણોનો આ સંગ્રહ ભેટ આપવા માટે સર્વોત્તમ છે. ત્રણ રૂપિયા

રજકણ

શુભ પ્રસંગે ભેટ આપવા લાયક, અત્યંત મનોરમ શૈલીમાં લખાયલાં સુંદર સચિત્ર વિચાર મૌક્તિકોનું પુસ્તક. ત્રણ રૂપિયા

જલબિંદુ

ધૂમકેતુની જલબિંદુની ગદ્યશૈલી ગુજરાતી સાહિત્યમાં હજી સુધી અજોડ રહી છે. એમાં વિરલ પ્રસંગનું મનોરમ નવલિકા જેવું રૂપાંતર પામેલું ભાવનાશીલ સુંદર ગદ્ય છે.
ત્રણ રૂપિયા

પગદંડી

પ્રવાસવર્ણનોનું આ પુસ્તક વાંચનાર ઘડીભર પોતાનું સ્થળ ભૂલી ગિરનાર, નૈનિતાલ, દાર્જિલિંગ, હિમાલય, નર્મદાના આરસ પહાડો, ભુવનેશ્વરમાં વિહરે છે. ચિત્ર ફોટા ત્રીસ.
ત્રણ રૂપિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. 'ધૂમકેતુ'ની 'યુગદર્શન ગ્રંથમાલા'

તણખા મંડળ પહેલું	૩-૮
તણખા મંડળ બીજું	૩-૦
તણખા મંડળ ત્રીજું	૩-૦
તણખા મંડળ ચોથું	૪-૦
પ્રદીપ	૩-૦
આકાશદીપ	૩-૦
અવશેષ	૨-૮
પરિશેષ	૩-૦
ત્રિભેટો	૩-૦
અનામિકા	૩-૦
વનછાયા	૩-૦
વનરેખા	૩-૦
સુવર્ણરેખા	૩-૦
મલ્લિકા	૩-૦
પ્રતિબિંબ	૩-૦
જલદીપ	૩-૦
જલબિંદુ	૩-૦
મેઘબિંદુ	૩-૦
તેજબિંદુ	૩-૦
તુષારબિંદુ	૩-૦
રાજમુગટ	૩-૦
પૃથ્વીશ	૩-૮
અજિતા	૪-૮
પરાજય	૪-૮
સર્જન ચિંતન	૨-૦
વાતાયન	૨-૮
રજકણ	૩-૦
પદ્મરેણુ	૩-૦
ઠંડી ક્રૂરતા (નાટકો)	૧-૮
પગદંડી	૩-૦
જીવનપંથ [આપકથા]	૪-૮
હેમચંદ્રાચાર્ય	૨-૮
વાચિનીદેવી	૪-૮
અજિત ભીમદેવ	૪-૮
ચૌલાદેવી	૪-૮
રાજસંન્યાસી	૪-૮
કર્ણાવતી	૪-૮
રાજકન્યા	૪-૮
જયસિંહ સિદ્ધરાજ	૪-૮
[બર્બરકજિષ્ણુ]	
,, ત્રિભુવનગંડ	૪-૮
અવંતીનાથ સિદ્ધરાજ	૪-૮
ગુર્જરેશ્વર કુમારપાલ	૪-૮
રાજર્ષિ કુમારપાલ	૪-૮
નાયિકાદેવી	૪-૮
રાય કરણઘેલો	૪-૮
આમ્રપાલી	૪-૮
પડઘા	૦-૧૨
પડછાયા	૧-૪
વીર વનરાજ	૧-૦
એકલવ્ય	૦-૧૨
નેપોલિયન	૦-૮
પરશુરામ	૦-૮
હ્યુએનસંગ	૦-૮
જ્ઞાનકથાઓ ૧-૨-૩	૩-૦
વડને છાંયડે	૧-૦
બોધકથાઓ ૧-૨	૨-૦
લોક રામાયણ ૧-૨	૨-૧૨
જ્ઞાનગોષ્ઠિ	૧-૦

[અને આ ઉપરાંતનાં બીજાં પ્રકાશનો]

[આખો સેટ રૂપિયા બસો લગભગ]

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધીરસ્તો : અમદાવાદ

શારદા મુદ્રણાલય, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ya Samaj Foundation Chennai

આમ્રપાલી

ધૂમકેતુ

Domain: Gurukul Kangri Colle